મહામહોપાધ્યાય શ્રીમાન્

યશોવિજયજી ઉપાધ્યાય વિરચિત

શ્રી.

# દ્રવ્ય ગુણ પર્યાયનો

# રાસ.

(ભાવાર્થ અને વિવેચન સમેત)

વિવેચન કર્તા


**મોહનલાલ વિ. અમરશી શેઠ.**

અધીપતી જૈન વિજય તરંગ વિગેરે



(સર્વ હક્ક સ્વાધિન)



શ્રી જૈન વિજય પ્રેસ.

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

# ઉપોદ્ઘાત.

ન્યાય વિશારદ મહામહોપાધ્યાયજી શ્રીમાન યશોવિજયજી મહારાજનું નામ ભાગ્યેજ કોઇ જૈનથી અજ્ઞાત હશે, તેમણે સંખ્યાબંધ ગ્રંથો લખી જૈન કોમપર જે મહદ ઉપકાર કર્યો છે તે સર્વ વિદિત છે. દરેક વિષયમાં તેઓ કેવા પ્રકારની અસાધારણ શકિત ધરાવતા હતા તે તેની જુદા જુદા વિષયપર લખાએલી ઉંચ પ્રકારની કૃતિ પરથી સ્પષ્ટ જણાઇ આવેછે. આધુનિક સમયે જૈન વિદ્વાનોને પ્રાયે કળીકાલ સર્વજ્ઞ શ્રીમાન હેમાચાર્યજી અને શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયનું સાહીત્યજ ઉપકારી થતું હોય એમ જોવાય છે. આ બંને ઝગઝગતા કોહીનુરથીજ જૈન સાહિત્ય હાલ ગૌરવતાને ધારણ કરી રહ્યું છે.

ન્યાય શાસ્ત્રમાં શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાય કેવા પ્રવીણ હતા તે તેમને કાશીના પંડીતો તરફથી ન્યાયવિશારદની પદવી મળેલી છે તેપરથી પ્રત્યક્ષ થાયછે. ન્યાયના વિષયમાં તેમના કાળમાં તેની બરોબરી કરી શકે, તેવો કોઇ પંડીત ન હોતો એવું તે વખતે સિદ્ધ થયું હતું.

ન્યાયના વિષયમાં તેઓએ અનેક અપુર્વગ્રંથો લખેલાછે, તે પૈકી આ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' એ પણ ઘણો ગહન અને અપુર્વ ગ્રંથછે આ રાસનો વિષય દ્રવ્યાનુયોગનો અને ન્યાયનો હોવાથી ઘણો ગહન છે. છતાં તે એક તદન સામાન્ય ભાષામાં રાસ રૂપે લખેલો છે. એ વિષે એક એવી દંત કથા છે કે અન્ય મતના આચાર્યોએ જૈનોના રાસનું ઉપહાસ્ય કર્યું હતું તેથી શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાયે આ ન્યાયનો અને દ્રવ્યાનુયોગનો ગહન વિષય એક સાદા રાસના આકારમાં રચીને તૈયાર કર્યો [illegible]ન વિદ્વાનોને પણ તેમણે હેરત પમાડી દીધા.

જૈન કોમમાં ન્યાયના અભ્યાસીઓ બહુજ જુજ છે અને તેમાં ખાસ કરીને આવા રાસ રૂપે લખાએલા ગ્રંથનું અધ્યયન કવચિતજ કરાય છે તેથી આવા ગ્રંથ પર ભાવાર્થ અને સાધારણ રીતે વિસ્તાર પુર્વક વિવેચન લખાય તો આવા ઉત્તમ વિષયની જીજ્ઞાસુઓને સરલતા થાય એવા હેતુથી અમોએ આ ગ્રંથ પર વિવેચન લખી મૂળ અને ભાવાર્થની સાથે પ્રગટ કરેલ છે વિવેચન લખવાનું સાહસ કર્યા પછી મને મારી સ્થિતિ કઢંગી જણાએલી છે કારણ કે ન્યાયના વિષયમાં ચંચુ પ્રવેશ કરવા જેટલી પણ મારી શકિત નથી તેમ છતાં માત્ર ઉત્સાહને લઇને આ ગહન ગ્રંથના વિષયને બની શકે તેટલો સ્પષ્ટ કર્યો છે. દ્રવ્ય ગુણ અને પર્યાય, તેના ભેદ, નય ભંગ પ્રમાણ વિગેરે બાબતોને આ ગ્રંથમાં ઘણી સારી રીતે વર્ણવેલ છે તેમ છતાં આ વિષય એવો છે કે મારા જેવા સાધારણ શકિતવાલાની ગંભીર ભુલ પણ રહી ગઇ હોય એટલુંજ નહિ પણ વિદ્વાનોને તો કદાચ ઉપહાસ્ય કરવા જેવું પણ લખાઇ ગયું હોય તો હું તેઓ સર્વની ક્ષમા ચાહું છું અને આ વિષયના સંબંધમાં મારી અલ્પજ્ઞતા જાહેર કરૂં છું.

આ ભાષા રૂપે રચાએલા ગ્રંથપરથી શ્રીયુત ભોજ કવીએ દ્રવ્યાનુયોગ તર્કણા નામનો સંસ્કૃત ગ્રંથ લખેલો છે અને તેના પર ટીકા લખેલી છે તેની સહાયતા અમોએ વારંવાર લીધેલ છે અને ઘણી જગ્યાએ તેમનેજ આધાર ભુત ગણેલ છે તેથી એ ગ્રંથ અમોને ઘણો ઉપકારી થયો છે.

જીનેશ્વરની આજ્ઞા વિરૂદ્ધ જે કાંઇ લખાયું હોય તે મિથ્યા દુષ્કૃત થજો.

લી૦ વિવેચન કર્તા.

# વિષયાનુક્રમ.


| ઢાળ | વિષય | પાનું |
|---|---|---|
| પહેલી— | દ્રવ્યાનુયોગની પ્રશંસા... ... ... ... | ૧ |
| બીજી— | દ્રવ્યગુણુ અને પર્યાયની સમજણુ... ... ... | ૧૧ |
| ત્રીજી— | દ્રવ્યગુણુ અને પર્યાયની અભેદતા... ... ... | ૩૩ |
| ચોથી— | ભેદ અભેદની શંકાનું નિવારણુ અને સપ્ત ભંગીની સ્થાપના... ... ... | ૫૫ |
| પાંચમી— | દ્રવ્યાર્થિક નયના ભેદ... ... ... ... | ૭૭ |
| છઠી— | પર્યાયાર્થિક નયના ભેદ અને સાત નય... ... | ૧૦૩ |
| સાતમી— | ઉપનય અને તેના ભેદ... ... ... ... | ૧૨૮ |
| આઠમી— | નિશ્ચય અને વ્યવહાર નયના ભેદ... ... | ૧૪૬ |
| નવમી— | ત્રિપદીનું સ્પષ્ટીકરણુ... ... ... ... | ૧૭૮ |
| દશમી— | ષડ્દ્રવ્યનું સ્વરૂપ... ... ... ... ... | ૨૨૨ |
| અગ્યારમી— | ગુણુના ભેદનું સ્વરૂપ... ... ... ... | ૨૫૦ |
| બારમી— | સ્વભાવના ભેદ... ... ... ... ... | ૨૭૫ |
| તેરમી— | નયથી સ્વભાવનું નિરૂપણુ... ... ... ... | ૨૯૦ |
| ચૌદમી— | પર્યાયના ભેદ... ... ... ... ... | ૩૦૭ |
| પંદરમી— | પ્રશસ્તી... ... ... ... ... ... | ૩૨૦ |



શેઠ ઉત્તમચંદ પરમાણંદ

કેદા.

જન્મ સં. ૧૯૩૩

# મહુંમ શેઠ ઉત્તમચંદ પરમાણંદ.

## માંગરોલ.

શેઠ ઉત્તમચંદ પરમાણુંદ માંગરોલના વતની હતા અ રોજગાર અર્થે મુંબઈમાં રહેતા હતા, તેઓશ્રીનો જન્ સંવત ૧૯૩૩ ના શ્રાવણ વદ ૮ ના રોજ થયો હતો. તેઓ જ્ઞાતે દશા શ્રીમાલી ચુસ્ત જૈન હતા. તેમનુ કુંટુંબ માંગરો માં ઘણું માન પામેલું અને આગેવાન છે.

શેઠ ઉત્તમચંદ પોતાની નાની વયથી ઘણા ચંચલ અ ચાલાક હતાં. સ્કુલમાં સારો અભ્યાસ કર્યા પછી ૧૯ વરસ નાની વયે તેમણે પોતાના મોટા ધંધાનો બોજો ઉઠાવી લીધે હતો અને ૧૯૫૨ માં તેમના પિતાશ્રીનું મરણ થવાથી તેમ બધો કારભાર પોતાને શીર લીધો હતો તેઓ સ્વભાવના એ લાબધા શાંત અને મધુર હતા કે તેમના સમાગમમાં આવ દરેક માણુસનો તેમણે ચાહ મેળવ્યો હતો. શેરબજારમાં તે એક આગેવાન દલાલ તરીકે પ્રખ્યાત થયા હતા પોતાની દલ લીમાં તેઓ ઘણા આગળ વધી ગયા હતા અને તેમ અસાધારણ શકિતને માટે સૌથી અજાએબ થવા જેવું બન્યું હતું કે છેલા એકજ વરસમાં તેમણે ૭૫ હજાર મેળવ્યા હતા પરંતુ કમનસીબે તેઓને પોતાને ઉપભોગ લે નું બની શકયું નહિ.

શેઠ ઉત્તમચંદ ઘણીજ નાની વયે એટલે તા૦ ૩૦ એપ્રીલ ૧૯૦૬ ના રોજ ૩૦ વરસ [illegible] ર યુવા [illegible]

ુજરી ગયા હતા.

શેઠ ઉત્તમચંદ પરમાણુંદને યાત્રા કરવાને ઘણો પ્રેમ હતો અને આટલી નાની ઉમરમાં તેમણે લગભગ દરેક તીર્થની ાત્રા કીધી હતી. પોતાનો મોટો ધંધો છોડીને તેઓ પોતાના ટુંબ સાથે શીખરજી અને બીજા દુરના તીર્થ સ્થળોએ જાત્રા રવા ગયા હતા. શીખરજીથી પાછા ફરતા કલકત્તામાં તેઓ કાએક આજારી થઈ ગયા હતા અને ગંભીરં હાલતમાં તેમને ત્રે મુંબઇમાં લાવતા ચાર દિવસમાં તેઓનો સ્વર્ગવાસ ો હતો.

શેઠ ઉત્તમચંદ નિયમિત પુજા પાઠ કરતા હતા, ક જાહેર સવાલમાં તેઓ આનંદ લેતા હતા જૈન મિત્ર ા અને માંગરોલ જૈન સભાના તેઓ લાઇફ મેંબર હતા ા માંગરોલ શ્રીમાળી સમાજના તેઓ પેટ્રન હતા. તેઓ ા સખાવતને ચાહનારા હતા અને કોઇ પણ માણસ તેની થી નીરાશ થઇને પાછો જતો નહી. તેઓ સ્વભાવના ા બધા નમ્ર હતા કે તેમણે પોતાની જીંદગીમાં કોઇના ગુસ્સો કર્યો હોય એમ જાણવામાં નથી. આવા નરવીર ં આયુષ્ય જો લંબાયું હોત તો તેમના હાથથી અનેક થયા હોત પરંતુ ભાવિને તે ગમતું નહોતું, આવા યુવકના ા મ્રત્યુથી માંગરોલને અને જૈન સંઘને મોટી ખોટ છે. શેઠ ઉત્તમચંદ પરમાણંદ પોતાની પાછલ જુદા જુદા માં રૂ. ૪૦૦૦ કાઢી ગયાછે. તેઓની પાછલ એક વિધવા ાનો પુત્ર અને એક પુત્રી તેઓ મુકી ગયાછે. પરમા- ...મ ... આત્માને શાંતી આપો.

શ્રી

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

## ઢાળ પહેલી.

ચોપાઇ.

(ગ્રંથકાર મંગલાચરણ કરે છે)

શ્રી ગુરૂ જીતવિજય મન ધરી
શ્રી નયવિજય સુગુરૂ આદરી
આતમ અરથીને ઉપકાર
કરૂં દ્રવ્ય અનુયોગ વિચાર. ॥૧॥

ભાવાર્થ-પંડિત શ્રી જીતવિજયજી અને પંડીત શ્રી ...જયજી એ બંને સદ્ગુરૂનું ચિત્તમાં સ્મરણ કરીને ...હિત કરવાના અર્થી એવા જીવોના ઉપકારને માટે ...નુયોગનો વિચાર કરૂં છું. ( ૧ )

વિવેચન—અનુયોગ એટલે સૂત્રાથ વ્યાખ્યાન, તે ચાર પ્રકારે કહ્યાં છે. (૧) ચરણ કરણાનુયોગ એટલે આચાર સંબંધી ઉપદેશ જેમકે આચારંગ સૂત્ર. (૨) ગણીતાનુયોગ એટલે સંખ્યાશાસ્ત્ર જેમકે ચંદ્રપ્રજ્ઞપ્તી અને સૂર્યપ્રજ્ઞપ્તી સૂત્ર. (૩) કથાનુયોગ એટલે જેમાં ધર્મ કથાઓ અને દ્રષ્ટાંતનું વ્યાખ્યાન હોય તે જેમકે જ્ઞાતા સૂત્ર. (૪) દ્રવ્યાનુયોગ એટલે ષડ્ દ્રવ્ય સંબંધિ વિચાર જેમ કે સૂત્ર કૃતાંગ સૂત્ર અને સમ્મતિ તત્ત્વાર્થ. આ ચાર અનુયોગમાંથી ષડ્ દ્રવ્યનું જેથી સૂક્ષ્મજ્ઞાન થાય તે દ્રવ્યાનુયોગ તેનો વિચાર દ્રવ્ય ગુણ પર્યાયના રાસની શ્રીમદ્ ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આત્માનું હીત કરવાને જેઓ ઉદ્યમવંત છે એવા જીવોપર ઉપકાર બુદ્ધીથી રચના કરે છે. (૧)

(દ્રવ્યાનુયોગ વિના ચરણ કરણાનુ યોગ નિષ્ફળ છે તે દેખાડે છે.)

વિના દ્રવ્ય અનુયોગ વિચાર
ચરણ કરણનો નહિ કો સાર

સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઇસ્યું
તે તો બુદ્ધ જન મનમાં વસ્યું ॥ ૨ ॥

ભાવાર્થ—સંમતિ ગ્રંથને વિષે એવી રીતે કહ્યું છે કે દ્રવ્યાનુયોગના વિચાર વગર, માત્ર ચરણકરણાનુયોગનો વિચાર કરવો તેમાં કાંઇ સારભુત નથી. જેઓ પંડિત છે તેઓના મનમાં એ વાત બરાબર વસી છે. (૨)

વિવેચન—ષટ્ દ્રવ્ય સંબંધી કાંઇપણ વિચાર કર્યા વગર ફકત આચાર અને ક્રિયામાં રકત રહેવાથી કાંઇ સાર નથી, આ પ્રમાણે પ્રકરણમાં મુખ્ય એવા સમ્મતિ તત્વાર્થ ગ્રંથમાં લખેલું છે. અને જેઓ વિદ્વાન છે, તત્વજ્ઞાનના જાણ છે તેઓના મનમાં એ વાત બરોબર ઠસેલી છે,

(દ્રવ્યાનુયોગની વિશેષતા બતાવે છે.)

શુદ્ધા હારાદિક તનુ યોગ
મોટો કહીએ દ્રવ્ય અનુયોગ
એ ઉપદેશ પદાદિક ગ્રંથે
સાખ લહી ચાલો શુભ પંથે ॥૩॥

**ભાવાર્થ**—આહાર વિગેરે શુદ્ધ ગ્રહણ કરવું તે નાના યોગ છે પરંતુ દ્રવ્યાનુયોગનો વિચાર તે મોટો કીધો છે, ઉપદેશપદાદિક ગ્રંથને વિશે તેની સાક્ષી જોઇને શુભ પંથને વિષે ચાલવું

**વિવેચન**-બેતાલીસ દોષ રહીત શુદ્ધ આહાર લેવો, સામાયકાદિક ક્રીયાઓ કરવી એ બધા નાના યોગ છે, પરંતુ સ્વ પરનું જ્ઞાન થાય એવો જે દ્રવ્યાનુયોગનો વિચાર તે યોગ બધા યોગમાં સૌથી મોટો કહેવાય છે. જેઓને ષટ્ દ્રવ્યનું જ્ઞાન નથી અને જ્ઞાનને ગૌણ ગણી ક્રીયાને પ્રાધાન્ય પદ આપે છે તે બધા અશુદ્ધ માર્ગમાં ગમન કરે છે પરંતુ જીવા જીવાદિક દ્રવ્યનું જે જ્ઞાન થવું તે શુભ માર્ગ કહ્યો છે. ઉપદેશ પદાદિક ગ્રંથને વિષે તેની સાક્ષી છે.

---

(દ્રવ્યાનુયોગમાં રંગ લાગવાથી આધાકર્માદિક દોષ લાગતો નથી.)

*એ યોગે જો લાગે રંગ
આધા કર્માદિક નહિ ભંગ

પંચ કલ્પ ભાષ્યે ઈમ ભણ્યું
સદ્ગુરૂ પાસે ઇસ્યુ મેં સુણ્યું ॥ ૪ ॥

ભાવાર્થ—દ્રવ્યાનુયોગને વિષે જો ખરેખરો રંગ લાગે તો આધાકર્માદિક દોષ ન લગાડે પંચકલ્પ ભાષ્યમાં એ પ્રમાણે કહેલું છે અને સદ્ગુરૂ પાસેથી એજ પ્રમાણે સાંભળ્યું છે. (૪)

વિવેચન—જેઓને ષડ્દ્રવ્યના વિચારરૂપ દ્રવ્યાનુયોગનો રંગ* લાગેલો છે અને આત્મસ્વભાવમાં લીનતા છે તેઓને કોઈ કારણસર કદાચીત્ આધાકર્માદિક આહારનો દોષ લાગે તોપણ ચારિત્રનો ભંગ થતો નથી. આવો અધીકાર પંચકલ્પ ભાષ્ય નામનો ગ્રંથ છે તેને વિષે છે તેમજ પ્રશમ રતી ગ્રંથમાં કહ્યું છે કેઃ—

किंचिच्छुद्धं कल्प्यम कल्प्यम्
स्याद् कल्प्यमपि कल्प्यम्
पिंड शय्या वस्त्रं पात्रं

---

* જેઓ દ્રવ્યાનુયોગના જાણતા હોય તેવા ગીતાર્થને માટે આ અપેક્ષા છે કારણ કે જેઓ દ્રવ્યાનુયોગનું જ્ઞાન નથી તેઓ કલ્પ શું અને અકલ્પ શું તે કળી શકતો નથી.

वा भेषजाद्यंवा ॥ १ ॥
देशकाल पुरुषमवस्था
मुपयोग शुद्धि परिणामान्
प्रसमीक्ष्य भवति कल्प्यम्
नैकांता त्कल्प्यते कल्प्यम् ॥ २ ॥

આનો ભાવાર્થ એવો છે કે દેશ, કાલ, પુરૂષ અને અવસ્થાનો વિચાર કરીને ઉપયોગ પુર્વક શુદ્ધ પરીણામવાળાને કાંઇક શુદ્ધા શુદ્ધ તેમજ અકલ્પિત એવા આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યા વિગેરે કલ્પે છે, એવો કાંઈ એકાંત નથી કે જે કલ્પિત હોય તેજ કલ્પે, વળી સદ્ગુરૂઓ ઉપદેશ કરે છે તેમાં પણ એમજ સાંભળવામાં આવ્યું છે.

---

( બાહ્ય યોગ અને દ્રવ્ય અનુયોગનો ભેદ બતાવે છે )

બાહ્ય ક્રિયા છે બાહીર યોગ
અંતર ક્રિયા દ્રવ્ય અનુયોગ
બાહ્યહીન પણ જ્ઞાન વીશાલ
ભલો કહયો મુની ઉપદેશમાલ ॥૫॥

**ભાવાર્થ:**–આવશ્યકાદિક બહારની ક્રિયા છે તે બાહ્યયોગ છે અને અંતર ક્રિયા છે તે દ્રવ્ય અનુયોગ છે. બાહ્ય ક્રિયા હીન હોય પણ જ્ઞાનમાં વિશાળ હોય તે મુનીને ઉપદેશમાળામાં ઉત્તમ કહ્યા છે. ( ૫ )

**વિવેચન**—અજ્ઞાનપણે કરેલી સામાયક પ્રતિક્રમણ આદિક જે અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓ છે તે બાહ્યયોગ કહેવાય છે અને સ્વસમય પરીજ્ઞાન, આત્મીક અનુભવ અને નિજ રૂપમાં રમણતા રૂપ અંતર ક્રિયા તે દ્રવ્યાનુયોગ કહેવાય છે, જે મહામુનીની બહારની સમજણ વિનાની ક્રિયા માં ઓછા પણું હોય પરંતુ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જેઓનું હેય જ્ઞેય ઉપાદેય રૂપ જ્ઞાન ઘણું વિશાળ હોય તેઓને ઉપદેશ માળામાં ઉત્તમ પ્રકારના મુની કહ્યા છે. એવા મુનીને ક્રીયાએ કરીને હીન જોઈને તેની અવજ્ઞા કરવી નહિ પરંતુ તેને જ્ઞાનયોગે કરીને મહાપુરૂષ માનવા. ( ૫ )

---

( દ્રવ્યાદિક જ્ઞાન મોક્ષનું કારણ છે તે કહે છે. )

દ્રવ્યાદીક ચિંતાએ સાર
શુકલ ધ્યાન પણ લહીએ પાર

તે માટે એહીજ આદરો
સદગુરૂ વીણ મત ભુલ્યા ફરો ॥૬॥

ભાવાર્થ—દ્રવ્યાદિકનું ચીંતન કરવાથી શુકલ ધ્યાનનો પણ પાર પમાય છે, માટે એજ દ્રવ્યાનુયોગનો આદર કરો અને સદગુરૂ વગર ભુલા પડ્યા ભટકો નહિ.

વિવેચન—ષડ્દ્રવ્ય અને આત્મિક ગુણોની ચિંતવણા જેઓને હર હમેશ થતી હોય તેઓ શુકલ ધ્યાન કે જે-મોક્ષનું દ્વાર છે તે પ્રાપ્ત કરે છે, પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે આત્મ દ્રવ્યગુણ પર્યાયની ભેદ ચિંતવણાથી શુકલ ધ્યાનનો પેલો પાયો સિદ્ધ થાય છે અને અભેદપણે ચિંતવન કરવાથી શુકલ ધ્યાનનો બીજો પાયો સિદ્ધથાયછે, તથા શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયની અપુર્વ ભાવનાથી સિદ્ધિની સમાપ્તી થાય છે, જે શુકલ ધ્યાનનું ફળ છે.

(દ્રવ્યાનુયોગનો અધિકારી કોણ તે કહે છે,)

એહનો જેણે પામ્યોતાગ
ઓઘે એહનો જેહને રાગ

એ બે વીણ ત્રીજો નહિ સાધ
ભાસ્યો સંમતિ અરથ અગાધ ॥૭॥

ભાવાર્થ–જેઓ દ્રવ્યાનુયોગનો તાગ એટલે અંત પ્રાપ્ત કરી શકયા છે અને જેને સામાન્ય પ્રકારે દ્રવ્યાનુયોગનો રાગ છે તે બે સીવાય ત્રીજો કોઈ સાધુ નથી, એ પ્રમાણે અગાધ અર્થવાળા સંમતિ ગ્રંથમાં કહેલું છે. (૭)

વિવેચન–જે મનુષ્ય દ્રવ્યાનુયોગ એટલે આત્મવિચારણા તેનો પાર પામી ગયા છે અને સામાન્ય રીતે આત્મજ્ઞાન મેળવવાને અતીશે ઉત્સુક અને ઉત્સાહવંત છે તેવા બે પ્રકારના મનુષ્યો સિવાય બીજા મનુષ્યોને સાધુ કહી શકાય નહિ, એ વિષે અગાધ અર્થવાળા સંમતિ ગ્રંથમાં કહ્યું છે માટે મુખ્ય વસ્તુ તે ષડ્ દ્રવ્યનું જ્ઞાન છે અને એવા જ્ઞાન વિના ચારિત્ર હોયજ નહિ. (૭)

(દ્રવ્યાનુયોગમાં લીન એવા સાધુઓજ આધારરૂપછે)

તે કારણ ગુરૂ ચરણ આધીન
સમય સમય ઇણ યોગે લીન

સાધુ જે કિરિયા વ્યવહાર
તેહિજ અમ મોટો આધાર ॥૮॥

ભાવાર્થ—જેઓ સદ્દગુરૂના ચરણને આધીન થઇને સમયે સમયે આ યોગને વિષે લીન રહે છે તે સાધુ પુરૂષો ક્રિયાના વ્યવહારમાં દ્રઢ થાય છે અને તેઓજ અમોને આધારરૂપ છે.(૮

વિવેચન-એ દ્રવ્યાનુયોગની લેશ માત્ર પ્રાપ્તી પોતાના આત્માનું ઘણુ કલ્યાણુ કરી શકે છે તેથી સદ્દગુરૂના ચરણમાં આધીન થઈને સમયે સમયે એજ યોગમાં જે સાધુ લીન થાય છે તેવા ક્રિયા વ્યવહાર યુક્ત સાધુઓ અમોને મોટા આધારરૂપ છે. એ મહાપુરૂષો ઇચ્છા યોગને ઉત્પન્ન કરે છે તેવીજ રીતે હું પણ પરોપકારને અર્થે દ્રવ્યગુણ પર્યાયનો રાસ રચી ઉપકાર અર્થે પ્રયત્ન કરૂં છું. (૮)

---

(દ્રવ્યગુણ પર્યાયનો રાસ શામાંથી ઉદ્ધર્યો છે તે કહે છે.)

સંમતિ તત્ત્વાર્થ મુખ્ય ગ્રંથ
મોટો જે પ્રવચન નિગ્રંથ

તેહનો લેશ માત્ર એ લહયો
પરમારથ ગુરૂવયણે કહયો. ॥૯॥

ભાવાર્થ—સંમતિ તત્વાર્થ એ મુખ્ય અને નિર્ગંથ વચન રૂપ મહાન ગ્રંથ છે, તેમાંથી લેશ માત્ર સાર આ સ્થળે કહયો છે, વીશેષ પરમાર્થ તો ગુરૂના વચનમાં રહેલો છે. ( ૯ )

## ઢાળ બીજી

ધન ધન સંપ્રતિ સાચો રાજા. એ દેશી.

(નિજ સ્વભાવ રૂપ દ્રવ્ય કયું તે કહે છે)

ગુણ પર્યાય તણું જે ભાજન
એક રૂપતિ હું કાલેરે,
તેહ દ્રવ્યનિજ જાતી કહીએ
જસ નહી ભેદ વીચાલેરે.
જીન વાણી રંગે મન ધરિયે ॥ ૧ ॥

ભાવાર્થ—ગુણ અને પર્યાયનું જે સ્થાનક છે તે જે મા ણસને ત્રણે કાળને વિષે એકરૂપે રહે છે તેને સ્વજાતી દ્રવ્ય કહેવાય છે. જેના વચમાં ભેદ ભાવ હોય નહિ, માટે જીને-શ્વર ભગવાનની દ્રવ્યાર્થીકનયવાળી વાણી સ્નેહપૂર્વક મનને વિષે ધારણ કરીએ. (૧)

વિવેચન-જે દ્રવ્ય ગુણ અને પર્યાયનું સ્થાનક છે અને જે અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળને વિષે એકજ સ્વરૂપમાં રહે પરંતુ પર્યાયમાં જેમ ફેરફાર થાય છે તેમ તે પોતે પોતાના સ્વસ્વભાવ મુકી પરભાવ પણું અંગીકાર ન કરે તેવા પ્રકારના દ્રવ્યને નિજ જાતી એટલે સ્વસ્વભાવરૂપ દ્રવ્ય કહેવાય છે. જેવી રીતે જ્ઞાનાદિક ગુણ પર્યાયનું ભાજન જીવ દ્રવ્ય ગણાય, રૂપાદિક ગુણ પર્યાયનું સ્થાન પુદ્ગલ દ્રવ્ય ગણાય, ઘટાદિ ગુણ પર્યાયનું ભાજન માટી દ્રવ્ય ગણાય એ પ્રમાણે જેજે ગુણ પર્યાયના સ્થાનક રૂપ દ્રવ્ય છે તે ત્રણે કાળ ને વિષે જો એક રૂપે રહેતો તે નિજ જાતિરૂપ દ્રવ્ય કહેવાય તેમાં કોઇ જાતનો અંતર રહી શકતો નથી. માટે જીનેશ્વર મહારાજે જે વચનો કહેલા છે તેના પર શ્રદ્ધા રાખવી. (૧)

(ગુણ કોને કહે અને પર્યાય કોને કહે તે કહે છે.)

ધરમ કહીજે ગુણ સહભાવી
ક્રમભાવી પર્યાયોરે;
ભિન્ન અભિન્ન ત્રિવિધ તિય લક્ષણ
એકપદારથપાયોરે—જીન ॥ ૨ ॥

ભાવાર્થ—દ્રવ્યના સ્વભાવીક ધર્મને ધારણ કરે તે ગુણ કહેવાય અને ક્રમ ભાવી ધર્મ તે પર્યાય કહેવાય છે દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ પ્રકારે ભિન્ન છે તથા લક્ષણાદિકથી અભિન્ન છે. ( ૨ )

વિવેચન-જીવદ્રવ્યનો ઉપયોગ ગુણ છે. પુદ્ગલ દ્રવ્યનો ગ્રહણ ગુણ છે, ધર્માસ્તકાયનો ગતી હેતુ ગુણ છે અધર્માસ્તિકાયનો સ્થિતિ હેતુ રૂપ કારણ ગુણ છે, આકાશાસ્તીકાયનો અવકાશ આપવાનો ગુણ છે, તેમજ કાળનો પરાવર્તન ગુણ છે, હવે જીવના નરક મનુષ્યાદિ પર્યાય છે, પુદ્ગલના વર્ણ ગંધ, રસ અને સ્પર્શાદિ પર્યાય છે, અને આકાશ ધર્માસ્તીકાય, અધમાસ્તીકાયના જીવ અને પુદ્ગલ સાથે જીવ અને પુદ્ગલની ક્રીયા અનુકૂળ જે સહાય તે તેના પર્યાય કહેવાય

જેમ એક માણુસ જ્યાં બેઠો હોય ત્યાં આકાશ અને અધર્માસ્તિકાય સંયોગ રૂપે રહે તેથી તે સંયોગાકાશ અને સંયોગીક અધર્માસ્તિકાય કહેવાય છે

હવે જ્યારે તે માણુસ ત્યાંથી અન્યત્ર જાય ત્યારે આકાશાસ્તીકાય અને અધર્માસ્તકાય વિભાગ રૂપે રહે છે ઈત્યાદિ પર્યાય કહેવાય છે. તે પર્યાયો સંખ્યાથી લક્ષણુથી પ્રદેશ વિભાગથી એમ ત્રણ પ્રકારે છે, અને ઉપચારથી નવ પ્રકારે છે, અને સંપૂર્ણ લક્ષણુથી દ્રવ્ય ઉત્પાદ વ્યય અને ધ્રાવ્ય રૂપ ત્રણ પ્રકારે છે તે દ્રવ્ય ગુણુ પર્યાય રૂપ પરસ્પર કંથચિત ભિન્ન છે અને કથંચિત અભિન્ન છે. ( ૨ )

---

(દ્રવ્ય ગુણુ પર્યાયનો ભેદ કહે છે)

જેમ મોતી ઉજવલતાદિકથી
મોતી માલા અળગીરે;
ગુણપર્યાય વ્યાકતથી જાણો
દ્રવ્ય શકિત તેમ વલગીરે—જીન ॥ ૩ ॥

ભાવાર્થ—જેમ મોતી થકી અને મોતીની ઉજવળતા દિકથી મોતીની માળા અળગી છે તેમ દ્રવ્યની શકિત ગુણ પર્યાયની વ્યકિતથી અળગી છે અને અમુક અંશે ભેગી છે. (૩)

વિવેચન-મોતીની માળા એ એક દ્રવ્યને સ્થાને છે, મોતીની ઉજવળતા તે ગુણને સ્થાને છે અને મોતી તે પર્યાયને સ્થાને છે તેવીજ રીતે દરેક પદાર્થમાં દ્રવ્યગુણ પર્યાય ઘટાવી શકાય. દરેક વ્યકતીમાં ગુણ પર્યાય જાણી શકાય છે જેમ કે ઘટાદિ દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ બંને ઉપયોગ છે, સામાન્ય ઉપયોગે બધા ઘટમાં માટી સામાન્ય દેખાય છે અને ઘટાદિક વિશેષે ભાસે છે તેમાં જે સામાન્ય તે દ્રવ્ય જાણવું અને વિશેષ તે ગુણ પર્યાય જાણવા. ( ૩ )

---

( દ્રવ્યના બે પ્રકાર કહે છે. )

ઉરધતા સામાન્ય શકિત તે
પૂરવ અપરગુણ કરતીરે;
પિંડકુસૂલાદિક આકારે
જેમ માટી અણ ફરતીરે—જીન ॥૪॥

ભાવાર્થ—ઉર્દ્ધતા સામાન્ય રૂપ શકિત એટલે જે અગાઉ હોય તેમાં બીજા ગુણને કરે અને સર્વમાં પોતે એકરૂપે રહે જેવી રીતે માટીના કોઠી વિગેરે ઘણા આકાર થાય છે પણ તેમાં માટી પોતાના રૂપે રહે છે પણ ફરતી નથી. (૪)

વિવેચન-દ્રવ્યના બે પ્રકાર છે તેમાં પેલો ભેદ ઉદ્ધતા સામાન્ય રૂપ દ્રવ્ય શકતી. જેવી રીતે માટીનો પિંડ અને કોઠી પ્રમુખ માટીના અનેક આકાર બદલાય છે પણું તેમાં જે માટી રહેલી છે તે બદલાતી નથી અને તે માટીને ઉર્દ્ધતા સામાન્ય કહે છે. એટલેમાટી રૂપ દ્રવ્ય તે બધા પર્યાયમાં સામાન્ય પણે રહેલું છે. જો પિંડ અને કોઠી રૂપ પર્યાયમાં માટી સામાન્ય ન હોય તો ઘટાદિક પર્યાયમાં પણ માટી દ્રવ્ય અનુગત ન હોય તેથી સવ વિશેષ રૂપ થતાં બૌદ્ધમત જે ક્ષણીકવાદી છે તે સિદ્ધ થાય છે. માટે ઘટાદિ દ્રવ્ય અને તેમાં સામાન્ય રહેલું માટી આદિ દ્રવ્ય પરંપરાથી ઉર્દ્ધતા સામાન્ય અવશ્ય માનવું જોઇએ. વળી ઘટાદિ જે દ્રવ્ય છે તે રકતાદિ રંગ રૂપ થોડા પર્યાયને પણ વ્યાપે છે અને માટી આદિ દ્રવ્ય તે ઘટાદિ અને રકતાદિ અનેક પર્યાયમાં વ્યાપી રહે છે તેવીજ રીતે જીવ નર નારકાદિકપણું પામે તે દ્રવ્યનો વિશેષ જાણવો એ સવ નૈગમ નયનો મત છે. અને શુધ્ધ સંગ્રહ નયને મતે તો સદદ્વૈતવાદે એકજ દ્રવ્ય આવે એમ સમજવું. ( ૪ )

બધો અહંભાવ રાખે છે તે શું તારી મુર્ખાઇ નથી! કોઈ પણ ચીજમાં કાંઇક ગુણ હોય! તો તે ગ્રહણ કરવો જોઇએ, પરંતુ તું તો અનંતજ્ઞાનનો ધણી થઇને મળમુત્રાદીથી ભરેલા શરીરનેજ કહે છે કે એ તો હું છું. આ તે શું તારો મોહ? કેટલું બધું અજ્ઞાન! જેમ ઘરબાર, વસ્ત્ર, અલંકાર ઇત્યાદી વસ્તુ ઓ આત્માથી ભિન્ન છે, તેવીજ રીતે આ શરીર પણ આત્મા થી જુદુંજ છે. પંડિત, પુરાણી, શેઠ સાહુકાર, રાજા, રાણી, એ સર્વ ફકત શરીરનાજ કલ્પિત નામો છે, આત્મા ના નથી. તેમાંનું એક સારૂં યા નરસું નામ દઇને બોલાય છે, તો તું તારૂં પોતાનું રૂપ માની શા સારૂ સાચું-ખોટું માની લે છે? શરીરને વળગી રહેલા આ ધન ધાન્ય,, કુટુંબ-પરિવાર, સગા સંબંધી, ન્યાત જાત, તે સર્વને પોતાના કેમ માને છે? પગે પહેરેલા ખાસડાને વળગેલા કાદવ, છાણ વિગેરે વસ્તુ મને પોતાને વળગી છે, એમ માનવું એ એક ભ્રમ છે—કારણકે પગમાંથી, ખાસડું કાઢી નાંખવાથી, તેની જોડે વળગી રહેલ, કાદવાદિ પદાર્થ પણ દૂર થશે. તેવીજ રીતે, જ્યારે આ આત્માં શરીરને મુકી ચાલ્યો જશે, ત્યારે તેને વલગી રહેલા, સગા સંબંધી, કુટુંબ-પરિવાર તે સર્વ શરીર સાથેજ ચાલ્યા જશે. માટે એમાંની કોઈ વસ્તુ તારી નથી એમ ખાત્રી પુર્વક સમજજે! સર્વ પદાર્થો પોત પોતાનો સ્વાર્થ સાધવા માટેજ છે, જ્યાં સુધી તેઓનો સ્વાર્થ સધાશે, ત્યાં સુધીજ તારી પ્રશંસા કરશે. જ્યારે સ્વાર્થ સાધિત નહીં થાય ત્યારે તારી નિંદા કરશે. માટે તેમની કરેલી

સ્તુતિ અને નિંદા બન્ને મિથ્યા છે–એમ સમજજે ! ગમે તેવી સારી સુગંધી વસ્તુ એટલે કેશર-કસ્તુરી, બરાશ, અત્તર, મંજન, દુધ, સાકર મેવા વિગેરે સરસ ચીજોનો પણ, શરીરની સાથે સંબંધ થતા, ખરાબમાં ખરાબ, અશુચી રુપે પરિણમેછે–એવું મહાદુર્ગંધીથી ભરેલું તથા દોષોથી ભરેલું પાપરૂપ, નાશવંત, મહામલીન, માંસના લોચારૂપ આ શરીરને તું કહેછે કે એ તો હું છું; આ તારૂં કેટલું બધું અજ્ઞાન છે? તું તો આત્મા છે, સચ્ચિદાનંદ એજ તારૂં સ્વરૂપ છે. જ્ઞાનાદિ તારા અનંત ગુણો છે. તે સર્વને ભુલી જઈ, મહા દુઃખના સાગર રૂપ, એવા અહંભાવ અને મમત્વ ભાવને પકડી રાખી, પશુ પંખીની માફક, રાત્રિદિન શા સારૂ હેરાન થાય છે ? કોઈ કહેશે કે શું કરીએ ભાઇ ! આમાંથી તે હુવે કેવી રીતે મુકત થઇ શકાય ? ઉત્તર—

જેમ કોઇ એક માણસ, લાકડાના થાંભલાને સજ્જડ બાથ ભીડી બુમો પાડે કે ભાઇઓ? હું શું કરૂં ? મને આ થાંભલો છોડતો નથી–? લોકો તેને દેખી શું કહેશે ? એતો મહા મૂર્ખ છે ? પોતે ચેતન થઇને જડને બાઝી રહ્યો છે, છુટા થવાની સત્તા હોવા છતાં કેવું ઢોંગી રૂદન કરે છે ? તેવીજ રીતે તમે પણ આ શરીર રૂપ જડને બાઝી રહી, વ્યર્થ બુમો પાડો છો, કે શું કરીએ ? મુકત થવાતું નથી. આતે શું તમારી બુદ્ધી છે ?

આપણી એકાદ વસ્તુ પુર્વ દિશામાં ગુમ થઇ હોય અને તેની શોધ કરવા માટે આપણે પશ્ચિમમાં ને પશ્ચીમમાં ચાલ્યા

કરીએ તો શું તે ચીજ પ્રાપ્ત થઇ શકશે? નહીંજ. ઉલટું તેથી વધારે ને વધારે અન્તર પડતું જશે. તેવીજ રીતે આપણે સંસાર સંબંધી, વેપાર રોજગાર વીગેરે ઉપાધીઓમાં હમેશાં વધારો કરતા જઇએ, અને વળી બોલીએ કે "શું કરીએ ભાઇ! આત્મ સાધન કરવાનો સમય મળતો નથી." એ તે શું તમારો બચાવ છે? તમારૂં તે કહેવું તદ્દન મિથ્યા છે. ઉલટું લાભથી લોભની વૃદ્ધિજ થતી જાય છે. તો પછી આગળ જતાં આત્મ સાધન કરવાનો સમયજ કયારે મળવાનો છે? માટે અત્યારથીજ સમજો! ચેતો!!!

લોભને જીતવો કઠીન છે, તે કરતાં માનને જીતવું એ વધારે કઠીણ છે. દ્રવ્યાદિ વસ્તુ મેળવવામાં એ બે દોષો મોટાં છે, તે જીતવા ઘણા કઠણ છે. માટે જે વખતે જેટલું મળે, તેટલામાંજ સંતોષ રાખી, આત્મ સાધન કરવામાં ધ્યાન આપવું. મનુષ્ય સર્વ કરવા સમર્થ છે. જુઓ! આ સૂર્ય, ચંદ્ર, સમસ્ત જગતને પ્રકાશ કરે, એવા સમર્થ તેજસ્વી છે, એમ પ્રત્યક્ષ નજરે પડે છે. પરન્તુ તેઓની પહેલાંની સ્થીતિ યાદ કરશો તો માલૂમ પડેશે કે તેઓ પહેલા મનુષ્ય હતા, અને તેમણે મનુષ્ય-દેહમાંજ, એવું નામ-કર્મ ઉપાર્જન કર્યું કે આજે સર્વ જગતને પ્રકાશ કરવા શકિત ધરાવે છે. માટેજ શાસ્ત્રકાર પુનઃ પુનઃ કહે છે કેઃ-આ મનુષ્ય-જીંદગીમાં હરકોઈ કાર્ય સહેલાઇથી ઉદ્યમ પુર્વક સાધી શકાય છે, માટે નિરંતર શુભ-કર્મમાં ઉદ્યમવંત રહી ધર્મ સાધન કરવા, હિંમત અને શ્રદ્ધા પુર્વક મંડયા રહેવુંઃ—

धनं न केषां निधनंगतंवै,
दरिद्रिणः के धनिनो न जाताः।
दुःखैक हेतौ तु धनेऽति तृष्णां,
त्यक्त्वा सुखी स्यादिति मे विचारः॥ ७॥

ભાવાર્થઃ—કોનું ધન નાશ નથી પામ્યું, અને કયા દરિદ્ર પુરૂષો ધનવાન નથી થયા? ધનને વિષે અતી તૃષ્ણા એજ દુઃખનો હેતુ છે માટે તૃષ્ણાનો ત્યાગ કરી સુખી થા. ( ૭ )

વીવેચનઃ—કોનું ધન નાશ નથી પામ્યું? કયો ધનવાન પુરૂષ દરીદ્રી નથી થયો? તેમજ કયો દરિદ્રી ધનવાન નથી થયો? લક્ષ્મી ચળછે–કોઇને ત્યાં અચલ તો રહેતીજ નથી, ખરૂં કહીએ તો તેજ એક દુઃખનું કારણ રુપ છે–માટે હે જીવ! અતિ તૃષ્ણાનો ત્યાગ કરી સુખી થા? લક્ષ્મી, જયારે પાસે નથી હોતી ત્યારે જેટલું દુઃખ નથી થતું તેથી વધારે દુઃખ લક્ષ્મી આવીને ચાલી જાયછે ત્યારે થાય છે. એટલે કે લક્ષ્મી ન હોતી અને જેટલો સુખી હતો તેટલો સુખી તે વખતે નહીંજ રહે? માટે જે વખતે લક્ષ્મી મળે તેજ વખતે એવો વિચાર કરવો કે આ લક્ષ્મી મળી છે તો ખરી, પણ નાશવંત છે, તુચ્છછે, પરિણામે અત્યંત દુઃખદાયી છે. પ્રથમથી એમજ સમજી જો લક્ષ્મી પ્રાપ્ત કરીશ તો આ બ્રાહ્મણની માફક વધારે દુઃખી નહીં થઈશ–બ્રાહ્મણની કથાઃ—

કોઇ એક ગરીબ પણ જરા વિદ્વાન બ્રાહ્મણ નદી કાંઠે કોઇ ગામમાં રહેતો હતો. નાના ગામડાઓમાં શ્રી ભાગવત્‌ની કથા વાંચી પોતાની આજીવીકા ચલાવતો હતો. એક દિવસે ગામડામાં ખૂબ ભટકયો પણ કોઇએ કથા નહી વંચાવવાથી નિરાશ થઇ ઘરે પાછો જવા નીકળ્યો. ગામના પાદરમાં આવ્યો એટલે સંધ્યાનો સમય થઈ ગયો, તે વખતે તેને લઘુશંકા (પેશાબ) કરવાની ઈચ્છા થઈ આવી પણ વીચાર કર્યો કે શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ગામને પાદર લઘુ અથવા દીર્ઘ શંકા કરવી તે મોટું અપશુકન ગણાય છે, માટે ત્યાંથી દૂર જવા નીકળ્યો. નદીનો પુલ ઓળંગીને એક નાની કોતરમાં જેવો પેસે છે કે એક ભેખડ પડી. સદ્ ભાગ્યે તેમાંથી તે બચી ગયો અને કોઇએ ત્યાં સોનાની મોહરોથી ભરેલી એક ત્રાંબડી દાટી હશે તે નજરે પડી, અતિ આનંદથી લઈ, પોતાના ધોતીઆમાં લપેટી ખુબ ખુશી થતો પોતાને ઘેર જવા માંડયું, પુલ ઉપર આવ્યો એટલે વીચાર કરવા લાગ્યો કે આ વખતે કોઇ નદીમાં નથી, માટે જરા આ ત્રાંબડીને કાદવ લાગ્યો છે તે સાફ કરી લઉં એમ વીચારી ધોવા માટે નદીમાં ગયો, કોઇ જુએ નહીં તેટલા માટે ખૂબ દૂર ગયો. અફસોસ! જે જેના ભાગ્યમાં નથી તે કોટી ઉપાયે પણ પાસે રહી શકતું નથી! ગરીબ બીચારો બ્રાહ્મણ જેવો ધોવા જાય છે કે ત્રાંબડી હાથમાંથી સરકી!!! અને નદીના ઉંડામાં ઉંડે તળીયે જઇ પહોંચી પાણી પણ નદીમાં બારે મહીના ભરપૂર રહેતું? તેજ વખતે બ્રાહ્મણનું કાળજું ખશી ગયું? ગાંડાની માફક "ધોતા ગઇ"

એટલાજ શબ્દ બકવા લાગ્યો? નીરાશ થઇ રાત્રે ઘેર આ-વ્યો ત્યારે ઘરના માણસોએ ખબર અ'તર પુછવા માંડી "ધોતા ગઇ" તે સીવાય બીજો પ્રત્યુત્તરજ ન મળે? જે પુછે તેને તેજ શબ્દો? છેવટે ચિત્ ભ્રમ થવાથી ઝુરી ઝુરીને મરણને શરણ થયો! એટલાજ માટે શાસ્ત્રકારો કહે છે કે ધનવાન દરીદ્રિ થાય અને દરીદ્રિ ધનવાન થાય, માટે ધનમાં જે અતી તૃષ્ણા રાખવી તે કેવળ દુ:ખનુ'જ કારણ છે, એજ ધન ઉપાર્જન કરવાની ઈચ્છામાં, કેટલાએક દેશ દેશાંતર ભ-ટકે છે, અનંત પ્રકારના દુ:ખો સહન કરે છે, લડાઈઓમાં માથા કપાવવાને પણ કબુલ થાય છે. કેટલાએક જીવોની પા-સે જીવે ત્યાં સુધી સુખે અન્ન વસ્ત્ર મળે એટલુ' ધન હોય છે છતાં તેને વધારવામાંજ અનંત કષ્ટ સહે છે પણ સમજતો નથી કે તૃષ્ણા આકાશ માફક અન'ત છે.

શાસ્ત્રકારો વાર'વાર કહે છે કે હે જીવ! ધનને વીષે રહેલી અતી તૃષ્ણાનો વીચાર કરી, જો ત્યાગ કરીશ તોજ તુ' સુખી થઇશ અન્યથી સુખ મળવું ગગન કુસુમવત્ સમજજે? કારણ કે જેમ જેમ લાભ વધતો જશે તેમ તેમ તે લોભની વૃદ્ધી પણ સાથેજ રહેલી છે સર્વ અનર્થનું મુળ પણ તે લોભજ છે. ઠીક કહ્યુ' છે કે 'लोभश्चेदऽगुणेन किम् ॥ જો તારામાં લોભ હોય તો બીજા અવગુણોનુ' તારે શું કામ છે? એટલે કે લોભ-માંજ સઘળા અવગુણ વ્યાપી રહયા છે, જગતમાં કહે-વાય છે કે—ન'દરાજા જેટલુ' ધન કોઇની પાસે નહીં હતુ' પણ

છેવટે તે રાજાને ભીઆરી થવુ પડયુ અને નર્ક ગતિને પામ્યો, માટે વીચાર કરો કે મારૂં ગજુ શુ છે? હુ લક્ષાધિપતી તો થવાનોજ નથી—કદાચ ક્રોડાધીપતી થવાનુ મારા ભાગ્યમાં હોત તો હુ આવા ગરીબ કુળમાં શા માટે જન્મ પામત? કોઇ ઉચ્ચ અને પૈસાદારની કુખમાં જન્મ ન પામત કે ગર્ભ-શ્રીમંત? તો કહેવાત? મહેનતજ કર્યા વીના ધનવાન થતે? એમતો છે નહીં; માટે શા સારૂ હવે હાથે કરીને ધન કમાવાની તૃષ્ણામાં વધારે ને વધારે દુ:ખી થયા કરે છે?

પુર્વ કર્માનુસાર જેટલુ ધન પ્રાપ્ત થયુ છે, તેનુ યુક્તિ પુર્વક રક્ષણ કરી કૂડ-કપટોને દેશવટો દઇ, ધાર્મિક ક્રિયાઓના ધ્યાનમાં રહેવુ એજ શારાંશ છે!!!

संसार दुःखान्न परो हि रोग
सम्यग् विचारात्परमौषधंन ॥
तद्रोग दुःखस्य विनाशनाय
सच्छास्त्रतोऽयं क्रियते विचार ॥८॥

ભાવાર્થ:—સંસાર સંબંધી અનેક દુ:ખો સિવાય બીજો રોગ નથી, સમ્યક પ્રકારે વિચાર કરવો તેના જેવુ કોઇ ઔષધ નથી, તે (સંસારના) રોગનો વિનાશ કરવાને સત્ શાસ્ત્રોથી આ પ્રમાણે વિચાર કરવામાં આવે છે. (૮)

વિવેચન:—સંસારના રોગથી વધારે દુ:ખદાયક બીજો એકે રોગ છેજ નહીં. સંસાર એટલે જન્મ-મરણ. તેનુ જે

દુઃખ તેનાથી બીજો દુઃખદાયક વ્યાધિ પણ છે નહીં તેનો સ
મ્યગ્ પ્રકારે વિચાર કરવો તેના જેવું બીજું ઔષધ પણ નથી. સમ્યગ્ વિચાર એટલે શું ? શાસ્ત્રમાં તેનો વિચાર નીચે પ્રમાણે કહ્યા છે.

સમ્યક વિચાર એટલે સમ્યક્ જ્ઞાન—હવે સમ્યક્ જ્ઞાન એ ટલે શું ? આત્મા અને દેહની ભિન્નતા સંપૂર્ણ અંશે સમ જવી એનું નામ સમ્યક્ જ્ઞાન. દેહના જે જે ભાવો જડ મિથ્યા રુપ ઇત્યાદિ શાસ્ત્રોમાં કહ્યાં છે તે ભાવો આત્માના નહિ સમજતાં દેહના સમજવા; અને આત્માના ભાવો જેવા કે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રા દિ ભાવો દેહના નહીં સમજતા આત્માના સમજવા એનું નામ સમ્યગ્ જ્ઞાન !!

જ્યાં સુધી તું દેહને તારુ પોતાનું રૂપ માને છે ત્યાં સુધી સઘળા દુઃખો તને છે. જ્યારે સમ્યક્ જ્ઞાનથી એમ જણા શે કે હું આત્મા, દેહથી અતિશય ભિન્ન છું. અને સત્રૂપ ચૈતન્યરૂપ, આનંદરૂપ હુંજ છું. પણ આ દેહને કાંઇજ સંબં ધ નથી, એમ જ્યારે સમજાશે ત્યારે સઘળા સુખો વિના પ્રયત્ને તને આપો આપ પ્રાપ્ત થશે. જે કોઇ, ઘડીમાં પોતાને દેહરૂપ માની સ્ત્રિ, ધન, વિષયાદિકમાં આસકત થાય અને ઘડીમાં પોતાના આત્માને સિદ્ધરૂપ માની, જ્ઞાન, વેરાગ્ય, ધર્મ ધ્યાનાદિમાં આસકત થાય, એવા ગડબડીયા પુરુષને સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થવી દુર્લભ છે

જે કોઇ પરલોકમાં સુખી થવાના સાધન માટે નિરંતર પ્રયત્ન કર્યા કરશે તેનેજ એ સમ્યક્ જ્ઞાનની સિદ્ધી થશે પરિણામે મહાસુખી થશો. જુઓ! આ લૌકિક વિદ્યા પણ ઘણા વર્ષો સુધી પ્રયત્ન કરવાથી સિદ્ધ થાય છે, તો આ અલૌકિક સમ્યક્ જ્ઞાન રુપ બ્રહ્મવિદ્યા સહેલાઇથી કયાંથીજ પ્રાપ્ત થઇ શકે. તે અલૌકિક વિદ્યાને મેળવવાને સૌથી સરળ રસ્તો એજ છે કે તે વિદ્યાના જાણ એવા સદ્ગુરૂનો સત્સંગ નિરંતર રાખવો. ગુરૂ પણ તે વિદ્યાના ખપી હોવા જોઇએ. તે વિદ્યા પ્રાપ્ત કરવાનો પહેલો પ્રારંભ એ છે કે, સર્વ કાર્ય પડતા મુકીને યોગ્ય સમયે ગુરૂ મહારાજનું વ્યાખ્યાન સાંભળવા જવું. વળી તે વ્યાખ્યાન સાંભળવામાં પણ બે ભેદ છે. કેટલાએક જીવો ચાળણીના સ્વભાવ વાળા હોય છે, અને કેટલાએક જીવો સુપડાના જેવા સ્વભાવ વાળા હોય છે. ચાળણી એટલે કે જેમ સાર સાર વસ્તુને પડતી મુકી કાંકરા અને કસ્તર જેવી ખરાબ વસ્તુનેજ પકડી રાખે છે–તેવા પ્રકારના જીવો પણ થાય છે–એટલે વ્યાખ્યાન દ્વારા સાંભળેલા વાકયોમાંની સાર વસ્તુને ફેંકી દઈ, ગુર્વાદિકનો અવગુણ તથા પ્રસંગોપાત કહેવાયેલા શ્રૃંગાર રસનુંજ ગૃહણ કરે છે. અને સુપડાં જેવા એટલા માટે કે ખરાબ ખરાબ વસ્તુને ફેંકી દઇ સાર સાર વસ્તુનેજ સંગૃહી રાખે છે. કેટલાક જીવો તેવા પણ હોય છે. એટલે ઉપર કહી ગયા તે ચાલણીના લક્ષણથી ઉલટીજ રીતે વર્ત્તનારા હોય તેમને સમ્યક્ જ્ઞાન જલદી પ્રાપ્ત થાય છે એ નિઃસંશય સમજવું.

માટે શાસ્ત્રકાર કહે છે કે સત્‌શાસ્ત્ર સાંભળી, હંસની માફક સાર ગ્રહણ કરી સમ્યક્ જ્ઞાન સંબંધી વિચાર કરી દ્રઢતા કરવી. અને એજ પરંપરાએ મોક્ષની પ્રાપ્તિનો સરળ રસ્તો છે, તે બરાબર ધ્યાનમાં રાખવો.

સારાંશઃ—સત શાસ્રમાં કહેલા વિચારોનું, ક્ષીર નીરની વિવેક બુદ્ધિઅનુસાર મનન કરી તે પ્રમાણે વર્તન કરવું—

अनित्यताया यदि चेत्प्रतीति
स्तत्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने वा
नोचेद्वने चाथ जनेषु दुःखी ॥ ९॥

ભાવાર્થ:—સંસારના અનિત્યપણામાં જો પ્રતિતિ હોય, ગુરૂના પ્રસાદથી તત્ત્વપર શ્રદ્ધા હોય, વસ્તીમાં કે વનમાં સર્વ ઠેકાણે સુખમાનવામાં આવતું હોય પરંતુ કોઇ ઠેકાણે દુઃખ માનવામાં આવતું ન હોય તેનેજ સુખી જાણવો. (૯)

વિવેચનઃ—જ્ઞાનાભ્યાસમાં પણ પ્રથમ અનિત્ય ભાવનાનો વિચાર કરતાં શીખવું. તેની ઘણી આવશ્યકતા છે. તેના પ્રમાણમાં ગ્રન્થકાર દેખાડે છે કે જો ગુરુના ઉપદેશથી—પ્રસાદથી સંસાર સંબંધી વિષય ભોગાદિ તમામ વસ્તુમાં અનિત્યતાની પ્રતીતિ થાય અને તત્વવસ્તુને વિષે નિષ્ઠા—સ્થીતિ થાય, તો સર્વ સ્થળે, લોકમાં કે જંગલમાં તે જીવ સુખી થાય છે. અને જ્યાં

સુધી એમ ન થાય, ત્યાં સુધી ઘરમાં રહો કે જંગલમાં પણ સર્વ સ્થળે દુઃખીજ થયા કરે છે. તેના દુઃખનો અંત કદી આવતો નથી. જુઓ છો કે સંસારમાં એક દુખ પુરૂં થવા પામ્યું નહિ એટલામાં તો બીજા દશ દુઃખ આવી પડે છે વળી જેના ઉપર ગુરૂનો પ્રસાદ થયો હોયછે તે દેહાદિકની અનિત્યતાને વિષે આ પ્રકારનો વિચાર કરે કે જે અન્નાદિકને પહેલા પહોરમાં ગમે તેવા સંસ્કારો (વઘાર પ્રમુખ) કર્યાં હોય છે, તો પણ તે અન્નાદિનો ચાર પહોર પછી સ્વાદ પલટાઈ જાય છે વલી જેમ જેમ વધારે કાળ જતો જાય છે તેમ તેમ તેજ સુંદર અન્ન વિરસ થતું જાય છે અને છેવટે એવું દુર્ગંધી ભર્યું અન્ન થઈ જાય છે કે તેના સામુ જોવાની રૂચી પણ થતી નથી તેમાં જીવડાઓ પડે છે હુવે વિચાર કરવો જોઇએ કે તેજ અન્નથી પોષાએલું, ઉત્પન્ન થયેલું, પુષ્ટ થયેલું આ શરીર તેમાં સારપણું કયાંથી હોય? નજ હોય, માટે આ, સંસાર કેવલ અસાર રૂપજ છે. વળી જેમ મોટા આયુષ્ય વાળા એટલે ચોરાશી લાખ પુર્વ વર્ષના આયુષ્ય વાળાના જયારે આયુષ્યની સમાપ્તિ થાય છે, ત્યારે જેવા તેને ચિન્હો થાયછે, તેવાજ ચિન્હો આપણને નિરંતર થયા કરેછે. ઘડીમાં શ્વાસ ઉપડે છે, ઘડીમાં કફ બોલે છે, ઘડીમાં ગરમો થાય છે, ઘડીમાં ભોંય લે છે, ઈત્યાદિ આવા પ્રકારના ચિન્હો દેખી સર્વ લોક બોલવા લાગે છે કે “ આ પહોર યા બે પહોરમાં મરશે ” તેવી રીતે વધારે આયુષ્ય વાળાને તે હીસાબે મરતા મરતા સો પચાશ વર્ષ વીતિ જાય, તેવા સો પચાશ વર્ષ

આપણા આયુષ્યના છે. જેમાં આ પ્રકારના શબ્દો વપરાય છેઃ-આ જ તો માથુ દુખે છે. આજ તો ચુંક આવે છે, કલતર થાય છે, શરીર ફાટે છે, તાવ આવે છે, ખાધુ પચતું નથી, આંખો દુખે છે, કાનમાં વેગ આવે છે, દાંત દુખે છે, હાથપગ તુટે છે ઈત્યાદિ આવા પ્રકારની બુમો પાડતા માંડમાંડ પચાસ વર્ષ જીવીએ છીએ. જુઓ તો ખરા કે આટલા નાના આયુષ્યમાં પણ જીવ કેવા અહંમમત્ત્વને સેવ્યા કરે છે? કેટલા બધા પાપ કર્મ કરે છે? કેટલી મોટી જીવવાની આશાઓથી ક્રોટાનકોટી જીવોનો સંહાર કરી મોટી હવેલીયો, મોટા મોટા મકાન, મોટી મીલો બંધાવે છે? મનમાં જાણે છે કે આપણે તો મરવુંજ નથી, આવા આવા મિથ્યા કુતર્કો કરી, તેમાં ને તેમાંજ રચ્યો પચ્યો રહી, પશુ પંખીની પેઠે વૃથા જીંદગી ગુમાવે છે. आहार निंद्रा भय मैथुनंच सामान्य मेतत् पशुभि र्नराणाम् એ પ્રમાણે બરાબર પશુ પક્ષીઓની ચેષ્ટાઓ પ્રમાણેજ જીંદગી પુરી કરે છે, આ મહા દુર્લભ એવી માનુષ્ય જીંદગી પ્રાપ્ત થયા છતાં વળી ઉત્તમ પ્રકારે કલ્યાણ કરનારી સામગ્રીઓ મલ્યા છતાં, અહોહો ? કેવા પ્રમાદમાં પડી, પોતાની કીર્તિ આ લોકમાં વધે એટલા માટે પોતાનો સ્વાર્થ બગાડી, મિથ્યાભીમાનને લીધે પોતાનું ચતામણી રત્ન સમાન આયુષ્ય ગુમાવી દેછે. વળી રાત દિન ગધેડા કુતરાદિકના જેવી, વિષય સંપાદનની ક્રિયાઓમાંજ મંડેલા, પણ ઉપરથી મોટા મોટા શેઠ, સાહુકાર નામ ધરાવતા ધનવંત મોટા પ્રતિષ્ઠત, મોટા પુરૂષોની પંકિતમાં દા

ખલ થનારાઓ ગરીબ કરતા પણ કોટી ગણા પાપ કરતા મદોન્મતપણાથી પાછું જોતાં નથી ? અહો ! એટલો પણ વિચાર કરતા નથી કે આપણે ફક્ત થોડા વખતની જીંદગી માટે કોટાનકોટી સુક્ષ્મ અને મોટા જીવો નો નિરંતર સંહાર થયાજ કરે એવી ક્રિયાઓ શું કરવા કરવી પડે ! એ વિચારજ તેમનેતો ઉત્પન્ન થતો નથી ? આ કેટલું બધુ શોચનીય છે ? માટે ગ્રંથકાર કહે છે કે "અનિત્યતાની ભાવના વીના તત્વ નિષ્ટા કદી થતી નથી.—"

मोहान्धकारे भ्रमतीह तावत्
संसार दुखैश्च कदर्थ्यमानः
याव द्विवेकार्क महोदयेन
यथास्थितं पश्यति नात्मरुपम् ॥ १० ॥

ભાવાથ:—જ્યાં સુધી વિવેક રૂપ સૂર્યના ઉદયથી આત્માનું યથાસ્થિત સ્વરૂપ ન જણાય ત્યાં સુધીજ સંસારના દુ:ખોથી પીડિત થયો થકો જીવ મોહરૂપી અંધકારને વિષે ભ્રમણ કરે છે. (૧૦)

વિવેચન—સંસારના દુ:ખોથી પીડા પામતો જીવ જ્યાં સુધી વિવેક રૂપ સુર્યના મોટા ઉદય વડે, પોતાના વાસ્તવિક સ્વરૂપને નથી દેખતો ત્યાં સુધી સંસાર સંબંધી ભ્રમણાનું કદી નિવારણ થતું નથી. જેમ પોતાના બંધાવેલા મહેલમાં

અંધારી રાતે ફરતા, દીવા વીના વચ્ચે ઉભા કરેલા મોટા થાંભલા સાથે પોતાનુંજ માથું કુટે છે, તેમ પોતાના હૃદયમાં એક જ્ઞાન રૂપી દીવો પ્રકટ ન કર્યો હોય ત્યાં સુધી, સંસારમાં સ્વાભાવિક આવતા દુખો વડે પોતાને મહા દુઃખી માની લઇ, તમામ ધર્મ ધ્યાનાદિને મુકી દઈ અવળે માર્ગે ચડી જાય છે—એટલે કે મોહરૂપ અંધકારમાં નિમગ્ન થઇ જાય છે. સંસારમાં બધી વાતનું ઠીકજ કયાંથી હોય? માટે કોઇ જન્મે ને કોઇ મરે છે, કોઈ રાંડે છે કોઇ માંડે છે એવું તો કોઇ ઘર નથી, કે કોઈ સ્થાન પણ નથી કે જ્યાં જન્મ-મરણ થયા કરતું ન હોય? તેટલા માટે આ સંસારમાં નવા નવા પ્રકારના દુઃખોના ધક્કા લાગ્યાજ કરે છે. તેમાં જો વિવેકરૂપી સૂર્યનો ઉદય થયો તો કેટલાએક દુખો સ્વયમેવ નાશી જાય છે. તેથી ધર્મ કરણી કરવાનો પણ અવકાશ મળે છે. વિવેકહીન પુરૂષોને ઘરના, બહારના, પોતાના, અન્યના, વેપારના રોજગારના એમ અનંત પ્રકારના કામકાજ કરવાથી પાણી પીધા જેટલી પણ નિવૃત્તિ મળી શકતી નથી તો તેને પારલૌકિક સુખમાટે ધર્મ કરણી કરવાનો સમયજ કયાંથી મળે? પણ વિચાર કરો કે ચક્રવ-ર્તીઓ પણ રાજ્ય સંબંધી અનેક કાર્યો કરવા છતાં ધર્મકરણી તેમાં મુળ મૂકતા નહુતા. કારણ એ હતું કે તેમનામાં વિવેક હતો. આપણે પણ આપણા નાના ઘરનું રાજ્ય ચલાવવામાં પણ વિવેક રાખવો જોઇએ. એટલે ઘરમાં રહેનાર માણસોને ઘર ધંધો વહેંચી આપવો. જે જેને યોગ્ય હોય તે

તેને કાર્ય સોંપી દેવું. એક મણ ભાર બોજો જો એકજ માણસને ઉચકવો પડશે, તો વધારે ભાર લાગશે. પણ જો તે એક મણ બોજો આઠ–દશ માણસો વહેંચી લેશે તો જરૂર તેઓને થોડીજ મહેનત પડશે. સંસારના કાર્યોમાં પણ તેમ કરવું જોઇએ. જે કાળે જે કાર્ય કરવાનું હોય છે તે કાર્ય તેજ વખતે કરવાની યુકિતઓ આપોઆપ જણાઈ આવે છે. તેથી તે સંસારમાં સુખીપણે વ-ર્તે છે. અવિવેકી સર્વ કાર્યમાં કુટાઇ મરે છે. પણ તે કાર્યનો અંત લાવી શકતો નથી. વળી શુભ અશુભ કાર્યને પણ સમજી શકતો નથી. હુવે વિવેકવાન માણસ કેવીરીતે પોતાના કાર્યમાં આગળ વધે છે તે કહે છેઃ-ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારે પુરૂષાર્થના કામો પોતપોતાની ઘટતી વેળાએ સાધ્યાકરે એ વીવેકનું લક્ષણ છે. અને તેથી કરવા ધારેલા કાર્યો પણ જલદીથી અને ઈપ્સિત ફળ આપનારા થાય છે. જેમ ઘડીયાળને ચાવી દેવાથી, તે રાત્રી દિન ચાલ્યા કરે છે, અને તેની સાથે ચક્રો પણ નીયમિત રીતે ફર્યા કરે છે. તેવીજ રીતે સંસાર સંબંધી કાર્યો ચાલ્યા કરે અને પોતાને પણ અવકાશ મળે, એમ વિચાર કરી જે યુકિત પુર્વક ચાલે તેનું નામ વિવેકી.

તે પણ નીતિના નિયમોને અનુસરીને ચાલે છે, નીતિના માર્ગ ઉપર ચાલનારની આ લોકમાં તેમજ પર લોકમાં કીર્ત્તિ થાય છે. પુરૂષાર્થની સિદ્ધી પણ નીતીના માર્ગમાં ચાલનાનીરજ થાયછે અનીતિથી ચાલનારનો એક પણ પુરૂષાર્થ સિદ્ધ થતો નથી.

આ લોકમાંતેમજ પરલોકમાં તેની નિંદાજ થાય છે, વિવેકી પુરૂષો પોતાના સ્વાભાવિક આત્મ સ્વરૂપને જાણી શકે છે, કહી શકે છે. તેમજ શરીરના સ્વરૂપને જાણે છે. પછી આત્માના ગુણ આત્મ જ્ઞાનના અભ્યાસ વડે સિદ્ધ કરે છે. આને દેહ અને આત્માની ભિન્ન ભિન્ન ચોખી વ્યકિત કરવી તે ગુરૂ પાસેથી શિખ્યા વીના આવડતું નથી. કારણ કે આ જીવને અના દિકાલનો અનંતા જન્મનો એવોજ અભ્યાસ દ્રઢ થયો છે કે " આ દેહ એજ હું આત્મા છું." માટે દેહના સુખથી સુખી છું, અને દેહના દુખે કરી દુઃખી છું એવા દ્રઢ સં સ્કારો જામી ગયા હોવાથી ધીમે ધીમે, સત્પુરૂષોના નિરંતર સમાગમ વડે તેવા દુઃખ રૂપ સંસ્કારોને દુર કરવા પ્રયત્નો કરવા અને એથીજ સુખી થવાશે.

अर्थो ह्यनर्थो बहुधा मनोऽस्ति,
स्त्रीणां चरित्राणी शबोपमानी ॥
विषेण तुल्या विषयाश्च तेषां ॥
येषां -हादि स्वात्मलवानुभूति ॥ ११ ॥

ભાવાર્થ--જેના હૃદયમાં સ્વાત્માનુભવ જ્ઞાનનો લવમાં ત્ર ઉદય પામ્યો હોય છે, તેને જે અર્થ છે તેજ અનર્થ રૂપે જણાય છે. તેનુંજ મન સ્થિર એકાગ્ર થાય છે. તેનેજ સ્ત્રી- ઓના ચરિત્રો શબ જેવા જણાય છે. અને તેનેજ પંચ ઇંદ્રિયોના પંચવિષયો વિષ રૂપ લાગે છે, પણ અન્યને નહીં. (૧૧)

એમ જુદા જુદા ભેદ સમજીને દુરમતી રૂપવેલીને છેદવાવાળી સુજ્ઞતને વધારનારી શુભમતીને ધારણ કરો. (૧૬)

---

## ઢાળ ત્રીજી

શાળીભદ્ર ભોગીરે હોય—એ દેશી.

એકાંત જો ભાષિએજી
દ્રવ્યાદિકનોરે ભેદ
તો પર દ્રવ્ય પરે હુએજી
ગુણ ગુણી ભાવ ઉછેદરે
ભવિકા ધારો ગુણ ઉપદેશ— ॥૧॥

ભાવાર્થ—જો એકાંત પણે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ કહેશો તો પર દ્રવ્યની જેમ સ્વ દ્રવ્યની સાથે પણ ગુણ અને ગુણીના ભાવનો નાશ થઇ જશે માટે ગુણ અને ગુણીનો અભેદ છે તે હે ભવ્ય! ગુરૂના ઉપદેશથી સમજી લેવો. ( ૧ )

વિવેચન—જેવી રીતે જીવ દ્રવ્યના જ્ઞાનાદિક ગુણ છે તેનો ગુણી જીવ દ્રવ્ય છે, તેમજ પુદગલ દ્રવ્યના ગુણ રૂપાદિક છે તેનો ગુણી પુદગલ દ્રવ્ય છે, હવે જો દ્રવ્યથી ગુણ અને પર્યાય પરસ્પર ભિન્ન હોય તો જેમ પુદગલ અને જીવ દ્રવ્ય એક બીજાથી જુદા છે તેમ જીવ દ્રવ્યના ગુણ પર્યાય જીવ દ્રવ્યથી જુદા થઇ જશે અને તેથી ગુણ અનો ગુણીનો પરસ્પરનો સંબંધજ રહેશે નહિ. અને શાસ્ત્ર વ્યવસ્થા એવા પ્રકારની છે કે જ્ઞાનાદિક જીવના ગુણ છે, અને રૂપાદિ પુદગલ દ્રવ્યના ગુણ છે, હવે દ્રવ્યથી ગુણને જો જુદા માની એ તો ઉપર કહેલી શાસ્ત્ર વ્યવસ્થાનો લોપ થઇ જશે. અને અમુક દ્રવ્યના ગુણ છે એવો ભાવ રહેશે નહિ માટે દ્રવ્યથી ગુણ અને પર્યાય અભેદ રૂપ જાણવા. એવો અભેદ નયનો વિચાર સદગુરૂના ઉપદેશથી સમજવો. ( ૧ )

દ્રવ્યે ગુણ પર્યાયનોજી<br>
છે અભેદ સંબંધ<br>
ભિન્ન તેહજો કલ્પિએજી<br>
તો અનવસ્થા બંધરે—ભવિકા ॥ ૨ ॥

ભાવાર્થ—દ્રવ્યની સાથે ગુણ અને પર્યાયનો જે સંબંધ છે તે અભેદ રૂપે છે, તેને જો ભિન્ન રૂપે માનીએ તો અનવસ્થા દોષનો પ્રબંધ થઈ જાય છે. ( ૨ )

વિવેચન—જૈન શાસ્ત્રોમાં દ્રવ્યની સાથે તેના ગુણ પર્યાયનો પરસ્પર અભેદ સંબંધ કહ્યો છે કારણ કે જો દ્રવ્યને ગુણ પર્યાયનો સમવાય સંબંધ ભિન્ન છે એમ કલ્પના કરીએતો અનવસ્થા દોષનું બંધન થાય એટલે ગુણ અને ગુણીના પરસ્પર સંબંધની જે વ્યવસ્થા શાસ્ત્રોમાં કહી છે તે રહે નહી અને એમતો થઇ શકે નહિ. ગુણ પર્યાયનો સમવાય સંબંધ જો દ્રવ્યથી અલગ હોયતો તે સમવાયને પણ બીજાની સાથે સંબંધ જોઇએ, વળીતે સંબંધને પણ બીજાના સંબંધની અપેક્ષા રહી જાય એમ ગણતા કોઇ જાતની સ્થિતિ રહે નહિ માટે જો સમવાયના સ્વરૂપ સંબંધને દ્રવ્યથી અભિન્ન માનીએતો ગુણ અને ગુણીનો સ્વરૂપ સંબંધ બરોબર મળી આવેછે, અને બીજાના સંબંધ ની અપેક્ષા રહેતી નથી. ( ૨ )

(જો અભેદ ન માને તો બાધ આવે તે કહે છે.)

સુવર્ણ કુંડલાદિ હુઓજી
ઘટ રકતાદિક ભાવ
એ વ્યવહાર ન સંભવેજી
જો ન અભેદસ્વભાવરે—ભવિકા ॥૩॥

ભાવાર્થ—સુવર્ણ તે કુંડલાદિ અનેક રૂપવાળું થયું અને ઘટ રકતાદિક ભાવને પામ્યો તે વ્યવહાર જો દ્રવ્ય અને ગુણનો અભેદ સ્વભાવ ન હોયતો સંભવે નહિ. ( ૩ )

વિવેચન—જે સોનું છે તે કુંડલ વિગેરે આભુષણ રૂપને પ્રાપ્ત કરે છે, ત્યારે તે સુવર્ણનું કુંડલ એવું નામ પડે છે પણ તેમા દ્રવ્ય તો સુવર્ણજ છે. તેમજ વળી ઘટ છે તે પ્રથમ શ્યામ હોય છે પછી જ્યારે તે પાકે છે ત્યારે તેમાં રકતાદિ ભાવ થાય છે ત્યારે પણ તે ઘટ તે રકતાદિપણાથી જુદો થતો નથી. અર્થાત વર્ણનો અને ગુણનો ભેદ થવા છતાં મુળ દ્રવ્યનો ભેદ થઇ શકતો નથી. જો અભેદ સ્વભાવથી દ્રવ્ય ગુણ પર્યાયનો ભેદ ન હોત તો ઉપર કહેલા સુવર્ણનો આ લોક પ્રસિદ્ધ વ્યવહાર થઈ શકત નહિ, તેથી કરી દ્રવ્ય

ગુણ અને પર્યાય અભિન્ન કહેલાં છે તે યથાર્થ છે. નામ જુ-દા જુદા છે પણ તે અભિન્ન છે એમ સમજવું. ( ૩ )

---

(વળી બીજી રીતે અભેદ નહિ માનવાથી બાધ બતાવે છે)

ખંધ દેશ ભેદે હુએજી
બમણી ગુરૂતારે ખંધ
પ્રદેશ ગુરૂતા પરિણમેજી
ખંધ અભેદ સંબંધરે—ભવિકા ॥ ૪॥

ભાવાર્થ—જો ખંધ અને દેશની ભિન્નતા માનીએતો ખંધમાં બમણી ગુરૂતા થવી જોઇએ પરંતુ ખંધમાં અધિક ગુરૂતા જણાતી નથી માટે દેશ અને ખંધ પરસ્પર અભેદ રૂપ છે. ( ૪ )

વિવેચન—ખંધ છે તે અવયવી છે અને દેશ અવયવરૂપ છેહુવે જો અવયવી જે સ્કંધ તે દેશ જે અવયવ તેનાથી ભિન્નહોયતો સ્કંધનો બમણો બોજો થઇ જાય જેમકે સો તંતુથી બનેલા વસ્ત્રમાં જેટલો ભાર છે તેટલોજ ભાર સો તંતુ જુદા હોય ત્યારે પણ હોય છે, હુવે જો તંતુ અને વસ્ત્રને અભેદ માનીએ

તો તંતુ વસ્ત્ર રૂપે થવાથી વસ્ત્રમાં બમણો બોજ થઇ જવો જોઇએ, પણ તેમ તો થતું નથી. વળી કોઇ નવીન નૈયાયિકનું એમ કહેવું છે અવયવના બોજા કરતાં અવયવીનો બોજો ઘણો ઓછો હોય છે તેથી કરીને તેના મતમાં બે પ્રદેશયુક્ત અવયવી (સ્કંધ)માં અધીક બોજો થવો ન જોઇએ, કેમકે બે પ્રદેશ આદિયુકત સ્કંધમાં એક પ્રદેશ આદિની અપેક્ષાથી અવયવીનું ધર્મ પણું રહેલું છે તથા એક પ્રદેશવાળા પરમાણુમાં જો ઉત્કૃષ્ટ ગુરૂત્વ માનીએ તો રૂપાદિક વિશેષણ પણ પરમાણુંમાં માનવા જોઇએ અને દ્વિપ્રદેશાદિક સ્કંધમાં રૂપાદિ નહિ માનવા જોઇએ. અને જો અભેદ સંબંધ માનીએ તો પ્રદેશ (અવયવ) નો જે ભાર છે તેજ સ્કંધ (અવયવ) ના ભાર પણે પરીણમે છે જ્યારે તંતુઓ પટ રૂપ પણાને પરિણમે છે અર્થાત તંતુઓ પટ રૂપે થઈ જાય છે ત્યારે આ પ્રમાણે ગુરૂતા અથવા પ્રદેશ વૃદ્ધીનો જે દોષ કહ્યોછે તે લાગી શકતો નથી, એવું તાત્પર્ય છે (૪)

(જેઓ દ્રવ્યાદિકને અભેદ નથી માનતા તેઓને ઓલંભો આપે છે.)

## ભિન્ન દ્રવ્ય પર્યાયનેજી

ભવના દિકનેરે એક
ભાષે કિમ દાખે નહિજી
એક દ્રવ્યમાં વિવેકરે—ભવિકા ॥ ૫ ॥

**ભાવાર્થ—**ભિન્ન દ્રવ્યના પર્યાયરૂપ જે ઘર તેને જો એક ઘર એમ કહોછો તો એક દ્રવ્યમાં દ્રવ્ય ગુણ પર્યાય નો અભેદ છે એમ વિવેક શા માટે નથી કહેતા? (૫)

**વિવેચન—**એક ઘર છે તેમાં જુદા જુદા પાષણ, કાષ્ટ, જળ વિગેરે ઘણા દ્રવ્ય મળેલા છે તે દ્રંવ્યનું પર્યાય રૂપ જે ઘર તેને એક રૂપ કહે છે તો એમ કેમ નથી કહેતા કે એક દ્રવ્યમાં ગુણ પર્યાયનું અભિન્ન પણું છે? કારણકે જે આત્મા રૂપ દ્રવ્ય છે તેજ આત્માના જ્ઞાનાદિ ગુણો છે અને દેવ, મનુષ્ય આદિ જે જીવના પર્યાય છે તે આનાદિ સિદ્ધ વ્યવહાર છે જો કે દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા જુદા જુદા નામથી દ્રવ્ય ગુણ અને પર્યાય જુદા હોવાનું ભાન થાય છે તોપણ ગુણ દ્રવ્યમાં સમાઇ જતા હોવાથી તેઓ ભિન્ન રૂપ નથી. (૫)

( વળી પણ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું અભેદ પણું બતાવે છે )

ગુણ પર્યાય અભેદથીજી
દ્રવ્ય નિયત વ્યવહાર
પરિણતિ જે છે એકતાજી
તેણે તે એક પ્રકારરે—ભવિકા ॥ ૬ ॥

ભાવાર્થ—દ્રવ્યનો જે નિશ્ચય વ્યવસ્થા પુર્વક વ્યવહાર થાય છે તે ગુણ અને પર્યાયના અભેદપણાને લીધેજ થાય છે. દ્રવ્ય અને ગુણ પર્યાય પરીણામે એક રૂપ હોવાથી ત્રણે એક પ્રકારેજ છે. ( ૬ )

વિવેચન—જીવ દ્રવ્ય અજીવ દ્રવ્ય ઇત્યાદિક દ્રવ્યનો જે વ્યવસ્થા સહિત વ્યવહાર થઇ શકે છે તે ગુણ અને પર્યાયનું અભેદ પણું હોવાથીજ થઇ શકે છે. જો એમ ન હોય તો ગુણ પર્યાયથી રહિત જીવ દ્રવ્યને દેવ મનુષ્ય એવા વિશેષ નામ કેવી રીતે આપી શકત, પુદગલને રકતઘટ, પીત ઘટ એવા નામથી કેવી રીતે કહી શકાત, તેથી કરીને દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા ત્રણ નામ છે પરંતુ મૂળ સ્વ ભાવે તેઓમાં એકપણાનોજ વ્યવહાર છે કારણકે પરીણુતી એક રૂપે છે, ઉદાહરણ તરીકે આત્મા દ્રવ્યના જ્ઞાનાદિ ગુણ

પરીણામ છે તેમાં આત્માનો જ્ઞાનાદિગુણ સહિત વ્યવહાર છે. અને પર્યાયમાં પણ દ્રવ્ય યુકત પર્યાયનો વ્યવહાર હોય છે માટે ત્રણેનો એકજ પ્રકાર છે. જેવી રીતે રત્ન, તેની કાંતિ અને જવર નાશ કરવાનો તેનો ગુણ એ ત્રણે પરીણુતીમાં એક રૂપ છે તેવીજ રીતે દ્રવ્ય ગુણ તથા પર્યાય એક રૂપ છે અર્થાત પરીણુતીમાં એક રૂપ હોવાથી દ્રવ્યદિક ત્રણે એક પ્રકાર વાળા છે. [ ૬ ]

---

( વળી અભેદ નહિ માનનારાનો દોષ બતાવે છે )

જો અભેદ નહિ એહનેજી
તો કારય કિમ હોય
અછતિ વસ્તુ ન નીપજેજી
શશ વિષાણ પરે જોયરે—ભવિકા ॥૭॥

ભાવાર્થ—જો દ્રવ્યગુણ પર્યાયનો અભેદ ન હોય તો તેઓનાથી કાર્ય કેવી રીતે થાય છે ? કારણ કે સસલાંના શીંગડાની પેઠે જે અસત્ વસ્તુ છે તેનાથી કાર્યની ઉત્પતિ કેવી રીતે થાય. ( ૭ )

**વિવેચન**—જો દ્રવ્યગુણ પર્યાયને ભેદ હોય તો કાર્ય કાર ણનો પણ ભેદ હોવો જોઇએ અને જો કાર્યકારણ અરસ્પરસ જુદા હોય તો મૃત્તિકાદિક કારણથી ઘટાદિક કાર્ય કેમ થઈ શકે ? કારણકે કારણમાં કાર્યની શકિત હોય તોજ કાર્ય થાય, એતો નિશ્ચયજછે કે જ્યાં કાર્યની શકિતઅવિદ્યમાન હોય ત્યાંથી તે પદાર્થ કદાપિ ઉત્પન્ન થઇ શકતો નથી. જેવી રીતે સસલાના શીંગડા અ-વિદ્યમાન વસ્તુ છે અર્થાત શશરૂપ કારણમાં શીંગડારૂપ કાર્યની શકતીજ નથી, તેથી શશ શીંગ રૂપ કાર્યની ઉત્પત્તીનો અભા વજ દેખાય છે, કહેવાનો આશય એવો છે કારણમાં કાર્યની શકિતનો સ્વીકાર કરવામાં આવેતો કાર્ય કારણનો અભેદ સ. હજ જણાઇ આવેછે. દ્રવ્ય કારણરૂપે રહેલુંજ હતું અને જ્યારે કાર્યની ઉત્પત્તિ કારણમાં થઇ ત્યારે તે દ્રવ્ય માત્ર પર્યાય રૂ-પે થઇ ગયું, વાસ્તવિક રીતે કારણથી કાર્ય અભિન્ન રૂપેજ છે, જેવી રીતે ઘટાદિક કાર્ય મૃત્તિકાથી ઉત્પન્ન થાય છે તોપ ણ મૃત્તિકાથી અભિન્ન છે તેમજ દ્રવ્ય ગુણ પર્યાયનું અભિ. ન્ન પણું જાણવું. (૭)

---

( કારણમાં જો કાર્યની સત્તા હોય તો કારણમાં કાર્ય દેખાતું કેમ નથી એવી શંકાનો ઉત્તર આપે છે )

**દ્રવ્ય રૂપ છતિ કાર્યનીજી**
**તિરો ભાવની શકિત**
**આવી ર્ભાવે નીપજેજી**
**ગુણ પર્યાયની વ્યકિતરે—ભવિકા ॥૮॥**

**ભાવાર્થ—કાર્યરૂપ કારણમાં કાર્યની દ્રવ્યરૂપે તિરોભાવની શકિત છે. ગુણપર્યાયની વ્યકિતથી સામગ્રી મળે ત્યારે પ્રગટ ભાવે કાર્ય ઉત્પન્ન થાય છે. (૮)**

**વિવેચન**—જ્યાંસુધી કાર્ય ઉત્પન્ન નથી થયું હોતું ત્યાં સુધી કારણમાં સત્તારુપે દ્રવ્યની તીરોભાવની શકતી રહેલી હોય છે, અને તેજ શકિતમાં જ્યારે સંપુર્ણ સામગ્રીનો યોગ થઈ જાય છે ત્યારે ગુણ અને પર્યાય પ્રગટ થવાથી પોતાની મેળે પ્રકટ થાય છે અને કાર્ય જણાઇ આવે છે, અહીંઆ કાર્યના પર્યાયની સમાનતાથી તીરોભાવ અને આવીર્ભાવને પણ કાર્યના નિયામક સમજવા જોઇએ કારણ કે તેથી કરીને આવીર્ભાવને સત્ અસત્ વિકલ્પથી દૂષણ લાગતું નથી, તીરોભાવ અને આવીર્ભાવ ને અનુસરીને પર્યાયની કલ્પના કરવામાં આવે છે, ઉદાહરણ તરીકે ઘટ રૂપ કાર્ય નહિ દેખાવાથી મૃતિકાના પીંડમાંથી ઘટ ની જે શકિત રહેલી છે તે સામાન્ય શકતી છે. કુંભકાર, ચાક,

દંડ વિગેરે કારણોના સમૂહથી રકતાદિ ગુણ અને પૃથુ બુધ્નુ ત્વ ગ્રીવત્વાદિ પર્યાય રૂપે પ્રગટ થાય છે, અને ત્યારે ઘટ રૂપ કાર્યનો વ્યવહાર થયો એવી રીતે કારણમાં કાર્યનો ઉપચાર સમજવો. ( ૮ )

---

( બે ગાથાથી નયાયિક મતનું સમાધાન કરે છે. )

નૈયાયિક ભાસે ઇસ્યુંજી<br>
જીમ અછતાનુંરે જ્ઞાન<br>
હોવે વિષય અતીતનુંજી<br>
તિમ કાર્ય સહિનાણરે—ભવીકા ॥૯॥

ભાવાર્થ—નૈયાયિક મતવાળા એમ કહે છે કે જેમ અછતા પદાર્થનું જ્ઞાન અતીત પદાર્થના વિષય રૂપ થાય છે તેમ અવિદ્યમાન ઘટ આદિ કાર્ય પણ નિશ્ચય પૂર્વક થાય છે. ( ૯ )

વિવેચન—નૈયાયિક મત વાળાનું કહેવું એવા પ્રકારનું છે કે જેવીરીતે અસત્ એટલે અવિદ્યમાન ઘટ આદી પદાથનું

---

૧ પેટાળ કાંઠો વિગેરે

જ્ઞાન અતીત એટલે ભૂત પદાર્થના વિષય વાળુ થાય છે તેવી રીતે કારણમાં અવિદ્યમાન રૂપ ઘટ આદિ કાર્ય મૃત્તિકા અને કુંભકાર આદિ સામગ્રીથી ઉત્પન્ન થાય છે કારણ કે જયારે અસત્ પદાર્થનું જ્ઞાન થાય છે ત્યારે અવિદ્યમાન પદાર્થની ઉત્પત્તિ કેમ ન થાય અર્થાત થવીજ જોઇએ દંડ ચક્ર વિગેરેને ઘટના કારણ રૂપ અમે જે કહીએ છીએ તેમાં તો લાઘવ છે અને જૈન મત પ્રમાણે તો દંડાદિકજ ઘટના પ્રગટપણાના કારણ રૂપ કહેવાય છે તે તો ગૌરવ રૂપજ છે. વળી ઘટની પ્રગટતાના કારણ રૂપ તો નેત્ર છે પણ દંડ વિગેરે નથી તેથી કારણથી કાર્યનો જે ભેદ અમે માનીએ છીએ તેજ સત્ય છે. તથા દ્રવ્ય રૂપ ઘટની અભિવ્યક્તિનું કારણ દંડનો અભાવ છે પણ દંડ નથી. અને ઘટના પ્રગટ થવામાં નેત્રાદિકને જે કારણ માનવામાં આવે છે તેથી ગૌરવમાં ઘટાડો નથી થતો એમ સમજવું. આ પ્રમાણે નૈયાયિકોનું માનવું છે.

(હવે ઉપરની માન્યતાનું સમાધાન કરે છે.)

તે મિથ્યા નહિ સર્વથાજી

અછતો વિષય અતીત

પર્યાયારથ તે નહિજી
દ્રવ્યારથ છે નિત્યરે—ભાવિકા॥૧૦॥

ભાવાર્થ—અતીત વિષય (જે ઘટાદિ) તે સર્વથા મિથ્યા નથી કારણકે પર્યાયાર્થથી જે અનિત્ય હોય છે તે દ્રવ્યાર્દિક નયથી નિત્ય હોય છે. ૧૦

વિવેચન—નૈયાયિકનું ઉપરનું જે કહેવું છે તે મિથ્યા છે કારણકે અતીત વિષય વાળા જે ઘટાદિને સર્વથા અસત્ નથો કારણકે અતીત વિષય વાળો ઘટ પર્યાયાર્થિક નયથી નથો સમજવાનો વણ દ્રવ્યાર્થીક નયથો તે નિત્ય છે એમ સમજવાનું છે તાત્પર્ય એ છે કે ઘટ નો નાશ થઈ ગયા પછી પણ તે મૃત્તિકારૂપે વિદ્યમાન રહે છે. જોતે દ્રવ્ય સર્વથા ન હોય તો સસલાના શીંગડા ની પેઠે સર્વથા અભાવ થઇ જાય અને જે પદાર્થ સર્વથા અવિદ્યમાનપણે જ્ઞાનમાં ભાસે છે તે પદાર્થમાં વિદ્યમાનપણું કેવી રીતે આવીશકે! અર્થાત નજ અવીશકે તેથી કરીજે કાંઇ ભૂત વિષય છે તે સર્વથા અસત્ નથી, પરંતુ સત્ રૂપેજ પ્રવર્તે છે. અહિંઆ એ સમજવાનું છે કે જે વસ્તુ દ્રવ્યાર્થિક નયથી નિત્ય પણે વર્તે છે તે વસ્તુમાં આકારનો અભાવ હોવાથી પર્યાયા

નયથી અનિત્ય પણું દેખાય છે પણ ખરૂં જોતાં તો દ્રવ્યમાં સમવાયી ભૂત વિષય પદાર્થ રહેલો છે તે કારણનો ઉદય થવાથી કાર્યપણાને પ્રાપ્ત થઇ ને દેખાય છે તેથી કરીને સત્ પદાર્થનીજ ઉત્પત્તિ થાય છે પણ અવિદ્યમાન પદાર્થની ઉત્પત્તિ નથી એમ નિશ્ચયથી સમજવું (૧૦)

---

(જ્ઞાનના સ્વભાવથી અછતો અર્થ સમજાય છે એમ તે કહે છે.)

અછતો ભાષે જ્ઞાનનેજી
જો સ્વભાવે સંસાર
કહેજો જ્ઞાનાકાર તોજી
જપે યોગાચારરે—ભવિકા ॥૧૧॥

ભાવાર્થ—જો જ્ઞાનના સ્વભાવથીજ અસત્ પદાર્થનો ભાસ થતો હોય તો આ સમસ્ત સંસાર જ્ઞાના ાર પ્રમાણેજ પરીણમી જાય અને એથીતો યોગાચાર નામનો ત્રીજો બૌદ્ધ મતજ સિદ્ધ થઈ જાય. ( ૧૧ )

વિવેચન—અતીત પદાર્થનો ભાસ જ્ઞાનના સ્વભાવમાં કાંઇપણ થઈ શકે નહિ કારણ કે એમ માનવાથી આ સંસાર

ના સમસ્ત પદાથનો જ્ઞાનમાં ભાસ થવો જોઈએ પણ તેમ તો નથી કારણ કે અનાદિના અજ્ઞાનને લઈને બાહ્યાકાર અસત્ રૂપેજ જણાય છે. જેમ સ્વપ્નમાં જેજે પદાર્થનો ભાસ થાય છે તે તે વખતે સત્ લાગવા છતાં અસત્ હોય છે તેમ અનાદિ ની અજ્ઞાન વાસનાને લીધેજ અસત્ પદાર્થનો જ્ઞાનથી જાણે ભાસ થતો હોય એવું દેખાય છે પણ વિચારવાનું એ છે કે જો અસત્ પદાર્થનો ભાસ થવાનું કારણ જ્ઞાનજ હોય તો આ આખું જગત્ જ્ઞાનાકાર પણેજ થઈ જાય કારણ કે બાહ્ય દ્રષ્ટીથી દે-ખાતા સઘળા પદાર્થ અસત્ છે અને બાહ્યાકાર રહિત શુદ્ધ જ્ઞાનમાંજ અછતા પદાર્થનો ભાસ થાય છે એમ જો કહેવામાં આવે તો અનાદિની અજ્ઞાન વાસનાનો અભાવ સિદ્ધ થશે અને તેમ માનવા જતાં તો યોગાચાર નામનો બૌદ્ધનો ત્રીજોમત સિદ્ધ થશે કારણકે બાહ્યાકાર રહિત શુદ્ધ જ્ઞાનતો બુદ્ધનેજ હોય છે પણ તેમ માનવું વાસ્તવિક નથી માત્ર બાહ્ય આકારમાં અનાદિ ની અજ્ઞાન વાસનાને લીધેજ અસત્ પદાર્થનો ભાસ થાય છે. એટલે સમજવાનું એ છે કે ભૂત કાલ વિષયક પદાર્થ જ્ઞાનમાં અસત્ પદાર્થનો ભાસ નથી થતો પણ સત્ પદાર્થના અનેક કારણો જે તિરો ભાવ શકિત રૂપે ગુપ્તપણે રહેલા છે તેનાથી બહાર દેખાતા આકર ઉત્પન્ન થાય છે તેથી મૂળ દ્રવ્ય રૂપથી

તો કોઇ પદાર્થની ઉત્પત્તિ નથી થતી તેમજ નાશ પણ નથી થતો કારણ કે દરેક પર્યાયમાં દ્રવ્યનો અન્વય સંબંધ સ્પષ્ટ પણે દેખાઇ આવે છે માટે દ્રવ્ય પદાર્થમાં તો ઉત્પત્તિએ નથી અને વિનાશ પણ નથી અને પર્યાયથી તો સર્વ પદાર્થની ઉત્પત્તિ અને નાશ બંને થાય છે અને જે પર્યાય દ્રવ્યમાં સત્પણે છે તે પર્યાયમાં નિશ્ચય રૂપનો અનુભવ થઇ શકે છે પણ જે પર્યાય દ્રવ્યમાં અસત્પણે છે તે પર્યાયમાં જે અનુભવ થાય છે તે ચલાયયાન રહે છે કેમકે શંખ તદન ઉજવલ હોય છે છતાં કમળાના રોગને લીધે શંખ પીળા રંગનો દેખાય છે અને તેજ કમળાનો રોગ દૂર થાય છે ત્યારે શંખનું મુળ ઉજવળ રૂપ દેખાયછે કારણકે શંખમાં પીતાદિ પર્યાયનો અનુભવ તે અવિચળપણે નથી પણ ચલાયમાન રૂપે છે કેમકે શંખમાં નિર્દોષપણે જે ઉજવળ આકાર દેખાય છે તેનો વિનાશ અને કમળાના રોગથી જે પીળા પણું દેખાય છે તેનું ઉપજવું તે પીળાપણાના પર્યાયથી નથી થતું પણ જયારે નેત્રનો રોગ દૂર થાય છે ત્યારે આપો આપ ભ્રાન્તિનો વિનાશ થઇ જાય છે અને એમ થવામાં હેતુનો અભાવ નથી કારણ કે વસ્તુમાં જે કૃત્રમિ સ્વભાવ છે એમાં બીજા પદાર્થનો વ્યાપાર કાંઇ પણ કરી શકતો નથી

પરંતુ જે કારણથી કૃત્રિમ સ્વભાવ ઉત્પન્ન થયો હોય છે તે કારણની નિવૃત્તિ થએ તે પર્યાય સ્વયમેવ નષ્ટ થઇ જાય છે.(૧૧)

---

( દૃષ્ટાંતથી ઉપરની બાબત સિદ્ધ કરે છે. )

હમણા જાણ્યો અરથનેજી
એમ અતીત જે જણાય
વર્તમાન પર્યાયથી જે
વર્તમાનતા થાયરે—ભાવિકા ॥૧૨॥

ભાવાર્થ—હમણા અતીત પદાર્થ જાણ્યો એમ જે કહેવાય છે તે વર્તમાન પર્યાયથી તો વર્તમાનપણુંજ થયું એમ સમજવું. ( ૧૨ )

વિવેચન—જો એ પદાર્થનું સર્વથા જ્ઞાન થતું હોય તો અતીત પદાર્થ ઘટાદિની મને હમણા ખબર પડી એમ આકારની પ્રતીતિ કેમ થાય છે કારણ કે તેનું તો સર્વકાળે જ્ઞાન હોવુંજ જોઇએ પણ તેમ નથી થતું માટે ભુતપદાર્થ પણ વતમાન પર્યાયથી વર્તમાન પણે જણાય છે. દ્રવ્યથી સતરૂપ અતીત ઘટને વિષે વર્તમાન જ્ઞેય આકાર રૂપ પર્યાયથી હમણા અતીત ઘ

ટનું જ્ઞાન થાય છે અથવાતો નૈગમ નયથી વર્તમાન પણાનો તેમાં આરોપ કરીએ ત્યારે અતીત પદાર્થનું જ્ઞાન થાય છે પણ સર્વથા જ્ઞાન સ્વભાવથી અછતા પદાર્થનું જ્ઞાન નથી થતું. ( ૧૨ )

( વળી ભેદભાવ દર્શાવે છે. )

ધર્મી અછતે ધર્મનો જી
અછતે કાળે સુહાય
સર્વ કાળ નિર્ભય પણેજી
તો સસ શિંગ જણાયરે-ભવિકા-॥૧૩॥

ભાવાર્થ—જો ( અતીત ઘટરૂપ ) ધર્મી અસત્ હોવા છતાં તેના ( આકાર રૂપ ) ધર્મ પણ સર્વ કાળે ભાસે છે તો સસલાના શિંગડા પણ નિર્ભયપણે સર્વ કાળને વિષે જણાતા હોવા જોઇએ પણ તેમતો નથી થતું. ( ૧૩ )

વિવેચન—અતીત ઘટ જે ધર્મી અવિદ્યમાન હોય ત્યારે અવિદ્યમાન આકારરૂપ જે ધર્મ તે ઘટાભાવ કાળમાં વિદ્યમાનરૂપે

દેખાય છે આવી રીતે જો કહેવામાં તો તો સસલાના શીંગડા જે સર્વ કાળને વિષે નિર્ભયપણે દેખાતા નથી તેનું અસ્તિત્વ કેમ જણાવી શકાતું નથી કારણ કે ત્રણે કાળને વિષે અવિદ્યમાન પદાર્થનો સંભવ તમે બતાવો છો અને અસત્ ઘટની ઉત્પત્તિ મૃત્તિકાથી તથા ભૂતકાળના અસત્ ઘટનું અસ્તિત્વ તમે માની લીધું છે તો પછી અસત્ એવા સસલાના શિંગડાને પણ બતાવી આપવા જોઇએ. (૧૩)

(અસત્ વસ્તુનો બોધ અને ઉત્પત્તિ ન હોય તે કહે છે.)

તે માટે અછતા તણોજી
બોધ ન જનમ ન હોય
કારય કારણને સહીજી
છે અભેદ ઇમ જોયરે--ભવિકા ॥૧૪॥

ભાવાર્થ—તેથી કરીને અસત્ પદાર્થનો બોધ અને ઉત્પત્તિનો સંભવ થઈ શકતો નથી જેવી રીતે કાર્ય કારણનો અભેદ નિશ્ચયપુર્વક છે તેમજ દ્રવ્યગુણ પર્યાયનો પણ અભેદ છે. ॥૧૪॥

**વિવેચન**—અગાઉ જણાવી ગયા તે હેતુઓએ કરીને હવે એમ સિદ્ધ થાયછે કે જે પદાર્થ અસત્ છે તેનું જ્ઞાન કોઇ પણ કાળને વિષે થઇ શકતું નથી તેમજ અવિદ્યમાન પદાર્થની ઉત્પત્તિનો પણ કદાપિ સંભવ જણાતો નથી. અર્થાત સત્ પદાર્થનુંજ જ્ઞાન અને સત્ પદાર્થનીજ ઉત્પત્તિ સંભવેછે. કાર્ય અને કારણનો નિશ્ચયથી જેમ અભે છે તેમજ દ્રવ્ય ગુણ અને પર્યાયનો પણ નિશ્ચયથી અભેદજ જણાય છે. માટે નિશ્ચયથી તે ત્રણેનો અભેદ સ્વીકારવો અને જે ભેદ જણાય છે તે માત્ર વ્યવહારથીજ છે. બીજી ઢાળમાં ભેદ જણાવ્યો હતો અને આ ત્રીજી ઢાળમાં અભેદ પક્ષ બતાવ્યો તેનું કારણ ઉપર કહ્યું તેજ છે. (૧૪)

---

**(વ્યવહાર અને નિશ્ચય બંને નયના મતને બતાવીને સ્થિત પક્ષ કહે છે.)**

**ભેદે ભણે નૈયાયિકોજી**
**સાંખ્ય અભેદ પ્રકાશ**
**જૈન ઉભય વિસ્તારતોજી**
**પામે સુજશ વિલાસરે–ભવિકા ॥૧૫॥**

ભાવાર્થ—નૈયાયિકો ભેદ પક્ષનો સ્વિકાર કરે છે અને સાંખ્ય મતવાળા અભેદ પક્ષને માન્ય રાખે છે પરંતુ જૈન મતાવલંબીઓ તો ભેદ અભેદ બંને પક્ષનો વિસ્તાર કરે છે અને તેથી તેના ઉત્તમ જશનો આ જગતમાં વિસ્તાર થઇ રહ્યો છે. ( ૧૫ )

વિવેચન—બીજી ઢાળમાં દ્રવ્ય ગુણ અને પર્યાયનો જે પરસ્પર ભેદ બતાવ્યો તેનું એકાંતે ગ્રહણ કરનાર નૈયાયિક મત વાળાઓ છે અને ત્રીજી ઢાળમાં કાર્ય કારણ તથા દ્રવ્ય ગુણ પર્યાયનો અભેદ બતાવ્યો તેનું એકાંતે ગ્રહણ કરનાર સાંખ્ય મત વાળા છે અને તેથી તેઓ બંને એકાંત વાદી અને પક્ષ પાતી હોવાથી સત્ય માર્ગથી દુર રહેનારા છે. પરંતુ અપેક્ષાને બરાબર સમજનાર જૈન મતવાળાઓ વ્યવહાર અને નિશ્ચય બંને નયનો પક્ષ સમજીને દ્રવ્ય ગુણ પર્યાયના ભેદ અને અભેદ બંને પક્ષનો સ્વિકાર કરે છે અને તેથી અપેક્ષિત વચનને માન્ય રાખનાર જૈન મતનો સુજશ સર્વ સ્થળે વિજયવંત થાય છે. નૈયાયિકોનું એમ માનવું છે કે કાર્ય અસત્ દેખાય છે અને કાર્ય કારણ તથા ગુણ ગુણીનો પરસ્પર ભેદ છે અને સાંખ્યમતવાળાનું એમ માનવું છે કે સત કાર્ય દેખાય છે અને કાર્ય કારણ તથા ગુણગુણીનો સર્વ

થા અભેદજ જણાય છે. આ પ્રમાણે બંને મતની માન્યતા છે પણ પક્ષાપક્ષે તે સત્ય નથી, જૈન મતનું તો એમ માનવું છે કે કાર્ય કથંચિત્ સત્ અને કંથચિત અસત્ દેખાય છે અને કાર્ય કારણ તથા ગુણગુણીનો કંથચિત ભેદ અને કથંચિત અભેદ જણાય છે. આવો પક્ષપાત રહીત સ્યાદ્વાદમતતે જૈનને માન્ય છે અને તેજ સર્વ સ્થળે વિજયવંત છે. એક સ્થળે કહ્યું છે કેઃ-

य एव दोषाःकिल नित्यवादे
विनाशिवादेपि समास्त एव
परस्पर ध्वंसिषु कंटकेषु
जयत्य धृष्य जिनशाशनंते ॥

અર્થ—જે દોષ હુમેશ નિત્ય વાદમાં છે તેજ દોષ સર્વથા એકાન્ત વાદથી અનિત્ય વાદમાં પણ જણાય છે તેથી કરીને પરસ્પર નાશ કરવા વાળા કંટક સમાન અનેક મતમાં અનેકાંતવાદી એવું જૈનશાશન પ્રબલપણે જયવંત વર્તે છે. (૧૫)

---

## ઢાળ ચોથી

નંદનકું ત્રિસલા હુલરાવે–એદેશી.

( ભેદ અને અભેદના વિરોધની આશંકા ટાળે છે )

ભેદ અભેદ ઉભય કિમમાનો
જ્યાં વિરોધ નિરધારો રે
એક ઠામે કહો કિમ કરી રહેવે
આત પને અંધારો રે
શ્રુત ધર્મે મન દ્રઢ કરી રાખો
જીમ શિવ સુખ ફલ ચાખો રે ॥ ૧ ॥

ભાવાર્થ—( આશંકા ) જ્યાં પ્રત્યક્ષ વિરોધનો નિરધાર જણાય છે એવા ભેદ અને અભેદ બંનેને એકજ સાથે કેમ માન્ય રાખોછો કારણ કે અંધકાર અને પ્રકાશ બંનેનો એકજ સ્થળે સંભવ કેવી રીતે થઈ શકે? આવી આશંકાવાળાઓ એ શ્રુત ધર્મને વિષે ( પોતાની અજ્ઞાનતાને લીધે શંકા નહિ કરતાં) દ્રઢ મન રાખવું કારણ કે તેથી ઉત્તરોત્તર મોક્ષપદને પ્રાપ્ત કરી શકાય છે. (૧)

વિવેચન—બીજી ઢાળમાં દ્રવ્યગુણ પર્યાયનો ભેદ બતાવ્યો અને ત્રીજીમાં અભેદ બતાવ્યો હવે ભેદાભેદની માન્યતા સત્ય છે એ બતાવતા આ ચોથી ઢાળ કહે છે. કેટલાએક પરમત વાદિઓનું એમ કહેવું થાય છે કે જેમાં પ્રત્યક્ષ પરસ્પર વિરોધ

જણાય છે એવું ભેદ અને અભેદનું એક સ્થળે હોવું કેમ સંભવી શકે? કારણ કે ભાવાભાવરૂપે બંનેનો વિરોધજ જણાય છે જ્યાં દ્રવ્યાદિકનો ભેદ હોય ત્યાં અભેદ ન હોઇ શકે અને જ્યાં અભેદ હોય ત્યાં ભેદ ન હોઇ શકે. એટલે જેવી રીતે એકજ સ્થળે અંધકાર અને પ્રકાશ બંને સાથે રહી શકતા નથી તેમ ભેદ અને અભેદ એકજ દ્રવ્યમાં રહી શકેજ નહિ. આચારંગ સૂત્રમાં પણ કહ્યું છે કે वितिगथ्य समावन्नेणं अप्पाणेणं न लभते समाहिं એટલે શંકા સહિત ચારિત્રવંત આત્મા સમાધિને પ્રાપ્ત કરી શકે નહિ માટે જ્યાં સુધી શ્રુત ધર્મને વિષે શંકા હોય ત્યાં સુધી ચારિત્ર ફળે નહિ તેથી કરીને સદ્ ગુરૂ મુખે શંકાનું સમાધાન કરી શ્રુત ધર્મને વિષે દ્રઢ મત વાળા થવું જોઇએ કે જેથી ઉત્તરોત્તર મોક્ષરૂપ સુખના ફળને પ્રાપ્ત કરી શકાય. (૧)

---

(હવે ઉપરની શંકાનું સમાધાન કરે છે.)

**એહવી શિષ્યની શંકા જાણી**
**પરમારથ ગુરૂ બોલેરે**

. અવિરોધે સવી ઠામે દીસે
દોય ધર્મ એક તોલેરે—શ્રુત ॥ ૨॥

ભાવાર્થ—શિષ્યની ઉપરની શંકા જાણીને ગુરૂ તે શંકાના સમાધાન રૂપ પરમાર્થને કહે છે. જો કે દેખવામાં વિરોધ જણાય છે પણ ભેદાભેદને વિરોધ નથી કારણ કે ભેદ અને અભેદ એ બંને ધર્મ સર્વ સ્થળે અવિરોધરૂપ અને એકતાએ જ જણાય છે. ( ૨ )

વિવેચન—ભેદ અને અભેદ એકજ દ્રવ્યમાં ન હોઇ શકે એવી જે શંકા ઉપરની ગાથામાં કહી તે શિષ્યની શંકાનું સમાધાન કરતાં ગુરૂ કહેછે કે યદ્યપિ ઘટ અને ઘટા ભાવનો પરસ્પર વિરોધ દેખાયછે પરંતુ ભેદ અને અભેદના ધર્મનો પરસ્પર વિરોધ નથી કારણ કે સર્વ સ્થળને વિષે ભેદ અભેદ રૂપ બંને ધર્મ વિરોધ રહિત પણે અને એકાશ્રયી પણેજ રહી શકે છે. જો કોઇ એમ કહે કે દ્રવ્યાદિકનો ભેદ સ્વાભાવિક હોવાથી સત્ય છે અને અભેદ ઉપાધિક હોવાથી અસત્ય છે તો તે માત્ર અનુભવનીજ ખામી જણાય છે કેમકે વ્યવહારથી અને પર અપેક્ષાથી બંનેને ગુણાદિકનો ભેદ તથા ગુણાદિકનો અભેદ હોય એવું વચન નથી પરંતુ એકજ આશ્રયમાં રહેવા વાળા

ભેદ અને અભેદનો અવિરોધજ જાણવો જોઇએ એવું તાત્પર્ય છે. ( ૨ )

---

( વળી ભેદ અભેદનો વિરોધ દુર કરે છે. )

એક ઠામે સવિજનની સાખે
પ્રત્યક્ષે જે લહિયે રે
રૂપ રસાદિકની પરે તેહનો
કહો વિરોધ કેમ કહીએરે--શ્રુત ॥ ૩ ॥

ભાવાર્થ—સર્વ મનુષ્યની સાક્ષીએ એકજ ઘટમાં રકતત્વાદિ રૂપ રસાદિક જો પ્રત્યક્ષ દેખાય છે તો પછી એકજ દ્રવ્યમાં ભેદ અભેદનો વિરોધ કેમ કહી શકાય. ( ૩ )

વિવેચન—ઘટ દ્રવ્ય છે અને તેજ દ્રવ્યમાં રકતત્વ શ્યામત્વ આદિ ગુણ પર્યાય પ્રત્યક્ષ રીતે દેખાઇ આવેછે એટલે પર્યાયની અપેક્ષાએ જો જોઇએ તો રૂપ રસાદિક ભિન્ન જોઇ શકાય છે પણ ખરૂં જોતાં ઘટ દ્રવ્ય એકજ છે અને રૂપ રસાદિક પણ તે ઘટમાંજ છે તેથી એકજ દ્રવ્યમાં ભેદ અભેદ હોવાનું તો લોક વિદિત વ્યવહારથી પ્રત્યક્ષ છે. એક કેરી હોય

તેમાં રૂપ રસ પણ આવેલા છે હવે ગુણ પર્યાય થી જોઈએ તો રૂપ રસ જુદા પાડી શકાય અને મૂળ દ્રવ્યમાં તો દ્રવ્ય અને પર્યાય બધું સમાએલું છે તેથી અભેદ પણ છે માટે ભેદાભેદ બંનેનો એકજ દ્રવ્યમાં પ્રત્યક્ષ સંભવ દેખાય છે અને જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ છે ત્યાં પરોક્ષ પ્રમાણની કે ઉદાહરણની જરૂર રહેતી નથી. માટે અંધકાર અને પ્રકાશનું જે દ્રષ્ટાંત અનુમાન સિદ્ધ છે તે આ પ્રત્યક્ષ પ્રમાણ આગળ માત્ર અનુભવનીજ ખામી બતાવે છે. (૩)

---

(પુદ્‌ગલ દ્રવ્યથી ભેદઅભેદનો પ્રત્યક્ષ અભિલાપ કહે છે)

**શ્યામ ભાવ જે ઘટ છે પહેલા**
**પછી ભિન્ન તે રાતોરે**
**ઘટ ભાવે નવી ભિન્ન જણાય !**
**શી વીરોધની વાતોરે–શ્રુત ॥૪॥**

ભાવાર્થ–જે ઘટ પ્રથમ શ્યામભાવવાળો હતો તે પછી જ્યારે રાતો થયો ત્યારે તે ભિન્નજ જણાય છે અને બંને કાળને વિષે ઘટ ભાવે તો અભિન્નજ જણાય છે તો પછી અહિંઆ વિરોધની શી વાત છે? (૪)

વિવેચન—ઘટ પુદગલ દ્રવ્ય છે તે મૂળ તો કાળા રંગનો હોય છે તેજ ઘટ જ્યારે ભઠ્ઠીમાં પાકે છે ત્યારે પોતાની મેળે-જ રકત ભાવને પામે છે અને ત્યારે તેને રકત ઘટ એવું ભિન્ન નામ અપાય છે હવે જે ઘટ પ્રથમ શ્યામ કહેવાતો હતો તેજ રકત ઘટ કહેવાય છે આવી રીતે ભેદ હોવા છતાં મૂળ ઘટ દ્રવ્ય એ બંને નામથી કોઇ રીતે ભિન્ન નથી અર્થાત શ્યામ અને રકત એવા નામથી ભેદ જણાય છે અને તે બંને પર્યાય મૂળ ઘટ દ્રવ્યની સાથે હોવાથી ઘટથી અભેદ રૂપે છે. આવી રીતે ઘટની સાથે ભેદ અભેદ હોવામાં કાંઇ પણ વિરોધ જણાતો નથી. આવીજ રીતે જેમ ઘટમાં રાતો અને કાળો બંને જુદા જુદા પર્યાય નામ પડી જવા છતાં મૂળ ઘટમાં ભેદ પડયો નહિ તેમજ દ્રવ્ય ગુણ પર્યાયનો પણ પરસ્પર ભેદ માનવામાં કાંઈ વિરોધ જણાતો નથી—ઘટના દ્રષ્ટાન્તથી દ્રવ્યાદિકની પરસ્પર ઐકયતા સમજી શકાય છે. (૪)

---

બાલ ભાવ જે પ્રાણી દીસે
તરૂણ ભાવ તે ન્યારોરે
દેવદત્ત ભાવે તે એકજ

## અવિરોધે નિરધારોરે—શ્રુત ॥ ૫ ॥

(આત્મ દ્રવ્યમાં ભેદ અભેદ બતાવે છે.)

**ભાવાર્થ**—જે પ્રાણી બાળક ભાવે દેખાય છે તેજ પ્રાણી તરૂણ ભાવથી ભિન્ન છે અને દેવદત્ત ભાવે એટલે મનુષ્યના ભાવે તે અભિન્ન છે માટે આવી રીતે એકજ દ્રવ્યમાં ભેદ અને અભેદ હોવાનો અવિરોધ નિશ્ચય પૂર્વક માનો. (૫)

**વિવેચન**—એક માણસ જ્યારે બાળક અવસ્થામાં હોય ત્યારે તેને બાળક કહેવામાં આવેછે અને તેજ મનુષ્ય જ્યારે તરૂણ અવસ્થાને પ્રાપ્ત થાયછે ત્યારે બાળક મટીને તેને તરૂણ કહેવામાં આવેછે. હવે જોકે બાળક અને તરૂણ એવા બે નામ પડવા છતાં તે નામનો સ્વામિ તો એકંજ છે તોપણ એવો ભેદ પ્રત્યક્ષ જણાય છે અને કહેવાય છે. જેમકે એક માણસનું નામ દેવદત્ત હોય જ્યારે નાનો હોય ત્યારે તે બાળક કહેવાય છે, મોટો થાય ત્યારે યુવાન કહેવાય છે અને ઘરડો થાય ત્યારે વૃદ્ધ કહેવાય છે. અભ્યાસ કરતો હોય ત્યારે વિદ્યાર્થી કહેવાય, વ્યાપાર કરે ત્યારે વ્યાપારી કહેવાય છે અને હોદ્દો ભોગવતો હોય તો અમલદાર કહેવાય આવી રીતે દેવદત્ત એકજ નામ હોવા છતાં તેના જુદે જુદે વખતે જુદા જુદા

નામ પડે છે અને એ બધા નામોનો પરસ્પર ભેદ પ્રત્યક્ષ દેખાઇ આવે છે તેમ છતા દેવદત્ત પણામાં આ બધા નામો અભેદપણે રહેલા છે અને તેજ પ્રમાણે દ્રવ્યાદિકમાં છે તેમાં જે ભેદને અભેદ કહેવામાં આવે છે તે માત્ર અપેક્ષાથી છે એમ આ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે અને એ અપેક્ષિત વચન તેજ સ્યાદ્વાદનું રહસ્ય છે, એકાંત વાદિઓથી તે સમજવું અશકય છે. (૫)

---

(ભેદ હોય ત્યાં અભેદ હોયજ નહિ આવીપ્રાચિન નૈયાયિકની શંકા દુર કરે છે)

ધર્મ ભેદ જો અનુભવ ભાસે<br>
ધર્મી ભેદ નવી કહીએરે<br>
ભિન્ન ધર્મનું એકજ ધર્મી<br>
જડ ચેતન પણ લહીએરે શ્રુત—॥ ૬ ॥

ભાવાથ— (પદાર્થના) ધર્મમાં ભેદ છે એમ જે અનુભવનો ભાસ થાય છે તેવા ભાસથી ધર્મીમાં ભેદ હોવાનુ. કહેવાય નહિ કારણકે ભિન્ન ધમનું ધર્મી જો એકજ

**હોયતો જડ અને ચેતન ભિન્ન ધર્મ વાળા હોવોથી તેનું ધર્મીપણું એકજ થઈ જશે. (૬)**

**વિવેચન—જો કે અનુભવથી** શ્યામ ઘટ રકત ઘટ નથી અને રકત ઘટ શ્યામ નથી એવો ભાસ થાય છે પરંતુ કાળા ઘટની અને રાતા ઘટની બંને દશામાં વર્તમાન ઘટ દ્રવ્યની ભિન્નતા નથી દેખાતી એવું જે પ્રતિપાદન કરવામાં આવે છે એટલે ધર્મ ભેદથી ધર્મીનો ભેદ ન હોય એમ જો માનવામાં આવે તો જડ અને ચેતન ભિન્ન ધર્મવાળા હોવા છતાં તેનું ધર્મી એક હોવાનો નિશ્ચય થઇ જાય છે. કદાચ એમ કહેવામાં આવે કે જડ ચેતનનો જે ભેદ દેખાય છે તે તો જડત્વ અને ચેતનત્વ એ બંને ધર્મનો ભેદ જણાય છે પરંતુ જડ ચેતન દ્રવ્યનો ભેદ નથી આવી રીતે જડ તે ચેતન નથી અને ચેતન તે જડ નથી એમ કહેવામાં આવે તો પણ જડ ચેતન અને શ્યામ રકત એ બંને સદૃશ જ દેખાય છે અને પ્રત્યક્ષ સિદ્ધ અર્થમાં કાંઇ પણ બાધકનો પ્રસંગ દેખાતો નથી કેમકે અનુભવ પ્રમાણથી અપ્રાપ્ત વસ્તુમાં ન્યાયની પ્રવૃત્તિ થઇ શકતી નથી માત્ર સંદિગ્ધ વસ્તુની સિદ્ધિમાં ન્યાયની જરૂર રહે છે માટે ધર્મનો ભેદ અનુભવથી

જણાય છે અને ધર્મનો ભેદ નથી માનવામાં આવતો તો ભિન્ન ધર્મવાળા જડ અને ચેતનના ધર્મી એક થઇ જાય છે. (૬)

---

ભેદાભેદ તિહાંપણ કહેતાં
વિજય જૈન મત પાવેરે
ભિન્ન રૂપમાં રૂપાંતરથી
જગ અભેદ પણ આવેરે—શ્રુત ॥ ૭ ॥

ભાવાર્થ—જડ અને ચૈતન્યમાં પણ ભેદા ભેદ કહેતાં જૈનં મતજ વિજય પામે છે માટે ભિન્ન રૂપજે જીવા જીવ તેમાં રૂપાંતરથવાથી આખા જગતમાં અભેદ પણું આવે છે (૭)

વિવેચન-વળી પણ જ્યાં નૈયાયિકો જડ ચેતનમાં એકાંત ભેદ બતાવે છે તેમાં પણ જડ અને ચેતનમાં ભેદ અને અભેદ બંને બતાવિ શકવાથી જૈનમતજ વિજયી નિવડે છે. જેમકે જીવ અજીવ આદિ જે ભિન્નરૂપે છે તેમાં રૂપાંતર દ્રવ્યત્વ પદાર્થત્વ આદિથી જગતમાં અભેદપણું આવી જાય છે. આથી ભેદ અભેદનું સવ જગતમાં વ્યાપકપણું જ કહેલું છે અર્થાત્

જીવ પદાર્થ અજીવથી ભિન્ન છે તો પણ તેમાં રૂપાંતર લક્ષણથી વ્યાપકપણું હોવાના કારણને લીધે જગતમાં અભેદનો પણ સંભવ જણાય છે. તાત્પર્ય એ છે કે ધર્મ ભેદથી જે ભેદમાંજ વ્યાપકપણું કહ્યું છે તે જીવ અને અજીવ બંને દ્રવ્ય હોવાથી દ્રવ્યત્વરૂપથી જડ ચેતનમાં પણ અભેદ વ્યાપકપણું વિદ્યમાન છે. જો કે જડત્વ અને ચેતનત્વ પર્યાયથી ભિન્ન છે તોપણ તે બંનેને વ્યાપક દ્રવ્ય ગણતાં જગતમાં અભેદ પણ જણાય છે. (૭)

---

( વળી પણ તેજ વિસ્તારથી જણાવે છે ).

જેહનો ભેદ અભેદજ તેહનો
રૂપાંતર સંયુતનો રે
રૂપાંતરથી ભેદજ તેહનો
મુળ હેતુ નય શતનોરે– શ્રુત ॥૮॥

ભાવાર્થ—જેનો ભેદ છે તેનો જ રૂપાંતર સહિત અભેદ જણાય છે અને વળી તેનો રૂપાંતરથી પાછો ભેદ થાય એવી રીતે ભેદ અભેદ છે તે શતનયનોમૂળ હેતુ છે. (૮)

**વિવેચન**—જે પદાર્થને વર્તમાન પર્યાયથી ભેદ જણાય છે તેજ વસ્તુ જયારે રુપાંતર સહિત થઇ જાય છે ત્યારે તેનો અભેદ પણ થઇ જાય છે જેમ કે પોતપોતાના પર્યાયથી થાસ, કોસ, કુશુલ એ બધા ઘટના ભેદ છે વળી તેજ સ્થાસકુશુલ આદિ પોતપોતાના પર્યાયની સાથે જોડવામાં ન આવે તો મુલ મૃત્તિકારૂપ દ્રવ્યરૂપ હોવાથી અભિન્ન પણ થઈ જાય એટલે ભેદ રહે નહિ. વલી તેનું રૂપાંતર થવાથી પુનઃ ભેદ થઇ જાય છે જેમકે સ્થાસ કુશુલાદિ પર્યાય સહિત મૃત્તિકા દ્રવ્યથી એનો ભેદ છે. આવી રીતે જે આ ભેદનો અભેદ છે તેજ અભેદ સો મૂળ નયનું કારણ છે અને નૈગમ સંગ્રહ આદિ નયના જે સાતસો ભેદ થાય છે તે સઘળા ભેદ આજ રીતીથી દ્રવ્ય પર્યાયના અર્પણ અને અનર્પણથી એટલે કદાચિત દ્રવ્યાર્થિક યોજનાથી અને કદાચિત અવિવિક્ષા કરવાથો પર્યાયની યોજનાથી શતાર નય ચક્રાધ્યયનના મધ્યગત પૂર્વ કાળમાં હતા તે

હવે દ્વાદશારનય ચક્રના મધ્યમાં "विधिर्विधिविधि" ઇત્યાદિ રીતીથી એક એક નયની વચમાં બાર બાર ભેદ થાય છે તેથી કરીને સમ્યક પ્રકારથી કહેલા પાઠમાં સંખ્યા કહી છે તે સમજીને નયગમ ભંગની યોજના કરવી જોઈએ. તાત્પર્ય એ છે

જેનો પર્યાયાંતરથી ભેદ છે તેનોજ વળી રૂપાંતર થવાથી અભેદ અને ફરી વળી તેનો ભેદ એમ સો નય થાય છે. (૮)

---

( નયના અનેક ભેદ દર્શાવે છે. )

ક્ષેત્રકાળ ભાવાદિક યોગે
થાય ભંગની જોડી રે
સંખેપે એક ઠામે કહીએ
સપ્ત ભંગની જોડી રે–શ્રુત ॥૯॥

ભાવાર્થ—જેમ દ્રવ્યાદિક વિશેષ પણે ભંગ થાય તેમજ ક્ષેત્ર કાળ ભાવાદિકના યોગે પણ ક્રોડ ભંગ થાય છે પણ અહીંયા સંક્ષેપથી સપ્ત ભંગી બતાવીને એકજ સ્થળે કહીએ છીએ. (૯)

વિવેચન—જેમ દ્રવ્ય પર્યાયથી અનેક ભંગ થાય છે તેમજ ક્ષેત્રકાળ ભાવ આદીથી પણ અનેક ભંગ થવાનો સંભવ છે. કેમકે ઘટ દ્રવ્યને સ્વ પણે કહીએ તો ક્ષેત્રાદિક ઘટ બીજા ગણાય એમ પ્રત્યેક ક્રોડો ગમે સપ્ત ભંગી થઇ શકે. જેમકે (૧) "ઘટ:સ્યાદસ્તિયેવ" પોતાના દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવની

અપેક્ષાથી કથંચિત ઘટ છે (૨) "घटःस्यान्नास्त्येव" પરદ્રવ્યક્ષેત્ર કાળભાવની અપેક્ષાએ ઘટ કથંચિત નથી. (૩) "स्यादवाच्य एव" એકજ સમયે અસ્તિનાસ્તિની વિવક્ષા નહિ કરી શકાતી હોવાથી ઘટ કથંચિત અવાચ્ય છે. (૪) "स्यादस्ति एव नास्त्येव સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ હોવાથી ઘટ કથં-ચત્ છે અને કથંચત્ નથી. (૫) "स्यादस्ति एव स्याद वक्तव्य", એક અંશ સ્વ સ્વરૂપથી અને બીજો અંશ એકજ સમયમ બંને રૂપથી વિવક્ષિત કરતાં ઘટ છે પણ અવાચ્ય છે. એમ પાંચમો ભાગો થાય છે. (૬) "स्यान्नास्ति अवाच्य" અન્ય દ્રવ્ય ક્ષેત્રાદિથી ઘટ નથી અને બીજો અંશ ઉભય રૂપથી વિવિક્ષિત કરતાં અવાચ્ય છે તેથી ઘટનું અસત્વ અને અવાચ્યપણું થાય છે. (૭) "स्यादस्ति नास्ति अवक्तव्य" સ્વદ્રવ્ય ક્ષેત્રાદિથી ઘટનું સત્-પણું, પરદ્રવ્ય ક્ષેત્રાદિથી અસત્પણું તથા અસ્તિનાસ્તિ બંને રૂપથી ઘટ અવાચ્ય છે એ સાતમો ભાગો થયો. આ પ્રમાણે સપ્તભંગી થાય છે ટુકામાં કહિએ તો જે ઘટ લોક પ્રસીદ્ધ દેખાય છે તેની આપ્રમાણે સપ્ત ભંગી થઇ શકે (૧) સ્વ દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવથી ઘટ છે (૨) પર દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ થી ઘટ નથી (૩) એકજ વખતે બે પર્યાય નહિ કહી શકાય તેથી

અવાચ્ય છે (૪) એક અંશ સ્વરૂપે અને એક અં
શ પર રૂપે કહીએ ત્યારે ઘટ છે અને નથી (૫) એક અંશ
સ્વરૂપે અને એક અંશ યુગપત્ ઉભયરૂપે કહીએ ત્યારે ઘટ
છે પણ અવાચ્ય છે (૬) એક અંશ પરરૂપે અને એક
અંશ યુગપત્ ઉભય રૂપે કહીએ ત્યારે ઘટ નથી અને અવા
ચ્ય છે (૭) એક અંશ સ્વરૂપે, એક અંશ પર રૂપે અને એ
ક અંશ યુગપત્ ઉભય રૂપે કહીએ ત્યારે ઘટ છે નથી અને
અવાચ્ય છે. આ પ્રમાણે સપ્ત ભંગી સંક્ષેપમાં કહી છે (૯)

(હવે સપ્ત ભંગીના ભેદ અભેદ કહેછે)

પર્યાયારથ ભિન્ન વસ્તુ છે
દ્રવ્યારથે અભિન્નો રે
ક્રમે ઉભય નય જો અર્પિજે
તો ભિન્ન ને અભિન્ન રે-શ્રુત ॥૧૦॥

ભાવાર્થ—પર્યાયાર્થિક નયની અપેક્ષાથી સર્વ વસ્તુ ભિ
ન્ન છે અને દ્રવ્યાથિક નયની અપેક્ષાથી અભિન્ન છે અને
ક્રમવાર બંને નય જોડવાથી *કથંચિત્ અભિન્ન છે. (૧૦)

**વિવેચન**—હુવે મૂળ બે નયની અપેક્ષાથી સપ્તભંગીના ભેદ અભેદ કહે છે. (૧) પર્યાયાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્ય ગુણ પર્યાય યુકત સર્વ પદાર્થ ભિન્ન છે અને (૨) દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્યગુણ પર્યાયયુકત સર્વપદાર્થ કથંચિત અભિન્ન છેકેમકે દ્રવ્યનાંજેગુણપર્યાયછે તેઆવિર્ભાવઅનેતિરોભાવરૂપેછેએમ આગળ કહેવાઇ ગયું છે. અનુક્રમે જ્યારે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયની યોજન કરીએ છીએ ત્યારે કંથચિત્ ભિન્ન અને કથંચિત અભિન્ન થઇ જાય છે કેમકે પર્યાયથી ભિન્ન છે અને દ્રવ્યથી વસ્તુ અભિન્ન છે. (૧૦)

---

જો એકદા ઉભય નય ગ્રહિએ
તો અવાચ્ય તે કહીએરે
એકે શબ્દે એકજ વારે
દોય અર્થ નવિ કહીએરે--શ્રુત ॥ ૧૧ ॥

**ભાવાર્થ**—જો એકજ વખતે બંને નયનું ગ્રહણ કરીએ તો સર્વ વસ્તુ અવાચ્ય થઇ જાય કેમકે એકજ શબ્દથી એકજ વખતે બે અર્થ કહી શકતા નથી. (૧૧)

વિવેચન—ચોથો અવાચ્ય ભેદ બતાવે છે જો એકજ સમયમાં પર્યાય તથા દ્રવ્ય રૂપ બને અર્થ કહેવાની ઇચ્છા કરીએ તો તે પદાર્થ અવકત્વ્ય દશામાં આવી જાય છે કેમકે એ તો સહેજ સમજાય તેવું છે કે એકજ વખતે અને એકજ શબ્દવતી બંને અર્થનું કથન કોઇ કાળે થઇ શકતું નથી. સમુહાલંબન જ્ઞાનથી બેવ્યકિતને કહી શકાય છે પણ તેના જુદા જુદા અર્થ એકજ વખતે કદી કહી શકાયજ નહિ માટે બંને નયના અર્થની અપેક્ષાથી અવાચ્ય છે. (૧૧)

---

( પાંચમો ભાંગો કહે છે )

પર્યાયારથ કલ્પ ન ઉત્તાર
ઉભય વીવક્ષા સંધિરે
ભિન્ન અવાચ્ય વાસ્તુ તે કહી
સ્યાતકારને બંધિરે—શ્રુત ॥૧૨॥

ભાવાર્થ—પ્રથમ પર્યાયાર્થ નયની કલ્પના કરીને પછી બંને નયની જો વિવક્ષા કરવામાં આવેતો તે વખતે તે વસ્તુ પર્યાયથી ભિન્ન અને બંને નયથી કંથચિત્ અવાચ્ય થઇજાય(૧૨)

વિવેચન—હવે પાંચમો સ્યાદસ્તિ અવક્તવ્ય ભેદ કહે છે (૫) પ્રથમ તો પર્યાયાર્થિક નયની કલ્પના કરીને વસ્તુને ભિન્ન કહેવામાં આવે અને પછી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકએ બંને નયની વિવક્ષા કરવા જતાં વસ્તુ અવાચ્ય થઇ જાય ત્યારે પર્યાયથી તે વસ્તુ ભિન્ન ગણાય અને બંને નયથી અવાચ્ય થઈ જાય તેથી પાંચમો ભાંગો સિદ્ધ થઈ જાય એટલે કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અવકતવ્ય છે. (૧૨)

---

(હવે છઠો અને સાતમો ભાંગો કહે છે)

**દ્રવ્યારથને ઉભય ગ્રહ્યાથી**
**અભિન્ન તેહ અવાચો રે**
**ક્રમ યુગપત નય ઉભય ગ્રહ્યાથી**
**ભિન અભિન્ન અવાચોરે—શ્રુત ॥ ૧૩ ॥**

ભાવાર્થ—દ્રવ્યાર્થિક નયની કલ્પના કરીને પછી બંને નયના યોજના કરવાથી વસ્તુ અભિન્ન થાય અને અવાચ્ય પણ થાય અને જો ક્રમવાર બંને નયની જુદી કલ્પના કરીને પછી બંનેની સાથેજ વિવક્ષા કરવામાં આવે તો ભિન્ન અભિન્ન અવક્તવ્ય થઈ જાય. (૧૩)

વિવેચન—હવે છઠો ભાંગો કહે છે. (૬) જો પ્રથમ દ્રવ્યાર્થિક નયની સર્વ વસ્તુમાં કલ્પના કરવામાં આવે તો અભિન્ન પણું જણાય અને પછી એકજ કાળમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થીક એમ બંને નયની સાથે સર્વ વસ્તુમાં વિવક્ષા કરવામાં આવે તો વસ્તું અવાચ્ય થઇ જાય. તેથી દ્રવ્યાર્થિક નયથી અભિન્ન અને બંને નયથી અવકતવ્ય એમ યોજના કરતાં છઠો સ્યાત અભિન્ન અવકતવ્ય ભાંગો સિદ્ધ થયો. ( ૭ ) અને જયારે અનુક્રમવાર દ્રવ્યાર્થિક નય અને પર્યાયાથિક નયની વિવક્ષા કરવામાં આવે અને તરતજ દ્રવ્યાર્થિક તથા પર્યાયાથિક બંને નયની યોજના કરાય ત્યારે ભિન્ન અભિન્ન અને અવકતવ્ય એમ સાતમો ભાંગો થઇ જાય છે. આ પ્રમાણે જેમ ભેદાભેદની એક પર્યાયમાં સપ્તભંગી જોડી તેમ સર્વત્ર જોડી દેવી હવે આ પ્રમાણે સપ્તભંગીનો વિચાર કરતા કોઈ એમ શંકા કરે કે જ્યાં બે નયના વિષયનોજ વિચાર હોય ત્યાં તો એક બીજાના ગૌણ મુખ્ય ભાવે સપ્તભંગી થાય પણ જ્યાં પ્રદેશ પ્રસ્થકાદિ ( અવયવ અવયવી ) નો વિચાર હોય ત્યાં તો પાંચ છ સાત આદિ નયના જુદા જુદા વિચાર હોય અને તેથી વધારે ભંગ થઇ જાય તો પછી સપ્ત ભંગીનો નિયમ કેવીરીતે રહી શકે ! આ શંકાના જવાબમાં એમ જ-

ણાવેલું છે કે ત્યાં પણ એક નયાર્થનું મુખ્ય પણે ગ્રહણ કરીને બીજા સર્વનો નિષેધ કરી પ્રત્યેકની અનેક સપ્ત ભંગી કરી શકાય. એમ કહ્યું પણ છે કે જેથી સંપૂર્ણ નયના અર્થનું કથન કરવામાં આવે તેના પર્યાયાધિકરણ વાકયને પણ પ્રમાણ વાકય કહે છે. આવા પ્રકારના લક્ષણાથી જયાં સંપુર્ણ પદાર્થ નું વિવેચન થાય છે ત્યાં સ્યાત શબ્દે કરીને યુકત સંપુર્ણ નયના અર્થના સમૂહનું ધારણ કરવું એક ભંગમાં નિષેધ નથી. તેથી કરીને વ્યંજન પર્યાયને ઠેકાણે બે ભંગ પણ અર્થ સિદ્ધિ સંમતિ ગ્રંથને વિષે દર્શાવી છે. તેમાં એમ કહ્યું છે કે સપ્ત વિકલ્પ સપ્ત પ્રકાર વચન પથ સપ્ત ભંગી રૂપ વચન માર્ગ તે અર્થ પર્યાયમાં થાય છે અને વ્યંજન પર્યાય જે ઘટ કુંભાદિ શબ્દ વાચ્યપણું તેને વિષે સવિકલ્પ વિધિ રૂપ અને નિર્વિકલ્પ વિધિરૂપ એમ બે ભાંગા થાય છે પણ અવકત વ્યાદિ ભંગ અહીંઆ નથી થઇ શકતા. એટલે તાત્પર્ય એ છે કે સાત પ્રકારના ભેદ સહિત જે વચન છે તેજ સપ્ત ભંગી રૂપ વચન માર્ગના તે વચન અસ્તિત્વ નાસ્તિત્વાદિ વિષયમાં પ્રવર્તે છે અને વ્યંજનપર્યાય જે ઘટ કુંભાદિ શબ્દની વાચ્યતા છે ત્યાં સવિકલ્પવિધિરૂપ અને નિર્વિકલ્પ વિધિરૂપ બે જ ભંગથાય છે પણ અવકતવ્ય શબ્દ વિષય કહેવાવાળાને વિરોધ આવી જાય છે

અથવા સવિકલ્પ શબ્દ સમભિરૂઢ નયના મતે અને નિર્વિકલ્પ શબ્દ એવંભૂત નયના મતે એમ બે ભંગ જાણવા. પ્રથમ જે ચાર અર્થ નય છે તે વ્યંજન પર્યાય માને નહિ માટે તે નયની અહિંઆ પ્રવૃત્તિ નથી આ સંબંધિ વિશેષ સમજણ અનેકાંત વ્યવસ્થાથી જાણી શકાય. (૧૩)

સપ્ત ભંગના દ્રઢ અભ્યાસી
જે પરમારથ દેખે રે
જશ કિરતિ જગ વાધે તેહની
જૈન ભાવે તસ લેખેરે—શ્રુત ॥ ૧૪ ॥

ભાવાર્થ—આ સપ્તભંગી ન્યાયનો જે મનુષ્ય દ્રઢ અભ્યાસી થશે અને જે પરમાર્થને જાણશે તેનો જશ અને કીર્તિ જગમાં વ્રદ્ધિને પામશે અને તેનું જૈનપણું ત્યારેજ સફળ થશે. (૧૪)

વિવેચન—હવે આખી ઢાળનો ફલીતાર્થ કહેછે. સકલાદેશી, વિકલાદેશી, નય, સપ્તભંગ, પ્રમાણ, લક્ષણ ઇત્યાદિ સૂક્ષ્મ રીતે અભ્યાસ કરીને જે પ્રાણી જીવા જીવાદિ પરમાર્થ સમજશે તેને સ્યાદ્વાદ પરીજ્ઞાનું સુક્ષ્મ જ્ઞાન થશે અને

તેથી ઉત્તરોત્તર ઉંચ પદને પ્રાપ્ત કરી તેના જશ અને કીર્તી વધશે. અને એવા તર્ક વાદમાં જશ વધવાથી તેનો જૈન ભાવ સફળ થયેલો કહેવાશે કારણકે નિશ્ચય નયથી પરીજ્ઞાનનેજ સમ્યકત્વ સ્યાદ્વાદ કહેલ છે અને જેને સ્યાદ્વાદ નું સ્વરૂપ સમજાયું તેને પછી કોઇ પણ વિષય માં શંકા નું કારણ રહેતું નથી. (૧૪)

આ પ્રમાણે ચોથી ઢાળમાં ભેદા ભેદનું સ્વ રૂપ અને સપ્ત ભંગીનું સ્થાપન દર્શાવ્યું.

## ઢાળ પાંચમી.

આદી જીણંદ મયા કરો—એ દેશી.

એક અરથ ત્રય રૂપ છે
દેખ્યો ભલે પ્રમાણેરે
મુખ્ય વ્રત્તિ ઉપચારથી
નય વાદિ પણજાણેરે
જ્ઞાન દ્રષ્ટી જગ દેખીએ. ॥ ૧ ॥

ભાવાર્થ—એકજ પદાર્થ સત્ પ્રમાણને જોઇને ત્રણ પ્રકારનો થઈ જાય છે. અને નય વાદિ પણ તેને મુખ્ય અને ઉપચાર

વૃત્તિથી ત્રણ પ્રકારે જાણે છે. માટે આ જગતમાં જ્ઞાન દ્રષ્ટી વડે જોવું જોઇએ. (૧)

**વિવેચન**—પાંચમાં ઢાળમાં નય અને પ્રમાણ સંબંધિના વિચારો દર્શાવવામાં આવે છે. ઘટ પટાદિ કે જીવ અજીવ આદિ એક પદાર્થ દ્રવ્ય ગુણ અને પર્યાય વડે કરીને ત્રણ પ્રકારે છે જેમકે (૧)ઘટ આદિ વસ્તુ મૃત્તિકાદિ રૂપથી દ્રવ્ય છે.(૨) ઘટાદિમાં રૂપ રસાદિથી વિવક્ષા કરીએ અર્થાત શ્યામ રક્ત એવી રીતે જોઇએ તો તે ગુણ રૂપ છે અને (૩) ઘટ-આદિ રૂપની સજાતિય દ્રવ્યત્વપણે વિવક્ષા કરતા તે પર્યાય છે. આ પ્રમાણે ઘટઆદિ ત્રણ પ્રકારે થાય છે તેમજ જીવાદિકને પણ જાણવું જોઇએ (૧) જીવ આત્મા રૂપથી દ્રવ્ય છે (૨) જ્ઞાનં દર્શનાદિ વિવક્ષાથી જીવ ગુણ છે(૩)અને દેવ મનુષ્યાદિ પર્યાયનીવિવક્ષા કરતાં જીવપર્યાય રૂપ છે. એક પદાર્થ ત્રણ પ્રકારે જોઇ શકાય છે તેમાં સ્યાદ્વાદરૂપ પ્રમાણના વિચારની આવશ્યકતા છે કેમકે સપ્ત ભંગીરૂપ જે પ્રમાણ છે તેથી કરીને વસ્તુના ત્રણ પ્રકાર મુખ્ય વૃત્તિવડે જાણી શકાય છે અને નયવાદિ જો કે એક જ અંશનું ગ્રહણ કરતા હોવાથી વચનરૂપ શકિતથી એકજ અર્થને કહે છે તોપણ ઉપચારથી અર્થાત્ લક્ષણ શકિતથી એક અર્થમાંથી જાણી શકાય છે. જો કે એકજ કાળમાં બે

વૃત્તિ થઇ શકતી નથી તોપણ તે વચન નિશ્ચયરૂપ નથી કારણ કે ગંગાયાં મત્સ્ય ઘોષો એ વાકયમાં મત્સ્યને લીધે ગંગામાં વાચકતા શકિત અને ઘોષને લીધે લક્ષણા શકિત છે એવી રીતે અભિધા તથા લક્ષણા બંને પ્રકારની વૃત્તિ એક કાળને વિષે હોઇ શકે છે. અહીં આપણે મુખ્યપણે તથા ગૌણપણે અનંત ધર્માત્મક વસ્તુ સ્વરૂપ જણાવવાને એક નયના શબ્દની બે વૃત્તિ માનવામાં વિરોધ નથી અથવા નયાત્મક શાસ્ત્રને વિષે ક્રમિક બે વાકયે કરીને એ અર્થ જાણી શકાય છે અથવા એ કાર્ય બોધક શબ્દથી એક બોધ થાય છે અને અન્ય શબ્દ થી અન્ય અર્થનો બોધ થાય છે એમ અનેક ભાંગા સમજવા આવી રીતે જગતના ભાવ જ્ઞાન દ્રષ્ટી વડે જોવા જોઇએ. (૧)

[ વળીપણ એજ સ્પષ્ટ કરે છે. ]

મુખ્ય વૃત્તિ દ્ર૦યારથે<br>
તાસ અભેદ વખાણેરે<br>
ભેદ પરસ્પર એહનો<br>
તે ઉપચાર જાણેરે—જ્ઞાન ॥૨॥

**ભાવાર્થ—મુખ્ય વૃતિ [શકિત સબ્દાર્થ] વાળો જે દ્રવ્યાર્થ નયતે દ્રવ્યગુણ પર્યાય ત્રણેમાં અભેદ વખાણે છે. અને એ ત્રણેમાં પરસ્પર ભેદ છે તે ઉપચારથી જાણી લેવો.[૨]**

વિવેચન—અભિધા શકિત અને લક્ષણા શકિત એમ બે પ્રકારની વૃતિ આગળ કહી તેમાં પહેલી અભિધા શકિત વડે કરીને દ્રવ્યાર્થિક નય દ્રવ્ય ગુણ અને પર્યાય એ ત્રણેમાં અભેદ દર્શાવે છે અર્થાત ગુણ પર્યાયથી ભિન્ન જે મૃત્તિકા દ્રવ્યછે તેમાં પણ ઘટાદિ પદની શકિત રહેલી છે એમ જોતાં ત્રણેમાં દ્રવ્યાર્થિક નયથી અભેદ દેખાય છે. અને તેજ દ્રવ્યાર્થિક નય ઉપચારથી એટલે લક્ષણ શકિત વડે પરસ્પર ભેદપણ બતાવેછે કેમકે દ્રવ્યથી ભિન્ન જે કમ્બુ ગ્રીવાદિક પદની લક્ષણા છે અને મુખ્ય અર્થનો સંબંધ રહેતાં થકાં જો પ્રયોજન પુર્વક તથા વિધ વ્યવહારને અનુસરીને લક્ષણા શકિતની પ્રવૃતિ થાય તો તે દુર્ઘટ નથી. એમ કહ્યું પણ છે કે મુખ્ય અર્થને બાધ આવતો હોય તો તે મુખ્ય અર્થની સાથે સંબંધ રાખવાવાળા અર્થમાં જ્યાં અર્થ લક્ષિત થઇ શકે તે આરોપિત ક્રિયાને લક્ષણા શકિત કહે છે. જેમકે गंगायांघोषः એ પદમાં ગંગાનો મુખ્ય અર્થ પ્રવાહ છે પરંતુ એ મુખ્ય અર્થમાં

ઘોષની અધીકરણુતાનો બાધ છે તેથી કરી ગંગાની સાથે સંબંધ રાખવાનો બીજો અર્થ જે ગંગાતટ તેમાં ગંગા શબ્દની લક્ષણા થઇ ત્યારે गंगायां घोषः એ પદનો અર્થ गंगातटे એવો અન્વય થઇ ગયો તેવીજ રીતે અહીંઆ પણ ઉપચાર સમજી લેવો. (૨)

---

(વળી પણ એજ અર્થને દ્રઢ કરે છે)

મુખ્ય વૃત્તિ થકી લેખવે
પર્યાયારથ ભેદરે
ઉપચારે અનુભવબલે
માને તેહ અભેદરે—જ્ઞાન ।। ૩।।

ભાવાર્થ–મુખ્ય વૃત્તિ થકી પર્યાયાર્થિક નય ભેદ ભાવનેજ માને છે પરંતુ ઉપચાર અને અનુભવ બળથી તે ત્રણેમાં અભેદ માને છે. (૩)

વિવેચન–જેવી રીતે દ્રવ્યાર્થિક નય મુખ્ય વ્રત્તિથી અભેદ ભાવ જણાવતો હતો તેમ પર્યાયાર્થિક નય મુખ્ય વૃત્તિવડે કરીને

સર્વ દ્રવ્યના ગુણુપર્યાય ભેદપણે જણાવે છે. જેમ કે (૧) મૃત્તિકાદિ દ્રવ્ય છે (૨) શ્યામ રકતાદિગુણુ છે અને (૩) ઘટ આદિના કંબુગ્રીવાદિ પર્યાય છે. આમ દ્રવ્યગુણુપર્યાય મુખ્ય વૃત્તિવડે કરીને જુદા જણાય છે પણુ જો ઉપચાર તથા અનુભવ બળથી જોઇએ તો પર્યાયાર્થિક નય પણુ એ ત્રણેમાં અભેદપણું માને છે કારણુ કે મૃત્તિકા અને ઘટ અભિન્નજ છે. મૃત્તિકા વગર ઘટની ઉત્પત્તિ જ થઇ શકે નહી અને રકતપીતપણું આવી શકે નહિ. તેથી કરીને લક્ષણુ તથા જ્ઞાનથી ઘટ આદિ પદાર્થ મૃત્તિકાદિ દ્રવ્યથી અભિન્નરૂપ જ છે. લક્ષણા પ્રવૃત્તિથી ઘટ આદિપર્યાય મૃત્તિકાદિ દ્રવ્યમાં માની લેવામાં કોઇ પણુ જાતનો દોષ નથી એવું તાત્પર્ય છે. (૩)

(વળી ભેદ દર્શાવે છે)

દોય ધર્મ નય જે ગ્રહે
મુખ્ય અમુખ્ય પ્રકારો રે
તે અનુસારે કલ્પિયે
તાસ વૃત્તિ ઉપચારો રે–જ્ઞાન ॥૪॥

ભાવાર્થ—ભેદ અને અભેદ બંને ધર્મ મુખ્ય પ્રકારે કે ગૌણતાથી દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક જે નય ગ્રહણ કરે તદ અનુસાર દ્રવ્યગુણ પર્યાયની વૃત્તિથી તેની ઉપચાર કલ્પનાનું વિધાન થાય છે. (૪)

વિવેચન—દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક ગમે તે નય ભેદ તથા અભેદ સ્વરૂપ ધર્મને પ્રધાનપણે અથવા ગૌણતાથી ગ્રહણ કરે ત્યાં મુખ્યતા (સાક્ષાત્સંકેત) તથા ગૌણતા (વ્યવહિત સંકેત) અનુસાર દ્રવ્ય ગુણ પર્યાયની વૃત્તિથી ઉપચાર કલ્પના કરી શકાય છે. તાત્પર્ય એવું છે કે દ્રવ્યાર્થિક નય પ્રધાનપણે અભેદનું પ્રતિપાદન કરે છે. અને ગૌણતાથી તે ભેદનું પણ પ્રતિપાદન કરે છે. તેવીજ રીતે પર્યાયાર્થિક નય મુખ્યપણે ભેદનું અને ગૌણપણે અભેદનું પ્રતિપાદન કરે છે. જેવી રીતે ગંગાપદનો સાક્ષાત્ સંકેતપ્રવાહરૂપ અર્થમાં છે તે માટે મુખ્યતાથી તો પ્રવાહ રૂપે શક્તિ છે તથા ગંગાના તિરે ઘોષ છે એમ કહેવું તે ગૌણ એટલે વ્યવહિત સંકેત છે માટે તે ઉપચાર થયો કહેવાય, એવીજ રીતે દ્રવ્યાથિક નયનો સંકેત અભેદ રૂપમાં છે અને લક્ષણા શક્તિથી વ્યવહિત સંકેત અર્થાત્ ભેદ રૂપ અર્થમાં છે અર્થાત્ ભેદ રૂપ અર્થ પ્રતિપાદન કરવાને માટે -દવ્યાર્થિક નયની ઉપચારથી પ્રવૃતિ થઇ. તેમજ પર્યાયા

ર્થિક નયની મુખ્ય શક્તિ અને ઉપચાર શક્તિ નું ગ્રહણ કરીને ભેદાભેદ નય વિષયમાં યોજના કરવી જોઇએ. અર્થાત્ પર્યાયાર્થિક નય મુખ્ય વૃત્તિની શક્તિથી ભેદ રૂપ અર્થને કહેછે અને ઉપચાર એટલે લક્ષણા શક્તિથી અભેદ રૂપ અર્થને કહે છે. (૪)

---

( એક નય એકજ વિષયને ગ્રહણ કરે તેને દુષણ આપે છે )

ભિન્ન વિષય નય જ્ઞાનમાં
જો સર્વથા ન ભાસે રે
તો સ્વતંત્ર ભાવે રહે
મિથ્યા દ્રષ્ટિ પાસે રે.—જ્ઞાન ॥૫॥

ભાવાર્થ—જો નયના જ્ઞાનમાં નયથી ભિન્ન વિષય સદા સર્વથા નજ ભાસે એમ માનવામાં આવે તો એકજ નય બીજા નયોથી વિમુખ પણે સ્વતંત્ર રહે અને તેથી એ-કાંતને લીધે તેને મિથ્યાદ્રષ્ટીનું પાસું રહે. (૫)

વિવેચન—અમુક એક નયના જ્ઞાનમાં તે નયથી ભિન્ન બીજા નયનો વિષય મુખ્ય પણે તો નહિ પણ ગૌણપણે પણ

ન દેખાય એમ જો માનવામાં આવે તો એક નય એકજ વિ-
ષયને નિરંતર ગૃહણ કરી એકાંતપણે સ્વતંત્ર રહે અને એવી
એકજ નયની એકાંત સ્વતંત્રતા તો સ્યાદ્વાદ મતથી વિરૂદ્ધ એ-
કાંતવાદ થયો કહેવાય. તેથી તે એક નય દુર્નય રૂપને
ધારણ કરે પણ કદાપિ સુનય થઈ શકે નહિ માટે એકાંત પણે એક
નય એકજ વિષયને ગ્રહણ કરે એમ માનવું તે ખોટું છે. (૫)

એહ વિશેષાવશ્યકે
સંમતિમાં પણ ધારોરે
એમ નયથી સવિસંભવે
ભેદ અભેદ ઉપચારોરે—જ્ઞાન ॥૬॥

ભાવાર્થ--વિશેષાવશ્યકે અને સંમતિ ગ્રંથમાંપણ એ
વોજ અર્થ કરેલો છે એટલે સુનયના વિચારથી ભેદ અભેદ
બંનેનો ઉપચાર સર્વ રીતે સંભવે છે. ( ૬ )

વિવેચન—વિશેષાવશ્યક નામના ગ્રંથમાં તથા સંમતિ ગ્રંથમાં
પણ એવોજ અભિપ્રાય છે કે જો કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક
એ બે મૂળ નયથી પદાર્થનું સ્વરૂપ જાણી શકાય છે તોપણ

જે નય માત્ર પોતાનોજ વિષય પ્રધાનપણે ગ્રહણ કરીને પરસ્પરની અપેક્ષા નથી રાખતો તે દુર્નય એટલે મિથ્યાત્વી સમજ વો. સુનયનું લક્ષણ એવું છે કે તે સ્વાર્થનો ગ્રાહી પણ ઇતરાંશનો અપ્રતિપક્ષી હોય અને દુર્નય નું એવું લક્ષણ છે કે તે સ્વાર્થનો ગ્રાહી છે અને બીજા નય ના અંશનો પણ પ્રતિ પક્ષી અર્થાત નિષેધક છે. સુનયજ મા-ન્ય હોઇ શકે માટે આ પ્રમાણે નયના વિચારથી દ્રવ્ય ગુણ પર્યાયના પરસ્પર ભેદ અને અભેદ વ્યવહાર ગ્રહણ કરવા યો ગ્ય છે. સ્યાદ્વાદ મતની એજ ખુબી છે કે તે એક નયથી પ-દાર્થને મુખ્ય માને છે પણ સાથે બીજા નયના વિષયનો તિર-સ્કાર નહિ કરતાં ગૌણ પણે તેનું પણ ગ્રહણ કરે છે અને તે-થીજ જૈન દર્શનમાં સર્વ દર્શનનો સમાવેશ થાય છે બધા દર્શ ન એકાંત પણે પોતાનાજ વિષયને માન્ય રાખે છે ત્યારે જૈન દર્શન રૂપ સાગરમાં બધા દર્શન રૂપ નદિઓ આવીને મળે છે એટલે સૌને પોત પોતાનાનયની અપેક્ષાથી અંશગ્રાહી મા ની તેનું ગ્રહણ અપેક્ષાથી થઇ શકે છે. (૬)

છાંડિ મારગ એ સમો
ઉપનય મુખ્ય જે કલ્પેરે
તેહ પ્રપંચ પણ જાણવા
કહીએ તે જેમ જલ્પેરે—જ્ઞાન ॥૭॥

ભાવાર્થ—આ સરલ માર્ગને તજીને જેઓ (દિગંબરી) ઉપનયને મુખ્ય તરીકે માને છે, એ પણ પ્રપંચજ છે છતાં જેમ તેઓ ઉપનયને કહે છે તેમ અહીંઆ કહીએ છીએ (૭)

વિવેચન—પૂર્વોકત સરલ નય નિગમ માર્ગને તજીને ઉપચાર આદિક ગૃહણ કરવાની ઇચ્છાથી જે દિગંબરીઓ ઉપનયની મુખ્ય તરીકે કલ્પના કરે છે તે જો કે છે તો ફોકટવાદ વિવાદ તો પણ દિગંબર મત શ્વેતામ્બર મતની નજીકમાંજ હોવાથી તેનું કથન જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે આહીં કહેવાય છે. ઉપનય એટલે જે નયની સમીપમાંજ રહે તે અર્થાત્ નયને મળતા હોય તે. (૭)

---

(નય ઉપનય કહે છે)

નવ નય ઉપનય તીન છે

તર્ક શાસ્ત્ર અનુસાર રે
અધ્યાતમ વાંચે વલી
નિશ્ચયને વ્યવહારો રે—જ્ઞાન ॥૮॥

ભાવાર્થ—તર્ક શાસ્ત્રના અનુસારે નય નવ અને ઉપનય ત્રણ છે. અધ્યાતમના મતથી તો નિશ્ચય અને વ્યવહાર એ બેજ નય કહ્યા છે. (૮)

વિવેચન—દિગમ્બરીઓના મતે તર્કશાસ્ત્રને અનુસારે નવ નય કહ્યા છે જેના નામ ૧ દ્રવ્યાર્થિક ૨ પર્યાયાર્થિક ૩ નૈગમ ૪ સંગૃહ ૫ વ્યવહાર ૬ ઋજુસૂત્ર ૭ શબ્દ ૮ સમિભિરૂઢ અને ૯ એવંભૂત અને ત્રણ ઉપનયના નામ ૧ સત્ભુત વ્યવહાર ૨ અસત્ભુત વ્યવહાર અને ૩ ઉપચરિત સત્ભુત વ્યવહાર. આ પ્રમાણે દિગંબરોના ન્યાય શાસ્ત્રમાં નવ નય અને ત્રણ ઉપનય કહ્યા છે. અને બીજો એક અધ્યાત્મક નામનો મત છે તેમાં તો વ્યવહાર અને નિશ્ચય એ બેજ નય કહ્યા છે. એટલે નિશ્ચયથી જીવ છે તે સિદ્ધ રૂપ છે અને વ્યવહારથી કર્મથી બંધાએલો હોય તેને જીવ કહે છે અને તે જીવ કર્મથી મુકત થાયછે ત્યારે તેને શિવ રૂપ કહે છે. (૮)

( હવે એ નવ નયનું અનુક્રમે વિવરણ કરે છે. )

પહેલો દ્રવ્યારથ નયો
દશ પ્રકારતસ જાણો રે
શુદ્ધ અકર્મોપાધથી
દ્રવ્યાર્થિક ધુરે આણોરે—જ્ઞાન ॥૯॥

ભાવાર્થ—એ નવ નયમાં પ્રથમ દ્રવ્યાર્થીક નય કહ્યા છે તે દશ પ્રકારે જાણવો. જેમાં અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થીક નય પ્રથમ ભેદ જાણવો (૯)

**વિવેચન**—હવે એ નવ ઉપનયનું વિસ્તારથી વિવરણ કરતાં પ્રથમ જે દ્રવ્યાર્થિક નય કહ્યા તેના દશ પ્રકાર કહે છે. કર્મોપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય એ પહેલો પ્રકાર છે. જે પોત પોતાના સ્વભાવ તથા વિભાવ પર્યાયથી દ્રવે છે, દ્રવશે અને દ્રવતું હતું તે દ્રવ્ય કહેવાય છે દ્રવ્યના બીજા અનેક અર્થ કહ્યા છે (૧) જે પર્યાયને ગ્રહણ કરે અને ત્યાગ કરે તે દ્રવ્ય (૨) જે પોતાના પર્યાયને પ્રાપ્ત કરી છોડી દે તે દ્રવ્ય (૩) દ્રુ એટલે સત્તા અને તેનો જે અવયવ તે દ્રવ્ય છે. (૪) સત્તાનો જે વિકાર તેનેજ દ્રવ્ય કહે છે. (૫) રૂપ રસાદિક જે

ગુણ છે તેનો સંભાવ એટલે સમૂહ જે ઘટાદિ પદાર્થ છે તે દ્રવ્ય છે. (૬) જે થવાનું છે તે ભાવ છે અને તે ભાવી પદાર્થને યોગ્ય જે પદાર્થ છે તે પણ દ્રવ્ય છે જેમકે રાજકુમાર દ્રવ્યમાં રાજા પર્યાયની યોગ્યતા છે. (૭) એવી રીતે જે ભાવ પૂર્વે થઈ ગયા છે તે પણ દ્રવ્ય છે. આવી રીતે દ્રવ્યના ઘણા લક્ષણ છે. અને દ્રવ્યનું જે પ્રયોજન તે દ્રવ્યાર્થિક કહેવાય. અને શુદ્ધ એટલે ઉપાધિથી રહિત જે દ્રવ્યાર્થિક નય છે તે શુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે. (૯)

(દ્રવ્યાર્થિક નયની શુદ્ધતા બતાવે છે)

જીમ સંસારી પ્રાણીયા
સિદ્ધ સમોવડ ગણીયે રે
સહેજ ભાવ આગલ કરી
ભવ પર્યાયન ગણીયે રે—જ્ઞાન ॥૧૦॥

ભાવાર્થ—જેવી રીતે સંસારી જીવોને સિદ્ધ સમાન ગણીએ તે શુદ્ધ દ્રવ્યાર્થિક એટલે સહજ ભાવ જે શુદ્ધાતમ સ્વરૂપ તેજ આગળ કરવું અને અનેક ભવ પર્યાયને ન ગણવા. (૧૦)

વિવેચન—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતી તે સંસાર કહેવાય છે અને તેમાં જે જીવોનું ગમના ગમન થાય તે સંસારી જીવ કહેવાય છે. એ સંસારી જીવ શુદ્ધ નિશ્ચય નયથી આઠ રૂચક પ્રદેશ પ્રમાણ નિર્મળ છે અને તેથી તે સંસારી જીવ સિદ્ધ સમાન છે એટલે આઠે કર્મથી રહિત છે. આ શુદ્ધ દ્રવ્યાર્થિક નય સમજવો. તાત્પર્ય એવું છે કે જીવની અનાદિ કાળના સંસારની ગણના નહિ કરતાં જીવનું બાહ્યથી અવિદ્યમાન સિદ્ધ સ્વરૂપ છે તે અભ્યંતરમાં વિદ્યમાન હોવાથી તેનુંજ ગૃહણ કરવું અને એમ માનવાથી સંસારી આત્મા તે સિદ્ધ સમાન છે એમ શુદ્ધ દ્રવ્યાર્થિક નય સમજવો. દ્રવ્ય સંગ્રહમાં કહ્યું છે કે ચૌદ ગુણસ્થાનક અને ચૌદ માર્ગણાની અપેક્ષાથી સંસારી જીવમાં અશુદ્ધ નયની વિવક્ષા થાય છે પણ માત્ર ભાવનુંજ ગૃહણ થાય તો આત્મા શુદ્ધ નયની વિવક્ષાથી સિદ્ધ સમાનજ છે. (૧૦)

(હવે બીજો ભેદ કહે છે)

ઉત્પાદ વ્યય ગૌણતા
સત્તા મુખ્યજ બીજેરે

ભેદ શુદ્ધ દ્રવ્યારથે
દ્રવ્ય નિત્ય જીમ લીજેરે–જ્ઞાન ॥૧૧॥

ભાવાર્થ—ઉત્પાદ અને વ્યયની ગૌણતાથી અને સત્તાની મુખ્યતાથી બીજો ભેદ શુદ્ધ દ્રવ્યાર્થનો જાણવો અને એ બીજા ભેદથી દ્રવ્યને નિત્ય માનવું (૧૧)

વિવેચન—उत्पाद व्ययध्रौव्ययुक्तं तत्सत् એવું તત્ત્વાથનું વચન છે. એટલે જે પદાર્થની ઉત્પતિ, વિનાશ, અને સ્થીરતા છે તે પદાર્થ સત્ છે. હુવે દ્રવ્યાર્થિક નયના આ બીજા ભેદમાં ઉત્પાદ અને વ્યયની ગૌણતા અને સત્તાની એટલે નિત્યપણાની મુખ્યતા બતાવી અને જયારે ઉત્પાદ અને વ્યયને ગૌણ મનાય ત્યારે તો કેવળ સત્તા માત્ર માન્ય રહે છે અને તેથી આ નયથી દ્રવ્યના નિત્ય સ્વરૂપનું ગ્રહણ થાય છે અને જે નિત્ય છે તે ત્રણે કાળમાં નિશ્ચય સ્વરૂપે રહે છે અને તે લાગે છે પણ ઠીક કારણ કે ક્ષણ ક્ષણમાં વિનાશશિલ પર્યાયોનું પરીણામીપણું હોય છે અને તે પર્યાયોમાં અનિત્યપણાની ઉપલબ્ધિ જણાય છે પરંતુ જીવ પુદગલાદિ દ્રવ્યની જે સત્તા છે તે સદા અવ્યભિચારિણી છે અર્થાત્ નિત્ય ભાવના આશ્રયથી દ્રવ્યની સત્તા ત્રણે કાળમાં અવિચલિત

સ્વરૂપે રહે છે. આ પ્રમાણે દ્રવ્યના નિત્યપણાને લીધે સત્તા ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિક નય નામે બીજો ભેદ થયો. ૧૧

(હવે ત્રીજો ભેદ કહે છે.)

હવે ત્રીજો શુદ્ધ દ્રવ્યારથો
ભેદ કલ્પના હીનો રે
જીમ નિજ ગુણ પર્યાયથી
કહીએ દ્રવ્ય અભિન્નો રે—જ્ઞાન॥૧૨॥

ભાવાર્થ—શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો ત્રીજો ભેદ કલ્પનાથી રહિત છે. જેમ દ્રવ્ય છે તે પોતાના ગુણ પર્યાયથી અભિન્ન કહેવાય છે. (૧૨)

વિવેચન—જેમાં ભેદની કલ્પના નથી એવો દ્રવ્યાર્થીક નયનો ત્રીજો ભેદ 'ભેદ કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યારથિક' એ પ્રમાણે થાય છે. જેવી રીતે જીવ દ્રવ્ય તથા પુદ્દગલાદિ દ્રવ્ય પોત પોતાના ગુણ પર્યાયથી અભિન્ન છે તેવી રીતે જેમાં ભેદ કલ્પના નથી તે ત્રીજો ભેદ ક-

હ્યો છે. જોકે દ્રવ્યનો ગુણ પર્યાયથી ભેદ જણાય છે તો પણ ભેદનું અર્પણ નહિ કરતાં માત્ર અભેદનુંજ ગ્રહણ કરીએ તો આ ત્રીજો ભેદ સિદ્ધ થાય છે અને તેથી જે દ્રવ્ય છે તેજ ગુણ અને તેજ પર્યાય છે કારણકે તદાત્મક પણું છે. જેમ એક મોટા વસ્ત્રને ફાડીને તેમાંથીજ નાનું વસ્ત્ર કાઢયું હોય તો તે નાનું વસ્ત્ર મોટા વસ્ત્રનો પર્યાય હોવાથી તેમાંજ સમાઇ શકે છે તેવીજ રીતે જેટલા ગુણ અને પર્યાય છે તે સઘળા તદાત્મકપણાથી દ્રવ્ય રૂપજ છે. ભેદ અને અભેદ આ સ્થળે વિવક્ષાને અનુસારે જાણવા જોઇએ અર્થાત્ જ્યારે દ્રવ્ય પણાથી વિવક્ષા કરવામાં આવે ત્યારે દ્રવ્યપણાથી ગુણ પર્યાય અભિન્નજ છે અને જ્યારે પર્યાય રૂપથી વિવક્ષા કરીએ ત્યારે દ્રવ્યથી ગુણ પર્યાય ભિન્ન છે. (૧૨)

---

અશુદ્ધ કર્મોપાધથી
ચોથો એહનો ભેદોરે
કર્મભાવ મય આતમા
જીમ ક્રોધાદિક વેદોરે—જ્ઞાન ॥૧૩॥

ભાવાર્થ—દ્રવ્યાર્થિકનો ચોથો ભેદ કર્મોપાધિના કારણને લીધે અશુદ્ધ કહ્યો છે જેમ ક્રોધાદિક ના કારણે આત્મા કર્મ ભાવમય જણાય છે તેમ એટલે ક્રોધી કહેવાય છે. [૧૩]

વિવેચન—-દ્રવ્યાર્થિક નયને ચોથો ભેદ કર્મોપાધિ સહિત આત્મિક દ્રવ્ય હોય તેને કહેછે. જ્યારે આત્મા કર્મને ગ્રહણ કરે છે. ત્યારે તે કર્મોપાધિ સહિત કહેવાય છે અને કર્મના સંયોગથી આત્મિક દ્રવ્યમાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. આવી કર્મોપાધિ સહિત થએલી જે આત્મિક દ્રવ્યની અશુદ્ધતા તે દ્રવ્યાર્થિકનો ચોથો ભેદ કહ્યો છે. આ ચોથા ભેદનું લક્ષણ એવું છે કે જેમ આત્મા કર્મભાવ મય થાયછે એટલે કર્મની પ્રકૃતિ આત્મ પ્રદેશ સાથે એકત્ર થાય છે ત્યારે આત્મા તાદૃશરૂપ અર્થાત્ કર્મ સ્વરૂપ દેખાય છે. ક્રોધની કર્મ પ્રકૃતિના ઉદયથી આત્મા ક્રોધી કહેવાય છે, માન કર્મના ઉદયથી જીવ માની કહેવાય છે એવીજ રીતે જે વખતે જે દ્રવ્ય જે ભાવથી પરિણત થઇ જાય છે તે વખતે તે દ્રવ્ય તદ્ભાવ રુપ સમજવો જોઇએ. જેમકે અગ્નિમાં પડેલું લોઢું અગ્નીની સાથે એકરૂપ થાય છે ત્યારે તે લોઢાને પણ અગ્નિ કહેવામાં આવે છે, તેમ આત્મા કર્મોના ઉદય અનુસાર ક્રોધી, વિષયી, એમ જુદી જુદી રીતે કહેવાયછે. અને આવાજ કારણ સર આત્મિક દ્રવ્યના આઠ કર્મની ઉપાધીથી આઠ ભેદ કહ્યા છે. [૧૩]

(હવે પાંચમો ભેદ કહે છે.)

**તેહ અશુધ્ધ વલી પાંચમો**
**વ્યય ઉતપતિ સાપેખોરે**
**ઉત્પાદ વ્યયધ્રુવ એકે**
**સમયે દ્રવ્ય જીમ પેખોરે—જ્ઞાન॥૧૪॥**

ભાવાર્થ—ઉત્પત્તિ અને નાશની અપેક્ષાથી અશુધ્ધ દ્રવ્યાર્થિકનય નામનો પાંચમો ભેદ કહયો છે કારણ કે આત્મા દ્રવ્ય એકજ સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુકત છે. [ ૧૪ ]

વિવેચન—દ્રવ્યાર્થિક નયનો પાંચમો ભેદ ઉત્પત્તિ અને નાશની અપેક્ષા રાખવાવાળો હોવાથી અશુદ્ધ દ્રવ્યાર્થિક નામે છે કારણ કે એકજ સમયમાં દ્રવ્યનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે. કોઇ કહેશે કે એકજ વખતે એ ત્રણે ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરૂપ એકજ પદાર્થમાં કેવી રીતે થઇ શકે છે? તો તેનો જવાબ એવો છે કે સુવર્ણ દ્રવ્યમાં કડાની ઉત્પતિ થાય છે તેજ સમયે પુર્વ પર્યાય જે કેયૂર [ બાજુબંધ ] તેનો નાશ થાય છે પણ એ બંને પુર્વાપર પર્યાયમાં સુવર્ણ તે એક ધ્રુવ [ નિત્ય ] સ્વરૂપથી વિદ્યમાન છે. વળી ઉત્પાદ, વ્યય

અને ધ્રૌવ્ય રૂપ માનવાથી પ્રમાણ વચન થાય પણ નય વચન ન થાય એમ માનવું એ પણ ખોટું છે કેમકે મુખ્ય અને ગૌણ ભાવને ગ્રહણ કરીને આ લક્ષણોનું ગ્રહણ થવાથી સૌ પોત પોતાના અર્થના ગ્રહણમાં મુખ્ય નયછે પણ પર અર્થમાં નથી (૧૪)

(હવે છઠો ભેદ કહે છે)

ગ્રહતો ભેદની કલ્પના
છઠો તેહ અશુદ્ધોરે
જીમ આતમિક બોલીએ
જ્ઞાનાદિક ગુણ શુદ્ધોરે—જ્ઞાન ॥૧૫॥

ભાવાર્થ-ભેદની કલ્પનાને ગૃહણ કરે તે છઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહ્યો છે જેમ જ્ઞાનાદિક શુદ્ધગુણો આત્માના કહેવાય છે તેમ. (૧૫)

વિવેચન—જે દ્રવ્ય, ભેદભાવની કલ્પનાને ગ્રહણ કરે તે છઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક ભેદ સમજવો. જેમ आत्मनः गुणः એટલે આત્માના શુદ્ધ ગુણો. આ સ્થળે આત્મા અને તેના ગુણોને

જુદા દર્શાવ્યા જેમકે "भिक्षोः पात्रम्" એટલે ભિક્ષુનું વાસણ. હવે વાસણ અને ભિક્ષુ જેમ જુદા કીધા તેમ આત્મા અને તેના ગુણોને છઠી વિભકિતથી જુદા પાડયા તે ભેદભાવની કલ્પના કહેવાય હવે ખરૂં જોતાં ભિક્ષુ અને પાત્રને જેવો ભેદ છે તે-વો ભેદ આત્માનો અને તેના જ્ઞાનાદિક ગુણોનો નથી તેથી આ કલ્પિત ભેદ માનવામાં આવ્યો છે એમ બોલાય છે ખરૂં પણ સ્વભાવિક ભેદ નથી કારણકે ગુણ ગુણી એક બીજાથી જુદા નથી. (૧૫)

[હવે સાતમો ભેદ કહે છે.]

અન્વય દ્રવ્યાર્થિક કહ્યું
સપ્ત એક સ્વભાવો રે
દ્રવ્ય એક જીમ ભાષિયે
ગુણ પર્યાય સ્વભાવોરે—જ્ઞાન ॥૧૬॥

**ભાવાર્થ**—સાતમો ભેદ અન્વય દ્રવ્યાર્થિક કહયો છે. કારણકે ગુણ અને પર્યાયના સ્વભાવથી યુકત દ્રવ્ય એકજ સ્વભાવવાળું કહેવાય છે. [૧૬]

**વિવેચન**—અન્વય દ્રવ્યાર્થિક નામનો સાતમો ભેદ એક

સ્વભાવ કહયો છે. જેમ એક દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરીને યુકત છે અર્થાત એક દ્રવ્ય ગુણ પર્યાય સ્વભાવજ છે જેમકે ઘટદ્રવ્ય છે તેનો રૂપ આદિક ગુણ અને કંબુગ્રીવાદિ પર્યાયમાં અન્વયછે કારણ કે ગુણ પર્યાયના રહેવાથી ઘટ આદિ દ્રવ્ય અવશ્ય રહેછે અને તે અન્વય કહેવાયછે. જેના રહેવાથી જેની ઉત્પત્તિ થાય તે તેનો અન્વય છે. જેમકે દંડની સત્તામાં ઘટની ઉત્પત્તિ છે એટલે દંડ હોય તો ઘટની ઉત્પત્તિ થાયછે માટે આ અન્વય કહેવાય છે. દ્રવ્ય સ્વરૂપનો સપૂર્ણ રીતેગુણ પર્યાયમાં અન્વય છે તેથી કરીને જ્યારે દ્રવ્ય સ્વરૂપ જણાય છે ત્યારે દ્રવ્યાર્થના આદેશથી તે દ્રવ્યની સાથે અનુગત જેટલા ગુણ પર્યાય છે તે પણ જાણી શકાય છે. માટે એક સ્વભાવના અન્વયથી આ અન્વય દ્રવ્યાર્થિક નામનો સાતમો ભેદ સમજવો. (૧૬)

---

(હવે આઠમો ભેદ કહેછે.)

**સ્વદ્રવ્યાદિક ગ્રાહકો**
**ભેદ આઠમો ભાસ્યોરે**
**સ્વદ્રવ્યાદિક ચારથી**

છતો અર્થ જીમ દાખ્યોરે—જ્ઞાન ॥૧૭॥

**ભાવાર્થ**—સ્વ-દ્રવ્યાદિક ગ્રાહક નામનો આઠમો ભેદ દ્રવ્યાર્થિકનો કહ્યોછે. સ્વ દ્રવ્યાદિક ચતુષ્ટયની અપેક્ષાથી ઘટ આદિ પદાર્થનો સદ્રૂપ અર્થજ દેખાય છે. (૧૭)

**વિવેચન**—પોત પોતાના દ્રવ્ય આદિને ગ્રહણ કરવા વાળો આઠમો દ્રવ્યાર્થિક નયનો ભેદ કહ્યો છે. કારણકે ઘટ આદિ પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વ કાળ તથા સ્વભાવથી સત્ રૂપ પણેજ દેખાય છે. સ્વદ્રવ્યથી ઘટ મૃત્તિકાથી બનેલો છે, સ્વ ક્ષેત્રથી પાટલી પુરનો છે, સ્વકાળથી ઘટ અમુક ઋતુનો છે અને સ્વભાવથી ઘટ શ્યામ કે રકત છે આ પ્રમાણે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એ ચારેમાં ઘટ દ્રવ્યની સત્તા પ્રમાણે કરીને સિદ્ધ છે. માટે "સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક નય" નામનો આઠમો ભેદ જાણવો. (૧૭)

---

(હવે નવમો ભેદ કહેછે.)

પર દ્રવ્યાદિક ગ્રાહકો
નવમ ભેદ તે માંહિંરે

પર દ્રવ્યા દિક ચારથી
અર્થ છતો કિમ નાહિં રે—જ્ઞાન ॥ ૧૮॥

ભાવાર્થ—નવમો ભેદ ' પર દ્રવ્યાદિક ગ્રાહક ' નામનો છે. અને પર દ્રવ્યાદિક ચતુષ્ટયથી પદાર્થ ( ઘટાદિ ) અસત્ રૂપ અર્થે કરીને સિદ્ધ છે. ( ૧૮ )

વિવેચન—દ્રવ્યાર્થિક નયનો નવમો ભેદ આઠમા ભેદથી ઉલટો એટલે " પર દ્રવ્યાદિ ગ્રાહક " નામનો છે. અને પર દ્રવ્ય, પરક્ષેત્ર, પર કાળ અને પર ભાવ એમ ચતુષ્ટયથી ઘટ આદિ પદાર્થ અસત્ હોવાનું સિદ્ધ છે જેમકે ઘટની અપેક્ષાથી પટ દ્રવ્ય પર છે માટે પર દ્રવ્યથી ઘટ અસત્ છે, પરક્ષેત્રથી ઘટ મથુરા કે પાટલીપુર જ્યાં બનતો હોય તેનાથી બીજા ગામનો કહેવો તે ક્ષેત્રથી અસત્, ઘટ જો વસન્ત રૂતુમાં ઉત્પન્ન થયો હોયતો ગ્રિષ્મ રૂતુથી એ ઘટ અસત્ છે અને ભાવથી તો શ્યામ ઘટ રકતાદિપણાથી અસત્ છે. માટે પર દ્રવ્યાદિકથી દ્રવ્ય અસત્ અર્થમાં જણાય છે તેથી નવમો ભેદ પર દ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક કહ્યો છે; (૧૮)

( હવે દશમો ભેદ કહે છે. )

પરમભાવ ગ્રાહક કહ્યો
દશમો જસ અનુસારેરે
જ્ઞાન સ્વરૂપી આત્મા
જ્ઞાન સર્વમાં સારેરે જ્ઞાન–॥૧૯॥

ભાવાર્થ—દશમો ભેદ પરમભાવ ગ્રાહક નામનો કહયો છે જેના અનુસારે આત્મા જ્ઞાન સ્વરૂપી કહેવાય છે અને જ્ઞાન તે સર્વમાં શ્રેષ્ટ છે. (૧૯)

વિવેચન—દ્રવ્યાર્થિક નયનો દશમો ભેદ પરમભાવ ગ્રાહક નામનો છે. જેમ આત્માને જ્ઞાન સ્વરૂપી કહેવો તે પરમભાવનું ગ્રહણ કર્યું કહેવાય. જોકે જ્ઞાન દર્શન ચારિત્રાદિ આત્માના અનંત ગુણો છે તોપણ તે સર્વમાં જ્ઞાન ગુણ સૌથી શ્રેષ્ટછે કારણકે જો જ્ઞાન હશે તો આત્માના બીજા ગુણોને જાણી શકાશે અને જ્ઞાન ગુણજ વારંવાર ઉપસ્થિત રહેછે તેથી આત્માનો પરમ સ્વભાવ જ્ઞાન ગુણજછે આવી રીતે બીજા દ્રવ્યોના પણ અસાધારણ ગુણ રૂપ પરમ ભાવનું ગ્રહણ કરી લેવું જોઇએ આ પ્રમાણે

"પરમ ભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક" નામનો દશમો ભેદ કહ્યો, ગાથામાં યશો વિજયજી ઉપાધ્યાયે પોતાનું નામ દર્શાવ્યું છે. એ દશે ભેદ પ્રથમ જે દ્રવ્યાર્થિક નય કહ્યા છે તેના થયા.

## ઢાળ છઠ્ઠી.

એક વાર દરિશન આપ ગુરૂજી—એ દેશી.

(હવે પર્યાયાર્થિક નયના ભેદ કહે છે.)

ષટ્ ભેદ નય પર્યાય અરથો<br>
પહેલો અનાદિક નિત્યરે<br>
પુદગલ પર્યાય કહીએ<br>
જીમમેરૂ ગિરિ મુખ નિત્યરે—॥ ૧ ॥

બહુ ભાંતે ફેલી જૈન શૈલી<br>
સાચડું મન ધારરે<br>
ખોટડું જે કાંઇ જાણે<br>
તિહાં ચિત્ત નિવારરે-બહુ—॥ ૨ ॥

ભાવાર્થ—પર્યાયાર્થિક નયના છ ભેદ કહ્યા છે તેમાં (૧) અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક એ નામનો ભેદ છે જેમકે પર્વતોમાં મુખ્ય એવો મેરૂ પર્વત પુદગલનો એક પર્યાય છે તે છતાં તે અનાદિ અને નિત્ય છે. (૧) આવી રીતે જૈન માર્ગની શૈલી વિવિધ પ્રકારે વિસ્તારને પામી છે માટે તેમાં મનને જે સત્ય જણાય તે ધારણ કરી રાખવું અને જે કાંઇ અસત્યરૂપ લાગે તે તરફથી ચિત્તને રોકવું. (૨)

વિવેચન–પાંચમી ઢાળમાં દ્રવ્યાર્થિક નયના દશ ભેદ કહ્યા હવે આ છઠી ઢાળમાં પર્યાયાર્થિક નયના છ ભેદ કહે છે. એ છ ભેદમાં પહેલો ભેદ "અનાદિનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક" એ નામનો છે. જેની આદિ એટલે શરૂઆત ન હોય તે અનાદિ કહેવાય તથા જેની ઉત્પત્તિ કે વિનાશ નહિ થતાં ત્રણે કાળમાં નિશ્ચલરૂપે રહે તે નિત્ય કહેવાય છે. જે પદાર્થ અનાદિએ હોય અને નિત્ય પણ હોય તે અનાદિ નિત્ય કહે-વાય છે જે પર્યાય અવિનાશી અને નિત્ય હોય તે પર્યાય અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય તરીકે સમજવો જેમકે મેરૂપર્વત પુદ્ગલ દ્રવ્યનો પર્યાય છે અને તે પ્રવાહની અપે-ક્ષાએ અનાદિ અને નિત્ય છે કારણ કે તે શાશ્વતો છે જો કે અસંખ્યાત કાળે અન્યો અન્ય પુદ્ગલોનું સંક્રમણ થાયછે પણ

તેનો જે આકાર છે તેતો એનો એજ રહે બીજા ઉદાહરણ તરીકે રત્ન પ્રભાદિક પૃથ્વી કે શાશ્વતિ પ્રતિમાઓ ગણી શકાય. એ બધા અનાદિ અને નિત્ય પર્યાય છે આ ઉપરથી પહેલો ભેદ અનાદિ શુદ્ધ પર્યાયાર્થિક નામનો થયો. (૧)

નય અને ભંગનું સૂક્ષ્મ સ્વરૂપ જેમાં રહેલું છે એવી જીનેશ્વરની વાણી તો આવા નયના અનેક ભેદે કરીને બહુજ વિસ્તારને પામી છે. તેમાં જે જે અપેક્ષા દર્શાવેલી હોય તે તે અપેક્ષાનું પુરતું લક્ષ પહોંચાડીને દીર્ઘ વિચાર પૂર્વક જે સત્ય લાગે તે તુરત હૃદયમાં ધારણ કરી લેવું અને જે શંશય યુક્ત લાગે તેનો તે વખતે નિષેધ નહિ કરતાં પોતાના મનને તે તરફથી બીજી બાજુ તરફ દોરી જવું. કહેવાનો તાત્પર્ય એવો છે કે જો શબ્દ ફેર જણાયતો તે તે ખોટુ માની સ્દ્વેષ કરવાની ભુલ ન કરવી પણ અર્થનો વિચાર કરી યથાર્થ સ્વરૂપ સમજવું. ( ૨૨)

(હવે બીજો ભેદ કહે છે)

સાદિ નિત્ય પર્યાય અર્થો

જીમ સિદ્ધનો પજ્જાઓરે

ગ્રહે શુદ્ધ અનિત્ય સત્તા
ગૌણ વયઉપ્પાઓરે-બહુ ॥૩॥

ભાવાર્થ—(૨) બીજો ભેદ સાદિ નિત્ય પર્યાર્થિ નય જાણવો ઉદાહરણ તરીકે સિદ્ધનો પર્યાય સમજવો અને સત્તાને ગૌણ માની જેમાં ઉત્પાદ અને વ્યય માનવામાં આવે તે અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો ત્રીજો ભેદ કહ્યો છે. (૩)

વિવેચન—પર્યાયાથિક નયનો બીજો ભેદ સાદિ નિત્ય પર્યાયાથિંક સમજવો. એટલે જે પર્યાયની આદિ હોય અને તે જે નિત્ય પણ હોય તે સાદિ નિત્ય પર્યાયાર્થિક કહેવાય, જેમકે જે જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે તે જીવની મોક્ષમાં જવાની આદિ થાય છે પણ મોક્ષમાંથી તે જીવનું આવવું નહિ હોવાથી તે સાદિ નિત્ય કહી શકાય ત્રીજો ભેદ (૩) ગમન નહિ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો છે એટલે જેથી પર્યાય નિરંતર અનિત્ય હોય અર્થાત્ તે સ-તામાં ગૌણ હોય અને ઉત્પત્તિ તથા વિનાશથી નિરંતર અનિત્ય રહે. જે જે વસ્તુ વર્તમાન કાળે વિદ્યમાન છે તેનો ઉત્પાદ વ્યયની પ્રાધાન્યતા માનવાથી અનિત્ય શુદ્ધપર્યાયાર્થિક નામનો ત્રીજો ભેદ કહ્યો છે. (૩)

(હવે ચોથો ભેદ કહે છે)

જેમ સમયમેં પર્યાયનાશી
છતિ ગહત નિત્ય અશુદ્ધધરે
એક સમયે યથાપર્યાય
તૃતીયરૂપેં રૂદ્ધધરે—બહુ ॥૪॥

ભાવાર્થ—પર્યાયર્થિક નયનો ચોથો ભેદ સત્તા ગ્રાહક નિત્ય અશુદ્ધ નામનો છે. જેમ એક પર્યાય વિનાશી છે એમ કહેવાય છે પણ સત્તાનો વિનાશ કહેવાતો નથી. વળી એક સમયમાં ઉત્પાદ દ્રવ્ય અને ધ્રૌવ્યં યુકત ત્રણ લક્ષણથી એ એવો પર્યાય હોય છે. (૪)

વિવેચન—પર્યાયાર્થિક નયના ચોથા ભેદનું નામ સત્તા ગ્રાહક નિત્ય અશુદ્ધ પર્યાય છે એક સમયમાં પર્યાયતો ઉત્પાદ વ્યય તથા ધ્રૌવ્યરૂપ ત્રણે લક્ષણે કરીને યુકત હોય છે કારણકે ઘટમાં જ્યારે પુર્વપર્યાય શ્યામપણું નષ્ટ થાય છે ત્યારે ઉત્તર પર્યાય રકતપણું ઉત્પન્ન થાય છે હવે અહીંઆ રકત પર્યાયનો ઉત્પાદ શ્યામ પર્યાયનો વ્યય અને ઘટ દ્રવ્યનું ધ્રૌવ્યપણું એ ત્રણે લક્ષણ એક સમયમાં હોય છે, પર્યાય

નું શુદ્ધ સ્વરૂપ સત્તા હોય છે તે સત્તાનું જ્યારે ગ્રહણ થાય છે ત્યારે નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નામનો ચોથો ભેદ સિધ્ધ થાય છે. ખરી રીતે પર્યાયમાં સત્તાનું દર્શન હોય નહિ છતાં અહીંઆ સત્તાને મૂળપણે દેખાડી તેથી તે નિત્ય અશુધ્ધ પર્યાયાર્થિક નય કહેવાયો. (૪)

---

( હવે પાંચમો ભેદ કહે છે. )

પર્યાય અરથો નિત્ય શુધ્ધો
રહિત કર્મો પાધિરે
જેમ સિદ્ધના પર્યાય સરિખા
ભવ જંતુના નિરૂપાધિ રે—બહુ ॥૧॥

ભાવાર્થ—'કર્મો પાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક' નામનો પાંચમો ભેદ કહ્યો છે. ઉદાહરણ તરીકે જેમ સંસારી જીવના પર્યાય સિધ્ધના જીવો જેવા કહેવાય તેમ (૫)

વિવેચન—પર્યાયાર્થિક નયનો પાંચમો ભેદ કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો છે, જે પર્યાયમાં કર્મની ઉપાધિ હોય છતાં તેની વિવક્ષા નહિ કરતાં તેના શુદ્ધ અને

નિત્ય પર્યાયનીજ વિવક્ષા કરવી તે નિત્ત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહેવાયછે. જેમકે સંસારી જીવકર્મની ઉપાધિએ કરીને યુકત હોય છે તોપણ તે કર્મને વિવક્ષા નહિ કરતાં તેની સત્તામાં રહેલા જ્ઞાનં દર્શન ચારિત્રાદિ મૂળ ગુણ જે સિદ્ધના જીવો જેવાજ છે તેનીજ વિવક્ષા કરીએ તો તે કર્મોપાધિરહિત શુદ્ધ પર્યાયાર્થિક નય કહેવાય, ભાવાર્થ એવો છે કે સંસારી જીવને આઠ કર્મ લાગેલા છે અને તેનો વિચાર કરીએ તો જેમ લીલાં લાકડાથી ઉત્પન્ન થએલો ધૂમાડો ઉપાધિ રૂપજ છે તેમ સહજ શુદ્ધ સ્વભાવી આત્મામાં કર્મનિજ ગુણ નહિ હોવાથી ઉપાધિ રૂપજ છે તેથી કરીને જો કે સંસારી જીવ તે કર્મથી યુકત છે તોપણ જ્યારે તે ભવી જીવને કર્મથી રહિત સ્વરૂપમાં વિચારીએ છીએ ત્યારે તે સિદ્ધરૂપ દેખાય છે. તાત્પર્ય એવું સમજવું કે કર્મ રૂપ ઉપાધિભાવને વિવક્ષિત ન ગણીએ અને જ્ઞાનદર્શન ચારિત્રને વિવક્ષિત ગણીએ તો નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો પાંચમો ભેદ સિદ્ધ થાય છે (૫)

---

(હવે છઠો ભેદ કહે છે.)

**પર્યાય અરથ અનિત્ય અશુદ્ધો**
**સાપેક્ષ કર્મોપાધિરે**

સંસારવાસિ . જીવને
જેમ જન્મ મરણ વ્યાધિરે—બહુ ॥૬॥

ભાવાર્થ—છઠો ભેદ 'અનિત્ય અશુદ્ધ પર્યાયાથક' નામનો છે અને તેમાં કર્મોપાધિની અપેક્ષા છે જેમ સંસા- જીવોને અનિત્ય અને અશુદ્ધિ એવો જન્મ મરણનો વ્યાધિ છે તેમ. (૬)

વિવેચન—પાંચમા ભેદથી વિપરીત અર્થવાળો છઠો ભેદ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નામનો છે એટલે પાંચમા ભેદમાં જેમ કર્મોપાધિની વિવક્ષા નહોતી તેમ છઠા ભેદમાં કર્મ ઉપાધિ નીજ વિવક્ષા કરવાની છે. પાંચમા ભેદમાં નિત્ય અને શુદ્ધ મુળ ગુણની અપેક્ષા હતી ત્યારે છઠાભેદ અનિત્ય અને અશુદ્ધ પર્યાયની અપેક્ષા છે. જેવીરીતે સંસારી જીવોના જન્મમરણ કર્મરૂપ ઉપાધિની અપેક્ષાથી છે તથા તેમાં વર્તમાન પર્યાય અનિત્યછે અને કર્મનાસંયોગને લઈને અશુદ્ધપણુ છે તેથી તે અનિત્ય અને અશુદ્ધ પર્યાય કહીશકાયછે માટે કર્મોપાધિની અપેક્ષા વાળો જે અનિત્ય અને અશુદ્ધ પર્યાય હોય તે પર્યાયાર્થિક નયના છઠા ભેદમાં ગણી શકાયછે. (૬)

( હવે નૈગમનય કહે છે. )

બહુમાન ગ્રાહિક કહ્યો નૈગમ
ભેદ તસ છે તીન રે
વર્તમાનારોપ કરવા
ભૂત અર્થે લીનરે—બહુ ॥૭॥

ભાવાર્થ—નૈગમ નય બહુ પ્રમાણ (સામાન્ય વિશેષાદિ) ગૃહ્ય છે અને તેના ત્રણ ભેદ છે. પેલો ભેદ નૈગમ ભૂતાર્થ નામનો છે તે વર્તમાનનું આરોપણ કરવા તત્પર રહે છે. (૭)

વિવેચન—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે મુળ નય અને તેના ભેદ કહ્યા, હવે જે સાત નય છે તેનું ભેદ સહિત વર્ણન કરે છે તેમાં પેલો નૈગમ નામનો નય છે. નૈગમ નય ઘણા પ્રમાણવાળો કહેવાય છે કારણ કે તે સામાન્ય વિશેષાદિ ઘણા પ્રકારના જ્ઞાનને ગ્રહણ કરવા વાળો છે. નૈગમ—નૈકગમે એટલે જેમાં એકજ અર્થનું ગ્રહણ નથી તે. તેમાંથી કકારનો લોપ થવાથી નૈગમ નામ થયું. અર્થાત્ જે અનેક પ્રકારના પ્રમાણને માન્ય રાખે તે નૈગમ આ નૈગમ નયના ત્રણ ભેદ છે તેમાં પેલા ભેદનું નામ ભૂતાદિ

નૈગમ છે તે એટલે જે ભૂત પદાર્થમાં વર્તમાનનું આરોપણ કરવાન તત્પર રહે તે પહેલો ભૂત નૈગમ. (૭)

ભુત નૈગમ કહયો પહેલો
દિવાલી દિન આજરે
યથા સ્વામી વીરે જીનવર
લહિઓ શિવપુર રાજરે—બહુ ॥૮॥

ભાવાર્થ—ભૂત નૈગમ નામનો જે પહેલો ભેદ કહ્યો છે તે સમજવાને ભૂત કાળમાં વર્તમામાનનું એવી રીતે આરોપણ થાય કે જેમ આજે દિવાળીને દિવસે શ્રીવીર પ્રભુ મોક્ષ પદને પામ્યાં. (૮)

વિવેચન—હવે પહેલો ભૂતાદિ નૈગમ નામનો ભેદ સમજવાને દ્રષ્ટાંત કહે છે. શ્રીવીર પ્રભુ જો કે ચોથા આરાને અંતે દિવાળીના દિવસે મોક્ષે ગયા છે તોપણ વર્તમાનકાળે દિવાળીનો દિવસ આવે ત્યારે એમ કહી શકાય છે કે શ્રીવીર પ્રભુ આજે દિવાળીને દિવસે મોક્ષે ગયા, આમાં ભૂતકાળના વિષયમાં વર્તમાનકાળનું આરોપણ થયું, આરોપ તો જે પદાર્થમાં કાળાવચ્છેદનો વિચાર હોય તેમાં થઇ શકે કારણ કે જો એમ ન

આરોપણ થાય અને છીપમાં ચાંદિનું આરોપણ થઈ જાય. માટે વર્તમાનકાળમાં ભુત કાળનું સ્મરણ કરાવે તે ભૂતનૈગમ કહેવાય. જેની પ્રતીતિ અને સંભવ હોય તેને ભૂતકાળમાં વર્તમાનનું આરોપણ થઇ શકે એવું તાત્પર્ય છે. (૮)

( હુવે નૈગમ નયનો બીજો ભેદ કહે છે. )

ભુતવત કહે ભાવિ નૈગમ
ભાવિ જેમ જીન સિદ્ધરે
સિદ્ધવંત છે વર્તમાને
કાંઈ સિદ્ધ અસિધ્ધરે—બહુ ॥૯॥

ભાવાર્થ—જેમ જીનેશ્વર ભગવાનને સિદ્ધ કહી શકાય તેમ ભાવી વાતને ભુતવત માને તે બીજો ભાવિ નૈગમ નામનો ભેદ છે અને ત્રીજો વર્તમાન નૈગમ નામનો ભેદ છે તેમાં સિદ્ધવત આરોપણથી કેવળી સિદ્ધ છે એમ કહેવાય છે. ( ૯ )

વિવેચન—નૈગમનયનો પહેલો ભેદ ભૂત નગમ નામે કહ્યો અને બીજા બે ભેદ કહે છે. બીજો ભેદ ભાવિનૈગમ નામ

નો છે એટલે જે ભવિષ્યમાં થવાનું હોય તેમાં થઇ ગયાનું આરોપણ કરવું તે. જેમકે જીનેશ્વર કેવળી ભગવાન છે. અને તેઓ સિદ્ધ થવાના છે એમ નક્કી છે તેથી તેઓને સિદ્ધ થ-આ અગાઉ સિદ્ધ કહી શકાય છે તેથી બીજો ભેદ ભૂતવત્ ભા-વિનૈગમ સિદ્ધ થાય છે. અને ત્રીજો ભેદ વર્તમાન નૈગમ છે તેનો અર્થ ભાવિમાં વર્તમાનનું આરોપણ કરવું તે થાય છે જેમકે તેરમા ગુણ સ્થાનકે વર્તતા એવા કેવળીને વર્તમાન સિદ્ધ તરીકે કહી શકાય છે. ભાવાર્થ એવો છે કે વર્તમાન કાળમાં જીન અવસ્થા છે, થોડા કાળ પછી તેઓ સિદ્ધ અવ-સ્થાને પ્રાપ્ત થવાના છે જો કે વર્તમાન જીન અવસ્થામાં સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થઇ નથી તો પણ આરોપથી કેવળી સિદ્ધ છે એમ કહીશકાય છે, આ અપેક્ષાથી જીનેંદ્ર ભગવાન કેટલેક અંશે સિદ્ધ અને કેટલેક અંશે અસિદ્ધ એમ સિદ્ધાસિદ્ધ રૂપ છે તોપણ વર્તમાન નગમથી તેને સિદ્ધ સમાનજ સમજવા જોઇએ. (૯)

---

(નૈગમ નયનું વળી ઉદાહરણ આપે છે)

**ભાષિયે જીમ ભક્ત પચિયે**
**વર્તમાના રોપ રે**

કરે કિરિયા ભૂત લેઇ
ભૂત વચન વિલોપરે—બહુ ॥૧૦॥

**ભાવાર્થ**—વર્તમાનના આરોપણથી જેમ ( કાંઇક રાંધેલું હોય તોપણ) એમ કહેવાય છે કે રસોઈ રાંધી છે. આમાં ભૂત ક્રિયા ને ગ્રહણ કરીને ભુતકાલિક વચનનો નાશ થાય છે. (૧૦)

**વિવેચન**—વર્તમાન નૈગમ ઉદાહરણથી સમજાવે છે. આરોપ કરવાથી ભૂત અને ભાવિ બંને વર્તમાન પણાને પ્રાપ્ત થઇ જાય છે. જેમકે એમ કહેવાય છે કે રસોઇ રંધાય છે. આમ કહેવામાં તો વર્તમાનકાળનીજ પ્રતીતિ થાય છે તોપણ તેજ વખતે રસોઈનો કાંઈક ભાગ રંધાએલો છે અને કાંઇક ભાગ હજુ પાકેલો નથી તેમ છતાં પૂર્વાપર અવયવ ભુતક્રિયા સમુહ ને ગ્રહણ કરીને એમ કહી શકાય કે રસોઇ રંધાયછે પણ રસોઇ રંધા ગઇ એમ તે વખતે કહી શકાશે નહિ, નૈયાયિક તો અંતિમ ક્રિયાના નાશ સુધી વર્તમાનપણું માને છે અને કહે છે કે ર સોઈનો કાંઈક અંશ પકવ છે અને કાંઈક અંશ અપકવ છે તેથી તેવી સ્થિતિમાં ‘ રસોઇ રંધાય છે ’ એમજ કહી શકાય આમ માનવું ભુલ ભરેલું છે કારણ કે છેલામાં છેલી ક્રિયાતો

હજુ થએલી હોતી નથી માટે તે સ્થળે તો ભાવિ નૈગમથી વર્તમાનનું આરોપણુજ શ્રેષ્ટ સમજવું જોઇએ માટે ભૂત ક્રિયા લાવીને ભૂત વાકયનો લોપ કરવો તે અયોગ્ય છે. (૧૦)

---

( હવે સંગ્રહ નય કહે છે. )

સંગ્રહે નય સંગ્રહો
તે દ્વિવિધ ઓઘ વિશેષ રે
દ્રવ્ય સવિ અવિરોધિયા જેમ
તથા જીવ અશેષ રે—બહુ ॥ ૧૧॥

ભાવાર્થ—જે સંગ્રહે તે સંગ્રહનય કહેવાય તેના સામાન્ય અને વિશેષ એવા બે ભેદ છે, સઘળા દ્રવ્ય અવિરોધ સ્વભાવવાળા છે એમ કહેવું તે સામાન્ય સંગ્રહ અને સઘળા જીવ અવિરોધિ સ્વભાવવાળા છે એમ કહેવું તે વિશેષ સંગ્રહ (૧૧)

વિવેચન—જે વસ્તુ પદાર્થનો સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય. તેના બે ભેદ છે (૧) સામાન્ય સંગ્રહ અને (૨) વિશેષ

સંગ્રહ. આ ઉદાહરણ એવું છે કે ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્ય એક બીજાની સાથે અવિરોધિપણે વર્તે છે. કારણ કે એક દ્રવ્યના સદ્‌ભાવમાં છએ દ્રવ્યની પ્રાપ્તી થાય છે માટે તે સામાન્ય સંગ્રહ ભેદ કહેવાય અને જ્યારે એમ કહેવાય કે સર્વે જીવો અવિરોધિ છે તથા સંસારી અને સિદ્ધના જીવો અનંત છે, ચૈતન્ય લક્ષણ યુકત હોય તે જીવ કહેવાય, એ જીવના પાંચસેં ત્રેસઠ ભેદ થાય છે છતાં સઘળા જીવો અવિરોધિ છે અર્થાત જીવને ધારણ કરવામાં કોઇ પણ જીવને વિરોધ નથી આવતો. આ પ્રમાણે છ દ્રવ્યમાંથી એક જીવ દ્રવ્ય વિશેષનું ગ્રહણ કરવાથી બીજો ભેદ સિધ્ધ થાય છે.

સામાન્ય માત્રને ગ્રહણ કરવા વાળું જે જ્ઞાન તે સંગૃહ કહેવાય, એટલે જેમાં સંપુર્ણ વિશેષોનું રહિત પણું હોય તે સામાન્ય કહેવાય. અથવા જે એકીભાવથી પિન્ડી ભૂત વિશેષ સમુહને ગૃહણ કરે તે સંગૃહ સમજવું એટલે પોતપોતાની જાતીને જે ઈષ્ટ છે તે દ્વારા સંપુર્ણવિશેષોનું જે એકજ રૂપથી ગ્રહણ કરાય તે સંગ્રહ. એવા સંગ્રહ નયના બે ભેદ છે. (૧) પરસંગ્રહ અને (૨) અપર સંગ્રહ તેમાં જે સંપૂર્ણ વિશેષોથી ઉદાસીન રહીને માત્ર સત્તાનેજ શુદ્ધ દ્રવ્ય માને તે પરસંગ્રહ કહેવાય, જેમકે સંસાર સત્‌પણાને લીધે એક છે અને સત્‌પણામાં વિશેષ

નહિ હોવાથી અથવા સત્તારૂપ જ્ઞાન તો સઘળા પદાર્થમાં છેજ એમ માનવાથી જ્ઞાન સઘળા પદાર્થોમાં છે તેથી સર્વત્ર સત્તારૂપ એકત્વ છે અને સત્તારૂપ એકત્વથી સઘળા પદાર્થોનો સંગ્રહ થાય છે. તાત્પર્ય એવું છે કે પરસંગ્રહમાં એક સતરૂપપણાને ગ્રહણ કરવાથી જગતના સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ થાય છે અને સંગ્રહ નયના અનુસારે આ સંપૂર્ણ વિશ્વ સત્ સ્વરૂપથી એક કહેવાય છે. (૧૧)

---

(હવે વ્યવહાર નય અને તેના ભેદ કહે છે)

વ્યવહાર સંગ્રહ વિષય ભેદક
તેમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે
દ્રવ્ય જીવાજીવ ભાવે
જીવ ભવિયા સિદ્ધ રે—બહુ ॥૧૨॥

ભાવાર્થ—સંગ્રહ નયના વિષયનો ભેદ દર્શાવનાર વ્યવહાર નય કહેવાય છે. તેના પણ સંગ્રહ નયની પેઠે બે ભેદ છે (૧) સામાન્ય એટલે જીવાજીવ દ્રવ્ય છે અને (૨) વિશેષ એટલે જીવમાં સંસારી અને સિદ્ધ પણ છે. (૧૨)

**વિવેચન**—સંગ્રહ નયના ભેદક વિષયને દર્શાવનાર વ્યવહાર નય કહેવાય છે. જેના દ્વારાએ સંગૃહ નયના વિષયનો વ્યવહાર થાય તે વ્યવહાર નયનાપણ બે પ્રકાર છે (૧) સામાન્ય સંગૃહ નયનો ભેદક વ્યવહાર નય અને (૨) વિશેષ સંગ્રહનો ભેદક વ્યવહાર નય છે. હવે બે ભેદને માટે ઉદાહરણ કહે છે. સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર નયનું ઉદાહરણ એવું છે કે જીવ અને અજીવ એવા બે દ્રવ્ય છે. કોઇ કહેશે કે જીવ અને અજીવ બંને પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળા છે છતાં બંનેની દ્રવ્ય સંજ્ઞા કેમ થઇ શકે? તેના જવાબમાં સમજવાનું છે કે દ્રવ્યનો અર્થ એવો છે કે જે અનેક પર્યાયમાં પ્રાપ્ત થઈ જાય તે દ્રવ્ય અને તેપ્રમાણે જીવ અને અજીવ બંને સાધારણ દ્રવ્યપદથી ગ્રહણ કરાયછે જેમકે જીવના દેવ મનુષ્ય તિર્યંચ નારકી વિગેરે પર્યાયો છે તેમ અજીવ સુવર્ણ મૃત્તિકાદિ દ્રવ્ય પણ ઘટ, કુંડળ, શરાબ આદિ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. જીવ અને અજીવ બંનેના પર્યાયોમાં દ્રવ્ય અનુગત છે. માટે દ્રવ્ય એવું પદ જીવ અજીવ બંનેને માટે સામાન્ય સંગ્રહ છે. માટે પ્રથમ ભેદ સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહારનય સમજવો. બીજો ભેદ વિશેષ સંગ્રહ ભેદક વ્યવહાર નય કહ્યો છે તેનું તાત્પર્ય એવું છે કે જીવ દ્રવ્યના સંસારી

અને સિદ્ધ એવા બે ભેદ પાડતાં સામાન્યમાં વિશેષ વ્યવહાર નય થાય છે. આમાં પણ સંસારી જીવને સામાન્ય માની તેના દેવ મનુષ્ય તિર્યંચ વિગેરે વિશેષ ભેદ થઇ શકે. દેવને સામાન્ય ગણી વૈમાનિક વિગેરે ચાર ને વિશેષ વ્યવહાર કહેવાય. એવી રીતે ઉત્તરોત્તર વિવક્ષાને અનુસારે સામાન્ય વિશેષની ભાવના કરતા જવી જોઇએ. આ વ્યવહાર નયનું એવું પ્રયોજન છે કે સામાન્ય સંગ્રહથી વ્યવહાર ચાલી શકતો નથી. કેમકે દ્રવ્યને પર્યાય વગર કેવળ દ્રવ્ય ગણવાથી લોક વ્યવહાર ચાલી શકતો નથી માટે "દ્રવ્ય લાવો" એમ કહેવાથી એવી આકાંક્ષા જરૂર થાય છે કે કયું દ્રવ્ય? જીવ કે અજીવ? જીવમાં પણ સંસારી કે સિદ્ધ? સંસારીમાં મનુષ્ય દેવ વિગેરે એમ ઉત્તરોત્તર પર્યાયો થઇ શકે. આજ રીતે સર્વત્ર સામાન્ય વિશેષ ભાવની વ્યવસ્થા સમજી લેવી. (૧૨)

(હવે ઋજુસુત્ર નય કહે છે)

વર્ત્તતો ઋજુસુત્ર ભાસે
અર્થ નિજ અનુકૂળરે

ક્ષણિક પર્યાય કહે સુષિમ
મનુષ્યાદિક સ્થૂલરે—બહુ ॥૧૩॥

**ભાવાર્થ-વર્તમાને વર્તતો પોતાને અનુકુળ અર્થ ભાસે તે ઋજુસુત્ર નય કહેવાય છે તેના બે ભેદ (૧) સૂક્ષ્મ ઋજુ સૂત્ર તે ક્ષણિક પર્યાયને માને અને (૨) સ્થૂલ ઋજુસુત્ર તે મનુષ્યાદિકભવ આશ્રી પર્યાય સ્થુલપણે માને છે. (૧૩)**

**વિવેચન**-હવે ચોથો ઋજુસૂત્ર નય કહે છે. ઋજુસૂત્ર નય નિશ્ચયપણે ભૂત ભવિષ્યથી રહિત કેવળ વર્તમાનકાળનોજ સ્વિકાર કરે છે. તેમાં પણ પોતાના આત્માને અનુકૂળ કાર્યના પ્રત્યયને માને છે. પણ પર પ્રત્યયને માને નહિ. તેના બે ભેદ કહ્યા છે (૧) સૂક્ષ્મ ઋજુ સૂત્ર એટલે તે સૂક્ષ્મ પર્યાયને માને છે. કેમકે આ નયની અપેક્ષાએ સર્વ પર્યાય ક્ષણિક છે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ દરેક પદાર્થમાં ક્ષણે ક્ષણે થાય છે અને તેથી વર્તમાન કાળે જે પર્યાયની સ્થિતિ વર્તતિ હોય તેને આ નય ગ્રહણ કરે છે. અન્યની અપેક્ષાથી અવસ્થાન્તરનો ભેદ હોવાથી નિજ વર્તમાન પણે તો પર્યાયની ક્ષણિક સ્થાયિકતા માનવી એજ ઉચિત છે માટે જે પર્યાય વર્તમાન કાળે વર્તતો હોય તેજ અનુકૂળ વર્તમાન પર્યાયને ગ્રહણ કરે તે

સૂક્ષ્મ રૂજુ સૂત્ર અને (૨) સ્થૂલ રૂજુ સૂત્રનો અર્થ એવો છે કે તે સ્થુલપણે વર્તમાન મનુષ્યાદિ પર્યાયને માને છે, પણ અતીત અને અનાગત નારક તિર્યંચ આદિ પર્યાયોને માને નહી. વ્યવહાવાર નય છે તે તો ત્રણે કાળના પર્યાયને ગ્રહણ કરે છે તેથી કરીને સ્થુલ ઋજુ સૂત્ર નયની સાથે વ્યવહાર નયનો સંકર દોષ થાય છે એમ સમજવું નહિ. કેમકે ભુત ભવિષ્ય ની કડાકૂટથી રહિત એવા સરલ કેવળ વર્તમાન ક્ષણ સ્થાપિ પર્યાય માત્ર સૂચિત કરવા રૂપ જે નયનો મુખ્ય અભિપ્રાય છે તેનેજ ઋજુ સૂત્ર કહે છે (૧૩)

(હવે શબ્દ નય અને સમભિરૂઢ નય કહે છે.)

શબ્દ પ્રકૃતિ પ્રત્યયાદિ
સિધ્ધ માને શબ્દ રે
સમભિરૂઢ વિભિન્ન અર્થક
કહે ભિન્નજ શબ્દરે—બહુ ॥૧૪॥

ભાવાર્થ—પ્રકૃતિ, પ્રત્યય ધાતુ આદિથી જે શબ્દ સિદ્ધ હોય તેને પાંચમો શબ્દનય માને છે. અને છઠો સમભિરૂઢ

નયનું એવું માનવું છે કે જે ભિન્ન શબ્દ હોય તેનો અર્થ પણ ભિન્ન હોય. (૧૪)

**વિવેચન**—પાંચમો શબ્દનય તો પ્રકૃતિ, પ્રત્યય અને ધાતુ વડે જે શબ્દ સિદ્ધ થતો હોય તેનેજ ગ્રહણ કરે છે અને લિંગ, વચન તથા ધાતુ આદિના ભેદથી અર્થનો પણ ભેદ માને છે જેમ તટ નરજાતિ, તટી નારીજાતિ અને તટમ્ એ નાન્યતર જાતિ એમ રૂપ થાય છે. હવે અહિંઆ ત્રણે લીંગમા શબ્દ સ્વરૂપનો ભેદ થવાથી અર્થનો ભેદ થઇ જાય છે. અને આપઃતથા જલ એ બંને શબ્દોનો અર્થ જોકે એકજ છે તો પણ અપ્ શબ્દ સ્ત્રી લીંગી અને નિત્ય બહુ વચન છે, જળ નપુંસક લિંગી અને એક વચન છે તેથી બહુ વચન અને એક વચનના ભેદથી અર્થ ભેદ છે. શબ્દ નય ઋજુસૂત્ર નયને કહેછે કે જો તમે કાળના ભેદથી પદાર્થનો ભેદ માનોછો તો લિંગ વચન આદિના ભેદથી ઉપસ્થિત જે પદાર્થ ભેદ છે તેને કેમ નથી માનતા.? અરૂપી પદાર્થ પણ વચનથી કહી શકાતા નથી છતાં તેની અમુક સંજ્ઞા કરીને કથન થાય છે. તેનો શબ્દ નયમાંજ સમાવેશ થાય છે. છઠા સમભિરૂઢ નયનો અર્થ એવો છે કે તે શબ્દને ભિન્ન માને છે અને અર્થને પણ ભિન્ન માને છે કારણકે શબ્દનો ભેદ થવાથી અર્થનો પણ

ભેદ થઇ જાય છે. આ પ્રમાણે માનીને સમભિરૂઢ નય શબ્દ નયને કહે છે કે જો તમે લિંગાદિક ભેદથી અર્થ ભેદ માનો છો તો શબ્દ ભેદથી અર્થ ભેદને કેમ નથી માનતા? જુઓ કે ઘટ શબ્દ ભિન્ન અર્થવાચક છે અને કુંભ શબ્દ ભિન્ન અર્થવાચક છે. કેમકે શબ્દ ભેદથી ઘટ અને કુંભના અર્થમાં ભેદ છે અને શબ્દ તથા અર્થની જે એકતા દેખાય છે તે શબ્દ આદિ નયની વાસનાને લીધે છે અર્થાત્ તે એકતાતો શબ્દ નયનોજ ભેદ છે. સમભિરૂઢ નયનું લક્ષણ એવું છે કે તે પર્યાય શબ્દોમાં વ્યુત્પત્તિના ભેદને આરૂઢ કરે છે જેમકે શક્રની વ્યુત્પત્તિ ઐશ્વય સંયુકત અર્થને સૂચવે છે. (शक्नोति इति शक्र) ( इन्दति ऐश्वर्यं प्राप्नोतीति इन्द्र ) આ પ્રમાણે વ્યુત્પત્તિ પરથી જે અર્થ નિકળે તે સમભિરૂઢ માન્ય રાખે છે શબ્દ નયતો પર્યાયના અભેદમાં પણ લિંગવચન આદિના નિમિ-તથી અર્થ ભેદ માને છે અને સમભિરૂઢ નય તો પર્યાયના ભેદમાં ભિન્ન ભિન્ન અર્થનો સ્વિકાર કરે છે જેમકે કુંભ અને ઘટનું આગળ દ્રષ્ટાંત આપ્યું છે. તેમ અને અભેદ પર્યાય વાચક શબ્દોનો જે અર્થ નિષ્ટ અભેદ છે તે તો અર્થથી જણાઇ આવે છે જેમકે શક્ર, ઇંદ્ર આદિ શબ્દોનો તે તે કાર્યમાં ભેદ રહે છે તો પણ તેઓનો શચીપતિ એવો એકજ અર્થ થાય છે. (૧૪)

(હવે સાતમો એવંભુત નય કહે છે)

ક્રિયા પરિણુત અર્થ માને
સર્વ એવં ભૂત રે
નવે નયના ભેદ એણીપેરે
અઠાવીસ પ્રભૂત રે—બહુ॥૧૫॥

ભાવાર્થ—પરિણુત ક્રિયાની વખતે જે અર્થ થાય તે માને તે સાતમો એવંભુત નય છે આવી રીતે નવે નયના અઠાવીસ ભેદ થાય છે. (૧૫)

વિવેચન—હવે સાતમા એવંભુત નયનું સ્વરૂપ કહે છે. એવંભુત નય તો જે વખતે જે ક્રિયા જે પરિણામને પામેલી હોય તે પરિણામની સ્થિતિને માન્ય રાખે છે જેમ કે રાજા જ્યારે સિંહાસને બેઠો હોય, છત્ર ચામરે કરીને સંયુકત હોય ત્યારે તેને રાજા કહે પણ સામાન્ય મનુષ્યની સ્થિતિમાં હોય ત્યારે તેને રાજા કહે નહિ. સમભિરૂઢ અને એવંભૂત એ બેમાં એવો ભેદ જણાય છે કે સમભિરૂઢ તો રાજા શબ્દના અર્થથી તેને ગમે તે વખતે રાજા તરીકે ગ્રહણ કરે છે અને એવંભૂતનય તો રાજાપણાના સાહિત્યરૂપ

ક્રિયામાં જ્યારે પરિણત હોય ત્યારે રાજા કહે છે પણ સ્નાન કરતો હોય અને કાંઇ રાજાપણાનું સાહિત્ય ન હોય ત્યારે રાજા કહે નહિ મતલબ કે જેમાં ક્રિયાનું પ્રધાનપણું હોય તેને એવંભૂત નય માન્ય રાખે છે અને જાતિ, ગુણ, સંજ્ઞા, દ્રવ્ય તથા ક્રિયા એમ પાંચ પ્રકારે જે શબ્દની પ્રવૃત્તિ કહેલી છે તે તો કેવળ વ્યવહાર નયથીજ છે પણ નિશ્ચય નયથી નથી એવું આ નયનું માનવું છે. તાત્પર્ય એવું છે કે શબ્દની તો ક્રિયા વાચકતાને અનુસાર પ્રવૃતિ હોવી જોઇએ કારણ કે ઇંદ્ર ઐશ્વર્ય યુકત હોય છે છતાં જ્યારે તે ઐશ્વર્યનો અનુભવ કરતો હોય ત્યારેજ તેને ઇંદ્ર કહી શકાય. આપ્રમાણેનવે નયના અઠાવીસ ભેદ કહ્યા છે જેમકે દ્રવ્યાર્થિક ના દશ ભેદ, પર્યાયાર્થિકના છ ભેદ, નૈગમના ત્રણ, સંગ્રહના બે, વ્યવહારના બે, ૠજુ સૂત્રના બે, શબ્દનો એક, સમભિરૂઢ નો એક અને એવં ભુતનો એક એમ અઠાવીસ ભેદ સંક્ષેપથી કહ્યા છે. (૧૫)

---

(હવે નવે નયની સમાપ્તિ કહે છે)

**નવેનય એમ કહ્યા ઉપ નય**

તીન કહીયે સારરે
સાચડો શ્રુત અરથ પરખી
લહો યશ વિસ્તારરે—બહુ ॥ ૧૬ ॥

ભાવાર્થ— એ પ્રમાણે શાસ્ત્રના સાર ભુત એવા નવ નય અને ત્રણ ઉપનય કહ્યા છે તે અનુસાર આગળ સત્ય અર્થ સમજી તેના વિસ્તારને પ્રાપ્ત કરો અથવા કીર્તિનો વિસ્તાર કરો. (૧૬)

વિવેચન—એ પ્રમાણે નવ નય અને તેના ભેદનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું છે જૈન શાસ્ત્રોમાં આ નવ નય અને ત્રણ ઉપનય (જે આગળ કહેવાશે) મુખ્ય વિષય તરીકે ગણાય છે, તેનું સ્વરૂપ સમજવાથી પદાર્થનું સ્વરૂપ યથાર્થપણે સમજી શકાય છે માટે તે બહુજ ઉપયોગી છે આવશ્યક નિર્યુકતમાં કહ્યું છે કે "દ્રષ્ટિવાદ નામના અંગમાં સુત્ર અને અથ કહેવાને માટે આ નયનુંજ પ્રરૂપણ છે" માટે તે ઘણું સાર ભૂત છે. તેથી શ્રુત શાસ્ત્રનો સત્ય અર્થ સમજી બહુ શ્રુત પણાના યશનો વિસ્તાર પામો.

## ઢાળ સાતમી.

ચક્ર ઉપનું સાર રે—એ દેશી.

હવે ઉપનય અને તેના ભેદ કહે છે.

સદ્ભૂત વ્યવહાર, ભેદ પ્રથમ તિહાં
ધર્મ ધર્મીના ભેદથી એ ॥૧॥

શુદ્ધ અશુદ્ધ દ્વિભેદ, શુદ્ધ અશુદ્ધના
નેહ અરથના ભેદથી એ ॥૨॥

ભાવાર્થ—ત્રણ ઉપનયમાં પહેલો સદ્ભૂત વ્યવહાર કહ્યો છે. અને તે ધર્મ અને ધર્મીના ભેદને દેખાડે છે. એના વળી બે ભેદ છે (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ તે અર્થના ભેદથી કહેવાય છે.

વિવેચન—આગળની ઢાળમાં નવ નય અને તેના ભેદ કહ્યા. હવે ત્રણ ઉપનયનું નિવારણ કરે છે. એ ત્રણ નયમાં પહેલો નય સદ્ભૂત વ્યવહાર નામનો છે. ધર્મ અને ધર્મી વચ્ચે

જે નયની સમીપમાંજ રહે તે ઉપનય કહેવાય છે. ને હુવે પ હેલા સદ્ભૂત વ્યવહારમાં જે ધર્મ અને ધર્મીની વચમાં અ સાધારણ કારણ રૂપ છે તે ધર્મ કહેવાય છે, અને એ ધર્મ જેનો હોય તે ધર્મી કહેવાય. હુવે ધર્મ અને ધર્મીના ભેદથી ઉત્પન્ન થએલો સદ્ભૂત વ્યવહાર નામનો પહેલો ભેદ છે તેના પણ બે પ્રકાર કહેલા છે શુદ્ધ અને અશુદ્ધ. જે શુદ્ધ ધર્મ અને શુદ્ધ ધર્મીના વ્યવહારથી ઉત્પન્ન થાય તે શુદ્ધ સદ્ભુત વ્યવહાર કહેવાય અને જે અશુદ્ધ ધર્મીના વ્યવહારથી ઉત્પન્ન થાય તે અશુદ્ધ વ્યવહાર કહેવાય છે. સદ્ભુત તો એક દ્રવ્યજ છે તેમાં ભિન્ન દ્રવ્યના સંયોગની અપેક્ષા નથી. અને જે વ્યવહાર છે તેમાં ભિન્ન દ્રવ્યના સંયોગની અપેક્ષા રહેલી છે આ પ્રમાણે સદ્ભૂત વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિ અથવા અર્થ થાય છે. (૨)

---

(હવે શુદ્ધ સદ્ભુત વ્યવહારનું ઉદાહરણ કહે છે.)

જેમ જગ કેવળ જ્ઞાન, આતમ દ્રવ્યનું
મઇ નાણાદિક તેહનું એ ॥ ૩ ॥

ગુણ પર્યાય સ્વભાવ, કારક તન્યનો
અરથ ભેદ છે એહનો એ. ॥ ૪ ॥

ભાવાર્થ—જેવીરીતે સંસારમાં કેવળ જ્ઞાન એ આત્મ દ્રવ્યનો એક ગુણ છે તેવીજ રીતે મતિજ્ઞાનાદિ પણ આત્માનાજ ગુણ છે. (૩) ગુણ ગુણી, પર્યાય પર્યાયિ, સ્વભાવ અને સ્વભાવી, કારક અને કારકવાન, એ સઘળા દ્રવ્યના અનુગત ભેદ છે અને તે ઉપનય નો અથ જાણવો. (૪)

વિવેચન—શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનું ઉદાહરણ કહે છે. જેમકે કેવળ જ્ઞાન છે તે શુદ્ધ ગુણ છે એથી પરમ શુદ્ધ બીજું કશું નથી અને એ શુધ્ધ ગુણ તે આત્માનો છે હવે તેવીજ રીતે મતિ જ્ઞાનાદિક બીજા જે અશુદ્ધ ગુણો છે તે પણ આત્માનાજ છે. કેવળ જ્ઞાન છે તે શુદ્ધ આત્મા છે માટે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર સમજવો અને કેવળ જ્ઞાનના આવરણ સહિત એવું જે મતિ જ્ઞાન છે તે શુદ્ધ આત્મિક દ્રવ્ય નથી. વ્યવહારથી આત્માનો તે પણ ગુણ છે માટે તે અશુદ્ધ સદ્ભુત વ્યવહાર સમજવો. (૩) રૂપ છે તે ગુણ છે અને ઘટ છે તે ગુણી છે- મુદ્રા કુંડલ વિગેરે પર્યાય છે અને સુવર્ણ પર્યાયિ છે. જ્ઞાન સ્વભાવ છે અને જ્ઞાનને ધારણ કરનારો જીવ તે સ્વ

ભાવિ છે. ચક્રદંડ વિગેરે કારક છે અને કારકવાન અથવા કારકી કુંભાર છે, અથવા બીજી રીતે ગુણ ગુણી, ક્રિયા ક્રિયાવાન, જાતિ વ્યક્તિ, તથા નિત્ય અને તેનું વિશેષ એ બધા એક દ્રવ્યના અનુગત ભેદ કહેવાય છે. અને તે સર્વ ઉપનયનોજ અર્થ સમજવો. અવયવ આદિ અનુક્રમે અવયવી આદીના આ શ્રયે રહે છે પણ જ્યાં સુધી નાશ નથી થતો ત્યાં સુધી અવ યવ અવયવીને આશ્રીને રહે છે પણ વિનાશને પ્રાપ્ત થાય છે ત્યારે તો અનાશ્રિત પણેજ રહે છે. (૪)

---

(હવે બીજો અસદ્ભુત વ્યવહાર નામનો ભેદ કહે છે)

અસદ્ભુત વ્યવહાર, પર પરિણુતિ ભલે
દ્રવ્યાદિક ઉપચારથીએ—॥ ૫ ॥
દ્રવ્યે દ્રવ્ય ઉપચાર, પુદગલ જીવને
જીમ કહીયે જીન આગમે એ ॥ ૬ ॥

ભાવાર્થ—દ્રવ્યાદિકના ઉપચારથી પરદ્રવ્યના પરિણમન સંસર્ગથી ઉત્પન્ન થએલો અસદ્ભુત વ્યવહાર સમજવો (૫) પ્રથમ ભેદ–જીન આગમમાં કહ્યા પ્રમાણે પુદ્ગલમાં જીવને માનવો તે દ્રવ્યે દ્રવ્યનો ઉપચાર છે. (૬)

વિવેચન-હુવે બીજો ઉપનય જે અસદ્દભૂત વ્યવહાર તે કહે છે અર્થાત્ જે ધર્મ અધર્માદિ દ્રવ્ય તેના ઉપચારથી જે પર વસ્તુનું પરિણમન છે તે પરિણમનના સંસર્ગથી ઉત્પન્ન થએલ અસદ્દભૂત વ્યવહાર કહેવાય છે. જેમકે આત્મા શુદ્ધ સ્ફટિકમણી સમાન છે તે આત્મભાવથી પર વસ્તુ કર્મ છે અને તે કર્મ પુદ્દગલની પરિણુતિ પંચ વર્ણાદિ રૌદ્રાત્મિકા છે. એ પંચ વર્ણ રૌદ્ર સ્વરૂપ પરિણુતિનો સંબંધ જીવ પ્રદેશનો સંસર્ગ થવો તે છે એવી રીતે પર પરિણુતિ જન્ય અસદ્દભૂત વ્યવહાર નામનો બીજો ભેદ કહ્યો છે. અને તે અસદ્દભૂત વ્યવહાર નવ પ્રકારે છે. તેના નામ (૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર (૨) ગુણમાં ગુણનો ઉપચાર (૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર (૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર (૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર (૬) ગુણમા દ્રવ્યનો ઉપચાર (૭) ગુણમાં પર્યાયનો ઉપચાર (૮) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર (૯) પર્યાયમાં ગુણનો ઉપચાર આ સર્વ ભેદ અસદ્દભુત વ્યવહારના હોવાથી તેમાં અસદ્દભુત વ્યવહારનો અર્થ સમજવો જોઇએ. અસદ્દભુતમાં ઉપચાર અંતરગત હોવાથી તેને જુદો નય ગણ્યો નથી. કેમકે મુખ્યના અભાવમાં પ્રયોજન તથા નિમિત્તમાં ઉપચારની પ્રવૃત્તિ હોયછે અને એ ઉપચારપણ એક વ્યાપ્તિરૂપ

સંબંધ છે. જેમ પરિણામ પરિણામિ ભાવ સંબંધ, શ્રદ્ધા શ્રદ્ધેય ભાવ સંબંધ, તથા જ્ઞાન જ્ઞેયભાવ સંબંધ, જેથી ભેદના ઉપચારથી વસ્તુનો વ્યવહાર કરવામાં આવે તે વ્યવહાર કહેવાય છે જેમ ગુણ ગુણીનો વ્યવહાર, સંજ્ઞા સંજ્ઞીનો, સ્વભાવ અને સ્વભાવવાળાનો, કારક અને કારકીનો તથા ક્રિયા અને ક્રિયાવાંનનો પરસ્પર ભેદ હોય તોપણ તે અભેદજ દર્શાવે છે તે સદ્‌ભૂત વ્યવહાર છે અને શુદ્ધ ગુણ ગુણી, તથા શુદ્ધ દ્રવ્ય અને પર્યાયના ભેદનું કથન છે તે શુદ્ધ સદ્‌ભુત વ્યવહાર છે તેમાં પણ જે ઉપાધિ સહિત ગુણ ગુણીના ભેદ વિષય છે તે ઉપચરિત સદ્‌ભુત વ્યવહાર છે. જેમકે જીવનો મતિજ્ઞાન આદિગુણ છે. અને ઉપાધિ રહિત ગુણ ગુણીના ભેદનું કથન કરે તે અનુપચરિત સદ્‌ભુત વ્યવહાર છે જેમકે જીવના કેવળ જ્ઞાનાદિ ગુણ છે એટલે પૂર્વમાં જીવ કર્મ આદિ ઉપાધિ સહિત છે અને અંતમાં જીવ કર્માદિ ઉપાધિ રહિત વિવક્ષિત છે. તેથી કેવળ જ્ઞાન આદિ તેના ગુણોનો ભેદ અનુપચરિત સદ્‌ભુત ઉપનયથી દર્શાવેલ છે.તથા અશુદ્ધ ગુણ અને ગુણી અને અશુદ્ધ દ્રવ્ય પર્યાયના ભેદનું જે કથન છે તે અશુદ્ધ સદ્‌ભુત વ્યવહાર છે. એ પ્રમાણે બીજા પણ પ્રયોગ અનુસારે સમજી લેવું. (૫) હવે અસદ્‌ ભુત વ્યવહાર

ના નવભેદ વિવરીને કહેછે,તેમાં પહેલોભેદ દ્રવ્યમાંદ્રવ્યનો ઉપચારએ નામનો છે. ગુણ પર્યાય સંયુકત જે દ્રવ્ય તેમાં બીજા દ્રવ્યનો ઉપચાર કરવોતે દ્રવ્યમાંદ્રવ્યનો ઉપચાર કહેવાય જેમકે શ્રીજીનઆગમ માં પુદ્ગલ અને જીવની એકતા છે. અર્થાત્ જીવ પુદ્ગલ રૂપ છે. હવે જીવ અને પુદ્ગલ બંને દ્રવ્ય છે તેથી દ્રવ્યમાં દ્રવ્ય નો ઉપચાર થવાથી જીવ પુદગલમય કહેવાય છે. એમ અસદ્ભુત વ્યવહારથી મનાયછે. જો કે પરમાર્થથી તો તેમ નથી. વધારે સ્પષ્ટ રીતે સમજવાનું ક્ષીરનીરનું દૃષ્ટાંત કહ્યું છે જેમ કે પાણી રહીત દૂધ કહેવાય છે અને પાણી સહિત દુધ હોય તો પણ તેને દુધજ કહેવાય છે. એવીજ રીતે અહીંઆ પણ જીવ દ્રવ્યમાં પુદગલ દ્રવ્યનો ઉપચાર કહ્યો છે. તાત્પય એવું છે કે પાણી દુધમાં મળવાથી દુધ રૂપ થઇ જાય છે અને દુધના નામથીજ તેનું ગ્રહણ થાય છે તેવીજરીતે જીવ પુદ્ગલ સાથે મળી જવાથી પુદ્ગલ રૂપ સમજાય છે માટે દ્રવ્ય માં દ્રવ્યનો ઉપચાર થવાથી તે અસદ્ ભુત વ્યવહારનો પહેલો ભેદ કહેવાય છે ( ૬ )

(હવે બીજો અને ત્રીજો ભેદ કહે છે)

**કાલી લેશ્યા ભાવ, શ્યામ ગુણે ભલી**
**ગુણ ઉપચાર ગુણે કહો એ ॥૭॥**

પર્યાયે પર્યાય, ઉપચારે વલી
હયગય ખંધ યથા કહ્યા એ ॥૮॥

ભાવાર્થ—ભાવ લેશ્યા આત્માનો અરૂપી ગુણ છે તો પણ તેને કૃષ્ણ નીલાદિક કાળી લેશ્યા કહેવાય છે અને તે કાળાપણું પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે તેથી આત્મ ગુણમાં પુદ્ગલ ગુણનો ઉપચાર થયો (૭) પર્યાયમાં પર્યાયનો ઉપચાર તે ત્રીજો ભેદ, જેમકે આત્મ દ્રવ્ય પર્યાયના જેવડાજ ઘોડા અને હાથી ના પર્યાય સ્કંધ થાય છે. (૮)

વિવેચન—અસદ્દ ભૂત વ્યવહારનો બીજો ભેદ ગુણમાં ગુણનો ઉપચાર કરવો તે છે. ગુણ છે તે રૂપ વિગેરે છે તેમાં બીજા ગુણનો આરોપ કરવો તે ગુણમાં ગુણનો ઉપચાર કહેવાય. જેમકે ભાવ લેશ્યામાં દ્રવ્ય લેશ્યાનો ઉપચાર થાય છે એટલે ભાવ લેશ્યા છે તે આત્માનો અરૂપી ગુણ છે અને તે આત્માના રૂપ રહિત ગુણને કૃષ્ણનીલ ઇત્યાદિ રૂપથી કહેવાય છે અને કૃષ્ણ નીલપણું તો પુદ્ગલથી ઉત્પન્ન થએલા ગુણના ઉપચારથી છે. માટે ભાવ લેશ્યાને દ્રવ્ય લેશ્યાથી કહેવી તે આત્માના ગુણમાં પુદ્ગલના ગુણનો ઉપચાર સમજવો. કેમકે ભાવ લેશ્યા તો આત્માના અરૂપી ગુણ

છે અને કૃષ્ણ નીલ આદિ પુદ્દગલના ગુણ છે. (૭) ત્રીજો ભેદ પર્યાયમાં ઉપચાર કરવો તે છે. આત્મ દ્રવ્યના મનુષ્ય આદિ પર્યાયમાં પર્યાયનો ઉપચાર કહેવાય છે જેમકે આત્મ દ્રવ્ય પર્યાયના હાથી ઘોડા આદિ પર્યાય સ્કંધ, ઉપચારથી આત્માના સમાન જાતીય (તુલ્ય) જે દ્રવ્ય પર્યાય છે તેના સ્કંધ એટલે પ્રદેશજ કહેવાય છે અને તે આત્માના પર્યાયની ઉપર પુદ્દગલના પર્યાયનો ઉપચાર કરવાથી વ્યવહારની અપેક્ષાએ તે સ્કંધ વ્યપદેશિત થાય છે એ ત્રીજો ભેદ પર્યાયમાં પર્યાયનો ઉપચાર થયો. (૮)

---

(હવે દ્રવ્યમાં ગુણનો ઉપચાર, દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર, ગુણમાં દ્રવ્યનો ઉપચાર અને પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર એ ભેદ કહે છે)

દ્રવ્યે ગુણ ઉપચાર, વલી પર્યાયનો
ગૌર દેહ હું બોલતાં એ ॥ ૯ ॥
ગુણે દ્રવ્ય ઉપચાર, પર્યાય દ્રવ્યનું
ગૌર દેહ જીમ આત્માએ ॥ ૧૦ ॥

**ભાવાર્થ**—હું ગોરવર્ણ વાળો છું એમ આત્મ દ્રવ્યમાં ગુણનો ઉપચાર તે ચોથો દ્ર૦માં ગુણના ઉપચાર રૂપ ભેદ થયો અને હું દેહ રૂપ છું એમ સમજવું તે આત્મ દ્ર૦યમાં પર્યાયનો ઉપચાર છે, એ પાંચમો ભેદ થયો. (૯) ગુણમાં દ્ર૦યનો ઉપચાર જેમકે આત્મા ગૌરવર્ણી છે એ છઠો ભેદ તથા સાતમો ભેદ જે પર્યાયમાં દ્ર૦યનો ઉપચાર તે એમ કે દેહ તે આત્મા છે. (૧૦)

**વિવેચન**—દ્ર૦યમાં ગુણનો ઉપચાર એ નામનો ચોથો ભેદ કહે છે. જેમકે હું ગૌરવર્ણી છું એમ કહેવામાં હું તે આત્મ દ્રવ્ય છે અને ગૌર એટલે ઉજવળ પણું તે પુદ્ગલનો ગુણ છે તેનો ઉપચાર હું જે આત્મા તેમાં થયો તેથી ગૌર છું એમ કહેવાવામાં દ્ર૦યમાં ગુણનો ઉપચાર થએલો સમજાય છે. તથા પાંચમો ભેદ દ્ર૦યમાં પર્યાયનો ઉપચાર છે તેનું ઉદાહરણ એવું છે કે હું શરીરવાળો એટલે દેહી છું. હવે હું તે આત્મદ્ર૦ય તેમાં દેહ તે પુદ્ગલનો પર્યાય તેનો ઉપચાર થયો ત્યારે હું દેહી છું એમ કહેવાયું આ પ્રમાણે દ્ર૦યમાં પર્યાયનો ઉપચાર એ નામનો પાંચમો ભેદ થયો. (૯) છઠો ભેદ ગુણમાં દ્ર૦યનો ઉપચાર એટલે ગૌરપણાનો જે ગુણ તેમાં આત્મ દ્ર૦યનો ઉપચાર છે જેમ કે "આ ગૌર દેખાય છે તે આત્મા" એ

વાકયમાં ગૌરપણાને ઉદ્દેશીને આત્મા રૂપ દ્રવ્યનું વિધાન કરેલું છે તે ગૌરપણા રૂપ પુદ્ગલ દ્રવ્યના ગુણ ઉપર આત્મ દ્રવ્યનું ઉપચાર પઠન છે હવે સાતમો ભેદ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરવો તે છે. જેમ 'આ દેહ તે આત્મા છે' આ વાકયમાં વિષય ભુલ જે દેહનો આકાર તે પુદગલનો પર્યાય છે તેમાં આત્મ દ્રવ્યનો ઉપચાર કરેલો છે એટલે દેહ તેજ આત્મા છે. અહીંઆ દેહરૂપ પુદગલ પર્યાયના વિષયમાં પુદગલથી ભિન્ન જે આત્મ દ્રવ્ય છે તેનો ઉપચાર કરેલો છે. એ પર્યાય માં દ્રવ્યના ઉપચાર રૂપ સાતમો ભેદ છે. (૧૦)

---

(હવે આઠમો અને નવમો ભેદ કહે છે)

ગુણ પજ્જવ ઉપચાર, ગુણનો પજ્જવે
જીમ મતિ તનુ તનુ મતિ ગુણોએ ॥૧૧॥
અસદ્દભુત વ્યવહાર, એમ ઉપચારથી
એહ ત્રિવિધ હવે સાંભલો એ ॥૧૨॥

ભાવાર્થ—આઠમો ભેદ ગુણમાં પર્યાયનો ઉપચાર એ નામનો છે જેમ મતિ જ્ઞાન તે શરીર છે. અને નવમો ભેદ

**પર્યાયમાં ગુણનો ઉપચાર એ નામનો છે એટલે શરીર તે મ તિ જ્ઞાન છે. (૧૧) એમ ઉપચારથી અસદ્દભુત વ્યવહાર નવ પ્રકારે કહ્યો છે હવે તેના ત્રણ ભેદ છે તે સાંભળો (૧)**

**વિવેચન**—આઠમો ભેદ જે ગુણમાં પર્યાયનો ઉપચાર ક હ્યો છે તેનું ઉદાહરણ એવું છે કે મતિ જ્ઞાન છે તે શરીરજ છે એટલે મતિ જ્ઞાન તે શરીર જન્ય છે તેથી કરીને મતિ જ્ઞાન રૂપ વિષયમાં શરીર રૂપ પુદ્દગલ પર્યાયનો ઉપચાર કરેલો છે. હવે નવમો ભેદ પર્યાયમાં ગુણનો ઉપચાર કરવો તે છે. જેમ પૂર્વ પ્રયોગ મતિજ્ઞાન છે તેજ શરીર છે તેથી વિપરીત જે શરીર તે મતિજ્ઞાન રૂપ ગુણ છે એમ સમજવું તે નવમો ભેદ થાય છે. અહીંઆ શરીર રૂપ પર્યાયના વિષયમાં મતિજ્ઞાન રૂપ ગુણનો ઉપચાર છે. આમાં સહભાવી તે ગુણ છે અને ક્રમભાવિ તે પર્યાય છે. સહભાવી એટલે સાથે રહેવાપણું તે દ્રવ્યથી છે અને ક્રમથી હોવાપણું તે પણ દ્રવ્યથીજ છે તેથી કરીને ગુણ તે દ્રવ્યનાજ છે. અને પર્યાય પણ દ્રવ્યનાજ છે. ગુણ અને પર્યા યનો તથા પર્યાય અને ગુણનો પરસ્પર ઉપચાર વ્યવહાર કરવામાં આવ્યો છે. મતિજ્ઞાન છે તે આત્માનો એક ઉત્પન્ન થએલો ગુણ છે અને શરીર પુદ્દગલ દ્રવ્યનું સમવાયી કારણ છે જેમ મૃત્તિકાના પિન્ડમાં ઘટનું સમવાયી કારણ પણું છે. અને એવી સ્થિતિ

થયા પછી ઉપચાર થઈ શકે છે કેમકે પરની સાથે પરનો ઉપચાર થાય છે અને સ્વની સાથે સ્વનો ઉપચાર થતો નથી. (૧૧) આ પ્રમાણે અસદ્ભુત વ્યવહારના ઉપચારથી નવ પ્રકારે કહ્યા છે અને અસદ્ભુત વ્યવહારના બીજા ત્રણ ભેદ હવે આગળ કહે છે તે ધ્યાનપુર્વક સાંભળો. (૧૨)

---

(અસદ્ભુત વ્યવહારના ભેદ કહે છે)

અસદ્ભુત નિજજાતિ, જગ્મ પરમાણુઓ
બહુ પ્રદેશી ભાષિયે એ ॥૧૩॥
તેહવી જાતિ જાણો, જીમ મુરત મતિ
મુરત દ્રવ્ય ઊપનીએ ॥૧૪॥

ભાવાર્થ—પહેલો ભેદ સ્વજાતિ અસદ્ભુત વ્યવહાર નામનો છે જેમકે પરમાણુઓ બહુ પ્રદેશી કહેવાય છે (૧૩) બીજો ભેદ વિજાતીય અસદભુત વ્યયહાર નામનો છે તે જેમ મુર્તીમંત દ્રવ્યથી ઉત્પન્ન થએલું મતિજ્ઞાન તે મૂર્તિમંતજ કહેવાય. (૧૪)

વિવેચન—હવે અસદ્ભુત વ્યવહારના ત્રણ ભેદ કહે છે. તેમાં પહેલો ભેદ સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર નામનો છે

એકજ સ્વભાવના પરમાણુ મળવાથી તે પરમાણુઓ બહુ પ્રદેશી કહી શકાય. જોકે પરમાણુ અવયવ રહિત પદાર્થ છે અને તેથી તેમાં પ્રદેશ હોવાનો સંભવ નથી તોપણ બહુ પ્રદેશોના સં સર્ગથીપરમાણુંઓપણબહુ પ્રદેશી કહીશકાયછે જેમકે બે અણુનો સ્કંધ, ત્રણ અણુનો સ્કંધ વિગેરે. (૧૩) બીજો ભેદ વિજાતીય અસદ્ભુત વ્યવહાર નામનો છે. એટલે અન્ય જાતિ જે અસદ્ભુત વ્યવહાર કરતો હોય તે વિજાતીય અસદ્ભુત વ્યવહાર નામનો ભેદ છે. જેમકે મતિ જ્ઞાન છે તે જો કે આત્માના ગુણ છે અને તેથી તે અરૂપી છે અને પુદ્ગલથી ઉત્પન્ન થયેલો ગુણ નથી તે છતાં મુર્ત એવા વિષય, લોક અને મનસ્કાર આદિથી ઉત્પન્ન થયેલો છે માટે તે મુર્તીમંત છે એટલે તેમાં પુદ્ગલ ગુણનો ઉપચાર કરવામાં આવેલો છે. અને આ ઉપચાર ચેતન ધર્મનો વિજાતીય મુર્તીમંત પુદ્ગલ ગુણ છે. માટે વિજાતીય અસદ્ભુત વ્યવહાર કહેવાય છે. (૧૪)

(હવે ત્રીજો ભેદ કહે છે)

**અસદ્ ભુત દોઉ ભાંત, જીવ અજીવને**
**વિષય જ્ઞાન જેમ ભાષિએ ॥ ૧૫॥**

ઉપચરિતા સદ્દભૂત, ફરી ઉપચારો
જેહ એક ઉપચારથીએ ॥ ૧૬॥

ભાવાર્થ—સ્વજાતિ અને વિજાતીય બંને પ્રકારથી ત્રીજો અસદ્દ ભુત વ્યવહારનો ભેદ થાય છે. જેમકે વિષય જ્ઞાન તે જીવ અને અજીવ બંનેને છે. (૧૫) જે એક ઉપચારથી બીજા ઉપચારનું વિધાન થાય છે તે ઉપચરિત અસદ્દભુત વ્યવહાર કહેવાય છે. (૧૬)

વિવેચન—સ્વજાતિ અને પરજાતિ એ બંને સંબંધયુકત થવાથી ત્રીજો અસદ્દભુત વ્યવહારનો ભેદ થાયછે જેમ કે 'મતિજ્ઞાન જીવ અજીવ વિષયક છે' આ વાકયમાં જીવ તે મતિજ્ઞાનની સ્વજાતિ છે કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપીજ છે અને અજીવ તે મતિજ્ઞાનનો વિજાતિ છે. જેમકે "આ ઘંટ છે" એવું જ્ઞાન તે મતિજ્ઞાન આદિનો વિષય ભુત છે તોપણ તે વિજાતિ છે કારણ કે આ જ્ઞાનમાં જડ અને ચેતનનો સંબંધ છે આ જીવ અને અજીવનો વિષય વિષયીભાવ નામનો ઉપચરિત સંબંધ તે અને તેનો સજાતિ વિજાતિ સંબંધી અસદ્દભુત વ્યવહાર છે. અને તેથી અસદ્દભુતનુંજ ભાન થાય છે. એમ સમજવું જો એમ કહે કે સ્વજાતિ

અંશમાં અસદ્દભુત કેમ ન હોય? તો સમજવું કે વિજાતીય અંશ (જડતા અંશ)માં વિષયપણાના સંબંધથી ઉપચરિત નોજ અનુભવ થાય છે. માટે વ્યવહારથી જે કહેલું હોય તેજ વિચારવાનું છે. (૧૫) અને જેમાં એક પ્રકારના ઉપચાર કરવા પછી બીજા ઉપચારનું વિધાન થાય તે ઉપચરિત અસદ્દ્ભુત વ્યવહાર થઈ જાય છે. (૧૬)

---

(હવે તેનું ઉદાહરણ કહે છે)

તેહ સ્વજાતિ જાણોરે, હું પુત્રાદિકો
પુત્રાદિક છે માહરાંએ ॥ ૧૭ ॥
વિજાતિથી તે જાણોરે, વસ્ત્રાદિક મુઝ
ગઢ દેશાદિક ઉભયથીએ ॥૧૮॥

**ભાવાર્થ**—હું પુત્રાદિક છું અને પુત્રાદિક તે મારાં છે એમ કહેવું તે સ્વજાતિ ઉપચરિત અસદ્દ્ભુત વ્યવહાર સમજવો (૧૭) વસ્ત્રાદિક મારા છે એમ કહેવું તે વિજાતીય ઉપચરિત અસદ્દ્ભુત વ્યવહાર છે અને આ ગઢ દેશ મારા છે એમ કહેવું તે સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્દ્ભુત વ્યવહાર છે. (૧૮)

**વિવેચન**—સ્વજાતિ ઉપચરિત અસદ્દભુત વ્યવહારનો અર્થ એમ સમજવાનો છે કે જેમાં પોતાની શકિતથી ઉપચરિત અસદ્દભુત વ્યવહાર હોય તે ઉદાહરણ તરીકે એમ કહેવું કે પુત્ર આદિ જે કહો તે હું જછું, મારામાં બધું આવી જાય છે. અહીંઆ હું કહું છું તેનો અર્થ હું આત્મા થયો અને પુત્રાદિ તે પર પર્યાય છે તેથી હું પુત્રાદિ છું એ સંબંધ કલ્પના રૂપ છે. વળી આ પુત્ર મિત્ર સ્રીઆદિ સઘળા મારા છે અર્થાત્ એ સઘળા મારી સાથે સંબંધ રાખનારા છે હવે અહિંઆ પુત્રઆદિના વિષય હું અને મારા પણાનો જે કથન છે તે ઉપચરિતથી ઉપચાર કરેલો છે તે એમ કે સ્વવીર્યના પરીણામને લીધે પુત્રઆદિ પોતાના આત્માનોજ ભેદ છે અને તેથી પુત્રાદિ જુદા છે તોપણ પરંપરાથી અભેદ સંબંધનો ઉપચાર કરી શકાય છે અને પુત્રાદિ પોતાના શરીરના પર્યાયરૂપ હોવાથ પોતાનીજ જાતિ છે પણ હું અને મારૂં એ વ્યવહાર તો કલ્પનાથીજ થાય છે જો તેમ ન હોયતો પોતાનાજ શરીરથી ઉત્પન્ન થએલી જૂં વિગેરે પણ શરીર સાથે સંબંધ ધરાવે છે તો તેમાં પુત્રાદિ વ્યવહારનું કથન કેમ નથી કરાતું.? માટે હું અને મારૂં એ માત્ર કલ્પના છે. (૧૭) અને હું વસ્રાદિ છું એમ કહેવું તે સંબંધી પણાનું વાચક છે અને વસ્રાદિ એ

સંબંધ વાચક છે. તથા વસ્ત્રાઆદિ હું છું એમ ઉપચારથી માનેલું છે, સંબંધ અને સંબંધીની કલ્પના હોવાથી વ્યતિકર અસદ્દભુત વ્યહારનો તે વિષય થાય છે એટલે વસ્ત્રાદિ જડમાં આત્મ બુદ્ધિ એમ વસ્ત્રઆદિનું ઉલટું જ્ઞાન થાય છે અને આ વસ્ત્રાદિ સઘળા મારા છે એમાં વસ્ત્રઆદિ પુદ્દગલ પર્યાય છે અને તેમાં મારાપણું તે તો ભોજ્ય ભોજક અથવા ભોગ ભોગીના ઉપચારની કલ્પના છે. અર્થાત વસ્ત્રઆદિ ભોજ્ય છે અને આત્મા તેને ભોગવવા વાળો છે આ કલ્પનાજ છે કારણ કે જો કલ્પના ન હોય તો વલ્કલ જે વૃક્ષની છાલ અથવા બીજા પાંદડા જે શરીરને આચ્છાદન કરી શકે છે તેમાં આ હું છું અથવા મારા વસ્ત્ર છે એમ કહેવાતું નથી આ ઉપરથી જે વસ્ત્રોમાં ભોજ્ય ભોજક ભાવ રહેલો છે તેજ વિજાતીય આત્મા આદિમાં નિજ સંબંધથી ઉપચરિત છે એવું તાત્પર્ય સમજવું. અને ત્રીજો સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્દભૂત વ્યવહાર કહ્યો તેમાં ગઢ દેશનું દ્રષ્ટાંત આપી સમજાવે છે જેમકે ગઢ દેશ તે હું છું અને ગઢ દેશ તે મારાં છે એમ કહેવામાં સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્દભુત વ્યવહાર છે કારણ ગઢ અને દેશ વિગેરે જીવ અને અજીવ બંનેના સમુદાય રૂપ છે

ગઢ અને દેશ અજીવ પણ છે અને તેમાં જીવો પણ રહેલા છે, માટે તેમાં જીવ અને અજીવને સ્વજાતિ અને પરજાતિ ઉપચરિત છે. (૧૮)

---

(ઉપનયની સમાપ્તિ કહે છે)

ઉપનય ભાષ્યા એમ, અધ્યાતમ નય
કરી પરિક્ષા જશ લહો એ ॥૧૯॥

ભાવાર્થ—એ પ્રમાણે આ ઢાળમાં ત્રણ ઉપનય અને તેના ભેદ કહ્યા હવે આગળની ઢાળમાં અધ્યાત્મ નય કહ્યા છે તે સમજી તેની પરીક્ષા કરી જશને પ્રાપ્ત કરો, (૧૯)

---

## ઢાળ આઠમી,

જાયા તુજ વિણ ઘડીરે છ માસ—એ દેશી.

(હવે નિશ્ચય અને વ્યવહાર નય કહે છે.)

દોય મુલ નય ભાષીયા રે
નિશ્ચયને વ્યવહાર

નિશ્ચયને દ્વિવિધ કહ્યું રે
શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે
પ્રાણી પરખો આગમભાવ.— ॥ ૧ ॥

ભાવાર્થ— મૂળ નયતો બેજ કહ્યા છે જેના નામ નિશ્ચય અને વ્યવહાર છે. તેમાં નિશ્ચય નય બે પ્રકાર કહ્યો છે (૧) શુદ્ધ નિશ્ચય અને (૨) અશુદ્ધ નિશ્ચય, આ નયના ભેદ સમજીને હે પ્રાણી ? તમે આગમના હેતુને જાણો. (૧)

વિવેચન—આગળની ઢાળોમાં નવ નય અને ત્રણ ઉપનયનું સ્વરૂપ બતાવ્યું હવે આ ઢાળમાં અધ્યાત્મ ભાષા અનુસારે મૂળ બેજ નય છે તે કહે છે તેમાં (૧) નિશ્ચય અને (૨) વ્યવહાર. તત્ત્વનો જેથી નિશ્ચય થાય તે નિશ્ચય નય અને વસ્તુ પદાર્થનો વ્યવહાર કરવામાં આવે તે વ્યવહાર નય. નિશ્ચયનયના વળી બે ભેદ છે જેમાં (૧) શુદ્ધ નિશ્ચય નય. અને (૨) અશુદ્ધ નિશ્ચય નય. જેનું સ્વરૂપ આગળ કહેવાશે. (૧)

---

(શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનું સ્વરૂપ કહે છે)

જીવ કેવલાદિક યથારે
શુદ્ધ વિષય નિરૂપાધિ

મઈ નાણાદિક આતમારે
અશુદ્ધ તેહ સોપાધિરે–પ્રાણી ॥૨॥

ભાવાર્થ—ઉપાધિ રહિત પણે જીવ કેવળ જ્ઞાનાદિ રૂપ છે તે શુદ્ધ નિશ્ચય, અને ઉપાધિ સહિત પણે જીવ મતિ જ્ઞાન આદિ રૂપ છે એ અશુદ્ધ નિશ્ચય નય સમજવો. (૨)

વિવેચન—કર્મની ઉપાધિથી કેવળ રહિત અર્થાત્ કેવળ જ્ઞાન મય જીવ અનુપાધિક છે એટલે જીવ શુદ્ધ છે એમ કહેવું તે શુદ્ધ નિશ્ચય નયથી કહેવાય છે તથા બીજો અશુદ્ધ નિશ્ચય ભેદ છે તેમાં મતિ જ્ઞાનાદિક આત્મા કહેવાય છે એટલે કર્મરૂપ ઉપાધિએ સંયુક્ત હોય અને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જે જ્ઞાન થાય તે જ્ઞાની આત્મા મતીજ્ઞાની કહેવાય અર્થાત મતિજ્ઞાન તે જીવ છે એમ અશુદ્ધ ઉપલક્ષિત થાય છે; કેમકે મતિજ્ઞાન છે તે સોપાધિક એટલે કર્મ જન્ય છે તાત્પર્ય એવું છે કે કેવળ જ્ઞાન છે તે શુદ્ધ ગુણ છે તેથી કરીને તેવા શુદ્ધ ગુણે કરીને યુક્ત એવો આત્મા પણ શુદ્ધ છે અને તેથી તેને શુદ્ધ નિશ્ચય કહેવાય છે મતિ જ્ઞાન આદિ ગુણ છે તે અશુદ્ધ છે માટે અશુદ્ધ ગુણે કરીને યુક્ત એવો આત્મા અશુદ્ધ ગણાય છે તેથી તે અશુદ્ધ નિશ્

ય કહેવાય છે. નિશ્ચય શબ્દ આત્માને લાગુ થાય છે અને શુદ્ધ તે કર્મના આવરણનો ક્ષય તથા અશુદ્ધ તે કર્મના આવરણનું હોવાપણું છે. શુદ્ધ અને અશુદ્ધ બંનેની સાથે નિશ્ચય શબ્દ જોડવાથી એમ સૂચવાય છે કે કેવળ જ્ઞાન આત્માનો ગુણ છે અને મતિજ્ઞાન પણ આત્માનોજ ગુણ છે. આ હેતુથી શુદ્ધ અને અશુદ્ધ બંને નિશ્ચયના ભેદ કહેલા છે. ( ૨ )

---

( હવે વ્યવહાર નયના ભેદ કહે છે. )

દોય ભેદ વ્યવહારનાજી
સદ્‌ભુતા સદ્‌ભુત
એક વિષય સદ્ ભૂત છેજી
પર વિષયા સદ્ ભુતરે—પ્રાણી ॥ ૩ ॥

ભાવાર્થ—વ્યવહાર નયના પણ બે ભેદ છે ( ૧ ) સદ્‌ભુત વ્યવહાર અને ( ૨ ) અસદ્ ભુત વ્યવહાર તેમાં એક દ્રવ્યને આશ્રીને રહે તે સદ્‌ભુત વ્યવહાર અને પર દ્રવ્યને આશ્રી રહે તે અસદ્‌ભુત વ્યવહાર સમજવો. ( ૩ )

વિવેચન—વ્યવહાર નયના પણ નિશ્ચયની પેઠે બેજ ભેદ છે (૧) સદ્‌ભૂત વ્યવહાર અને (૨) અસદ્‌ભૂત વ્યવહાર. અ

સદ્ભૂત-વ્યવહાર એક દ્રવ્ય વિષયિક છે એટલે એક દ્રવ્યને આશ્રીનેજ રહે છે અને બીજો જે અસદ્ભૂત વ્યવહાર નામનો ભેદ છે તે પર વિષયિક એટલે પર દ્રવ્યને આશ્રીનેજ રહે છે, (૩)

---

( સદ્ભૂત વ્યવહારના ભેદ કહે છે. )

ઉપચરિતાનુપચરિતથીજી
પહેલો હોય પ્રકાર
સોપાધિક ગુણ ગુણી ભેદેરે
જે અનિમિત્ત ઉપચારરે—પ્રાણી ॥૪॥

ભાવાર્થ—સદ્ભુત વ્યવહાર નામનો પહેલો ભેદ તે બે પ્રકારે છે (૧) ઉપચરિત સદભુત વ્યવહાર અને (૨) અનુપચરિત સદભુત વ્યવહાર જે સોપાધિક ગુણ ગુણીનો ભેદ દેખાડે તે પ્રથમ ઉપચરિત સદભુત વ્યવહારનો ભેદ છે. (૪)

વિવેચન—એક દ્રવ્ય આશ્રિત જે સદ્ભુત વ્યવહાર છે તેના બે પ્રકાર છે તેના નામ (૧) ઉપચરિત સદ્ભૂત અને (૨) અનુપચરિત સદ્ભુત એ પ્રકારે છે. હુવે આમાં ઉપાધિ સહિત ગુણ અને ગુણીના ભેદથી પ્રથમ ભેદ થાય છે જેમકે जीवस्य मति ज्ञानं

એટલે જીવનું મતિજ્ઞાન હુવે મતિજ્ઞાન તે આત્માનું આવરણ યુકત અને મળસહિત જ્ઞાન છે એટલે તે ઉપાધિ સહિત છે એમ ઉપચારથી કલ્પના થાય છે આ ઉપરથી પહેલો ભેદ ઉપ ચરિત સદ્દભુત વ્યવહાર થયો (૪)

---

(હુવે સદ્દભુત વ્યવહારનો બીજો ભેદ કહે છે)

નિરૂપાધિક ગુણ ગુણી ભેદેરે
અનુપચરિત સદ્દભુત
કેવલ જ્ઞાનાદિક ગુણારે
આતમના અદ્દભુતરે—પ્રાણી ॥ ૫ ॥

ભાવાર્થ--બીજો અનુપચરિત સદ્દભુત ભેદ નિરૂપાધિક ગુણ ગુણીના ભેદથી જાણવો જેમકે કેવળ જ્ઞાનાદિ આત્માના સદ્દભુત ગુણો છે. (૫)

વિવેચન—અનુપચરિત સદ્દભુત વ્યવહાર નામનો જે બીજો ભેદ છે તે અનુપાધિક ગુણ ગુણીના ભેદથી સિધ્ધ થાય છે જેમકે કેવળ જ્ઞાનાદિ ગુણ સહિત જે આત્મા છે તે નિરૂ પાધિક (કર્મથી રહિત થએલો) આત્મા છે. કારણકે જે આઠ

કર્મ છે તે આવરણુથી ઉપાધિ યુકત થએલા મતિ જ્ઞાનાદિ ગુણુ છે તેથી આત્મા ઉપાધિ સંયુંકત મતિ જ્ઞાની ગણુાય છે. અહીંઆ કારણુના અભાવથી કાર્યના પણુ અભાવ થાય છે એ ન્યાયથી ઉપાધી સહિત મતિજ્ઞાનાદિ ગુણુના અભાવથી ઉપાધિ સહિત ગુણી આત્મા પણુ રહેતા નથી માટે ઉપાધિથી વર્જીત ગુણુ ગુણીના ભેદની ભાવનાથી બીજો અનુપચરિત સદ્દભૂત વ્યવહાર સિદ્ધ થાય છે કોઇ એમ કહે કે કેવલઆદિ એમ જે આદિ પદ આપેલું છે તે કેમ હોઈ શકે? કારણુ કે કેવળજ્ઞાનતા એકજ છે તેના જવાબમાં એમ સમજવાનું છે કે જો કે કેવળજ્ઞાનતા એકજ છે તોપણુ કેવળજ્ઞાનથી ઉત્પન્ન થએલું જે અનંત સુખ, અનંત વીર્ય આદિ ગુણુ છે તે ગુણો ની વિવક્ષાથી કેવલાદિ એમ કહ્યું છે. (૫)

(હુવે અસદ્દભૂત વ્યવહારના ભેદ કહે છે.)

અસદ્દભૂત વ્યવહારનાજી
એમજ ભેદ છે દોય
પ્રથમ અસંશ્લેષિત યોગેજી
દેવ દ-ત ધન જોયરે રે—પ્રાણી ॥ ૬ ॥

ભાવાર્થ—એવીજ રીતે અસદ્ભુત વ્યવહારના પણ એજ ભેદ છે (૧) ઉપચરિત અસદ્ભુત અને (૨) અનુપચરિત અસદ્ભુત તેમાં પહેલો ભેદ અસંશ્લેષિત યોગથી એટલે કલ્પિત સંબંધથી હોય છે જેમકે દેવદત્તનું ધન. (૬)

વિવેચન—જેવી રીતે સદ્ભુત વ્યવહારના બે ભેદ છે તેવીજ રીતે અસદ્ભુત વ્યવહારના પણ બે ભેદ છે (૧)ઉપચરિત અસદ્ભુત વ્યવહાર અને (૨) અનુપચરિત અસદ્ભુત વ્યવહાર, હવે અસંશ્લેષીત યોગથી એટલે કલ્પિત સંબંધ માનવાથી ઉપચરિત અસદ્ભુત વ્યવહાર થાય છે જેમ દેવદત નું ધન" અહીંઆ દેવદત્તનો ધનની સાથે સ્વ સ્વભાવિ રૂપ સંબંધ માનવામાં આવ્યો છે તે કલ્પિત છે માટે ઉપચરિત માનવામાં આવ્યો છે કેમકે દેવદત્ત અને ધન એ બંને એક દ્રવ્ય નથી અને ભિન્ન દ્રવ્ય હોવાથી દેવદત્ત અને ધનમાં સદ્ભૂત સંબંધ નથી માટે તે ઉપચરિત અસદ્ભુત વ્યવહાર સમજવો(૬)

---

(અસદ્ભુત વ્યવહારનો બીજો ભેદ કહે છે)

સંશ્લેષિત યોગે બીજોરે
જેમ આતમનો દેહ

નય ઉપનય નયચક્રમાંરે
કહ્યા મુલ નય એહરે—પ્રાણી ॥ ૭॥

ભાવાર્થ--બીજો ભેદ સંશ્લેષિત યોગે એટલે કર્મના સંબંધથી કહયો છે જેમ આત્માનું શરીર. આ રીતે નય ચક્રમાં નય ઉપનય અને બે મુળ નય કહ્યા છે ( ૭ )

વિવેચન--અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારનો બીજો ભેદ સંશ્લેષિત એટલે કર્મ જન્ય હોય છે જેમકે " જીવ દેહ સ્થિત છે " અહીંઆ આત્મા અને દેહનો સંબંધ દેવદત્ત અને ધનના સંબંધ જેવો કલ્પિત સંબંધ નથી. કેમકે યાવત્ જીવ સ્થાયિ હોવાથી અનુપચરિત છે. દેહની હયાતિ સુધી જીવ તેની સાથે રહેવાનો છે પણ ધન દેવદત્તની સાથે સ્થાયિ રહેવાનું નથી. અસદ્‌ભુત વ્યવહારનો ભેદ કહેવાનું કારણ એ છે કે જીવ અને દેહ બંને જુદા વિષય છે છતાં સંબંધ ધરાવે છે. આ પ્રમાણે પુર્વકથિત લક્ષણ સહિત નય ઉપનય અને બે મુળ નય કહ્યા છે.શ્રી દેવસેન નામના દિગંબર આચાર્યે કૃત નયચક્ર શાસ્ત્રમાં પણ આજ પ્રમાણે નય ઉપનય અને મૂળ નય કહ્યા છે તેમાં જરા પણ વિસંવાદ પણાનું કથન નથી. (૭)

( હવે શ્વેતાંબર અને દિગંબરમાં અવિરોધ બતાવે છે )

વિષય ભેદ યદ્યપિનહીરે
ઇહાં અમારે થુલ
ઉલટી પરિભાષા ઇસીરે
તો પણ દાજે મુલ રે—પ્રાણી ॥૮॥

**ભાવાર્થ**--જોકે અમારે શ્વેતાંબરોને દિગંબરો સાથે વિષયનો મોટો ભેદ નથી તોપણ પાઠની શૈલી વિપરિત કરવા થી ખેદ થાય છે (૮)

**વિવેચન**—જો કે દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે દ્રવ્યાદિક પદાર્થના જ્ઞાનમાં ઉપયોગી નયના વિચારમાં વિષયનો અર્થાત્ અર્થનો ભેદ નથી. માત્ર શબ્દની રચનામાં કાંઇ પાઠ ભેદ જણાય છે પણ તે પાઠ ભેદ તરફ લક્ષ રાખવાનું નથી. કારણકે નૈયાયિકોને તો અર્થથીજ પ્રયોજન છે. નૈયાયિકો ને માટે શબ્દ તો પ્રયોજન વગરના છે છતાં દેવસેન આચાર્ય આ ઉત્ક્રમ શૈલી અર્થાત્ અર્થની સમાનતા અને શબ્દની અસમાનતા રૂપ વિપરીત ભાષા કરીને વૃથા સંતપ્ત થાય છે અને એ જોઇને અમારૂં અંતઃકરણ દુઃખિત થાય છે કારણ કે જીન ભગવાન

ના યથોકત સિદ્ધાંતથી સિદ્ધ જે શુદ્ધ પરિભાષા છે તેનો ત્યાગ કરીને દેવસેનજી આચાર્ય નયચક્ર નામક ગ્રંથ રચીને વિપરીત પરિભાષાનું નિરૂપણ કરે છે (૮)

---

(હવે બોટિક મતની વિપરીત પરિભાષા કહે છે)

તત્ત્વાર્થે નય સાત છે રે
આ દેશાંતર પંચ
અંતર ભાવિત ઉદ્ધરી રે
નવનો કિશ્યો પ્રપંચ રે—પ્રાણી ॥ ૯ ॥

ભાવાર્થ—તત્ત્વાર્થ સૂત્રમાં સાત નય કહ્યા છે અને આ દેશાંતરથી પાંચ નય કહ્યા છે. આ શાસ્ત્રની રીત મુકીને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નય જુદા ગણી નવ નય કહેવા એ કેવો પ્રપંચ તે વિચારશો. (૯)

વિવેચન—તત્ત્વાર્થ સૂત્રમાં મુળ સાત નય કહ્યા છે અને મત મતાંતરથી પાંચ નયનું પણ પ્રતિપાદન કરેલું છે. શબ્દ સમભિરૂઢ તથા એવંભુત એ જે ત્રણ નય કહ્યા છે તેનો એક શબ્દ નયમાં શમાવેશ થાય

છે તેથી નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસુત્ર અને બાકી ત્રણનો એક શબ્દ નય એમ પાંચ નય થાય છે. તે એક એક નયના સો સો ભેદ છે તેથી તેમાં સાત નય છે તેના સાતસો ભેદ અને પાંચ નયના પાંચસો ભેદની કલ્પના થાય છે, આજ વિષય આવશ્યકમાં પણ કહયો છે માટે આવી રીતની જે શાસ્ત્રની પરિભાષા તેનો ત્યાગ કરીને જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય આ નયમા અંતરગત છે તેને જુદા કરી દેવસન આચાર્ય નવ નય કહે છે તે સ્વકપોલ કલ્પિત પ્રપંચ છે. (૯)

---

( વળીપણ એજ ચર્ચા કહે છે. )

પજ્જયત્થ દ્રવ્યારથોરે<br>
જો તુમે અલગા દીઠ<br>
અપ્પિયણુ પ્પિય ભેદથીરે<br>
કેમ અગ્યાર ન ઇઠરે-પ્રાણી ॥૧૦॥

ભાવાર્થ--જો તમે પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક એ બે નયને સાત નયથી જુદા જોયા તો અર્પિત અને અનર્પિત ન કહ્યા. (૧૦)

**વિવેચન**—જો દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નય જુદા રૂપે દેખાવાથી તેને જુદા ગણી નવ નય તમે કહ્યા તોપછી અર્પિત અને અનર્પિત ભેદો સાથે જોડીને અગ્યાર નય કેમ ન કહ્યા, કારણ કે નૈગમ સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ ભેદથી દ્રવ્યાર્થિક નય ત્રણ પ્રકારે છે અને ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ તથા એવંભુત એ ભેદથી પર્યાયાર્થીકનય ચાર પ્રકારનો છે, એજ રીતે અર્પીત અને અનર્પીત રૂપ જે બે ભેદ છે તે સામાન્ય અને વિશેષના પર્યાય છે અને દ્રવ્ય તથા પર્યાયમાં રહે છે જેમકે સામાન્ય બે પ્રકારના છે (૧) ઉર્દ્ધતા સામાન્ય અને (૨) તિર્યક સામાન્ય. આમાંથી ઉર્દ્ધતા સામાન્ય તો દ્રવ્યરૂપ છે કારણ કે તે સઘળા પર્યાયમાં સાધારણ રૂપથી રહે છે અને તિર્યક સામાન્ય પ્રતીવ્યકિત જેમ ઘટ પટ આદિ તેના સદૃશ પરિણામ લક્ષણ વ્યંજન પર્યાયમાંજ રહે છે કારણકે સ્થુલ રૂપથી કાળાંતરે રહેવાવાળું અને શબ્દોના સંકેત ગોચર વ્યંજન પર્યાય છે એ પ્રમાણે પ્રાવચનીકોની પ્રસિધ્ધિ છે અને વૈશાદૃશ્ય રૂપ વિવર્ત લક્ષણ સહિત વિશેષ છે તે પણ પર્યાયમાંજ અંતરગત થાય છે તેથી કરીને સામાન્ય વિશેષથી અધિક નયનો અવકાશ રહેતો નથી. (૧૦)

સંગ્રહ વ્યવહારાદિકેરે
જો તુમે ભેલો તેહ
આદિ અંત નય થોકમાંજી
કેમ નવી ભેલો એહરે—પ્રાણી ॥૧૧॥

ભાવાર્થ—જો સંગ્રહ અને વ્યવહાર નયમાં અર્પિત અને અનર્પિતનો સામાવેશ કરશો તો આદિ અને અંત નય માં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો કેમ સામાવેશ કરાતો નથી. (૧૧)

વિવેચન—જો આ અર્પિત અને અનપિત નયનું સંગ્રહ તથા વ્યવહારનયમાંસંમેલનકરવામાંઆવેતો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું પણ અનુક્રમે પ્રથમના ત્રણ અને પાછલના ચાર નયમાં કેમ સંમલેન નથી કરાતાં? જો એમ કહો કે અર્પીત વિશેષ રૂપ છે અને અનર્પીત સામાન્ય છે તેથી અર્પીતનો વ્યવહાર આદિ વિશેષ નયમાં સમાવેશ થાયછે અને અનર્પીતનો સંગ્રહ નયમાં સમાવેશ થાય છે. આજ પ્રમાણે દ્રવ્યાર્થીક અને પર્યાયાર્થીક નયનો કેમ સમાવેશ ન થાય? શ્રી જીનવાણી રૂપ સિદ્ધાંતમાં સાત નયનુંજ કથન છે. તેનો ત્યાગ કરીને નવ નય કહેવા તે યુકત નથી. અને દ્રવ્યાર્થીક તથા પર્યાયાર્થીક નયનો

અનુક્રમે પ્રથમ ત્રણ અને અંતના ચાર નયમાં સમાવેશ થઇ શકે છે તેને જુદા કરવા તે પણ પિષ્ટ પેષણ જેવું જ છે. (૧૧)

---

(દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો કેવી રીતે અંતરભાવ થાય છે તે કહે છે)

પજ્જવ નય તિઅ અંતમાંરે
પ્રથમ દ્રવ્ય નય ચાર
જીન ભદ્રાદિક ભાવિયારે
મહા ભાષ્ય સુવિચારરે—પ્રાણી ॥ ૧૨ ॥

ભાવાર્થ—અંતના ત્રણ નય પર્યાયાર્થિક નામના છે અને પ્રથમના ચાર નય દ્રવ્યાર્થિક છે, શ્રી જીનભદ્ર ક્ષમા શ્રમણ ગણીએ મહા ભાષ્યમાં કહેલું છે. (૨)

વિવેચન—અંતના ત્રણ નય એટલે શબ્દ, સમભિરૂઢ અને એવંભુત એ ત્રણ નય પર્યાયાર્થિક કહેવાય છે તથા આ-દિના ચાર નય જે નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને રુજુ સુત્ર તે દ્રવ્યાર્થિક કહેવાય છે. વિશેષાવશ્યક સુત્ર-ના મહા ભાષ્યમાં શ્રી જીનભદ્ર ક્ષમાશ્રમણ ગણીએ

એજ પ્રમાણે કહેલું છે અર્થાત્ ચાર નય દ્રવ્યાર્થિક છે અને ત્રણ નય પર્યાયાર્થિક છે. ॥૧૨॥

---

સિદ્ધસેન મુખ એમ કહેરે
પ્રથમ દ્રવ્ય નય તીન
તસ ઋજુ સુત્ર ન સંભવેરે
દ્રવ્યાવશ્યક લીનરે--પ્રાણી ॥૧૩॥

ભાવાર્થ--સિદ્ધસેન પણ આદિના ત્રણ નયને દ્રવ્યાર્થિક નય કહે છે અને બાકીના ચારનય પર્યાયાર્થિકનય કહેવાય છે દ્રવ્યના વર્તમાન પર્યાય કહેવાથી રૂજુસુત્રમાં દ્રવ્યાર્થિક નયનો સંભવ રહેતો નથી. ( ૩ )

વિવેચન--વળી મલ્લવાદિ અને તાર્કીક શિરોમણી જે સિદ્ધસેન દિવાકર છે તે પ્રથમના નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયને દ્રવ્યાર્થીક નય કહે છે અને અન્તના ચાર નયને પર્યાયાર્થીક કહે છે. બીજા આચાર્યો પણ તેમજ કહે છે. દ્રવ્યાર્થીક નયના મતમાં સઘળા પર્યાય નિશ્ચયરૂપે કલ્પિત છે કેમકે સઘળા પર્યાયમાં અનુગામિદ્રવ્ય સમાવિષ્ટ થાય છે જેમકે

કુંડલમાં સુવર્ણદ્રવ્ય પર્યાયાર્થીક નયના મતે દ્રવ્ય પર્યાયથી ભિન્ન નથી કેમકે પર્યાયથી જે અર્થ ક્રિયા દ્રઢ છે તે અર્થ ક્રિયાનો નિત્ય ઉપયોગ કયાં થાય છે? અર્થાત સુવર્ણના કુંડલ આદિ અને મૃત્તિકાના ઘટ આદિથી જે આભૂષણ અને ઘટ ધારણ આદિરૂપ અર્થ ક્રિયા દ્રઢ છે તે નિત્ય નથી કેમકે પર્યાયોનો નાશ થવાથી સુવર્ણ તથા મૃત્તિકારૂપ દ્રવ્ય શેષ રહે છે. દ્રવ્યાર્થિક નયનું આ લક્ષણ છે તેથી કરીને અતીત અને અનાગત પર્યાયોના પ્રતિક્ષેપી શુદ્ધ અર્થ પર્યાયને માનવાવાળો ઋજુસૂત્ર નય દ્રવ્યાર્થિક કેવી રીતે થઇ શકે એવો આ આચાર્યોનો અભિપ્રાય છે તેથી કરી તે આચાર્યના મતમાં ઋજુ સૂત્ર નય દ્રવ્યાવશ્યકના વિષયમાં લીન નથી થઇ શકતા. માટે ક્ષણિક દ્રવ્યને કહેવાવાળો તો સૂક્ષ્મ ઋજુ સૂત્ર છે અને વર્તમાન પર્યાયને પ્રાપ્ત થએલ દ્રવ્યને કહેવાવાળો સ્થૂલ ઋજુસૂત્ર છે. એવા ઋજુ સૂત્રને દ્રવ્યાર્થિક નય કહેવો જોઇએ એવો સિદ્ધાંત વાદિનો મત છે. (૧૩)

(શંકાનું સમાધાન કહે છે)

ઇમ અંતર ભાવિત તણોરે
કેમ અલગો ઉપદેશ

પાંચ થકી જેમ સાતમાંરે
વિષય ભેદ નહિ લેશરે—પ્રાણી ॥ ૧૪ ॥

ભાવાર્થ--એવી રિતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય સાત નયમાં અંતર ભુત થાય છે છતાં તેનો જુદો ઉપદેશ કેમ કરોછો? તેમજ મતાતરમાં પાંચ નય છે તેમાં બે નય મેળવી સાત નય જેમ કહેવાય છે તેમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો જુદો ઉપદેશ કેમ ન થાય? એમ જો કોઇ કહે તો તે યુકત નથી કારણ કે શબ્દ, સમભી રૂઢ તથા એવં ભુતને જેમ વિષય ભેદ છે તેમ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિકને લેશ માત્ર વિષય ભેદ નથી· (૧૪)

વિવેચન--અગાઉ કહ્યા પ્રમાણે સાત નય અથવા મતાંતરથી પાંચ નયમાં જેનો સમાવેશ થાયછે એવા જે દ્રવ્યાથક અને પર્યાયાર્થિક નય તેનું જુદીરીતે નિરૂપણ કેવીરીતે થઇ શકે અર્થાત્ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક સાત અથવા પાંચ નયથી ભિન્ન છે એમ કહેવું અયુકત છે કારણ કે નૈગમ સંગ્રહઆદિમાં તેનો અંતર ભાવ છે. જો એમ કહેવામાં આવે કે અન્ય મતમાં પાંચ નય કહ્યા છે તેમાં સમભિરૂઢ અને એવંભુતને મેળવવાથી સાત નય ગણાય છે તેમજ તેજ પાંચ નયમાં દ્રવ્યાર્થિ

ક અને પર્યાયાર્થિક નય મેળવવમાં શી હરકત છે? પણ એ કહેવું નથી કેમકે શબ્દ અને સમભિરૂઢ નયમાં જેવો વિષય ભેદ છે તેવી રીતે દ્રવ્યાથિક અને પર્યાયાર્થિક નયમાં વિષયભેદ દેખાતો નથી. એટલે તે સાત નયથી અભિન્નજ છે. શબ્દ આદિ નય ભિન્ન વિષયક છે. દ્રવ્યાર્થિક નયના દશ ભેદ કહ્યા છે તે સર્વે શુદ્ધ અશુદ્ધ સંગ્રહ નયમાં અંતરગત થાય છે અને પર્યાયાર્થિક નયના છે ભેદ છે તે ઉપચરિત અનુપચરિત વ્યવહારમાં અને શુધ્ધ અશુદ્ધ રુજુસુત્ર નયમાં અંતરભુત થાય છ તાત્પર્ય એવું છે કે ગતાર્થ વિષયને જો ભિન્ન માનીને નયના ભેદની કલ્પના કરીએ તો મુળ સાતની માન્યતાની પ્રક્રિયા ત્રુટી જાય છે (૧૪)

(વળી પણ શંકાનું સમાધાન કરે છે.)

સંગ્રહ ને વ્યવહારથી રે
નૈગમ કિંહા એક ભિન્ન
તેણે તે અલગો તેહથી રે
એ તો દોય અભિન્ન રે--માણીા૧પાા

ભાવાર્થ--સંગ્રહ અને વ્યવહાર નયથી તો નૈગમ નય કોઇ વખત ભિન્ન દેખાય છે તેથી સંગ્રહ અને વ્યવહારથી અસંલગ્ન વિષયને ધારણ કરવા વાળો નૈગમ આ બંનેથી પૃથક છે અને દ્રવ્યાર્થીક તથા પર્યાયાર્થીક એ બંને સાત નય-થી કોઈ પણ સ્થલે ભિન્ન વિષયક નથી. ૧૭

વિવેચન--જો કે સંગ્રહ અને વ્યવહાર નયમાં નૈગમ નયના સામાન્ય અને વિશેષ નય એ બંને પર્યાય અંતર ભુત થઇ જાય છે તોપણ કોઇ કોઈ પ્રદેશાદી દ્રષ્ટાંત સ્થાનમાં સંગ્રહ તથા વ્યવહાર નયથી નૈગમ નય ભિન્ન વિષય વાળો પણ થઈ જાય છે. તેથી કરીને કોઇ કોઇ ઠેકાણે ભિન્ન વિષયવાળો થતો હે વાથી નૈગમ નયને જુદો પ્રતિપાદન કરેલો છે પરાતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થીક નયતો નૈગમ સંગ્રહ આદિનય વડે ભિન્ન વિષયના ધારક થઇ શકવાનો જરાપણ સંભવ નથી કારણ તે સાતે નયથી અભિન્નજ છે. માટે તે સાત નયથી આ એ નય જુદા કરીને નવ ભેદ કેવી રીતે કહિ શકાય?

(વળી પણ એજ અર્થ કહે છે)

ઇમ કરતાં એ પામીએરે
સર્વ વિભકત વિભાગ

જીવાદિક પરે કોન હિરે
ઇહાં પ્રયોજન લાગરે—પ્રાણી ॥૧૬

ભાવાર્થ—એમ કરતાં એટલે સાત નયના નવ નય કહેતા તો જેના ભાગ કરેલા છે તેના ફરી ભાગ કરવા જેવું થાય છે જીવાદિકની પેઠે અહીંઆ કંઇ પણ પ્રયોજન જણાતું નથી. (૧૬)

વિવેચન—સાત નયને બદલે જો નવ નય કહેવામાં આવે તો જેનો એક વાર વિભાગ કરેલો છે તે પદાર્થનો ફરીથી વિભાગ કરવો પડે છે અને ત્યારે જીવાદિકની પેઠે અર્થાત જીવ અને અજીવ એવા દ્રવ્યયના ભાગ કરી ફરી જીવના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ કહેલા છે અને એમતો પાંચસે ત્રેસઠ ભેદ જીવના કહેલા છે એવીજ રીતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થીક એ મૂળ બે ભેદ છે તેમાં નૈગમ આદિથી દ્રવ્યાર્થીકને ત્રણ પ્રકારનો કહીએ અને ઋજુ સુત્ર અદિ ભેદથી પર્યાયાર્થીક ચાર પ્રકારના છે એમ કહેવું તે યોગ્ય છે પણ સાત નયમાં બે નય વધારીને નવ નય છે એમ કહેવું તેતો સર્વથી મિથ્યાજ જાણવું જીવ જેમ સંસારી અને સિદ્ધ કહ્યા છે તે છતાં જીવ એ ત્રીજો ભેદ કહેવાતો નથી તેમજ દ્રવ્યાર્થીક કહે

તા નૈગમાદિ ત્રણ નય આવી જાય છે અને પર્યાયાર્થિક કહે તા રૂજુસુત્ર આદિ ચાર નયનો સમાવેશ થાય છે પરંતુ જીવ, સંસારી અને સિદ્ધ એમ ત્રણ ભાગ નહિ થતાં સંસારી જીવ અને સિદ્ધના જીવ એમ બંને ભેદમાં જીવ સાથેજ છે જુદો ભેદ નથી. તેમ આ બંને નય સાતે નયની સાથે છે પણ જુદા નથી વળી એમ કહે કે જીવ અજીવમાં આશ્રવાદિ ત-ત્વનું ગ્રહણ થઇ જાય છે છતાં તે જુદા કહેલા છે તેમ દ્રવ્યાર્થીક પર્યાયાર્થીક નૈગમાદિ નયનું ગ્રહણ થાય છે છતાં તેને જુદા કહી શકાય, આમ માનવું ભુલ ભરેલું છે કારણ કે અહીંઆ જીવ અજીવના જેવું પ્રયોજન નથી. કારણકે આશ્રવાદિ જુદા તત્વ કહ્યા છે તે વ્યવહાર માત્રથીજ છે. તાત્પર્ય એવું છે કે જે ભેદમાં પ્રબળ હેતુ ન હોય તે ભેદ વ્યર્થજ છે. જીવ અજીવમાં તત્ત્વોનો સમાવેશ થવા છતાં જુદા ત-ત્વો કહેવાનું પ્રયોજન એવું છે કે જીવ અને અજીવ એ બે મુખ્ય દ્રવ્યછે, બંધ ત્યાંગ કરવા યોગ્ય અને મોક્ષ ગ્રહણ કરવા યોગ્ય છે અને આશ્રવ બંધનું કારણ છે તેથી આશ્રવનેપણ હેયરૂપ કહેવું જોઇએ. અને મોક્ષતો મુખ્ય પદાર્થ છે કારણ કે તેને માટે તો સઘળા પદાર્થોનું નિરૂપણ છે અને તેજ ઉપાદેય છે માટે મોક્ષના કારણ જે સંવર અને નિર્જરા તેનું પણ નિરૂપણ

કરેલું છે એવી રીતે જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ સાત તત્વો કહેવાનું પ્રયોજન છે. અને એજ પ્રયાજન અનુસાર સુભ બંધનું કારણ પુન્ય અને અસુભ બંધનું કારણ પાપ એમ જુદા કહેવાથી નવ તત્વ થઇ શકે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી નૈગમ આદિનો ભિન્ન ઉપદેશ કરવાનું કાંઇ પ્રયોજન નથી.

---

(નય સાતજ કહ્યા છે)

ભિન્ન પ્રયોજન વિણ કહ્યારે
સાત મુળ નય સુત્ર
તેણે અધિકું કેમ ભાષિયેરે
રાખીયે નિજ ઘર સુત્રરે—પ્રાણી ॥૧૭॥

ભાવાર્થ—ભિન્ન પ્રયોજન વગર શાસ્ત્રમાં મૂળ સાત નય કહ્યા છે માટે તેનું ઉલ્લંઘન કરીને નવ નય કેમ કહી શકાય? માટે પોતાનાજ ઘરનું સૂત્ર રાખવું.

વિવેચન—કાંઈ પણ ભિન્ન કારણ દર્શાવ્યા વિના શાસ્ત્રમાં સાત નય કહ્યા છે તે સૂત્ર सत्त मूल नयापणत्ता મૂળ નય સાત

છે એમ સ્પષ્ટપણે સૂત્રમાં કહ્યું છે. તો પછી સૂત્રના વાક્યનું ઉલ્લંઘન કરીને સાતથી અધિક નય છે એમ કેવી રીતે કહી શકાય? માટે આપણા શાસ્ત્ર વચનની રક્ષા કરવાને માટે સાત નય છે એમજ કહેવું જોઇએ. પણ સુત્રનું ઉલ્લંઘન કરવું નહિ. (૧૭)

---

( એમાં સાક્ષી બતાવે છે. )

દશ ભેદાદિક પણ ઇંહારે
ઉપલક્ષણ કરી જાણ
નહિ તો કહો અંતર ભવેરે
પ્રદેશાર્થ કુણ ઠાણ રે—પ્રાણી ॥૧૮॥

ભાવાર્થ—દ્રવ્યાર્થીકના દશ ભેદ કહ્યા છે તે પણ ઉપલક્ષણથીજ સમજવાનું છે કારણ કે નહિતો પ્રદેશાર્થ નય નો શેમાં અંતર ભાવ થઇ શકે?

વિવેચન—દેવસેનજીના રચેલા નય ચક્ર ગ્રંથમાં દ્રવ્યાર્થિકના દશ ભેદ કહ્યા છે તે ઉપલક્ષણથીજ સમજવા જોઇએ અર્થાત્ આ ભેદ દિગ્દર્શન માત્ર છે એથી બીજા ઘણા ભેદ પણ થઈ શકે છે અને જો તે દશ ભેદને ઉપલક્ષણ માત્ર ન માનીએ

તો પ્રદેશાર્થ નયનો કયા નયમાં અંતરભાવ થઇ શકે? વળી પ્રકારાંતરથી બીજા અનેક ભેદ થઇ શકે છે (૧) અશુદ્ધ (૨) અશુદ્ધતર (૩) અશુદ્ધતર (૩) અશુદ્ધતમ (૪) શુદ્ધ (૫) શુદ્ધતર (૬) શુદ્ધતમ એમ અનેક ભેદ છે તે સર્વનો સંગ્રહ કયા નયમાં કરી શકાશે? માટે આ જે દશ ભેદ છે તે પણ ઉપલક્ષણપણેજ માનવા જોઈએ. (૧૮)

---

(ઉપનયનો પણ વ્યવહારમાં સમાવેશ થાય છે)

ઉપનય પણ અલગા નહિરે
જે વ્યવહાર સમાય
નહિ તો ભેદ પ્રમાણનોરે
ઉપ પ્રમાણ પણ થાયરે-પ્રાણી ॥૧૯॥

ભાવાર્થ—જે ઉપનય કહ્યા છે તે જુદા નથી કારણ કે તેનો વ્યવહારમાં સમાવેશ થાય છે, જો એમ ન હોય તો પ્રમાણનો ભેદ ઉપપ્રમાણ પણ થાય. (૧૯)

વિવેચન—જે ત્રણ ઉપનય કહ્યા છે તે વ્યવહાર નગમાદિ નયથી જુદા નથી તત્ત્વાર્થ સુત્રમાં વ્યવહારનું લક્ષણ

પણ એવુંજ કહ્યું છે કે જે બહુધા ઉપચારથી પૂર્ણ હોય અ- ર્થાત્ જેમાં ઉપચાર અધિક હોય તે તો સંક્ષિપ્ત અક્ષરમાં વિસ્તાર સહિત અર્થના ધારક થાય છે. એમ છતાં જો નયના ભેદને ઉપનય કરી માનીએ તો स्वपर व्यवसायि ज्ञान प्रमाणं એ લક્ષણે લક્ષિત જ્ઞાન રૂપ પ્રમાણનો એક દેશ મતિ જ્ઞાના દિક અથવા દેશ અવગ્રહાદિક તેને ઉપપ્રમાણ કેમ નથી કહેતા? માટે નય ઉપનયની જે પ્રક્રિયાકરી છે તે શિષ્યને સમજાવવા માટે છે.

---

વ્યવહારને નિશ્ચય થકીરે
સ્યો ઉપચાર વિશેષ
મુખ્ય વૃત્તિ જો એકનીરે
તો ઉપચારિ શેષરે—પ્રાણી ॥ ૨૦ ॥

ભાવાર્થ--નિશ્ચય નયથી વ્યવહાર નયમાં ઉપચારની વિશેષતા શી છે? જો એકની મુખ્યતા થાય છે તો અન્યનું ઉપચારિપણું થાય છે (૨૦)

વિવેચન—નિશ્ચય નયથી વ્યવહાર નય સાથે ઉપચારની વિશેષતા કેવી છે તે જાણવાની ઇચ્છાથી કહે છે કે વ્યવહાર

નયમાં ઉપચાર છે, અને નિશ્ચય નયમાં ઉપચાર નથી એટલી વિશેષતા છેઅર્થાત્ એક નયની મુખ્ય વૃત્તિ રહે છે ત્યારે અન્ય નય નીઉપચાર એટલે ગૌણ વૃતિ રહે છે. સ્યાદ્વાદ રત્નાકરમા આવાત છે જેમકે પોતપોતાના અર્થની સત્યતાનું અભિમાન સઘળા નયોમાં પરસ્પર હોય છે અને સત્યતા તો સમ્ય દ્રર્શનના સંયોગથી થાય છે. માટે તાત્પર્ય એવું છે કે જ્યારે એક નય મુખ્યપણે હોય ત્યારે બીજા નય ગૌણપણે હોય અને એ ગૌણપણું તેજ ઉપચાર છે ઉદાહરણ તરીકે નિશ્ચય નયથી "આત્મા" એવો શબ્દ છે તેનું મુળ સ્વરૂપ તો સિદ્ધના જેવું છે તે આત્મા સાથે જે જડપણાનું સંબોધન તે ગૌણથી છે. વ્યવહારથી આત્માને સંસારી કહેવાય છે અને જન્મ મરણ આદિ કરતો તે દેવ, મનુષ્ય, તિર્યંચ નારકી વિગેરે રૂપથી કહી શકાય છે. વ્યવહાર દશામાં અનંત ગુણાદિપણું જે નિશ્ચયથી કહેલું છે તે ગૌણ દેખાય છે. (૨૦)

---

તેણે એ ભાષ્યે ભાષ્યુ રે  
આદરિયે નિરધાર  
તત્વ અરથ નિશ્ચય ગ્રહરે  
જન અભિમત વ્યપહારરે પ્રાણી ॥૨૧॥

ભાવાર્થ—માટે ભાષ્યમાં જે પ્રમાણે કહેલુ' છે કે 'નિશ્ચય નય તત્વાર્થને કહે છે અને વ્યવહાર નય મનુષ્યનું કહેલુ. કહે છે. તેનો નિશ્ચય પુર્વક સ્વીકાર કરવો જોઇએ (૨૧)

વિવેચન—એથી કરીને ભાષ્ય એટલે વિશેષાવશ્યકય i વ્યવહાર અને નિશ્ચય નયના જે લક્ષણો છે તેનો નિશ્ચય પુર્વક આદર કરવો જોઇએ. ભાષ્યમાં નિશ્ચય અને વ્યવહારના લક્ષણ આ પ્રમાણે કહ્યા છે. નિશ્ચય નય છે તે તો તત્ત્વાર્થનેજ કહે છે એટલે યુિકત પુર્વ'ક જે અર્થ સિદ્ધ છે તેનેજ કહે છે અને વ્યવહાર નય તો લોકોને જે ઈષ્ઠ છે તે કહે છે કારણકે લોકોને જે અભિમત છે તેજ વ્યવહાર કહેવાય છે માટે વ્યવહાર છે તે પ્રમાણ ભૂત નથી પણ તત્ત્વાર્થના જે ગ્રાહક છે તેજ પ્રમાણ ગણી શકાય છે પ્રમાણના સ'પૂર્ણ તત્વાર્થ ગ્રહણ કરાવવાવાળો નિશ્ચય નય છે અને પ્રમાણના એક દેશ તત્ત્વાર્થ ને ગ્રહણ કહે છે તેતો વ્યવહાર કહેવાય છે, નિશ્ચય અને વ્યહારનો આ પ્રમાણે વિવેક છે, બાકી વ્યવહાર અને નિશ્ચય નય ના વિષયતો ભિન્નજ છે. માટે આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારને સમજવા જોઇએ.

(હવે ઉપચાર વિષે કહે છે)

અભ્યંતરતા બાહ્યને રે
જે બહુ વિગતિ અભેદ
નિરમળ પરણતિ દ્રવ્યનીરે
એ સવી નિશ્ચય ભેદ રે--પ્રાણી ॥૨૨॥

ભાવાર્થ— બાહ્ય અર્થને ઉપચારે અભ્યંતરપણું હોય છે અનેક વ્યકિતનો અભેદ દેખાય, અને જે દ્રવ્યની નિર્મળ પરિણતિ છે તે સર્વ નિશ્ચય નયનો વિષય છે. (૨૨)

વિવેચન—બાહ્ય પદાર્થનું જે અભ્યંતરપણું એટલે અંતરગપણું છે તે નિશ્ચય નયનો વિષય છે જેમકે સમાધિ, નંદન વન, દંભોલિ, સમતા, જ્ઞાન, મહા વિમાન વિગેરે, અને પુંડરીક અધ્યયન વિગેરે પણ એજ રીતે સમજવું અને બહુ વ્યકિત ગત જે અનેક વિષય છે તેનું ભેદ રહિતપણું તે પણ નિશ્ચય નયનોજ વિષય છે જેમકે 'एगे आया' ઈત્યાદિ સૂત્ર છે. તેવીજ વેદાંત દર્શન પણ શુદ્ર સંગ્રહ નયના આદેશરૂપ હોવાથી શુદ્ધ નિશ્ચય નયના અર્થરૂપ સંમતિ ગ્રંથમાં કહ્યું છે. અને જે દ્રવ્ય એટલે

પદાર્થની નિર્મળતા છે તે પણ નિશ્ચય નયનો જ વિષય છે અહીંઆ જે નિર્મળતા કહી છે તે પરિણામની નિર્મળતા સમજવાની છે. આવી રીતે અભ્યંતરત્વ આદિ નિ-શ્ચય નયનોજ વિષય છે, જેવી રીતે લોકોત્તર અર્થ પ્રાપ્ત થાય છે તેવીજ રીતે નિશ્ચય નયના ભેદ થાય છે અને એજ હેતુથી લોકોત્તર અર્થની ભાવના પ્રાપ્ત થાય એમ જાણવું જોઇએ (૨૨)

---

(હવે વ્યહાર નયનો વિષય કહે છે)

જેહ ભેદ છે વિગતિનોરે
જે ઉત્કટ પર્યાય
કાર્ય નિમિત્ત અભિન્નતારે
એ વ્યવહાર ઉપાયરે પાણી ॥ ૨૩॥

ભાવાર્થ—જે વ્યકિતનો ભેદ હોય છે, જે ઉત્કટ પર્યાય છે તથા જે કાર્ય કારણની એકતા છે તે સર્વ વ્યવહારના ભેદ છે. (૨૫)

વિવેચન—જે વ્યકિતના ભેદ છે તેને નિશ્ચય રૂપથી વ્યવહારના ભેદ જાણવા જેમકે અનેક દ્રવ્ય છે, અનેક જીવ

છે. ઇત્યાદિ રીતીથી વ્યવહાર નયના અર્થ છે તથા જે નિશ્ચય નયમાં ઉધૃત પર્યાય છે તે પણ વ્યવહાર નયના ભેદ છે. એ હેતુથી એમ પણ કહેલું છે કે નિશ્ચય નયથી ભમર પંચ વર્ણી અર્થાત પાંચ રંગના છે. અને વ્યવહાર નયથી તો માત્ર કાળા રંગનાજ છે. ઇત્યાદિ રીતીર્થી સિદ્ધાંતમાં પ્રસિદ્ધછે ઉત્કી પર્યાય છે તે પણ વ્યવહાર નયનોજ ભેદ છે અને જે કાર્ય કારણ તથા નિમિત્ત નિમિત્તની એકતા છે તે પણ વ્યવહાર નયનોજ વિષય છે જેમકે આયુઘૃત છે, અહિંઆ ઘૃતરૂપ જે આયુના કારણરૂપ કહેલું છે તેમાં આયુરૂપતા માની છે. અથવા જેવી રીતે પર્વત બળે છે, માચડો માંચ શબ્દ કરે છે, ભાલા ઘુસે છે, ગંગામાં ઘોષ છે ઇત્યાદિ જે રૂપી વિષયક અનેક વ્યવહાર ભાષા છે તે સર્વ વ્યવહાર નયના વિષયને ધારણ કરવાવાળીજ જાણવી. તાત્પર્ય એવું છે કે જે વ્યકિત નો ભેદ છે તથા જે ઉત્કટ પર્યાય છે અને જે કાર્ય કારણની એકતા છે ઇત્યાદિ સર્વ વ્યવહાર નયનાજ ભેદ છે. (૨૩)

---

( હવે સંક્ષેપમાં સમાધાન કરે છે. )

**એમબહુવિષયનિરાકારીરે**

**કરતાં તસ સંકોચ**

કેવળ બાલ બોધવા રે
દેવસેન આ લોચ રે—પ્રાણી ॥૨૪॥

ભાવાર્થ—એવી રીતે નિશ્ચય અને વ્યવહારાદિ નયના ઘણા અર્થને ટાળીને તથા તેનો સંકોચ કરીને દેવસેન આચાર્યે કેવળ બાળકને બોધ કરવાનો વિચાર રાખ્યો છે.(૨૪)

વિવેચન—એવી રીતે ઘણા અર્થને ધારણ કરવાવાળા જે નિશ્ચય અને વ્યવહાર નય તેનો ત્યાગ કરી ને અને ફરી તેજ નયનો સંક્ષેપ કરીને પાંચ કે સાત નયને બદલે નય નવ છે એમ અધિકતા કરીને મંદ બુદ્ધિવાલાઓને સમજાવવાને માટે નયચક્ર ગ્રંથના કર્તા શ્રી દેવસેન આચાર્યે આ રચના કરેલી છે જે શાસ્ત્રથી વિરૂદ્ધ હોવાથી પોતાના ગ્રંથનું ગૌરવ બતાવવાનો પ્રપંચ હોવાનો સંભવ છે. ( ૨૪ )

---

( ઉપસંહાર કરે છે. )

એમ બહુવિધ નય ભંગસું રે
એક ત્રિવિધ પયત્થ

પરખો હરખો હૈયડલેરે
સુજશ લહી પરમથ્થરે—પ્રાણી ॥૨૫॥

ભાવાર્થ—એ રીતે બહુ પ્રકારે નય અને ભંગથી દ્રવ્ય ગુણ પર્યાયરૂપ એકજ અર્થને જાણો અને તે જાણી તેનો પરમાર્થ ગ્રહણ કરીને હૃદયમાં હર્ષિત થાઓ.

વિવેચન-આ પ્રકારે શ્રી જીનેશ્વર મહારાજે કહેલા સૂત્રોના ક્રમવાર જે નૈગમ આદિ સાત અથવા પાંચ નયના અનેક ભેદ રૂપ સમૂહથી ઇચ્છાનુસાર કોઇ પણ એક જીવઆદિ પદાર્થનો દ્રવ્ય ગુણપર્યાય રૂપ નિશ્ચય કરીને બહુ પ્રકારના નય ગમભંગને સમજો અને તેનો પરમાર્થ ગ્રહણ કરી સુજસ પામો તથા હૃદયમાં આનંદને પ્રાપ્ત કરો (૨૫)

---

## ઢાળ નવમી.

ઇમ ધન્નો ધણને પરચાવે—એ દેશી.

એક અરથ તિહું લક્ષણે
જેમ સહિત કહે જીનરાજરે

તેમ સદ્દહણા મન ધારતાં
સીજે સઘળા શુભ કાજરે
જીનવાણી પ્રાણી સાંભળો—॥૧॥

ભાવાર્થ—જેવી રીતે જીનેશ્વર ભગવાન એકજ પદાર્થને ત્રણે લક્ષણે કરીને યુક્ત કહે છે તેમ મનને વિષે સદ્દહણાને ધાર ; કરવાથી દરેક શુભ કાર્યની સિદ્ધિ થાય છે, હે ભવ્ય પ્રાણી ? તમે જીનેશ્વર મહારાજની વાણીને સાંભળો (૧)

વિવેચન—એકજ પદાર્થ જીવ કે પુદ્ગલ, ઘટ કે પટ જેવી રીતે ત્રણ લક્ષણે કરીને સંયુક્ત હોય છે એટલે ઉત્પત્તિ, વિનાશ, અને ધ્રૌવ્ય એ ત્રણે લક્ષણ દરેક પદાર્થમાં હોય છે એમ શ્રી જીનેશ્વર મહારાજે ત્રિપદિમાં કહ્યું છે. **उपन्नेवा धुवेवा विगमेवा** કથંચિત ઉત્પન્ન થાયછે, કથંચિત ધ્રૌવ્ય પણે રહે છે અને કથંચિત નષ્ઠ થાય છે. આ રીતે દરેક પદાર્થો ત્રણ પ્રકારના છે. આ ત્રિપદિના અર્થને ગ્રહણ કરી તેમાં શ્રદ્ધા રાખનાર ભવ્ય પ્રાણી અભિષ્ટ પદાર્થને પ્રાપ્ત કરે છે અર્થાત્ સમ્યગ્દર્શન પામીને મોક્ષને પણ પ્રાપ્ત કરે છે. કોઇ પદાર્થ નિત્ય છે, કોઇ પદાર્થ અનિત્ય છે, એમ જે નૈયાયિકોનું

કહેવું છે તે જીન મત પ્રમાણે યોગ્ય નથી કારણ કે અમુક પદાર્થ એકાંત નિત્ય અને અમુક પદાર્થ એકાંત અનિત્ય માનવાથી લોક યુકિતથી પણ તેમાં વિરોધ આવે છે તેથી કરીને દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય રૂપ ત્રણે લક્ષણે કરીને સંયુકત છે એમજ સમજવું જોઇએ. શ્રીમાન હેમાચાર્યજી એ કહ્યું છે કે દીપકથી તે આકાશ પર્યંત સમસ્ત પદાર્થ એક સ્વભાવને ધારણ કરવા વાળા છે અને સ્યાદ્વાદ મુદ્રાનું ઉલ્લંઘન કરતા નથી. માટે તેમાંથી અમુકને નિત્ય અને અમુકને અનિત્ય કહેવું તે વિરોધ દર્શક છે.

---

(હવે ત્રિવિધ લક્ષણ રૂપ અર્થનું વિવરણ કરેછે)

ઉત્પાદ વ્યય ધ્રુવપણે
છેસમય સમય પરિણામરે
ષટ દ્રવ્ય તણો પ્રત્યક્ષથી
નવિરોધ તણો એ ઠામરે—જીન ॥ ૨॥

ભાવાર્થ—ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રણે લક્ષણ કરીને છએ દ્રવ્યનો પરિણામ સમયે સમયે પ્રત્યક્ષપણે દેખાય

છે એમાં જરાપણ વિરોધ જેવુ નથી. ( ૨ )

**વિવેચન**—ક્ષણે ક્ષણે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે લ ક્ષણે કરીને છએ દ્રવ્યના પરીણામ થાય છે. હવે કોઇ કહે કે જ્યાં ઉત્પાદ તથા નાશ છે ત્યાં ધ્રૌવ્ય નથી, અને જ્યાં ધ્રૌવ્ય છે ત્યાં ઉત્પાદ તથા વ્યય નથી, જ્યાં છાયા છે ત્ય તાપ નથી અને તાપ છે ત્યાં છાયા નથી તેવીજ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એકજ સ્થળે રહી શકેજ નહિ. આ શંકાના ઉત્તરમાં સમજવાનું કે જેમ ઉષ્ણ તથા શીત સ્પર્શ પરસ્પરના પરીહારથી ક્રમવાર અગ્નિ તથા જળમાં દેખાય છે અર્થાત્ એક બીજાના ત્યાગથી ઉષ્ણ સ્પર્શ અગ્નિમાં અને શીત સ્પર્શ જળમાં દેખાય છે અને તે બંને સ્પર્શનો કોઇપણ એક સ્થાનમાં સંગ્રહ કરીએ તો વિરોધ આવે છે પરંતુ આ સ્થળે તો સર્વ લક્ષણ એક વસ્તુ માં પ્રત્યક્ષ રૂપથી દેખાય છે અને એક બીજાને દૂર કરવાથી કોઇપણ એક પદાર્થમાં કેવળ એક ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે લક્ષણ પ્રત્યક્ષ પ્રમાણથી દેખાતું નથી તો પછી આ વિરોધ કેવી રીતે કહી શકાય? માત્ર અનાદિકાળની એકાંતની વાસનાથી પ્રાણી પરસ્પર વિરોધ દેખે છે પરંતુ પરમાર્થથી જો વિચા ર કરે તો કોઇપણ જાતનો વિરોધ નથી. કેમકે સમયના નિશ્ચયથી

જે થાય છે તેજ વિરોધ દૂર કરવાને કારણ રૂપ છે. (૨)

---

(ફરી પણ તેજ કહે છે.)

ઘટ મુકુટ સુવર્ણહ અર્થિયા
વ્યય ઉત્પત્તિ થિતિ પેખંતરે
નિજ રૂપે હોવે હેમથી
દુખ હર્ષ ઉપેક્ષા વંતરે ॥૩॥

ભાવાર્થ—દુઃખ તથા હર્ષથી મુકત અને ઉત્પન્તિ, નાશ અને સ્થિતિ એ ત્રણે જેમાં છે એવા સુવર્ણ ઘટ સુવર્ણ મુકુટ અને સુવર્ણ એ ત્રણે રૂપ બદલતા હોવા છતાં તેમાં સુવર્ણ પોતાના સ્વરૂપે સ્થિત છે. (૩)

વિવેચન—જુઓ કે એકજ હેમ દ્રવ્યને વિષે ઘટાકારે નાશ અને મુકુટાકારે ઉત્પન્તિ તથા હેમાકારે સ્થિતિ એ ત્રણ લક્ષણ પ્રત્યક્ષ દેખાય છે કેમકે હેમ ઘટ ભાંગીને હેમ મુકુટ થાય છે, તેમાં જેનો નાશ તેને દુઃખ અને જેની ઉત્પતિ તેને હર્ષ પણ થાય છે અને સુવર્ણ કે જે નિરંતર પોતાનાજ રૂપમાં સ્થિત છે તેને સુખ કે દુઃખ કાંઇ નથી આવી રીતે

સર્વસ્વ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય પર્યાય દ્રવ્ય રૂપથી જાણવુ જોઈએ સુવર્ણ જે દ્રવ્ય છે તે નિત્ય છે અને તેનાપર્યાય જે ઘટમુકુટ તે અધ્રુવ છે તેથી સમજવું જોઈએ કે જે દ્રવ્ય છે તે નિત્યછે અને તેના પર્યાય અનિત્ય છે.

---

( હવે ઉત્પાદ વ્યય અને ધ્રુવનો અભેદ સંબંધ દેખાડે છે )

ઘટ વ્યય તે ઉત્પત્તિ મુકુટની
ધ્રુવતા કંચનની એકરે
દલ એકે વર્તે એકદા
નિજ કારયશકિત અનેકરે–જીન ॥૪॥

ભાવાર્થ—હેમના ઘટના વ્યય અને હેમના મુકુટની ઉત્પત્તિ એ બંને એક કારણ જન્ય છે તથા બંનેમાં સુવર્ણનું ધ્રુવપણું છે આવી રીતે એકજ પદાર્થમાં એકજ કાળે અનેક કાર્યની શકિત રહેલી છે. (૪)

વિવેચન—જે સુવર્ણના ઘટનો નાશ તેજ સુવર્ણના મુકુટની ઉત્પત્તિ છે કેમકે ઘટનો નાશ અને મુકુટની ઉત્પત્તિએ

અને કાર્ય એકજ કારણથી ઉત્પન્ન થયા છે ન્યાયનો એવો સિદ્ધાંત છે કે જે દ્રવ્યજે દ્રવ્યના નાશથી ઉત્પન્ન થએલછે તે એકજ દ્રવ્યના ઉપાદાન કારણથી ઉપાદેય છે. જેમકે જ્યારે ઘટ દ્રવ્યનો નાશ થવાથી મુકુટ ઉત્પન્ન થયો તો ઘટ દ્રવ્યના નાશનું ઉપાદાન કારણ જે સુવર્ણ છે તેજ મુકુટનું કારણ છે આ રીતે ઘટનો નાશ અને મુકુટની ઉત્પત્તિ એકજ સુવર્ણ રૂપ કારણથી થયેલ છે. આ રીતે એકજ સુવર્ણના કારણથી એકજ કાળે પૂર્વ પર્યાયનો નાશ, ઉત્તર પર્યાયની ઉત્પત્તિ અને મૂળ દ્રવ્યનું ધ્રુવપણું એ ત્રણે લક્ષણ સાથે રહે છે આ પ્રમાણે ત્રણે લક્ષણે કરીને સહીત એકજ વસ્તુના ત્રણે લક્ષણ એક સમયમાં છે તો પણ સુખ દુઃખ અને માધ્યસ્થપણું એ ત્રણે પ્રકારની શકિત જણાતી હોવાથી તેમાં ભિન્નતા પણ આમ થવી જોઇએ આજ હેતુથી સ્યાત્ ઉત્પન્ન થાય છે સ્યાત્ નષ્ટ થાય છે અને સ્યાત્ ધ્રુવ છે એવા વાકયનો પ્રયોગ કરવો પડે છે, **उपन्नेवा** એ મૂળ પાઠમાં પણ જેવા શબ્દ છે તે સ્યાત્ અર્થનોજ સૂચક છે જેમકે સર્પ કાળો કહેવાય છે પરંતુ સર્પના પેટનો ભાગ કાળો નથી અને શેષનાગ જે કહેવાય છે તે તો વળી સફેદજ છે તો પણ સ્યાત્ શબ્દના પ્રયોગથી એવું સંબોધન થઈ શકે છે. ત્રિપાદિનું મહા

વાકયમાં પણ સ્યાત્કારની ભજના છે (૪)

બહુ કારય કારણ એકજો
કહિયે તે દ્રવ્ય સ્વભાવરે
તો કારણ ભેદા ભાવથી
હોય કારય ભેદા ભાવરે—જીન॥ ૫॥

ભાવાર્થ—અનેક કાર્યનું એકજ કારણ છે એમ દ્રવ્ય નો જો સ્વભાવ કહ્યો તો કારણના ભેદ ભાવ વગર કાર્યનો ભેદ ભાવ કેવી રીતે થઈ શકે ? (૫)

વિવેચન—હવે જયારે એમ કહ્યુંકે એક કારણથી અનેક કાર્યો ઉત્પન્ન થાય છે એવો દ્રવ્યનો સ્વભાવ છે જેમકે સુવર્ણ દ્રવ્ય એકજ અવ્યકત્ત રૂપ છે, મુકુટાદિ જે તેના વિકાર છે તેતો મિથ્યા છે; અને સુખ દુઃખ તથા માધ્યસ્થપણું એ ત્રણે કાર્ય કરવાની શકિત આ એકજ સુવર્ણ દ્રવ્યમાં છે તો પછી કારણના ભેદ વગર સર્વ ભેદ કેવી રીતે થઇ શકે ? કેમકે જે કલ્યાણનું સાધન છે તે પ્રમોદનું કારણ હોઇ શકે છે અને જે અનિષ્ઠનું સાધન છે તે શોકને ઉત્પન્ન કરવા વાળુ છે. અને બંનેથી ભિન્ન જેમાં ઇષ્ટ કે અનિષ્ટ કાંઇ નથી

તે માધ્યસ્થનું કારણ છે તો પછી આ ત્રણ પ્રકારના કાર્ય એ રૂપ કારણ દ્રવ્યથી કેવી રીતે ઉત્પન્ન થઇ શકે છે કાર્યગત દ્રષ્ટાંતને અનુસરીનેજ કારણગત શક્તિની કલ્પના કરવી જોઇએ જો એમ ન માનીએ તો અગ્નીના સંયોગે જે જળ છે તે દાહ ઉત્પન્ન કરવા વાળા સ્વભાવનું ધારક છે એ કલ્પના જુઠી પડશે માટે કાર્યભેદ થવાથી કારણ ભેદ અવશ્ય માનવુંજ જોઇએ. અને અનેક કાર્યને ઉત્પન્ન કરવા વાળી જે શકિત છે, તે પણ એકત્વ અનેકત્વ રૂપ સ્યાદ્વાદને સૂચીત કરેછે (૫)

---

(હવે આ વિષયમાં બૌદ્ધનો મત કહે છે)

શોકાદિ જનને વાસના
ભેદે કોઇ બોલે બુદ્ધરે
તસ મનસકારની ભિન્નતા
વિણ નિમિત્તિ ભેદ કિમશુદ્ધરે જીના૬ા

ભાવાર્થ—દ્રવ્યમાં જે શોકાદિ થાય છે તે લોક વાસનાના ભેદથી થાય છે પણ શોકાદિ કારણમાં વસ્તુનો ભેદ નથી

આ પ્રમાણે જે બૌદ્ધ કહે છે તે નિમિત્ત શુન્ય છે અને તેમાં મનસ્કારની ભિન્નતા હોવાથી તે શુદ્ધ કેમ થઇ શકે? (૬)

વિવેચન—બૌદ્ધ કહેછે કે ઉત્પાદ અને વ્યય એકજ કાળે થાયછે અને જેમ ત્રાજવાની બંને બાજુ એકજ સાથે ઉંચી નીચી થાયછે તેમ ઉત્પાદ અને વ્યય એકજ કાળે થાયછે કેમકે ક્ષણીક સ્વરૂપ લક્ષણને ધારણ કરવા વાળામાં ધ્રુવતા તો છેજ નહિં માટે શોકાદિની જે ઉત્પતી છે તે ભિન્ન ભિન્ન લોકોથીજ થાય છે કેમકે એકજ શેરડી બધાને સુખરૂપછે ત્યારે ઊંટને દુઃખરૂપછે તેમજ સુવર્ણના ઘટ મુકુટાદિમાં સમજવું જોઇએ આપ્રમાણે બૌદ્ધને નિમિત્ત ભેદ વિના વાસના રૂપ મનના વ્યાપારની ભિન્નતા કેવીરીતે થઇ શકેછે પરંતુ શોકાદિનું ઉત્પત્તિ કારણ જેમ ભિન્નભિન્ન છે તેમ નિમિત્ત પણ ભિન્ન અવશ્વ માનવું જોઇએ ૨૬)

---

(બૌદ્ધ મતનું સમાધાન કરેછે)

જો નિમિત્ત ભેદ વિણ જ્ઞાનથી
શક્તિ સંકલ્પ વિકલ્પરે

તો બાહ્ય વસ્તુના લોપથી
ન ઘટે તુજ ઘટ પટ જલ્પરે--જીનાાળા

ભાવાર્થ—જો નિમિત્ત વિના જ્ઞાન શક્તિથીજ સંકલ્પ અને વિકલ્પ થાય છે. તો બાહ્ય વસ્તુના લોપથી ઘટ પટ આદિ કલ્પના વાસનાથી કેમ નથી થતી ? (૭)

વિવેચન—જો નિમિત્ત ભેદ વિના વાસના વિશેષથી ઉત્પન્ન થએલો જે જ્ઞાન સ્વભાવ છે તેથીજ શોક પ્રમોદની કલ્પના થાય છે એમ જો કહોતો બાહ્ય વસ્તુનો નાશ થઈ જવાથી ઘટ પટ આદિ નિમિત્ત વિના કેવળ વાસના વિશેષથી ઘટ પટ આદિ આકાર રૂપ પરીણામ નથી ઉત્પન થતું અને ઘટ પટ આદિ નિમિત્ત વિના વાસના વિશેષથી ઘટ પટાદિના આકારનું જ્ઞાન થાયતો સમસ્ત બાહ્ય વસ્તુનો નાશ થઈ જાય અને આંતરંગીક તથા બાહ્ય આકારના વિરોધથી બાહ્ય આકારને મિથ્યા કહેવાવાળા બૌદ્ધના મતથી તો ચિત્રના પદાર્થમાં રહેવાવાળા નીલ પીત આદિ વર્ણોના આકારનું જ્ઞાન પણ મિથ્યાજ થાય છે તેમજ ઉષા (દિન) આદિ આકાર તથા નીલ આદિ આકાર પણ વિરૂદ્ધજ થાય છે અર્થાત્ વાસનાનીજ વિશેષથી આકારનું પરિણામ ત

થા આકારનું જ્ઞાન થાય છે. બાહ્ય નિમિ-તની એમાં કોઇપણ વાસના નથી એમ કહેવાથી બધાને શુન્ય માનવાવાળો જે માધ્યમિક બૌદ્ધ છે તેનો મત આવે છે ક્ષણીક વાદીનો મત રહેતો નથી. અને કહ્યું છે કે જો વાસના હશે તો શું શું નહિ થઇ શકે? અને જો બાહ્ય પદાર્થો છે તથા વાસના નથી તો કાંઈ પણ થઇ શકશે નહિ. કેમકે વાસના વગર બાહ્ય પદાર્થો બુદ્ધિમાં પણ આવી શકતો નથી તેથી વાસના કે જે પોતેજ પદાર્થને રૂચતી છે તેને કેમ દુર કરી શકાય. અને શુન્યવાદ પણ પ્રમાણની સિદ્ધિ અને અસિદ્ધિ રૂપ જે બે પક્ષ છે તેનાથી ખંડિત છે તેથી સર્વજ્ઞ વીતરાગ પ્રણીત શુદ્ધ સ્યાદ્વાદના ધારક સંપૂર્ણ નયનો આદર કરવો જોઇએ. (૭)

(વળી પણ કાર્ય કારણ વિષે કહેછે.)

ઘટ નાશ મુકુટ ઉતપત્તિનો
ઘટ એજ રૂપે હેતરે.
એકાંત ભેદની વાસના.
નૈયાયાદિક પણ કેમ દેતરે.--જીન ॥૮॥

ભાવાર્થ—ઘટનો નાશ તેમ મુકુટની ઉત્પત્તિનું એકજ સ્વરૂપે કારણ છે તો પછી નૈયાયીકો ઉત્પત્તિ અને વ્યયમાં એકાંત ભેદની વાસના કેમ આપેછે (૮)

વિવેચન ઉપર પ્રમાણે શોકાદી ત્રણે કાર્યના ભેદથી ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય લક્ષણ સિદ્ધ કરવામાં આવ્યું અને ત્રણે લક્ષણે કરીને યુકત હોવાથી સુવર્ણ ઘટના નાશનું અને સુવર્ણના મુકુટની ઉત્પત્તિનં કેવળ ઘટ દ્રવ્ય પોતેજ કારણ છે કેમકે સુવર્ણ ઘટના નાશથી અભિન્ન રૂપ સુવર્ણ મુકુટની ઉત્પત્તિના સંબંધમાં સુવર્ણ ઘટના અવયવોના વિભાગ આદિ હેતુએજ છે. અને એજ કારણથી મહાપટના નાશથી નાના કટકાની ઉત્પત્તિના સંબંધમાં પણ એક બે તંતુના સંયોગનો નાશજ કારણ રૂપ છે એવી કલ્પનાતો ઘણો ગૌરવ રૂપે ગણાશે આ પ્રમાણે જાણતા છતાં એક તંતુના નાશથી ગણીને તે જેટલાં તંતુઓના સંયોગના નાશથી તે પટનો કટકો ઉત્પન્ન થાય છે તે સર્વ તંતુ-ઓને નૈયાયિક નાશ અને ઉત્પત્તિની સર્વથા ભેદ વાસના કેવી રીતે માને છે? કેમકે નૈયાયિકના મતનું તો એવું વચન છે કે "જે પક્ષમાં કલ્પનાનું ગૌરવ છે તે તો અમો માનતા નથી અને જે પક્ષમાં કલ્પનાનું લાઘવ છે તે અમો માન્ય

રાખીએ છીએ." (૮)

---

(વળી પણ ઉદાહરણથી એજ કહે છે.)

દુગ્ધ વ્રત દધી જીમે નહિ
નવી દુધ દધી વ્રત ખાયરે
નવી દોઈ અગોરસ વ્રત જીમે
તેણે તિય લક્ષણ જગ થાય રે—જીન ॥૯॥

ભાવાર્થ—જેને દુધનું વ્રત હોય તે દહીં ખાઈ શકે નહિ અને દહીંનું વ્રત હોય તે દૂધ ખાઈ શકે નહિ અને જેને ગોરસનો ત્યાગ છે તે બંનેને ખાતો નથી આ રીતે પણ ઉત્પત્તિ આદિ ત્રિવિધ લક્ષણ યુક્ત વસ્તુ સિદ્ધ થાય છે (૯)

વિવેચન—જે માણસને માત્ર દૂધજ ખાવાની પ્રતિજ્ઞા છે તે માણસ દૂધ સિવાય દુધથી ઉત્પન્ન થએલું દહીં તે ખાઇ શકતો નથી. અને એજ રીતે જેને માત્ર દહીં ખાવાનો નિયમ હોય તે દુધ ખાઈ શકે નહિ. જો કે પરમાર્થથી જોતાં દહીં તે દુધના પરીણામ રૂપછે અને તેથી દુધ દહિંનો અભેદ

માનીએ તો દુધના નિયમથી દહિં ખાવામાં વ્રતભંગ થાય નહિ અભેદની વિવક્ષા કરીએતો દુધ પીવાથી દહીંના વ્રતનો ભંગન થાય અને દહીં ખાનારા મનુષ્યને દૂધના વ્રતનો નાશ ન થાય અને જેને ગોરસનો ત્યાગ હોય તેને દુધ અને દહીં બંનેનો ત્યાગ થાય આરીતે દહીંપણાથી ઉત્પત્તિછે, દુધરૂપે નાશછે, અને ગોરસપણે ધ્રુવપણું પ્રત્યક્ષ છે. આદ્રષ્ટાંતથી સંસારના દરેક પદાર્થમાં ઉત્પાદ વ્યય અને ધ્રુવપણું સમજવું જોઇએ જયાં દ્રવ્ય પર્યાય છે ત્યાં ઉત્પત્તિ આદિ ત્રણે લક્ષણ કહેવા જોઇએ. અને ઉત્પાદ વ્યયતથા ધ્રુવથી સહિત હોય તે પદાર્થ સત્ છે એવું તત્ત્વાર્થનું વચન છે તેથી જે સત્તાથી પ્રત્યક્ષ છે તેજ સાક્ષાત્ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રણે લક્ષણ છે (૯)

ઉત્પન્ન ઘટે નિજ દ્રવ્યના
ઉત્પત્તિ નાશ કેમ હોયરે
સુણ ધ્રુવતામાં પહેલા ભલીયા
છે અનુગમ શકિત દોયરે—જીન ॥ ૧૦ ॥

**ભાવાર્થ**—ઉત્પન્ન થએલા ઘટમાં પોતાના દ્રવ્યની ઉત્પત્તિ તથા નાશ કેમ હોઇ શકે? એ પ્રશ્નના ઉત્તરમાં કહે

**છે કે ઉત્પત્તિ તથા નાશ એ બંને એકતા રૂપ શકિતથી ધ્રુવપણામાં રહેલ છે. (૧૦)**

વિવેચન—જેની ઉત્પત્તિ થઇ ગઇ છે એવો જે ઘટ છે તેની ઉત્પત્તિના બીજાજ ક્ષણે નિજ ઘટ રૂપ સંબંધની ઉત્પત્તિ અને નાશ કેવી રીતે હોય? કેમકે પ્રથમ ક્ષણ સંબંધ રૂપ ઉત્તર પર્યાયની જે ઉત્પત્તિ છે તેજ પુર્વપર્યાયનું નાશપણું છે એવું અગાઉ કહેવાઇ ગયુ છે? એમ પુછતાં જવાબ આપે છે કે પ્રથમ ક્ષણમાં જે ઉત્પત્તિ વિનાશ તે એકતા સ્વરૂપ શકિતથી ધ્રૌવ્યમાં મળેલાં છે તથા તે નિત્ય છે. અને ઘટની ઉત્પત્તિ તથા નાશનો સંબંધ ઉપલક્ષણી ભુત થઇને બીજે ક્ષણે જણાય છે અને જો એમ કહેવામાં આવે કે આ સમયે ઘટ ઉત્પન્ન થયો અને આ સમયે નષ્ટ થયો તો પછી ઉત્પત્તિ અને નાશની આ ક્ષણની વિશિષ્ટતાજ થઇ ગઇ કેમકે ઉત્પત્તિ અને નાશની વિશિષ્ટતા દ્વિતીયાદિ ક્ષણમાં નથી તેથી દ્વિતીયાદિ ક્ષણમાં આ ઉત્પન્ન થયો એવો પ્રયોગ નહિ થઈ શકે. અને ઘટ એ શબ્દથી પણ અહીંયા દ્રવ્યાર્થીના આદેશથી મૃત્તિકા રૂપ દ્રવ્યનું ગ્રહણ કરવું તેજ યોગ્ય છે અને તેથી મૃત્તિકા સામાન્ય રૂપે ઘટની ઉત્પત્તિ અને નાશ વિશેષ રૂપથી

ઘટ ઉત્પન્ન થયો નષ્ટ થયો એવો પ્રયોગ પણ થાય છે, આ પ્રકારનું કથન યોગ્ય છે. (૧૦)

ઉત્પત્તિ નાશ ને અનુગમે
ભુતાદિને પ્રત્યય ભાનરે
પર્યાયારથથી સવિ ઘટે
તે માને સમય પ્રમાણરે—જીન ॥૧૧॥

ભાવાર્થ—ઉત્પત્તિ તથા નાશની રૂજુસૂત્રાદિ પર્યાયાર્થિક નયથી એકતા માનવાથી ભૂતાદિ પ્રત્યયનું ભાન સમય પ્રમાણ નિશ્ચય નયથી ઘટીત થાય છે. (૧૧)

વિવેચન—ઉત્પત્તિ તથા નાશ એ બંનેની એકતામાં પર્યાયાર્થિક જે ઋજુસૂત્ર આદિ નયછે તેથી ભૂત આદિ પ્રતીતિનું જ્ઞાન સમય પ્રમાણ ઘટે છે કેમકે નિશ્ચય નયથી **कज्जमाणे कडे** એ વચનને અનુસરિને ઉત્પન્ન થવા વાળા ઘટને ઉત્પન્ન થયો એમ કહેવાય છે પરંતુ વ્યવહાર નયથી ઉત્પન્ન થાય છે ઉત્પન્ન થયું અને ઉત્પન્ન થશે તેમજ નષ્ઠ થાય છે નષ્ટથયું અને નષ્ટ થશે એ વિભકિતથી જે કાળ ત્રયનો પ્રયોગ છે તે પ્રયોગ પ્રતિક્ષણે પર્યાય અને નાશ રૂપ મતને કહેવા વાળો જે રુજુસુત્રનય છે તેથી પ્રાપ્ત જે વ્યવહારછે તે વ્યવહારનયને ગ્રહણ કરીને કહેવાયછે

જેમ કે ઋજુસુત્રનયતો સમય પ્રમાણુ વસ્તુને માન્ય રાખેછે તેમાં જે પર્યાયની વર્તમાન ઉત્પતિ તથા નાશ વિવક્ષિતછે તેને લીધેજ ઉત્પન થાયછે અને નષ્ટ થાયછે એમ કહેવું યોગ્ય છે અને વર્તમાન પર્યાયમાં જે ભુત તત્વછે તેને લીધે ઉત્પન થયું અને નષ્ટ થયું એમ કહેવાયછે અને તેમાં જે ભુત તત્વછે તેને અનાગતની પેઠે વિચાર કરીને ઉત્પન્ન થશે નષ્ટ થશે એમ કહેવાયછે તાત્પર્ય એવુંછે કે વર્તમાન કાળ ભુતની અપેક્ષાથી ભવિષ્યછે, આગામી કાળની અપેક્ષાથી તે ભુતછે અને વર્તમાનતો પોતે છેજ— આ પ્રમાણે આદિ કાળમાં સર્વત્ર ત્રણે કાળનો વ્યવહાર થઇ શકેછે આજરીતે અનાગત કાળમાં પણ આ સર્વ વ્યવહાર સ્યાત્ શબ્દના પ્રયોગથી સંમતછે અર્થાત કંથચિત્ ભુત કાળઇત્યાદિ કથન યોગ્યછે કેમકે સર્વ કાળમાં સર્વ કાળનો વ્યવહાર થઇ શકેછે (૧૧)

જો તુજ ઉત્પત્તિ વિશિષ્ટનો
વ્યવહાર નાશનો ઈષ્ટરે
વ્યવહારે ઉત્પત્તિ આદરો
તો પહેલા અછતિ વિશિષ્ટરે–જીન ॥૧૨॥

ભાવાર્થ—જોઉત્પત્તિ સહિત નાશનો વ્યવહાર માન્ય હોયતો તે વ્યવહારમાં નાશ સહિત ઉત્પત્તિ થાય છે એમ પણ માનો (૧૨)

વિવેચન—જો ઉત્પત્તિ સહિત નાશનો વ્યવહાર થાય છે તો તે વ્યવહારમાં જે નાશ સહિત ઉત્પત્તિ છે અર્થાત્ અસિદ્ધ શિષ્ટ જે ઉત્પત્તિ છે તેનો સ્વીકાર કરો તાત્પર્ય એવું છે કે ઉત્પત્તિ ધારા રૂપ નાશ વિષયમાં ભુત કાળાદિ અનુભવ નથી હોતો અને **नश** ધાતુના અર્થમાં નાશ તથા ઉત્પત્તિ બંનેને ગ્રહણ કરીને તે નાશની ઉત્પત્તિ કાળત્રયની સાથે અન્વયનો સંબંધ કહો છો તો એમ કહેવા વાળાને નષ્ટ થતા સમયની સાથે નષ્ટ થયો એવો પ્રયોગ ન થઇ શકે કેમકે તે કાળમાં નાશ અને ઉત્પત્તિનું અતીત કાલ પણું નથી. આ પ્રમાણે જો વ્યવહારનું સમર્થન કરવામાં આવતું હોય તો વ્યવહારમાં ઉત્પતિ ક્ષણનો સંબંધ માત્રજ કહો અને ત્યારે ત્યાં પ્રાગ ભાવ ધ્વસંતા કાળત્રય રૂપથી કાળત્રયના અન્વયનું સમર્થન કરો છો અને એવો વિચાર કરોછો કે ઘટના વર્તમાનત્વાદિમાં અને નાશના વર્તમાનત્વાદિનો વ્યવહાર નથી થતો પરંતુ ક્રિયા નિષ્ટ જે આ પરિણામ રૂપ વર્તમાન તથા અતિતત્વ છે

તેને લીધેજ નષ્ટ થાય છે, નષ્ટ થયું તથા ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું એ રીતે નશ ધાતુની આગળ વર્તમાન તથા ભૂતકાળના પ્રત્યયના વ્યવહારનું સમર્થન કરવું જોઈએ. આજરીતે અર્થાત્ એક કાળમાં બીજા કાળની અપેક્ષાથી ભુત કાળાદિ માનીને ક્રિયામાં, કાળની એકજ સમયમાં વિવક્ષા કરી ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું, નષ્ટ થાય છે અને નષ્ટ થયું ઈત્યાદિ વ્યવહાર છે. આ પૂર્વોકત રીતીએ સિદ્ધાંત મતમાં ભુતકાળાદિ પ્રયોગની સંભાવના થઇ શકે છે અને બીજાના મતે તો આ સમયે આઘટ નષ્ઠ થયો એવો વ્યવહાર પ્રથમ ક્ષણે સર્વથા નથી થઇ શકતો કેમકે પ્રથમ ક્ષણમાં નશ્યમાન ક્રિયા થઇ શકેછે ત્યારે તેને નાશાનુકૂળ ક્રિયાનો ભૂતકાળ કેવી રીતે બોધિત થાયછે? અને નયનો ભેદ માનવાથી તો થઇ શકેછે અર્થાત્ ભવિષ્ય કાળની અપેક્ષાથી તેમાં ભુતત્વના આરોપથી નશ ધાતુના ભુતકાળના પ્રયોગની કોઇ અનુપપત્તિ નથી જે સમયમાંનશ્યમાન રૂપક્રિયા થઇ રહી હોય છે તેક્ષણની તો અનુપપત્તિવ્યાપીકાછે અને તેજ ક્રિયાના અધિકરણી ભુત જે ધ્વંસછે તેના અધીકરણની પણ ક્ષણછે કારણતે ક્ષણમાં ધ્વંસાનુકૂળ ક્રિયા થઇ રહીછે તેથી કરીને સ્વાધિ કરણ ક્ષણત્વ વ્યાપક તથા સ્વાધિ કરણી ભુત ધ્વંસાધિ કરણત્વ સ્વરૂપતા અનુત્પન્નત્વમાં ચાલી ગઈ. આજ

બાબત આ ગાથામાં કહેલી છે જેમ ઉત્પદ્યમાન કાળમાં ઉત્પન્ન થાય છે ઉત્પન્ન થએલું નષ્ટ થાય છે એવા બે ભેદ કહીને ત્રિકાલ વિશેષને વિશેષિત કરે છે. (૧૨)

ઉત્પન્તિ નહિ જો આગળે
તો અનુત્પન્ન તે થાય રે
જીમનાશવિના અવિનષ્ટ છે
પહેલા તુજ કેમ સુહાય રે—જીન ॥૧૩॥

ભાવાર્થ—જો પ્રથમ દ્વિતીયાદિ ક્ષણમાં ઉત્પત્તિ ન થઈ અને અનુત્પન્ન થાય છે એમ જે વ્યવહાર માનો છો તો નાશ વિના જે અવિનષ્ટ છે તે પ્રથમ કેમ નથી રૂચતું ? (૧૩)

વિવેચન—જો દ્વિતીયાદિ ક્ષણમાં ઉત્પન્તિ નથી થતી તો તે ઘટ આદિ તે દ્વિતીયાદિ ક્ષણમાં અનુત્પન્ન થાય છે અને જેમ નાશ વિના અનષ્ટ થયું એમ જો કહેવાય તો તે કેમ રૂચતું નથી? કારણ કે પ્રતિક્ષણે ઉત્પાદ નાશ પરિણામ દ્વારા માનવા ગ્યોગ્યછે અને જો દ્વિતીયાદિ ક્ષણમાં દ્રવ્યાર્થ દેશની અપેક્ષાથી ઉત્પન્તિનો વ્યવહાર તમે કહોછો તો નાશના વિના નાશ વ્યવહાર થવો પણ યોગ્ય છે અને એજ રીતીથી ક્ષણના અંતરભાવથી

દ્વિતીયાદી ક્ષણમાં ઉત્પત્તિ પણ પ્રાપ્ત કરવા યોગ્ય છે અને કલ્પનારહિત અનુત્પન્નતા પણ નથી થઈ શકતી જો કે આ કલ્પનાથી અનુત્પત્તિ દશામાં પણ ક્ષણની અપેક્ષાથી ઉત્પન્નતા-માની છે તોપણુ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થમાં તો અનુત્પન્નતાજ યુકત છે. (૧૩)

---

(મોક્ષમાં ઉત્પાદ વ્યય અને ધ્રુવ છે એમ બતાવે છે)

એણે ભાવે ભાસિઓ
સંમતિ માંહે એ ભાવરે
સંઘયણાદિક ભવ ભાવથી
સીજંતા કેવળ જાયરે—જીન ॥ ૧૪॥

ભાવાર્થ—સંમતિ ગ્રંથમાં પણ એજ અભિપ્રાય દર્શાવ્યો છે કે સંઘયણાદિક ભવ ભાવથી સિદ્ધ થતી વખતે ભવસ્થ કેવળ પ્રર્યાયથી કેવળજ્ઞાન પણ જતું રહે છે. (૧૪)

વિવેચન—આ પ્રકારે પ્રતિક્ષણના પરીણામથી સંપુર્ણ દ્રવ્યોમાં ત્રિવિધ લક્ષણનો યોગ સિદ્ધ કરવામાં આવ્યો, આજ

અભીપ્રાયથી સંમતી ગ્રંથમાં પણ ઉપદેશ કરવામાં આવ્યો છે કેમકે સંઘયણ આદી ભવના ભાવથી સિદ્ધ થતાં અર્થાત્ અષ્ટવિધ કર્મોનો નાશ કરતા જીવને મોક્ષ સમયમાં કેવળ જ્ઞાન જતું રહેછે આ અર્થ પ્રમાણ છે જ્યારે સિદ્ધ થાયછે ત્યારે સિદ્ધ કેવળ જ્ઞાન ઉત્પન્ન થાયછે અને કેવળ જ્ઞાન પણામાં તેજ નીત્યપણું છે કેમકે મોક્ષ જવાના સમયમાં પણ વ્યય તથા ઉત્પાદ થાયછે અને અસિદ્ધ દ્રવ્યથી પરિણત સિદ્ધ દ્રવ્યનું જે જ્ઞાન થાય છે તેથી મોક્ષમાં પણ ત્રણ લક્ષણ પ્રગટ થાય છે. આજ અભિપ્રાયનો ભાવાર્થ સમજવાને કહ્યું છે કે "સંઘયણાદિ જે ભવસ્થ કેવળ વિશેષના પર્યાય છે તે સિદ્ધ દશાને પ્રાપ્ત થતા જીવને નથી થતા તેથી તેનો વ્યય થાય છે અને સિદ્ધ વ્યયથી આ જે અર્થ પર્યાય ઉત્પન્ન થએલ છે તેથી સિદ્ધ કેવળ જ્ઞાનની ઉત્પત્તિ છે કેમકે સુત્રમાં કહ્યું છે કે કેવળ ભાવ નષ્ટ થઇને બદલામાં કેવળ જ્ઞાનજ આવે છે અર્થાત્ સિદ્ધ કેવળ જ્ઞાન ઉત્પન્ન કરે છે અને આજ ભાવની અપેક્ષાથી કેવળ જ્ઞાન બે પ્રકારના જાણવા (૧) ભવસ્થ કેવળ જ્ઞાન અને (૨) સિદ્ધ કેવળ જ્ઞાન આ પ્રમાણે મૂળમાં ઉપદેશ છે અને આ રીતે સ્થૂલ વ્યવહાર નયથી સિધ્ધમાં પણ ત્રિવિધ

લક્ષણ યુકતતાનું આગમન થયું પરંતુ સૂક્ષ્મ નયથી સિદ્ધ પર્યાયમાં ત્રૈલક્ષણ્ય નહિ આવ્યું કેમકે ઋજુસૂત્ર આદિ જે સુક્ષ્મ નય છે તે સમય સમયમાં ઉત્પાદ તથા વ્યયને ધારણ કરે છે તેથી તે પ્રતિક્ષણના ઉત્પાદાદિને લઇને તથા દ્રવ્યાર્થિક નયથી લઇને પૂર્વોત્તર પર્યાયમાં દ્રવ્યત્વ રૂપથી ઉત્પત્તિ તથા નાશને એકતાથી ગ્રહણ કરીને જે સિદ્ધ પર્યાય ની સાથે કેવળ જ્ઞાન છે તેમાં ત્રિવિધ લક્ષણની સંગતિ સારી રીતે થઇ શકે છે અને તેનેજ સુક્ષ્મતા જાણવી જોઇએ એમ વિચારીને હુવે બીજો પક્ષ પ્રગટ કરે છે. તે એ પ્રમાણે છે કે મોક્ષમાં જે ઉત્પતિ આદિ ત્રિવિધ લક્ષણતા થાય છે તે સિદ્ધ દ્રવ્યની એકતાના અનુગમથી થાય છે જે કેવળજ્ઞાન પ્રથમ ભવસ્થ ભાવમાં સ્થિત હતું તેજ સિદ્ધસ્થદશામાં કૈવલ્ય છે ભવસ્થ પર્યાયનો તો નાશ થાય છે અને તે ભવસ્થ પર્યાયના નાશના સંન્નિધાનથી મોક્ષ સંજ્ઞક પર્યાયની ઉત્પત્તિ થાય છે અને પુર્વ ભવસ્થ પર્યાય તથા સિદ્ધ પર્યાય એ બંને દશામાં કર્મોના વિયોગથી ઉત્પન્ન જે કેવળજ્ઞાન છે તે ધ્રુવ છે તે કારણથી આ ત્રણે લક્ષણ મોક્ષમાં પણ જાણવા જોઇએ. ભાવાર્થ તો એ છે કે જે સંઘયણાદિ ભવસ્થ કેવળ વિશેષના પર્યાય છે તે પર્યાય સિદ્ધ દશાને પ્રાપ્ત થતા જે ભગવાન છે તેના

સિદ્ધમાન સમયમાં નથી, તેના ચાલ્યા જવાથી વ્યય થાય છે અને સિદ્ધત્વ રૂપથી મોક્ષ લક્ષણ અર્થ પર્યાય ઉત્પન્ન થયા છે તે કારણથી તેની ઉત્પત્તિ હોવા છતાં સિદ્ધત્વ પર્યાયનીપણ પ્રતીત થાય છે તેથી કરીને ધ્રુવત્વ અવ્યાહુત છે તાત્પર્ય કર્મો નો નાશ થવાથી પણ જે કેવળજ્ઞાન થયું હોય છે તેના ઉત્પન્ન થવાથી સિદ્ધ દશાને પ્રાપ્ત થએલ જીવને સંઘયણાદિનો અભાવ થઇ ગયો એ અપેક્ષાએ વ્યય છે અને સિદ્ધત્વઉત્પન્ન થયું તે અપેક્ષાએ ઉત્પાદ છે તથા પૂર્વ દશામાં ઉત્પન્ન જે કેવળ પર્યાય છે તેનો નાશ નહિ થવાથી તે ધ્રૌવ્યછે આ પ્રકારે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રણે લક્ષણ મોક્ષ દશામાં પણ પૂર્ણપણે છે (૧૪)

(એજ બાબત ને સિદ્ધ કરે છે)

તો સિદ્ધ પણે વલી ઉપજે
કેવલ ભાવે છે તેહરે
વ્યય ઉત્પત્તિ અનુગમથી સદા
શિવમાં તિય લક્ષણ એહરે-જીન ॥૧૫॥

ભાવાર્થ—જે ભવસ્થ દશામાં કેવળ જ્ઞાન હતું તે સિદ્ધ પણામાં પણ ઉપજે છે માટે વ્યય અને ઉત્પાદ હમેશાં

અનુગમથી છે એવી રીતે મોક્ષમાં પણ ત્રણ લક્ષણ છે (૧૫)

**વિવેચન**—જે ભવસ્થ પર્યાયની અપેક્ષાને ધારક કેવળ જ્ઞાન પ્રથમ ભવસ્થ દશામાં સ્થિત હતું તે સિદ્ધાવસ્થામાં પણ થાય છે અહીંઆ ભવસ્થના ક્ષીણ થવાથી અને સિદ્ધત્વના ઉત્પન્ન થવાથી વ્યય તથા ઉત્પાદ થાય છે અને નિત્ય અર્થાત્ ધ્રુવ પણું એવી રીતે છે કે વ્યય અને ઉત્પત્તિએ બંનેની જે એકતા છે તેથી કેવળ જ્ઞાન ધ્રુવ છે આ રીતીએ મોક્ષમાં લક્ષણ ત્રય સિદ્ધ થાય છે પણ આ લક્ષણ ત્રય કાલ્પનિક છે કારણકે પદાર્થના વિચાર કરવાના અનેક પ્રકારછે એજ કારણથી उत्पन्नेवा विगमेवा धुवेवा કંથચિત્ ઉત્પન્ન થાયછે કથંચિત્ નષ્ટ થાયછે અને કથંચિત્ ધ્રુવછે ઇત્યાદિ વાકયની યોજના થાયછે અર્થાત્ આ ઉત્પાદ આદી કોઇકોઇ અપેક્ષાથી નિરૂપીત થાયછે (૧૫)

જે જ્ઞેયાકારે પરીણમે<br>
જ્ઞાનાદિક નિજ પર્યાયરે<br>
વ્યતિરેકે તેથી સિદ્ધને<br>
તિય લક્ષણ ઇમપણ થાયરે જીના ૧૬ા

ભાવાર્થ-- જે કેવળ જ્ઞાન કેવળ દર્શન આદી પોતાના પર્યાય જ્ઞેયાકારે પરીણમેછે તેથી સિદ્ધ પ્રતિક્ષણે જ્ઞેય વ્યતિરેકથી અન્ય અન્ય થાય છે એ હેતુથી પણ સિધ્ધ ત્રણ લક્ષણના ધારક છે. (૧૬)

વિવેચન—જે કેવળ જ્ઞાન, કેવળ દર્શન વિગેરે જ્ઞેય વસ્તુના આકારથી પરિણત છે તે પોતાના પર્યાયને પ્રતિક્ષણે વ્યતિરેકથી સિધ્ધના જીવોને અન્ય અન્ય હોય છે આ પ્રકારે પણ જ્ઞાનાદિ ત્રણ લક્ષગુના ધારક છે જેમકે જે આદિ પર્યાય વર્તમાન કાળમાં સ્થિત છે તેનો દ્વિતિયાદિ ક્ષણમાં નાશ થશે અને ભુત આકારથી ઉત્પાદનું આકારાત્વ થશે અને કેવળ જ્ઞાન તથા કેવલ દર્શન રૂપથી અને કેવલ માત્ર ભાવથી તેમાં ધ્રુવપણું છે. આ રીતે કેવલજ્ઞાનાદિ પર્યાયમાં ઉત્પાદ વ્યય અને ધ્રાવ્ય એ ત્રણે ભાવનો વિચાર કરવો જોઇએ. એવી રીતે જ્ઞેય અને દ્રશ્ય પદાર્થના આકારના સંબંધથી કેવળનું ત્રણ લક્ષણપણાનું કથન કર્યું છે. (૧૬)

(હવે સિદ્ધાદિક શુદ્ધ દ્રવ્યને ત્રણ લક્ષણ યુકત કહે છે.)

ઇમ જે પર્યાયે પરિણમે
ક્ષણ સંબંધે પણ ભાવરે

તેથી તિય લક્ષણ સંભવે

નહિતો તે થાય અભાવરે-જીન ॥૧૭॥

ભાવાર્થ—એમ જે ભાવ ક્ષણ સંબધે પણ પર્યાયથી પરિણમે છે તે તેજ ભાવથી ત્રિવિધ લક્ષણ યુકત સંભવે છે નહિંતરતો તે અભાવ રૂપ થાય (૧૭)

વિવેચન—આ રીતે જે (ભાવ) પદાર્થ ક્ષણના સંબંધથી પણ પર્યાયથી પરિણમનને પ્રાપ્ત થાય છે તે તેજ ભાવથી ત્રિવિધ લક્ષણ સંપન્ન નહિ માનો તો તે અભાવ સ્વરૂપજ થઇ જશે આમાં વિશેષ સમજવાનું એ છે કે ક્ષણ શબ્દથી દ્વિતિયાદિ ક્ષણનું ગ્રહણ કરવું પ્રથમ ક્ષણે ભાવોની સાથના સંબંધથી પરીણામનો નાશ થયો અને બીજા ક્ષણના સંબંધથી પરીણામ ઉત્પન્ન થયું અને બંને ક્ષણના સંબંધ માત્રથી ધ્રુવત્વછે આ પ્રકારે કાળના સંબંધથી ત્રિવિધ લક્ષણનો સંભવ કહેવામાં આવ્યો અને જો કદી એમ ન હોય તો વસ્તુ અવસ્તુ થઇ જશે કેમકે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય સંબંધજન્યતાજ ભાવનું લક્ષણ છે અને એ વિવિધ લક્ષણ સંબંધના અભાવમાં તો પદાર્થ શશવિષાણ (સસલાનાં શીંગડાં) ની પેઠે અભાવ રૂપતાને પામી જશે (૧૭)

નિજ પર્યાયે એકદા
બહુ સંબંધે બહુ રૂપરે
ઉત્પત્તિ નાશ એમ સંભવે
નિયમે ત્યાં ધ્રૌવ્ય સ્વરૂપરે—જીનાા૧૮ાા

ભાવાર્થ—પોતાના પર્યાયથી અને પારકા પર્યાયથી ઘણા સંબંધે અને ઘણા પ્રકારે એવી રીતે ઉત્પત્તિ અને નાશ સંભવે છે અને નિશ્ચયે કરીને ત્યાં ધ્રૌવ્ય સ્વરૂપે હોય છે. (૧૮)

વિવેચન—એકજ કાળે પૂર્વોકત રીતીએ પોતાના પર્યાય થી અર્થાત્ જીવ પુદ્ગલના તથા પરપર્યાયથી અર્થાત્ આકાશ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ પાંચે દ્રવ્યની ઉત્પત્તિ નાશ અને ધ્રૌવ્યના વિષયમાં અનેક પ્રકારના સંબંધનો આકાર નિશ્ચય રૂપથી સંભવે છે. કેમકે જેટલા આપણા પર્યાય છે તેટલીજ ઉત્પત્તિ અને નાશ થાય છે અને ઉત્પત્તિ નાશમાં અનેકાકાર હોવાથી ધ્રૌવ્યમાં પણ તેજ નિશ્ચયપણે છે અર્થાત્ જેટલા ધ્રુવ સ્વભાવ છે તેટલાજ તેના આકાર છે અને પુર્વાપર પર્યાયમાં અનુગત જે આધારાંશ છે તે પણ ઉત્પત્તિ અને નાશ પ્રમાણેજ થશેઃ આમાં સંમતિ ગ્રંથનું પ્રમાણ છે તેમાં કહ્યુંછેકે એક સમયમાં એક

એક દ્રવ્યના અનેક ઉત્પાદ થાય છે અને ઉત્પાદ જેટલા જ તેના નાશ પર્યાય થાય છે આ કથન વ્યવહાર માર્ગથી અને ઉત્સર્ગ માર્ગથી સ્થિરતા નિશ્ચત છે અર્થાત ધ્રુવત્વ નિશ્ચત છે. તાત્પર્ય એ છે કે ઉમજ્જન નિમજ્જન ભાવશાલી ક્ષણ ક્ષણમાં વિનાશ અને ઉત્પત્તિ યુકત જલ કલ્લોલ અનેક થાયછે અને જળ તો તેજ પોતાના પરિમિત આકારની સ્થિતિથી પરિણતછે તેથી કરીને તે જલક-લ્લોલના સંભવથી તેની પ્રકટતા તથા અપ્રકટતા થતી રહેછે એમ સમજવું જોઈએ. (૧૮)

(હવે ઉત્પાદના ભેદોનું કથન કરે છે)

દ્વિવિધ પ્રયોગજ વીસસા
ઉત્પાદ પ્રથમ અવિશુધ્ધ રે
તે નિયમે સમુદય વાદનો
મતને સંયોગજ સિદ્ધ રે—જીન ॥૧૯॥

ભાવાર્થ–ઉત્પાદ બે પ્રકારેછે (૧) પ્રયોગજ અને (૨) વિશ્રસા તેમાં પ્રથમ ઉત્પાદ અવિશુદ્ધ છે કેમકે નિશ્ચયે કરીને તે સમુદાય વિવાદથી ઉત્પન્ન થાય છે. (૧૯)

વિવેચન--ઉત્પાદ બે પ્રકારનાછે (૧) પ્રયોગથી અને (૨) વિશ્રસાથી અર્થાત્ એકતો પ્રયોગજનિત ઉત્પાદછે અને બીજો સ્વભાવજનિત ઉત્પાદ છે તે બંનેમાં પ્રથમ પ્રયોગજનિત ઉત્પાદ વ્યવહારથી ઉત્પન્ન થતો હોવાથી અવિશુદ્ધ છે તથા તે નિર્ધારિત નિયમથી સમુદાયના વિવાદથી ઉત્પન્ન થાયછે એથી કરીને યત્ને કરીને અવયવોના સંયોગથી સિદ્ધ કરેલ છે અને આ બાબતમાં સંમતિ ગ્રંથમાં પણ કહ્યું છે કે ઉત્પાદ ના બે ભેદ છે ૧ પ્રયોગજનિત અને ૨ વિશ્રસાજનિત તેમાંથી પ્રયોગજનિત ઉત્પાદ સમુદાય વાદથી વ્યવહાર હોવાથી અવિ શુદ્ધ કહેલ છે. (૧૯)

(હવે ઉત્પાદનો બીજો ભેદ કહે છે)

સહજે થાય તે વીસસા
સમુદય એકત્વ પ્રકારરે
સમુદય અચેતન ખંધનો
વલી સચિ-ત મિસ નિરધારરે-જીના૨૦ા

ભાવાર્થ—અને જે સ્વાભાવિક પણે યત્ન વિના ઉત્પન્ન થાય તે વિશ્રસા ઉત્પાદ કહેવાય તેના બે ભેદ છે (૧) સમુદ

યજનિત અને (૨) એકત્વીક જે સમુદય જનિત વિશ્રસા ઉત્પાદ તે અચેતન સ્કંધ અને સચિત્ત મિશ્ર શરીર વર્ણાદિક નો તેથી નિરધાર થાય છે. (૨૦)

**વિવેચન**—ઉત્પાદના બીજા ભેદનું નામ વિશ્રસા ઉત્પાદ છે વિશ્રસાનો અર્થ એવો છે કે જે યત્ન વિના સ્વભાવથીજ ઉત્પન્ન થાય તે વિશ્રસા ઉત્પાદ છે તે પણ બે પ્રકારે છે. (૧) સમુદય જનિત અને (૨) એકત્વિક તે બંનેમાંથી અચેતન સ્કંધથી ઉત્પન્ન સમુદયજ પ્રથમ વિશ્રસા ઉત્પાદછે જેમકે અચેતન મેઘાદિથી સમુદય પુદગલોનો ઉત્પાદ થાયછે બીજો સચિત મિશ્રથી ઉત્પન થએલો વિશ્રસા ઉત્પાદછે શરીર વર્ણાદિકનો નિર્ધાર આ ભેદથી સમજવો જોઈએ, વર્ણાદિકના જે પુદગલછે તે સચિત્તછે પરિણતિથી પરિણમનને પ્રાપ્ત થએલ તે તે આકારના વર્ણાદિરૂપ પુદગલોનો એકત્વ પ્રકાર અર્થાત અનેક પ્રકારના વર્ણાદિરૂપ મળીને તથા ઉત્પાદની ધારાથી પરસ્પર પિંડરૂપ થઈને અવયવ સ્વરૂપ અને અવયવના ધર્મથી દેહ સ્વરૂપ દેખવામાં આવે તેવા આકારના ધારક પરમાણુનો જે શરીર આદી પિંડનો અતિશય રૂપથી નિર્ધાર અર્થાત્ શરીરના રૂપની અવસ્થા થાય છે તે સચિત મિશ્રથી ઉત્પન્ન એકત્વ પ્રકારક બીજો વિશ્રસા નામનો

ઉત્પાદ છે આજ વિષય પન્નવણા અને ઠાણુંાગ સુત્રમાં કહેલે છે પુદ્દગલ ત્રણે પ્રકારે પરિણુત છે (૧) પ્રયોગ પરિણુત (૨) મિશ્ર પરિણુત અને (૩) વિશ્રસા પરિણુત આ ત્ર માં પ્રથમ જે પ્રયોગ પરિણુત પુદ્દગલ છે તે જીવના પ્રયોગ થી અર્થાત્ જીવના વ્યાપારથી સંયુક્ત શરીરાદિ સચિત્ત છે. મિશ્ર પરિણુત એ છે કે જે પુદ્દગલ જીવથી મુકત છે જેમકે કલેવર આદિ અને વિશ્રસા પરિણુત પુદ્દગલ એછે કે જે સ્વભાવથીજ પરિણુતછે જેમકે ઇંદ્રનું ધનુષાદિ આ પ્રકારનો સિદ્ધાંત હોવાથી અહીયાં સ્વભાવથી ઉત્પન્ન થવા વાળો જે વિશ્રસા નામનો ભેદ છે તેના બે પ્રકાર બતાવ્યા છે તેમાં અચેતન સ્કંધ (અચેતન પુદ્દગલોનો સમુદાય) થી ઉત્પન્ન સમુદય નામનો પ્રથમ ભેદ છે અને સચિત્ત મિશ્રથી ઉત્પન્ન અર્થાત્ ચેતન સહિત પુદ્દગલોથી મળેલા પુદ્દગલોથી ઉત્પન્ન એકત્વ પ્રકારના ધારક શરીર આદિના વર્ણ આદિનો નિર્ધાર સંજ્ઞક દ્વિતીય ભેદ છે આ બંનેમાં એ વિશેષતા છે કે સ્વાભાવિક પરિણુમનમાં અચિત્ત પુદ્દગલોથીજ અયત્ન સાધ્ય વ્યવહારને ઉપદેશ કરેલોછે અને એકત્વિક વિશ્રસો ત્પાદમાં સચિત અચિત્ત બંને પ્રકારના પુદ્દગલોથી સાધ્ય વ્યવ હારનો ઉપદેશ છે (૨૦)

( વળી ઉત્પાદના ભેદ દર્શાવે છે. )

સંયોગ વિના એકત્વનો
તે દ્રવ્ય વિભાગે સિદ્ધરે
જીમ ખંધ વિભાગે અણુપણું
વલી કર્મ વિભાગે સિધ્ધરે- જીન ॥૨૧॥

ભાવાર્થ—સંયોગ વિના જે વિશ્રસા ઉત્પાદ છે તે એકત્વિક છે અને તેનો દ્રવ્યાંશથી ઉત્પાદ જાણવો જેમ ખંધના વિભાગથી અણુનો ઉત્પાદ થાય છે અને કર્મોના વિભાગથી જીવની સિદ્ધતા ઉત્પન્ન થાય છે ( ૨૧ )

વિવેચન—સંયોગ વિનાનો જે વિશ્રસા નામનો ઉત્પાદ છે તે એકત્વ છે અને તેજ એકત્વનો દ્રવ્યાંશથી અર્થાત્ તેદ્રવ્યના વિભાગથી સિદ્ધતા ( ઉત્પાદ ) જાણવી જોઈએ જેમ કે એ પ્રદેશાદિ સ્કંધના વિભાગથી પરમાણુ દ્રવ્યનો ઉત્પાદછે તથા કર્મોનો વિભાગ થઈ જવા પછી સિધ્ધ પણાનો ઉત્પાદ છે અવયવોના સંયોગથીજ દ્રવ્યની ઉત્પતિ થાયછે પરંતુ વિભાગ થી ઉત્પત્તિ નથી થતી એવી રીતે કેટલાએક નૈયાયિકો કહેછે તેઓના મતમાં એક તંતુ આદિના વિભાગથી ખંડ પાડી દેવી

રીતે ઘટીત થઇ શકેછે પ્રતિબંધક કાળ ભાવને અથવા શેષ અવસ્થિત અવયવ સંયોગથી અને કોઇ જગ્યોએ વિભાગથી દ્રવ્યની ઉત્પત્તિમાં કારણતા માનવી જોઇએ આથી વિભાગે કરીને પરમાણુંની ઉત્પત્તિ પણ અર્થથી સિધ્ધ થઈ ગઇ અને સંમતી શાસ્ત્રમાં પણ એજ રીતે સૂચિત કરેલુંછે જેમ "કોઇ કોઈ તો દ્રવ્યાંતરના સંયોગથીજ દ્રવ્યની ઉત્પત્તિ માને છે અને તર્કમાં કુશળ વિદ્વાન તો વિભાગથી પણ દ્રવ્યની ઉત્પત્તી ચાહે છે કેમકે અણું તથા દ્વયણુક દ્રવ્યોથી પણ અણુ દ્રવ્યમાં ઉત્પત્તી માની લીધેલી છે તેથી કરાને દ્વી પ્રદેશ અણુ સ્કંધના વિભાગથી અણુ પ્રમાણ દ્રવ્યની ઉત્પત્તી અણુજન્ય, અણુ થઇ શકે છે આથી એવો અર્થ સમજવાનો છે કે જેમ પરમાણુની ઉત્પત્તિથી અર્થાત દ્વીપ્રદેશ સ્કંધના વિભાગથી જન્ય છે તેજ પ્રમાણે જે સંયોગથી સ્કંધ સિદ્ધ નથી થતો તેવા જે ધર્માસ્તીકાયાદીકના અને જીવ તથા પુદ્ગલના સંયોગ છે અને તે દ્વારા જે સંયુકત દ્રવ્યની ઉત્પત્તિ છે તે અસંયુકત અવસ્થાના વિનાશ પુર્વક છે તથા ઋજુ સૂત્ર નયને અભીમત જે ક્ષણીક પર્યાય પ્રથમ દ્વીતીય સમયઆદીના વ્યવહારનું કારણ છે તે દ્વારા જે ઉત્પાદ છે તે સર્વ એકત્વ ઉત્પાદ સમજવો જોઇએ. (૨૧)

(હવે તેમાં વિવાદ નથી તે કહે છે)

વિણ ખંધ હેતુ સંયોગ જે
પર સંયોગે ઉત્પાદરે
વલીજે ક્ષિણક્ષિણ પર્યાયથી
તે એકત્ત્વજ અવિવાદરે-જીન ॥૨૨॥

ભાવાર્થ--સ્કંધ હેતુ વિના જે સંયોગ છે, પરના સંયોગથી જે ઉત્પાદ છે તથા ક્ષણિક પર્યાયથી જે ઉત્પાદ છે તે એકત્વ ઉત્પાદ અવિવાદ પણે છે (૨૨)

વિવેચન—જેમ પરમાણુનો ઉત્પાદ એકત્વજ છે તેમજ જેના સંયોગે બંધ થાય નહિ એવો જે ધર્માસ્તિકાયાદિકનો જીવ પુદગલાદીકનો સંયોગ તે દ્વારા જે ઉત્પાદછે અને પ્રથમ દ્વિતીય સમયાદી દ્રવ્ય વ્યવહારનું કારણ જે ક્ષણિક પર્યાય છે તે દ્વારા જે ઉત્પાદ છે તે સર્વ અવિવાદ પણે એકત્વ ઉત્પાદ જાણવો જોઈએ (૨૨)

(વળી પણ ઉત્પાદનાજ ભેદ કહે છે)

પર પ્રત્યય ધર્માદિક તણો

નિયમે ભાસ્યો ઉત્પાદરે
નિજ પ્રત્યય પણ તેહિજ કહો
જાણી અંતરંગ નયવાદરે--જીન ॥૨૩॥

ભાવાર્થ–ધર્માસ્તિકાય આદીની ઉત્પત્તિ પર પ્રત્યયથી થાયછે અને આંતરિક નયવાદને જાણુવાથીતો નિજ પ્રત્યયથી પણ થાય છે. (૨૩)

વિવેચન–ધર્માસ્તિકાય આદીનો ઉત્પાદ પર પ્રત્યયથી થાયછે અને અંતરંગ નય ચોજનાને સમજવામાં આવેતો નિજ પ્રત્યયથી પણ થાય છે ભાવાર્થ એજછે કે ધર્માસ્તિકાય આદિની ઉત્પત્તિ નિશ્ચય પુર્વક પર પ્રત્યયથીજ થાયછે એટલે તેના આધારભૂત ગમના ગમનની ક્રીયા જે જીવ પુદ્ગલમાં છે તે જીવ પુદ્ગલના નિમિ-તથી થાય છે એ પ્રમાણે કથન છે તથા જે ઉભય ( પોતાના અને પર પ્રત્યય ) થી ઉત્પન્ન થાય છે, તે એકથી પણ ઉત્પન્ન થાય છે આ વાક્યાનુસાર ધર્માસ્તીકાયાદીકના ઉત્પાદથી નિજ પ્રત્યયથી ઉત્પાદ પણ કહેવાય છે કેમકે "આકાશાસ્તિકાય, ધર્માસ્તીકાય, અને અધર્માસ્તીકાય એ ત્રણેનો નિશ્ચયથી પર પ્રત્યયથી

ઉત્પાદ છે” આ પ્રમાણે સંમતિ ગ્રંથમાં કહ્યું છે માટે ધર્માસ્તીકાયાદીનો ઉત્પાદ નિશ્ચયે કરીને પર પ્રત્યયથીજ છે અને તે પણ તેમને આધાર ભુત ગતી આદિમાં પરીણત જીવ પુદગલાદીના નિમિત્તથી છે અને જે ઉભય જનિત છે તે એક જનિત પણ થાય છે અને તેની જે નિજ પ્રત્યયતા કહેલી છે તે અંતર નય વાદથી કહેલી છે એમ ભાવના સમજવી જોઇએ. ( ૨૩ )

(હવે નાશનું સ્વરૂપ કહે છે.)

દ્વિવિધ નાશ પણ જાણીયે
એક રૂપાંતર પરિણામ રે
અર્થાંતર ગમનભાવગમનવલી
બીજો પ્રકાર અભિરામરે—જીન ॥ ૨૪॥

ભાવાર્થ—નાશ પણ બે પ્રકારે છે ( ૧ ) રૂપાંતર વિગોચર છે અને ( ૨ ) અર્થાંતર ગમન નામનો ભેદ છે. ( ૨૪ )

વિવેચન—વ્યય પણ બે પ્રકારનો જાણવો જોઈએ, તેમાં પહેલો ભેદ રૂપાંતર વિગોચર અર્થાત એક રૂપથી રૂપાંતર પ-

રીણામ છે અને બીજો અર્થાંતર ગતીરૂપ છે અર્થાત એક પદાર્થ માંથી બીજો પદાર્થ થઇ જાય છે એટલે તાત્પર્ય એવું છે "એક પદાર્થથી અન્ય પદાર્થતામાં ગમન થઈ જાય છે તે પરીણામ છે અને સર્વથા વિદ્યમાનતા અથવા નાશ થવો એ પરીણામનું સ્વરૂપ પરીણામને જાણવાવાળાને ઇષ્ટ નથી સત પર્યાય થી નાશ અને અવિદ્યમાન પર્યાયથી ઉત્પાદ જે છે તે પર્યાયાર્થીક નયની વિવક્ષાથી દ્રવ્યોનું પરીણામ કહેલું છે." આ પ્રમાણે સંમતિ અને પ્રજ્ઞાપનાની વૃત્તિનું વચન છે એનો અભીપ્રાય એવો છે કે જે સત્ પર્યાય કથંચીત્ રૂપાંતરને પામી જાયછે અને સર્વથા નષ્ટ નથી થતાં તે દ્રવ્યાર્થિક નયનું પરીણામ કહેલું છે આ અભીપ્રાયના વિચારવાળાના મતમાં એકતો રૂપાંતર પરીણામ વિનાશ છે અને એક અર્થાંતર ગમન વિનાશ છે આ પ્રમાણે વ્યયના પણ બે ભેદ થાય છે (૨૪)

(વળી બે પ્રકારના નાશનું સ્વરૂપ દર્શાવે છે)

અંધારાને ઉદ્યોતતા
રૂપાંતરને પરિણામ રે

## અણુને અણુ અંત સંક્રમે
## અર્થાંતર ગતિનો ઠામરે-જીન ॥૨૫॥

ભાવાર્થ—અંધકારનું જે ઉદ્યોતમાં રૂપાંતર પણે સંક્રમણ છે તે પરિણામ રૂપ નાશ છે અને અણુથી જે અન્ય અણુની સાથે સંયોગ થાય છે અર્થાત અણુથી જે દ્વયણુક સ્કંધની પ્રાપ્તી છે તે અર્થાંતર ગતીનો નાશ છે. (૨૫)

વિવેચન—નાશમાં અંધકાર રૂપ દ્રવ્યનું તેજો રુપ દ્રવ્યમાં જે પરિવર્તન છે તેને રુપાંતર પરિણામ રૂપ નાશ સમજવો જોઇએ અને એક પરમાણુનો બીજા પરમાણુ સાથે જે સંયોગ છે અર્થાત્ દ્વિપ્રદેશાદિ ભાવનો અનુભવ કરતા પુર્વ પરમાણુત્વ રૂપનો નાશ થઈ જાય છે તે કારણથી અર્થાંતર ગમન થયું અર્થાત્ અણુ પર્યાયથી સ્કંધ પર્યાય ઉત્પન્ન થયો તેથી કરીને અર્થાંતર ગતી રૂપ નાશનુ સ્થિરતા પણું થાય છે ભાવાર્થ એવો છે કે જયાં આકાર છે ત્યાં તે આકારના ધારક પરમાણુના સમૂહથી ઉત્પન્ન થએલું જે ઘોર અંધારૂં છે અને પછી તેજ જગ્યાએ જે પ્રકાશના પરમાણુનો સંચાર થાયછે ત્યારે અંધકારના પરમાણું તથા પરમાણુનું સ્થાન દુર થયું અને તે અંધકારના પરમાણુ

તે તેજના પરમાણુમાં મળી ગયા, આનેજ રૂપાંતરસં ક્રમણ કહે છે અથવા રૂપાંતર વિગોચર નાશ કહે છે અને અવયવ રૂપ પરમાણુનો અવયવી રૂપ સ્કંધ રૂપમાં જે સંક્રમ છે તેથી જે અર્થાંતરનો ઉદ્‌ભવ છે તેથી તો અર્થાંતર ગતી રૂપ નાશનો દ્વિતીય ભેદ સિદ્ધ થાય છે (૨૫)

(વળી પણ તેજ કહે છે)

અણુને છે યદ્યપિ ખંધતા
રૂપાંતર અણુ સંબંધરે
સંયોગ વિભાગાદિક થકી
તો એણે એ ભેદ પ્રબંધરે---જીન ॥૨૬॥

ભાવાર્થ---જો કે અણુને અણુ સંબંધે સ્કંધપણું છે તે રૂપાંતર પરીણામજ છે તોપણ સંયોગ અને વિભાગથીજ ભેદનો પ્રબંધ થઇ શકે છે (૨૬)

વિવેચન-- જો કે એક પરમાણુંથી અન્ય પરમાણુના સંબંધના લીધે અણુસંબંધ સ્કંધતા છે તોપણ સંયોગ અને વિભાગથી અર્થાત દ્રવ્યના ઉત્પાદ અને નાશ રૂપ જે બે પ્રકાર

છે તેથીજ દ્રવ્યના નાશના બે પ્રકાર સમજવા જોઈએ કેમકે દ્રવ્યના ઉત્પાદ રૂપ વિભાગથી પર્યાયનો ઉત્પાદ રૂપ વિભાગ થાય છેતેવીજ રીતે દ્રવ્યના નાશ રૂપ વિભાગથી પર્યાયના નાશ રૂપ વિભાગ થાય છે તેથી કરીને સમુદય વિભાગ અને અર્થાંતર ગમન એવા બેજ વ્યવહારમાં ગણાય છે તેમાં તંતુ પર્યાયના અંત સુધી જે પટનો નાશછે તે પ્રથમ સમુદય વિભાગ છે અને ઘટની ઉત્પત્તિ સુધીજે મૃત્તિકા પિંડ આદિનો નાશ થાયછે તે બીજો અર્થાંતરગમન છે અને સંમતિમાં કહ્યું પણછે કે આ રીતે નાશ પણ સમુદયજનિત અને મિશ્ર એમ બે પ્રકારેછે માટે સમુદય વિભાગ તથા અર્થાંતર ગમન એમ બે પ્રકારનો નાશ (વ્યય) થાયછે આ પ્રમાણે સંયોગ વિભાગ એ બંનેથી ભેદની કલ્પના સમજવી જોઈએ (૨૬)

---

(હવે ધ્રુવપણાનું કથન કરેછે)

ધ્રુવ ભાવ થુલ ઋજુસુત્રનો
પર્યાય સમય અનુંસારરે
સંગ્રહનો તેહ ત્રિકાળનો
નિજ દ્રવ્ય જાતિ નિરધારરે-જીન ॥૨૭॥

ભાવાર્થ—સ્થૂલ ઋજૂ સૂત્રનયનો સમય અનુસાર પર્યાય છે અને સંગ્રહ નયનો નિજ દ્રવ્ય જાતિથી ત્રિકાલાત્મક ધ્રુવ છે. (૨૭)

વિવેચન—સ્થૂલ અને સૂક્ષ્મ એ બે પ્રકારનો ઋજુ સૂત્ર નય છે તેમાં સ્થુલ ઋજુ સૂત્ર નયના મતથી સમય પ્રમાણ જે મનુષ્ય આદીક પર્યાય છે તે ધ્રુવ સ્વભાવ છે ભાવાર્થ એવો છે કે પ્રથમ જે સ્થૂલ ઋજુ સૂત્ર નય છે તેને અનુસરીને મનુષ્ય આદી પર્યાયનો જે સમય છે તેટલા પ્રમાણમાં ધ્રુવ છે જેમ કોઇ જીવ મનુષ્ય પર્યાયમાં પચાસ વર્ષ રહ્યો તો સ્થૂલ રુજુ સુત્રના મતમાં મનુષ્ય પર્યાયના પચાસ વર્ષજ ધ્રૌવ્ય છે અને બીજા સંગ્રહ નયને સંમતનિજ દ્રવ્ય જાતીથી ત્રિકાળમાં વ્યાપક ધ્રૌવ્ય જાણવું જોઈએ અને આત્મ દ્રવ્યથી ગુણ અને પર્યાયમાં આત્મ દ્રવ્ય સમાનાધીકરણતાનો અંત્યાનુગમછે તેજ ધ્રૌવ્ય છે પુદગલ દ્રવ્યથી ગુણ અને પર્યાયમાં પુદગલ દ્રવ્યનો અનુગમછે તેજ દ્રવ્ય છે આ રીતે પોત પોતાની જાતિથી ધ્રૌવ્યનો નિશ્ચય સમજવો જોઇએ અર્થાત આત્મ દ્રવ્યના ગુણ પર્યાયમાં આત્મ દ્રવ્યનું અને પુદગલ દ્રવ્યના પર્યાયમાં પુદગલ દ્રવ્યનું ધ્રૌવ્યપણું રહેશે અને તેની અનંતર જાતિમાં પણ એજ વ્યવસ્થા સમજવી

જોઇએ જેમ મૃત્રિકા દ્રવ્યનુ ધ્રૌવ્યપણું રહેછે (૨૭)

સવી અર્થ સમયમાં ભાષીયા
એમ ત્રિવિધ લક્ષણ શીલરે
જે ભાવે એહની ભાવના
તેં પાવે સુખ જસ લીલરે—જીના॥૨૮॥

ભાવાર્થ—એ રીતે સિદ્ધાંતમાં સર્વ અર્થ વિવિધ પ્રકારે તત્શિલ તત્ સ્વભાવ ઉત્પાદ વ્યયઅને ધ્રૌવ્ય રૂપે ભાખ્યા છે. માટે જે પુરૂષ એ ત્રણ લક્ષણ સ્વભાવની ભાવના ભાવે તે સુખ અને જશની લીલાને પામે. ( ૨૮ )

વિવેચન—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય. આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ એ ષટ્ દ્રવ્ય જે નિરંતર પરિણામના ભાગી અને શકિત યુકત છે તેને યથાર્થ તત્વવેત્તા શ્રી તીર્થંકરોએ સિદ્ધાંતમાં પુર્વોકત ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ ત્રણ લક્ષણથી વિરાજમાન વર્ણન કરેલા છે ભાવાર્થ એવો છે કે જૈન સિદ્ધાંતમાં સંપૂર્ણ પદાર્થ અનેક પ્રકારે ત્રિવિધ લક્ષણ સહિત કહી શકાય છે અને દરેક પદાર્થ ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય રૂપ શીલ અથવા સ્વભાવના ધારક છે તેથી કરીને જે

ભવ્ય જીવો ષટ્ દ્રવ્યને ત્રિવિધ લક્ષણુની ભાવનાથી સમ્યક્ પ્રકારે સમજીને એની ભાવના ભાવશે તો તે ઉત્તમ એવું મોક્ષનું સુખ અને જગતમાં જશ કીર્તીને પામશે. (૨૮)

---

## ઢાળ દશામી.

આજ ના હેજોરે દિસે નાહલો—એ દેશી

ભિન્ન અભિન્ન તિવિહ તિય લક્ષણે
ભાષિયો ઇમ મેં અત્થરે
ભેદ દ્રવ્ય ગુણ પજજવના હવે
ભાષીજે પરમત્થ—॥ ૧ ॥

સમકીત શુધ્ધો રે ઇણીપરે આદરો.
સમકિત વિણ સવિ ધંધ
સમકિત વિણ જેરે હઠ મારગે પડ્યા
તે સવી જાતી રે અંધ ॥ ૨ ॥

ભાવાર્થ-એ રીતે ભિન્ન, અભિન્ન અને ત્રિવિધ તિય લક્ષણ યુકત ગુણ પર્યાયાદિ અર્થનું નિરૂપણ કરીને હવે

દ્રવ્ય ગુણુ પર્યાયના પરમાર્થે જે ભેદ છે તે કહું છું માટે શુદ્ધ સમ્યક્ત્વનો આ રીતે આદર કરો કારણ કે સમકિત વગરની સઘળી ક્રિયા કલેશ રૂપ જાણવી અને સમકીત વિના ધર્મ રૂપમાર્ગમાં હઠવાદથી પડયા છે તે સંર્વ જાતી અંધ જેવા છે. (૨)

વિવેચન—દ્રવ્ય ગુણુ પર્યાય કથંચિત્ ભિન્ન છે અભિન્ન પણ છે અને તે ત્રિવિધ લક્ષણ યુકત છે એ પ્રકારે વિસ્તારીને આગળની ઢાળમાં કહ્યું હવે દ્રવ્ય ગુણ પર્યાયના જે પરમાર્થ ભેદ છે એટલે જે સ્વભાવથી દ્રવ્ય આદિના ભેદ છે તેને કહે છે. તે સમજીને શુદ્ધ સમ્યક્ત્વ વાળા થવું જોઇએ કારણ કે સમ્યક્ત્વ તો દયા જ્ઞાન અને ક્રિયા સર્વનું મુળ કારણ છે તે સમ્યક્ દ-ર્શન વિના ધર્મ રૂપ માર્ગમાં પ્રવૃત થએલો પુરૂષ જન્માંધની પેઠે ઘણું દુઃખ પામે છે. દ્રવ્ય આદિના જ્ઞાનથીજ નિશ્ચય સ-મ્યક્ત્વ કહેલ છે જીવ આદિ નવ પદાર્થને જાણવા વાળા છે તેને સમ્યક્ દરશન થાય છે વળી એમ પણ કહ્યું છે કે સમ્યક્ત્વ સહિત થોડીપણ ક્રિયા સફળ થાય છે અને સમકિત વગરની ક્રિયા મોક્ષ રૂપ ફળને આપવાવાળી થતી નથી. તેથી કરીને સમ્યક્ત્વ વગર ધર્મ માર્ગમાં પ્રવૃત થયેલો મનુષ્ય જાતી અંધ પુરૂષના જેવું દુઃખ પામે છે અર્થાત હઠવાદને લીધે

તત્વથી તેઓ દૂર રહે છે માટે દ્રવ્ય ગુણ તથા પર્યાયને જાણુવાથી જે શુદ્ધ સમ્યકત્વ થાય છે તેનો આદર કરવો જોઈએ અર્થાત દ્રવ્યાદિકના જ્ઞાનથી સમ્યકત્વને શુદ્ધ કરીને તેને ગ્રહણુ કરવું જોઈએ. (૨)

(હવે ષટ્ દ્રવ્યના નામ કહે છે)

ધર્મ અધર્મહ ગગન સમય વલી
પુદ્ગલ જીવજ એહ
ષટ્ દ્રવ્ય કહ્યારે શ્રીજીન શાશને
જાસન આદિન છેહ—સમ ॥૩॥

ભાવાર્થ-ધર્મ અધર્મ આકાશ કાળ પુદ્ગલ અને જીવ એ ષટ દ્રવ્ય જીન શાશનમાં કહેલા છે જેની આદિ કે અંત નથી. (૩)

વિવેચન—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કાળ, પુદ્ગલ અને જીવ એ છ પદાર્થ શ્રી જીન શાશનને વિષે શ્રી વીતરાગ દેવે કહેલા છે તે છ પદાર્થની આદિ પણ નથી અને અંત પણ નથી આ પદાર્થમાંથી કાળ દ્રવ્ય સિવાય બાકી પાંચ દ્રવ્ય અસ્તિકાય છે, અસ્તિ

પ્રદેશનું નામ છે એટલે પ્રદેશથી જે કહી શકાય તે અસ્તિકાય કહેવાય છે. હવે કાળની અસ્તિકાયતા કેમ નથી તે વિષે કહે છે કે કાળ અપ્રદેશી છે કેમકે એક સમય બીજા સમયથી ભેદને પ્રાપ્ત થતો નથી. તેવીજ રીતે ઘટીકા આદિનો પણ ભેદ થતો નથી અને ધર્મ અધર્મ તથા આકાશ એ ત્રણે એક એક છે અને કાળ પુદ્ગલ તથા જીવ એ ત્રણે અનંત છે, જીવના સિવાય બધા કર્તા છે ઇત્યાદિ સાધર્મ્ય, વૈધર્મ્ય આદિ ભેદોને જાણવા માટે પ્રશમરતી ગ્રંથ વાંચવો જોઇએ. છએ દ્રવ્યના સમસ્ત ભેદ પરિણામિત્વ, જીવત્વ, મૂર્ત્તત્વ, સપ્રદેશત્વ, એકત્વ, ક્ષેત્રત્વ, ક્રિયાવત્વ, નિત્યત્વ, કારણવત્વ, કર્તૃત્વ, સર્વગતત્ત્વ, અસર્વતત્વ અને પ્રદેશાતત્વ છે, આ ભેદોમાંથી સાધર્મ્ય વૈધર્મ્યનુ જ્ઞાન કરવું જોઇએ એટલે જે ધર્મજીવ અને પુદગલમાં એકપણે હોય તેમાં તો જીવ પુદ્ગલનું સાધર્મ્યપણું છે અને જે ભિન્ન ભિન્ન છે તેમાં તો વૈધર્મ્ય છે એમ સમજવું જોઇએ. (૩)

(હવે ધર્માસ્તિકાયનું લક્ષણ કહે છે)

ગતિ પરિણામીરે પુદ્ગલ જીવને<br>
ઝષને જલ જેમ હોય

તાસ અપેક્ષારે કારણ લોકમાં
ધરમ દ્રવ્ય છેરે સોય—સમ ॥ ૪ ॥

**ભાવાર્થ—લોકમાં અપેક્ષા કારણથી પુદગલ તથા જીવને ગતી આપવાનો જેનોપરિણામી સ્વભાવ છે તે ધર્માસ્તિકાય છે જેમ માછલાને સદા ગતી પરિણામી જલ છે (૪)**

વિવેચન—જીવ તથા પુદ્ગલને ગતી આપવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય પરીણામ રૂપ અર્થાત સહાયક છે કારણ કે તે ધર્માસ્તિકાય દ્રવ્ય ચૌદરાજ લોકમાં રજુ પ્રમાણ જે આકાશ ખંડ છે તેમાં અપેક્ષા કારણ છે અને ગમન કરાવવાના વ્યાપારથી રહિત અધિકરણ સ્વરૂપ કારણ છે. જેમકે જલ છે તે માછલાને ગતિ પરણામી છે કારણકે ગમના ગમનમાં અપેક્ષા કારણ છે તેજ રીતે ગમનમાં પરિણત જીવ પુદ્ગલને ધર્મ દ્રવ્ય પણ અપેક્ષા કારણ છે ભાવાર્થ એવો છે કે મત્સ્ય સ્થળમાં પોતાની ગતિ કરવા જતાં વ્યાકુળ થાય છે તેથી સ્થળમાં ગતિ કરવાની તેની ઇચ્છા થતી નથી કદાચ કોઈ એમ કહે કે મત્સ્ય સ્થળમાં ગમન નથી કરતું તે જળના અભાવને લીધે છે ગતીમાં જળને જે અપેક્ષા કારણ માનો છો તે પ્રમાણ ભુત નથી. આવી શંકા કરનારને એવો ઉત્તર છે કે અન્વય

અને વ્યતિરેકથી લોકમાં જે પ્રસિદ્ધ વ્યવહાર છે તેથી તે જળમાં ગમનની કારણતા સિદ્ધ થાય છે. અર્થાત્ જેના હોવાથી કાર્ય થાય અને જેના અભાવે કાર્ય ન થાય તે અન્વય વ્યતિરેક છે. અને જેમાં અન્વય વ્યતિરેક ઘટી જાય તેજ લોકમાં કારણ મનાય છે તેજ પ્રસિદ્ધ વ્યવહારથી જળ પણ મત્સ્યની ગતિમાં કારણ રૂપ છે.

(હવે અધર્માસ્તિકાયનું લક્ષણ કહે છે)

થિતિપરીણામીરે પુદ્દલગ જીવની
થિતિનો હેતુ અધર્મ
સવિ સાધારણ ગતિ થતિ હેતુતા
દોય દ્રવ્યનોરે ધર્મ—સમ ॥ ૫ ॥

ભાવાર્થ—જીવ તથા પુદ્ગલની પરીણામી સ્થિતિનો હેતુ અધર્માસ્તિકાય છે અને આ ગતિ તથા સ્થિતિ હેતુતા રૂપ સર્વ સાધારણ ધર્મ બંને દ્રવ્યે ધર્મ અને અધર્મમાં છે (૫)

વિવેચન— જીવ તથા પુદ્ગલની સ્થિતિ પરીણામી અર્થાત્ અપેક્ષા કારણ અને સ્થિતિનો હેતુ અધર્મ દ્રવ્ય છે. ગતિ અને સ્થિતિમાં પરિણત જે ધર્મ તે ગત્યાદિ કહેવાય છે

એવો સમસ્તમાં સાધારણ ધર્મ એજ દ્રવ્યમાં છે અન્ય દ્રવ્યો માં નથી. અર્થાત્ ધર્મ દ્રવ્ય સિવાય બીજા કોઇપણ દ્રવ્યમાં ગતિ નથી અને અધર્મ સિવાય બીજા કોઇપણ દ્રવ્યમાં સ્થિ- તિ સ્વભાવ નથી. આથી એજ સિદ્ધ થાય છે કે ગતિ તથા સ્થિતિમાં પરિણત જે સર્વ દ્રવ્ય છે તેમાં એક એક દ્રવ્યની લઘુતાથી જે કારણતા સિદ્ધ થાય છે તે કારણપણું આ એજ દ્રવ્યમાં છે આથી કરીને મત્સ્યાદિના ગમનનું જે અપેક્ષા કા રણપણું જલ દ્રવ્યમાં છે ત્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યના લક્ષ ણુની અતિ વ્યાપ્તિ ન થઇ કારણકે ત્યાં પણ ધર્મ દ્રવ્યાદિ ગતિ આદિમાં કારણ છે એજ તાત્પર્ય છે (૫)

( હવે ધર્માસ્તિકાયને વિષે પ્રમાણ કહેછે )

સહજે ઉર્ધ્વગતિ ગામી મુકતને
વિના ધર્મ પ્રતિબંધ
ગગને અનંતેરે કહીએ નવિટલે
ફિરવારસનોરે ધંધ—સંમ ॥ ૬ ॥

ભાવાર્થ—સ્વાભાવીક પણે ઉર્ધ્વ ગમન કરવા વાળા મોક્ષના જીવને ધર્માસ્તિકાયના પ્રતિબંધ વગર અનંત

આકાશનું પરિભ્રમણ કરવા છતાં કદી ફરવાના રસનો ધંધ ટળેનહિ (૬)

વિવેચન—સહજ સ્વભાવે ઉર્ધ્વ ગમન કરનારા સિદ્ધના જીવને જો ધર્માસ્તિકાય દ્રવ્યનો પ્રતિબંધ ન હોય તો લોકા લોકમાં વ્યાપિ રહેલા આકાશમાં એક સમયમાં લોકના અંત સુધી જવા વાળા સિદ્ધના જીવને ઉર્ધ્વ ગમન રૂપ ગતિની નિવૃતિ કોઈ કાલે ન થાય કારણ કે અનંત આકાશ પ્રમાણ લોકાકાશ છે અને તે લોકાકાશનેજ જો ગમનનું કારણ માને તો ઘટ આદિમાં દંડ વિશિષ્ટ જે આકાશ છે તે હેતુ થઇ જાય તેથી કરીને લોકાકાશને ગતિમાં કારણ માનવું અયુકત છે. કારણ કે ધર્માસ્તિકાય વિશિષ્ટ જે આકાશ છે તેજ લોકાકાશ છે તાત્પર્ય એવું છે કે ગતિ હેતુતા ધર્મ દ્રવ્યનો સ્વભાવ છે અને તે ગતિ હેતુતાથી યુકત જે આકાશ છે તેની લોકાકાશ એવી કલ્પના કરવામાં આવી છે તેથી તે કલ્પિત લોકાકાશમાં ધર્મ દ્રવ્યના સ્વભાવની કલ્પના અયોગ્ય છે તેથી કરીને ધર્માસ્તિકાયને ગતિનો હેતુ અવશ્ય પ્રમાણ રૂપ માનવો જોઇએ અને ધર્મ દ્રવ્ય પુદ્ગલ તથા જીવોને ગમન કરાવવા

રૂપ સ્વભાવના ધારક છે ઇત્યાદિ જે સિદ્ધાંત છે તે પ્રમાણે વિચારવા યોગ્ય છે. (૬)

( હવે અધર્માસ્તિકાયના વિષયમાં પ્રમાણ કહે છે. )

જો થિતિ હેતુ અધર્મ ન ભાષીયે
તો નિત્ય થિતિ કોઇ ઠાણ
ગતિ વિણ હોવેરે પુદ્ગલ જંતુની
સંભાલો જીન વાણ—સમ ॥ ૭॥

ભાવાર્થ—જો સ્થિતિના હેતુ રૂપ અધર્મ દ્રવ્ય ન કહિએ તો જીવ અને પુદ્ગલની કોઈ એકજ સ્થળે સ્થિતિ થઈ જાય અને પુદ્ગલ તથા જીવની ગતિજ બંધજ થઈ જાય માટે જીનેશ્વર પ્રભુની વાણીને યાદ કરો ( ૭ )

વિવેચન—જો જીવ અને પુદ્ગલની સ્થિતિનું કારણ અધર્મ દ્રવ્ય નહિ માનો તો સર્વ જગ્યાએ વિશ્વાસ પુર્વક જીવ અને પુદ્ગલની સ્થિતિજ સિદ્ધ થશે કોઇ પણ ઠેકાણે ગતી થઈ શકશે નહિં તાત્પર્ય એવું છે કે સર્વ જીવ તથા પુદ્ગલના સંબંધમાં સાધારણ રૂપથી સ્થિતિ હેતુ ભુત અધર્મ દ્રવ્યને નથી કહેતા પરંતુ ધર્માસ્તિકાયના અભાવ પ્રયુક્ત

જે ગતિનો અભાવછે તેથી અલોકમાં અભાવછે એમ કહેવાયછે તો તમારા મત પ્રમાણે અલાકોકાશમાં પણ કોઈ પણ સ્થાનમાં ગતિ વિના પુદગલ અને જીવ દ્રવ્યની નિત્ય સ્થિતિ માન્ય કરવી પડશે ધર્મ દ્રવ્ય નહિ હોવાથી અલોકમાં ગતિ નથી થતી એમ કહેશો તો અન્વય વ્યતિરેકથી જેમ ધર્મ દ્રવ્યને ગતિમાં કારણુતા છે તેમજ સ્થિતિમાં અધર્મ દ્રવ્ય કારણ રૂપ માનવું જોઇશે માટે ગતિની સ્થિતિ એક સ્વતંત્ર પર્યાય છે અને તેનું કારણ અધર્મ દ્રવ્યછે પરંતુ ગતીના અભાવે સ્થિતિ અને ધર્મના અભાવે અધર્મ એ કારણ રૂપ નથી જેમ ગુરૂત્વ લઘુત્વ એક એકના અભાવ રૂપછે તેમજ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પણ ભાવ રૂપ છે કેમકે એકનું કાર્ય ગતી છે અને બીજાનું કાર્ય સ્થિતિ છે માટે શ્રી જીનદેવની વાણીથી તત્વને ગ્રહણ કરીને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બંને દ્રવ્ય ભિન્ન ભિન્ન સ્વભાવ વાળાછે એમ સમજવું જોઈએ. (૭)

(હવે આકાશ દ્રવ્યનું લક્ષણ કહે છે.)

સર્વ દ્રવ્યનેરે જે દીએ સર્વદા,
સાધારણ અવકાશ

લોક અલોક પ્રકારે ભાષોઓ
તેહ દ્રવ્ય આકાશ—સમ ॥૮॥

ભાવાર્થ-સર્વ દ્રવ્યને જે હમેશા સાધારણ રૂપથી અવકાશ આપે તે આકાશ દ્રવ્ય કહેવાય છે અને તે લોક તથા અલોક એ બે નામથી કહેલો છે. (૮)

વિવેચન—જે સર્વ દ્રવ્યને સાધારણ રૂપથી અવકાશ આપે છે તે આકાશ દ્રવ્ય કહેવાય છે. જેમ પક્ષિયોને આધાર રૂપ આકાશ છે તેમ સર્વ દ્રવ્યને એક આકાશાસ્તિકાય દ્રવ્યજ આધારરૂપ કહેલા છે. જો કે આ વ્યવહાર નય ભેદથી થાય છે તો પણ તે તે દેશમાં અનુગત જે એક આકાશ છે તેની આજ વ્યવહારથી સિદ્ધિ થાય છે અને તે તે પ્રદેશોમાં ઉદ્ધ્ર્વ દેશાવચ્છેદથી મુર્ત્તીપણાના અભાવ આદીથી અવકાશ દાતૃત્વ રૂપથી આકાશના વ્યવહારની ઉત્પત્તિ થાય છે આ પ્રમાણે શ્રી વર્દ્ધમાન સ્વામિનું જે વચન છે તે અયુક્ત નથી કારણ કે આકાશ શુન્ય રૂપપણાથી પ્રતીતિ છે અને હમેશા અનુભવમાં આવતા સંપુર્ણ દ્રવ્યનાં આધારપણાનો તે અંશ છે તેનો નાશ થવાનો પ્રસંગ છે અને જયાં સુધી ગતિનું સંધાન છે ત્યાં સુધી પણ લોક વ્યવહારથી આકાશદેશ પ્રતિસંધ

ચોક્ત વ્યવહાર છે અને લોકાકાશ તથા અલોકાકાશ એ ભેદથી બે પ્રકારના કહેલા છે કેમકે એવું સૂત્ર છે કે दुविहे आगासे पन्नत्ते लोयागासेय अलोयागासेय. (૮)

( વળી પણ આકાશ દ્રવ્યનો વિચાર કહે છે )

ધર્માદિકસુરે સંયુક્ત લોક છે
તાસ વિયોગ અલોક
તે નિરવધિ છેરે અવધિ અભાવને
વલગી લાગેરે ફોક—સમ ॥ ૯॥

ભાવાર્થ—ધર્માદિ દ્રવ્ય સહિત જે આકાશ છે તે લોકાકાશ છે અને જે ધર્મ આદિ દ્રવ્યથી શૂન્ય છે તે અલોકાકાશ છે અને તે પોતેજ અવાધ રહિત છે તેનો અંત માનવો ફોકટ છે. (૯)

વિવેચન—ધર્માસ્તિકાય આદિ દ્રવ્યથી જે સંયુક્ત છે તે લોકાકાશ છે અને તેથી જે અસંયુક્ત છે તે અલોકાકાશ છે અને તે અલોક અંત રહિત છે કારણ કે તે અલોકને પોતાના સ્વરૂપથી અંતવાળો કહેવોતે નિરર્થક છે. કોઈ શંકા કરશે કે જેમ લોકાકાશનો અંત છે તેમ અલોકાકાશનો પણ અંત

હોવો જોઈએ, આ શંકાના સમાધાનમાં કહે છે કે લોકાકાશતો ધર્માદિ દ્રવ્યના અધિકરણ રૂપ હોવાથી ભાવ રૂપ છે તેથી તેનો અંતતો ઘટિત થાય છે પરંતુ તે પછી ધર્માદિ દ્રવ્યથી શૂન્ય શશલાના સિંગડાની માફક જે અલોકાકાશ છે તેનો અંત કેવી રીતે માની શકાય. જે અવિદ્યમાન અલોક છે તેની મર્યાદાનું કથન કરવું એ યોગ્ય નથી. અને જો કદી આ અલોકાકાશને ભાવ સ્વરૂપ અંગીકાર કરી છ દ્રવ્ય સિવાય કોઈપણ દ્રવ્ય નથી એવા વ્યવહારથી આકાશ દેશ સ્વરૂપ જે અલોકાકાશ છે તેને સાંતતા કહેવા વાળાની બુદ્ધિનો ઘાત થાયછે. માટે અલોકાકાશને તો અનંતજ માનવો જોઈએ ધર્મ અને અધર્મ દ્રવ્યના સામર્થ્યથી લોકાકાશ સાન્ત કહેલ છે અને તેથી તે ભાવ રૂપછે અને ધર્માદિના સદ્ભાવથી અલોકાકાશ અભાવરૂપ છે જો અલોકાકાશને સાંત માનીએ તો ધર્મ અધર્મના સામર્થ્ય યુકત છ દ્રવ્યથી ભિન્ન દ્રવ્યતાને તે પ્રાપ્ત થશે તેથી કરીને અલોકાકાશના સંબંધમાં જે અવધિ રહીતપણું કહ્યું છે તેજ બરાબર છે. તાત્પર્ય એવું છે કે જેટલા આકાશ પ્રદેશમાં ધર્મ અધર્મ વ્યાપ્ત થઈને સ્થિત છે તેટલાજ પરિમાણ સહિત આકાસ હોવું જોઈએ અને જયાં ધર્મ અધર્મ બંનેનો અભાવ છે ત્યાં આકાશનો પણ અભાવજ સમજવો

જોઇએ અર્થાત્ અલોકાકાશ અનંત છે. (૯)

(હવે કાળ દ્રવ્યનું લક્ષણ કહે છે)

વત્તણ લક્ષણ સર્વ દ્રવ્યહ તણો
પજજવ દ્રવ્ય ન કાલ
દ્રવ્ય અનંતનીરે દ્રવ્ય અભેદથી
ઉત્તરાધ્યયનેરે ભાલ સમ—॥ ૧૦ ॥

ભાવાર્થ—પરાવર્તન જેનું લક્ષણ છે એવું કાળ દ્રવ્ય તે સર્વ દ્રવ્યનું પર્યાય દ્રવ્ય માનેલું છે અને દ્રવ્યના ભેદથી તે કાળનું અનંત પણું ઉત્તરાધ્યયન સૂત્રમાં વિસ્તારથી કહેલું છે (૧૦)

વિવેચન— સર્વ દ્રવ્યોનું વર્તના લક્ષણ કાળ છે. અર્થાત્ દ્રવ્યને નવીન અને જીર્ણ કરવાવાલો કાલ છે અને તે પર્યાય દ્રવ્ય માનવામાં આવ્યું છે તે કાળના પર્યાયોમાં અનાદિ કાળથી દ્રવ્યોના ઉપચારિક વ્યવહારનું અનુસરણ કરીને કાળ દ્રવ્ય એમ કહેવાયછે માટે પર્યાય દ્વારાએ દ્રવ્યનો ભેદ હોવાથી તે કાળ દ્રવ્યની પણ અનંતતાછે કાળ દ્રવ્ય અનંતછે તે વિશે ઉત્તરાધ્યયન સુત્રમાં

કહેલું છે અને કાલ પુદ્ગલ તથા જીવ એ છેલા ત્રણ દ્રવ્ય અનંતછે અને તે અનંત જીવ દ્રવ્યના વર્તમાન અનંત પર્યાય છે તેથી કરીને કાળ દ્રવ્યપણ અનંત છે એવું આગમમાં કહેલું છે અને આ કાળ દ્રવ્યનું વિસ્તારથી વર્ણન પણ તેજ આગમોથી અવધારણ કરવું જોઈએ.

(જીવા જીવથી કાળ અભિન્ન છે તે બતાવે છે.)

જીવ અજીવજ સમયે તે કહ્યું
તેણે મ જુદો રે તેહ
એક વખાણેરે આચારય ઇસ્યું
ધરતાં શુભ મતિ રેહ—સમ ॥ ૧૧ ॥

ભાવાર્થ—કેટલાએક શુભ બુદ્ધિ વાળા આચાર્ય કહે છે કે કાળને જીવ અજીવ રૂપજ કહેલ છે માટે તે જુદો કેમ હોઇ શકે? (૧૧)

વિવેચન—કાળને જીવ અને અજીવ આ બંને દ્રવ્યથી ભિન્ન નથી કહેલ માટે જીવ અજીવથી તેને ભિન્ન કેમ કહો છો આ રીતે સિદ્ધાંત વિશુદ્ધ બુદ્ધિના ધારક એક આચાર્ય કહે છે, જુઓ કે ગૌતમ સ્વામીએ એક વખતે

શ્રી મહાવીર સ્વામિને પુછયું કે આ કાળ જીવ છે કે અજી-વ ? ત્યારે શ્રી ભગવાન્ બોલ્યા કે હે ગૌતમ ? જીવ પણ કાળ છે અને અજીવ પણ કાળછે જીવ અજીવથી ભિન્ન રૂપ નથી (૧૧)

(વલી પણ તેંજ કાળ દ્રવ્ય વિષે કહે છે)

બીજા ભાસેરે જોઇષ ચક્રને
ચારે જે થિતિ તાસ
કાલ અપેક્ષા કારણ દ્રવ્ય છે
ષટની ભગવઈ ભાસ—સમ ॥ ૧૨

ભાવાર્થ—બીજા આચાર્યો કહે છે કે સંસારમાં જયોતિષ ચક્રના સંચારથી જે સ્થિતિ છે તે કાળ છે અને કેટલાએક કાળને અપેક્ષા કારણ કહે છે ભગવતીજીમાં છ દ્રવ્ય છે એમ જે કહ્યું છે તેથી તેજ સિદ્ધ થાય છે. (૧૨)

વિવેચન—અન્ય આચાર્યોને એવી રીતે નિરૂપણ કેટલું છે કે જયોતિષ ચક્રના સંચારથી જે અવસ્થા વિશેષ છે તેજ કાળ છે ગોળાકાર જયોતિષ ચક્ર છે તેના સંચારથી પરત્વ અપરત્વ તથા નવીન પુરાણ આદિરૂપ જે પદાર્થની સ્થતિ છે તેમાં અપેક્ષા કારણ કાલ છે કારણ કે

મનુષ્ય લોકમાં સુર્યની જે ગતિરૂપા ક્રિયા છે તેજ પદાર્થની ઉપનાયિકા છે અર્થાત સુર્યની ક્રિયા તે તે પર્યાયોમાં પદાર્થને પ્રાપ્ત કરવા વાળી છે અને આ કલ્પના જ્યાંસુધી દ્રવ્યનું સંચાર ક્ષેત્ર છે ત્યાં સુધી ઘટીત થાય છે. વળી ભગવતી સૂત્રમાં પણ એવું વચન છે કે

केणं भंते द्रव्वा पन्नत्ता
गोयमा ६ द्रव्वं पणत्ता
तं जहा धमत्थिकाए
जाव अद्वा समये

હે ભગવાન્? દ્રવ્ય કેટલા છે? ભગવાને કહ્યું કે હે ગૌતમ? દ્રવ્ય છ છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, પુદ્ગલ અને કાળ.

આ પ્રમાણે ભગવતીજીનો પાઠ છે માટે અપેક્ષા કારણથી કાળ દ્રવ્ય કહ્યું છે (૧૨)

ધર્મ સંગ્રહણીરે એ દોય મત કહ્યા
તત્ત્વાર્થ માંરે જાણ

**અનપેક્ષિત દ્રવ્યાર્થિક નય મતે**
**બીજું તાસ વખાણુ–સમ ॥ ૧૩ ॥**

**ભાવાર્થ**–કાળ દ્રવ્યના સબંધમાં આ બંને મત ધર્મ સંગ્રહણીમાં કહેલાછે અને અનપેક્ષિત દ્રવ્યાર્થિક નયના મત માં તત્વાર્થ વ્યાખ્યાનથી બીજો મત કહેલોછે (૧૨)

વિવેચન–ઉપર કહ્યા તે બંને મત શ્રી હરીભદ્ર સૂરીએ ધર્મ સંગ્રહણી ગ્રંથમાં કહ્યા છે શ્રી સિદ્ધસેનજીએ ત-ત્વાર્થ માં પણ એમ કહ્યુંછે કે कालश्चेत्येके કાળ પણ દ્રવ્ય છે એવું એક આચાર્ય કહેછે આ કાળ દ્રવ્યર્થિક નયના મતથી થાય છે કેમકે આ કાળસ્થુલજે લોકવ્યવહારછેતેથી સિદ્ધછે અને અપેક્ષા રહીત છે જો એમ ન હોય તો જેમ પરાવર્તનનું અપેક્ષા રૂપ કારણ હોવાથી કાળ દ્રવ્યને સિદ્ધ કર્યું તેમ કાળ જે પુર્વાપરને સાધે છે તેથી ભિન્ન પરત્વ અપરત્વાદિ વ્યવહારના નિયામક હોવાથી દિશા નામક દ્રવ્યપણ સિદ્ધ થઈ જાય અને 'આકાશ અવગાહનને માટે છે તથા દીશા તે આકાશથી ભિન્ન નથી, જો એમ ન હોય તો કાળ તથા આકાશથી ભિન્ન દીશા રૂપ દ્રવ્યનું ઉદાહરણ આપીએ તો કાળ આકાશ અને દીશા એ ત્રણે પૃથક દ્રવ્ય સિદ્ધ થઇ જશે. આ પ્રમાણે સિદ્ધસેનજી

કૃત નિશ્ચય દ્વાત્રિંશિકાના અર્થને વિચારીને આકાશથી દિશાનુ-કાર્ય સિદ્ધ થાય છે એમ જાણવું. અને આ પ્રકારના સિદ્ધાં-તનો સ્વીકાર કરવાવાળાને કાળ દ્રવ્ય કથંચિત કાર્યજ છે અર્થાત્ માનવુંજ જોઇએ અને તેથી પરત્વ અપરત્વની સિદ્ધિ થશે. માટે कालश्चेत्येके એ સૂત્ર અનપેક્ષિત દ્રવ્યાર્થિક નયના મતથીજ કહેલ છે એમ સૂક્ષ્મ દ્રષ્ટીથી વિચારી લેવું જોઇએ (૧૩)

(હવે કાળ દ્રવ્યના અધીકારમાં દિગંબર મત કહે છે)

મંદ ગતે અણુ યાવત સંચરે
નહ પ્રદેશ એકે ઠોર
તેહ સામયનોરે ભાજન કાલાણુ
ઇમ ભાસે કોઇ ઓર–સમ ॥૧૪॥

ભાવાર્થ—આકાશ પ્રદેશના એક સ્થાનમાં મંદ ગતિથી જેટલા પરમાણુ જેટલા સમયે સંચરે તે પર્યાયને સમય કહિયે અને તે કાળ પર્યાયનું ભાજન તે કાલાણુ કહેવાય એમ દિગંબર કહે છે (૧૪)

વિવેચન—આકાશ પ્રદેશના એક સ્થાનમાં જેટલા કાલમાં મંદગતિથી પરમાણુ જાય છે તેટલા સમય પ્રમાણ જે

કાલ છે તે કાલના સ્થાનમાં કાલાણુ એવો વ્યવહાર થાય છે અને એક આકાશના સ્થનમાં મંદ ગમનના ધારક પરમાણું જેટલા કાલમાં જાય છે તેટલા તે કાલને પર્યાય રૂપથી સમય કહે છે અને સમય રૂપ જે કાલ છે તે પર્યાય રૂપ સમયનું ભાજન કાલાણુ છે અને તે કાલાણુ એક આકાશના પ્રદેશમાં એક છે આ પ્રમાણે જયારે કરીએ છીએ ત્યારે લોકાકાશના સમસ્ત પ્રદેશના સમાન કાલાણુ થાય છે અર્થાત લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે અને એક એક પ્રદેશમાં એક એક કાલાણુ છે આ પ્રમાણે અસંખ્યાત કાલાણું થાય છે તેજ દ્રવ્ય સંગ્રહમાં કહ્યું છે કે રત્નની રાશીની પેઠે કાલાણુ અસંખ્યાત દ્રવ્ય છે. (૧૪)

(આદિગંબર મતને અનુસરીને બીજા કોઇએ
કહ્યું છે તે બતાવે છે)

યોગ શાસ્ત્રનારેં અંતર શ્લોકમાં
એ પણ મત છેરે ઇઠ
લોક પદેશેરે અણુઆ જૂજુઆ
મુખ્ય કાલે તિહાં દીઠ—સમ ॥૧૫॥

ભાવાર્થ—યોગ શાસ્ત્રના અંતર શ્લોકમાં આ દિગંબ

ર મત પણ ઇષ્ટ છે કેમકે તે શ્લોકમાં લોક પ્રદેશે જે ભિન્ન ભિન્ન કાલાણુ સ્થિત છે તે ભિન્ન સ્થિતિ કાલ દ્રવ્યની પ્રધાનતા છે. (૧૫)

વિવેચન—યોગ શાસ્ત્રમાં એમ સાંભળ્યું છે કે લોકાકાશના પ્રદેશમાં જે ભિન્ન ભિન્ન કાલાણુ સ્થિત છે તે કાલાણુ કાળ દ્રવ્યની મુખ્યતાને પ્રતિપાદન કરેછે અર્થાત્ લોકપ્રદેશમાં જે ભિન્ન ભિન્ન કાલાણુછે તે કાલાણુ કાળ દ્રવ્યની મુખ્યતાનું પ્રતિપાદન કરે અર્થાત્ લોકપ્રદેશમાંજે ભિન્નભિન્ન કાલાણુછે તેજ મુખ્યકાળછેએવો વ્યવહાર છે. એક આકાશ પ્રદેશમાં એક એમ સર્વ લોકાકાશના પ્રદેશમાં જે સઘળા કાલાણુછે તે જેટલા આકાશના પ્રદેશ છે તેટલાજ છે અને પદાર્થને જે નવું અને જીર્ણ કરેછે તેજ મુખ્ય સર્વ પ્રધાન કાલ કહેલ છે. (૧૫)

(વળી પણ તેજ કાળની ચર્ચા કરેછે)

પ્રચય ઉર્ધ્વતારે એહનો સંભવે
પુર્વ અપર પર્યાય
તિર્યક પર્યય ઘટે નહિ ખધ્રનો
વિણ પ્રદેશ સમુદાય સમ ॥ ૧૬॥

ભાવાર્થ—પુર્વ અને અપર એ બે પર્યાયમાં કાળ દ્રવ્ય નો ઉર્દ્ધતા પ્રચય સંભવે છે અને ખંધના પ્રદેશ સમુદાય વિના કાળ દ્રવ્યને તિર્યંક પ્રચય સંભવે નહિ (૧૬)

વિવેચન— આ કાળમાં દ્રવ્યના પુર્વાપર બે પર્યાયનો ઉર્દ્ધતા પ્રચય થાયછે કેમકે જેવી રીતે મૃત્તિકા રૂપ દ્રવ્યના સ્થાસ, કોશ, કુશુલ આદિ પુર્વ અપર પર્યાય થાયછે તેવીજ રીતે આ કાળ દ્રવ્યના પણ સમય આવલી અને મુહુર્ત આદિ પૂર્વ અપર પર્યાય વિદ્યમાનછે પરંતુ સ્કંધના પ્રદેશ સમુદાય કાળના નથી માટે ધર્માસ્તિકાય આદિની પેઠે સમાન તિર્યંક પ્રચયતાનો સંભવ નથી અર્થાત કાળને તિર્યંક પ્રચયપણું નથી આજ કારણથી કાળ દ્રવ્યને અસ્તિકાય કહેવામાં નથી આવતું અને પરમાણું પુદગલની પેઠે તિર્યંક પ્રચયતા નથી માટે ઉપચાર પણ કાળ દ્રવ્યને તિર્યંકપ્રચયતા કહેવા યોગ્ય નથી (૧૬)

(હવે દિગંબંર પક્ષને પ્રતિવાદે દુષણ આપેછે)

એમ અણુગતિનીરે લેઇ હેતુતા
ધર્મ દ્રવ્ય અણુ થાય
સાધારણતારે લેઇ એકની
સમય ખંધ પણ થાય—સમ ॥ ૧૭ ॥

ભાવાર્થ—એવી રીતે કાલાણુને માનવાથી પરમાણુના ગમનનો હેતુ માનીને ધર્મ દ્રવ્યનો પણ અણુ સિદ્ધ થઈ જશે અને ત્યારે એક પદાર્થના સાધારણતાને ગ્રહણ કરવાથી સમય સ્કંધતા પણ સિદ્ધ થઈ જશે (૧૭)

વિવેચન—આ રીતે પરમાણુના ગમન રૂપ હેતુને ગ્રહણ કરવાથી ધર્મ દ્રવ્યના પણ અણુ થઇ શકે છે અને ત્યારે તે કોઇપણ પદાર્થની સાધારણતાને ગ્રહણ કરવાથી સમય સ્કંધતા પણ સિદ્ધ થઇ જશે માટે અણુઓના મંદ ગમન રૂપ જે કાર્ય છે તેનો હેતુ જે પર્યાય સમય ભાજન છે તેને દ્રવ્ય સમયાણુ કલ્પના કરો છો તો મંદ અણુ ગતિમાં હેતુતા રૂપ ગુણના ધારક ધર્માસ્તિકાય દ્રવ્ય પણ સિદ્ધ થાય છે અને એજ રીતે અધર્માસ્તિકાય દ્રવ્યના અણુનો પણ સંભવ થાય. હવે કદાચિત્ એમ કહો કે સર્વ સાધારણ ગતિ હેતુતા આદિનું ગ્રહણ કરીને ધર્માસ્તિકાય આદિ એક સ્કંધ રૂપ દ્રવ્યની કલ્પના કરો છો તો દેશ પ્રદેશ આદીની કલ્પના પણ તે સ્કંધના વ્યવહારના અનુરોધથી પાછળથી કરવી પડશે અને સર્વ જીવ અજીવ દ્રવ્યમાં સાધારણ રીતે આજે વર્તના હેતુ રૂપ ગુણ છે તે ગુણને ગ્રહણ કરીને કાળ દ્રવ્યની પણ લોક પ્રમાણ કલ્પના કરવી યુક્ત છે એમ કહેશો તો ધર્માસ્તિકાય આદિ

દ્રવ્યના અધિકારથી સાધારણ ગતિ હેતુતા આદિની ઉપસ્થિતિ છે તેવીજ કલ્પના થઇ શકે છે. અને તે છતાં કાલ દ્રવ્યની કલ્પના કરવા વાળાના મતમાં મંદઅણુની વર્ત્તના રૂપ હેતુનીજ ઉપસ્થિતિ છે અને આ કલ્પનાના આગ્રહ સિવાય બીજું કોઇ પણ કારણ નથી. (૧૭)

(વળી પણ તેજ કહે છે.)

અપ્રદેશતા રે સુત્રે અનુસરી
જો અણું કહીયેરે તેહ
તો પર્યાય વચનથી જોડીયે
ઉપચારે સવી એહ–સમ્ ॥૧૮॥

ભાવાર્થ—સૂત્રમાં કાળને અપ્રદેશ કહ્યો છે તેને અનુસરીને જો કાલાણું કહીએ તો આ સર્વ ઉપચારથી પર્યાય વચનમાં યોજીત થાયછે (૧૮)

વિવેચન—જો કાળને પ્રદેશ રહિત નિરૂપણ કરીને તે કલ્પિત કાળને અણું કહોછો તો આ સર્વ ઉપચારથી પર્યાય વચનમાં યોજીત કરવામાં આવેછે જો એમ કહોકે સુત્રમાં કાળ પ્રદેશ રહિતકહ્યાછે તેને અનુસરિનેજ અમે કાલાણું કહીએતો

સંપુર્ણ જીવ અજીવ પર્યાય રૂપજ કાળ છે એમ કહેવામાં વિરોધ નથી લોકાકાશ પ્રદેશોનું પ્રમાણ કાલ છે એવું જે વચન છે ને સર્વ ઉપચારથીજ માનવા યોગ્ય છે મુખ્ય શકિતથી તો તે પર્યાય રૂપ કાળ છે એજ સૂત્ર સંમત છે માટે कालश्चेत्येके એ સૂત્રમાં एकेએ પદથી કાલ સર્વ સમંત દ્રવ્ય નથી એમ સ્ફુટ થાય છે આથી પણ પ્રદેશનો અભાવ સૂત્રને અનુસરી જે કાળના અણુપણાનું કથન કરો છો ત્યારે પણ આ સર્વ ઉપચારથી પર્યાય વચન આદી સાથે યુકત કરીને ઉપચારતા પ્રાપ્ત થાય છે. વળી આકાશ આદિનો વિભાગ પણ પરમાણુ રૂપ છે કેમકે કાજળના ચુર્ણથી પુર્ણ ડાબલીની પેઠે પુદ્ગલથી ભરેલા જગતમાં એવો કોઇ પણ આકાશનો પ્રદેશ નથી કે જે પરમાણુથી ઠાંસીઠાંસીને ભરેલા ન હોય માટે તમારો હેતુ યોગ્ય નથી. (૧૮)

(હવે ઉપચારનો પ્રકાર દર્શાવે છે)

પર્યાયે જેમ ભાષ્યો દ્રવ્યનો
સંખ્યારથ ઉપચાર
અપ્રદેશતારે યોજન કારણે
તેમ અણુતાનોરે સાર—સમ ॥ ૧૯ ॥

ભાવાર્થ—જેમ પર્યાય રૂપથી કાળ દ્રવ્યની પર્યાય રૂપતા ઉપચારથી કહિ છે તેમજ અપ્રદેશત્વ યોગથી કાળની અણુતાન: વિષયમાં ઉપચારજ કારણ છે (૧૯)

વિવેચન—જીન સિદ્ધાંતમાં દ્રવ્યતો છજ છે આ સંખ્યાની પુર્તીને માટે જેમ પર્યાય રૂપથી કાળ દ્રવ્યના વિષયમાં દ્રવ્યત્વના ઉપચારની કલ્પના ભગવતિઆદિ સુત્રમાં કરેલીછે તેજ રીતે સુત્રમાં કાલની અપ્રદેશતાનો જે યોગ છે તેથી કાલાણુંના વિષયમાં પણ ઉપચાર જાણવો. તાત્પર્ય એવું છે કે સૂત્રમાં કાળને પ્રદેશ રહિત કહેલ છે તેજ રીતે કાલાણુતા પણ સૂત્રાંત કરેલ છે. તેની યોજનાથી લોકાકાશના પ્રદેશમાં સ્થિત પુદ્ગલ પરમાણુના વિષયમાં પણ યોગ શાસ્ત્રાન્તર શ્લોકમાં કાલાંણુંઓનો ઉપચાર કરેલો છે અને અનાદિ કાળથી અપ્રદેશત્વ વ્યવહારના નિયામક ઉપચારનિ વિષયતાથી તે કાળ મુખ્ય છે એજ કારણથી જે મનુષ્ય ક્ષેત્રમાંજ રહેતા વાળું કાળ દ્રવ્ય છે એમ કહે છે તેને પણ મનુષ્ય ક્ષેત્રાવચ્છિન્ન જે આકાશાદિ છે તેમાં કાળ દ્રવ્યના ઉપચારનુંજ શરણુ છે આ માત્ર દિગ્દર્શનરૂપ કથનજ છે (૧૯)

(હવે પુદ્ગલ તથા જીવ દ્રવ્યનું સ્વરૂપ સંક્ષેપમાં કહે છે.)

વર્ણ ગંધ રસ ફાસાદિક ગુણે

લખીયે પુદગલ ભેદ
સહજ ચેતનારે ગુણ વલી જાણીયે
જીવ અરૂપ અવેદ—સમ ॥ ૨૦ ॥

ભાવાર્થ—વર્ણ ગંધ રસ અને સ્પર્શાદિક ગુણોથી પુદ ગલના ભેદ જાણવા અને સ્વાભાવિક ચેતના ગુણવાળો રૂપ રહિત અને વેદ રહિત એવો જીવ પદાર્થ છે, (૨૦)

વિવેચન—વર્ણ ગંધ રસ અને સ્પર્શ આદિ ગુણોએ કરીને સહિત હોવાથી પુદ્ગલ દ્રવ્યના અન્ય ધર્માસ્તિકાય આદિ દ્રવ્યથી ભેદ જાણી શકાય છે. શ્વેત, પીળો, લીલો, રાતો અને કાળો એ પાંચ વર્ણ છે. સુગંધ તથા દુર્ગંધ એ બે ગંધ છે. તીખો કડવો કસાએલો ખાટો મીઠો અને ખારો એ છ રસ છે ઠંડો ઉષ્ણ કઠોર કોમળ હલકો ભારે ચીકણો અને લૂખો એ આઠ જાતના સ્પર્શ છે. આ સર્વ પુદગલના ભેદ છે. અને સ્વભાવથી ઉત્પન્ન જે ચેતના તેનાથી યુકત હોવાથી સર્વ અચેતન દ્રવ્યથી જીવ ભિન્ન છે અને વ્યવહાર નયથી રૂપ તથા વેદનોધારક છે. પરંતુ નિશ્ચયથી જીવ રૂપ રહિત અને વેદ રહિત છે કારણ કે જીવ સત્તા માત્ર નિર્ગુણ તથા વિકાર રહિત છે ( ૨૦ )

(હવે ઢાળ સમાપ્ત કરતાં કહે છે)

એમ એ ભાખ્યા રે સંખેપે કરી
દ્રવ્યતણા ષટ ભેદ
વિસ્તા તે તારે જાણી શ્રુતથકી
સુજશ લહો ગતખેદ—સમ ॥ ૨૧ ॥

ભાવાર્થ—એ પ્રમાણે સક્ષેપથી દ્રવ્યના છ ભેદ કહ્યા તેનો વિસ્તાર શ્રુત સિદ્ધાંતથી જાણી ખેદ રહિત થયાં થકાં ઉત્તમ પ્રકારના જશને પામો. (૨૧)

વિવેચન—એ પ્રમાણે સૂત્રમાં કહેલા છ દ્રવ્ય સંક્ષેપથી કહ્યા. ધર્મ, અધર્મ, અકાશ, કાલ, પુદગલ અને જીવ એ છ દ્રવ્ય સિદ્ધ કર્યા. આ ષટ્ દ્રવ્યનો વિસ્તાર સૂત્ર સિદ્ધાંતમાં ઘણો છે ત્યાથી સમજી લેવો અત્રે તો સંક્ષેપ માત્રથી કહેલ છે. ષટ્ દ્રવ્યનું સ્વરૂપ જેમ જેમ વિશેષ સમજાશે તેમ તેમ ખેદ ઓછો થશે અને સુબોધ તથા સુજશની વૃદ્ધિ થઇને ઉંચ્ચતાને પ્રાપ્ત કરશો. (૨૧)

## ઢાળ અગ્યારમી.

સોવન ગિરિભુષણ ત્રિસલા નંદન—એ દેશી.

હવે ભેદ ગુણના ભાષી જે
તિહાં અસ્તિતા કહિયેજી
સદ્ભુતતા વસ્તુતા જાતિ
વ્યકિત રૂપતા લહિયેજી
પરિછેદ્ય જે રૂપજી
પ્રમેયત્વ આણાગમ સુષીમ
અગુરૂ લધુત્વ રૂપજી ॥૧॥

ભાવાર્થ—હવે ગુણના ભેદ કહે છે. (૧) અસ્તિત્વ ગુણ જેથી સદ્ભુતતાનો વ્યવહાર થાય (૨) વસ્તુત્વ ગુણ તે જાતિ વ્યકિતરૂપપણું સમજવું (૩) દ્રવ્યત્વ તે દ્રવ્યનો ભાવ છે (૪) પ્રમેયત્વ એટલે જે પ્રમાણુથી જાણી શકાય એવો જે પ્રમાણુનો વિષયતે પ્રમેયત્વ (૫) અગુરૂ લઘુત્વ ગુણ તે સૂક્ષ્મ આજ્ઞા ગ્રાહ્ય છે. (૧)

વિવેચન—હવે મુળ ગુણોના ભેદનું વિવરણ આઢાળમાં કહે છે. મુળ ગુણ છ કહ્યા છે. તેમાં (૧) અસ્તિત્વ ગુણ છે તે સત્તાથી થાય છે અને તેથી લોકમાં સદભુતતાનો વ્યવહાર થાય છે (૨) વસ્તુત્વ ગુણ છે તે જાતિ વ્યક્તિ રૂપ છે, જાતિ સામાન્યને કહે છે, જેમકે ઘટમાં ઘટત્વ વ્યકિત વિશેષનું નામ છે, જેમ આ ઘટ દ્રવ્યથી સુવર્ણનો છે, ક્ષેત્રથી પટણા નગરનો છે, કાળથી વસંત રુતુમાં ઉત્પન્ન થયો છે. અને કંબુ ગ્રીવ આદિ આકારનો ધારક છે આજ કારણથી અવગ્રહ નામના મતિ જ્ઞાનના પ્રથમ ભેદ રૂપ જ્ઞાનથી સર્વ સ્થાનમાં સામાન્ય રૂપનુંજ ભાન થાય છે અને મતિ જ્ઞાનનો ત્રીજો ભેદ જે અપાય છે તે દ્વારા વિશેષ રૂપનું જ્ઞાન છે. અને પરિપુર્ણ જ્ઞાનથી સામાન્ય અને વિશેષ બંને રૂપ વસ્તુનું ગ્રહણ થાય છે આ પ્રમાણે વસ્તુત્વ નામનો બીજો ગુણ છે.

(૩) દ્રવ્યત્વ નામનો ગુણ છે. પોતાના પર્યાયને પ્રાપ્ત થઈ જાય તે દ્રવ્ય કહેવાય છે અને તે દ્રવ્યનો જે ભાવ તે દ્રવ્યત્વ કહેવાય છે દ્રવ્યનો જે ભાવ છે તે પર્યાય રૂપ આધારતાથી જાણવા યોગ્ય જાતિ વિશેષ છે. દ્રવ્યત્વ એ જાતિ રૂપ છે માટે ગુણ નથી થતો એમ નૈયાયિકોની પેઠે વાસના નહિ કરવી જોઇએ કેમકે ગુણ તો સહભાવી છે અને પર્યાય ક્રમ

ભાવી છે એમ જૈનશાસ્ત્રમાં કહ્યું છે. અને દ્રવ્યત્વમાં જો ગુણ માનશો તો રુપાદિની પેઠે સમાન ઉત્કર્ષ અને અપકર્ષ ભાગી દ્રવ્યત્વ થશે અર્થાત દ્રવ્યત્ત્વ જયારે ગુણ થશે ત્યારે પણ કથંચિત્ સર્વ પ્રમેયમાં અનુગત ગુણ છે અને પરંપરા સંબંધથી પ્રમાત્વરૂપ જ્ઞાનથી પણ પ્રમેયનો વ્યવહાર થાય છે માટે પ્રમેયત્વ ગુણ સ્વરૂપથી અનુગત છે એ પ્રમાણે પ્રમેયત્વ નામનો ચોથો ગુણ છે (૫) અગુરૂ લઘુત્વ—આ ગુણ ઘણો સૂક્ષ્મ છે માટે તે જીન શાસ્ત્રની આજ્ઞાથીજ ગ્રહણ કરવા યોગ્ય છે કેમકે જીન ભગવાને કહેલા જે સૂક્ષ્મ તત્વ છે તે હેતુથી ખંડિત નથી થતા માટે સૂક્ષ્મ તત્વોને તેની આજ્ઞાથીજ માની લેવા જોઈએ કેમકે જીનેંદ્ર દેવ મિથ્યાવાદિ નથી. વળી અગુરૂ લઘુત્વ ગુણ વાણીથી અગોચર છે કેમકે 'અગુરૂ લઘુ પર્યાય રૂપ આદિ ગુણોમાં જેમ હિનતા અને અધિકતા રહે છે તેમ દ્રવ્યત્વમાં પણ રહેશે માટે જ્યાં ગુણત્વ છે ત્યાં ઉત્કર્ષ અપ-કર્ષ તો હોયજ છે એવી વ્યાપ્તિનો અભાવ હોવાથી તિરસ્કાર કરવો જોઈએ (૪) પ્રમેયત્વ પ્રત્યક્ષ આદિરૂપ પ્રમાણથી જે જાણી શકાયએવો જેપ્રમાણનોવિષયતેનેપ્રમેયત્વગુણકહે છે તેપ્રમેય સૂક્ષ્મ છે. વચનથી અગોચર છે' એમ કહ્યું છે માટે અગુરૂ લઘુ નામથી જે પંચમ ગુણ છે તે અગુરૂ લઘુત્વ સમજવો જોઈએ. (૧)

(હુવે બીજા ગુણો કહે છે)

પદેશત્વ અવિભાગી પુદગલા
ખેત્ર ભાવજે વ્યાપીયોજી
ચેતનતા અનુભુતિ અચેતન
ભાવ અનનુભવ થાપિયોજી
મૂરતતા રૂપાદિક સંગતિ
અમૂર્ત્તતા તદભાવોજી
દશ સામાન્ય ગુણા પ્રત્યેકે
આઠ આઠ એ ભાવોજી—॥ ૨ ॥

ભાવાર્થ—(૬) પ્રદેશત્વ એટલે જે અવિભાગી પુદગલ યાદત ક્ષેત્રે રહે તાવત્ ક્ષેત્ર વ્યાપી પણું હોય તે છઠો ગુણ સમજવો (૭) ચૈતન્યત્વ એટલે જે આત્માનો અનુભવ રૂપ ગુણછેતે (૮) અચેતન એ ચૈતન્યત્વથી વિપરીત અજીવ માત્ર નો ગુણછે (૯) મૂર્ત્તતા ગુણતે રૂપાદિકના ધારક છે (૧૦) અમૂર્ત્તત્વ ગુણ તે મૂર્ત્તત્વથી વિપરીત ગુણ છે આ દશ ગુણ સામાન્ય રૂપથી સંપૂર્ણ દ્રવ્યને મિલાવીને કહેલ છે તે દરેક દ્રવ્યના આઠ આઠ ગુણ હોય છે (૨)

**વિવેચન**—વિભાગ રહિત પુદ્ગલ જેટલા ક્ષેત્રમાં રહે છે તે-ટલા ક્ષેત્રમા વ્યાપનશીલ પ્રદેશત્વ છે તાત્પર્ય એવું છે કે જે પુદ્ગલનો વિભાગ નથી થતો અને એવાજે અવિભાગ પુદ્ગલ પરમાણુ જેટલા ક્ષેત્રમાં રહે છે તેટલાજ ક્ષેત્રનું પોતાની સ્થિતિમાં અવગાહન કરવાવાળું જે છે તે પ્રદેશત્વ છે વળી તે પ્રદેશત્વ જેટલા ક્ષેત્રમાં સ્થિત છે તેટલાજ ક્ષેત્રમાં આશ્રય વિધિત્વ પણ છે એમ સમજવું (૭) ચેતનત્વ એટલે આત્માનો જે અનુભવ રૂપ ગુણ છે તે હું સુખ દુઃખનો અનુભવ કરૂં છું અથવા હું સુખી કે દુઃખી છું એવો વ્યવહાર ચેતનત્વ ગુણથીજ થાય છે અને આ ગુણથીજ અવયવો વિગેરે મોટા નાના થાય છે (૮) અચેતનત્વ નામનો આઠમો ગુણ ચેતનત્વથી વિપરીત અજીવ માત્રમાં આ જડ ગુણ છે તેથી તે ચેતનાથી રહિત છે (૯) મૂર્ત્તત્વ રૂપ આકારનો ધારક મુર્ત્તત્વ નામક નવમો ગુણ છે આ મુર્તત્વ ગુણ રૂપ રસ આદિની સ્થિતિથી જાણવા યોગ્ય છે અને પુદગલ દ્રવ્યમાંજ રહે છે (૧૦) દશમો જે અમૂર્ત્તત્વ ગુણ છે તે મૂર્તત્વથી વિપરીત છે આ પ્રમાણે સર્વ મળીને દશ ગુણ થાય છે તેમાં અચેતનત્વ અને અમુર્તત્વ એ બંને ચેતનત્વ અને અમુર્ત્તત્વના અભાવરૂપજ છે અર્થાત્ ચેતનત્વના

અભાવ અચેતનત્વ છે અને મુર્તત્વનો અભાવ અમુર્તત્વજ છે માટે અચેતનત્વ અને અમૂર્તત્વ પૃથક ગુણ નથી એવી શંકા ન કરવી જોઇએ કારણ કે અચેતન તથા અમુર્ત દ્રવ્ય વૃત્તિ જે કાર્ય જનકતા અવચ્છેદત્વરૂપથી વિશેષ વ્યવહાર અચેતન તથા અમુર્તરૂપ વ્યવહાર વિશેષના નિયાયક કારણતાવચ્છેદક હોવાથી અચેતનત્વ અને અમુર્તત્વ પણ પૃથક્ ગુણ છે. આ ઠેકાણે અમુર્ત એ શબ્દથી મૂર્તનો અભાવ નહિ પણ મૂર્તથી ભિન્ન ભાવનું ગ્રહણ કરવું જોઇએ આ દશ ગુણ સામાન્યથી સર્વ દ્રવ્ય સાથે મેળવવાથી કહેલા છે તેમાંથી મુર્તત્વ, અમુર્તત્વ ચેતનત્વ અને અચેતનત્વ એ ચાર ગુણ પરસ્પરના પરિહારથી દ્રવ્યમાં રહે છે, આથી એ સિદ્ધ થાય છેકે એક એક દ્રવ્યમાં આઠ આઠ ગુણ હોય છે જેમ જયાં ચેતનત્વ છે ત્યાં અચેતનત્વ નથી જ્યાં મુર્તત્વ છે ત્યાં અમુર્તત્વ નથી આ રીતે બે ગુણ ઓછા કરવાથી શેષ આઠ ગુણ પ્રત્યેક દ્રવ્યમાં રહે છે માટે પ્રત્યેક દ્રવ્યમાં આઠજ ગુણ સામાન્ય છે એમ સમજવું. (૨)

(હવે વિશેષ ગુણોના વર્ણનની ઈચ્છાથી કહે છે.)

જ્ઞાન દ્રષ્ટિ સુખ વીર્ય સ્પર્શ રસ

ગંધ વર્ણ એ જાણોજી
ગતિ થિતિ અવગાહના વર્તના
હેતુ ભાવ મન આણોજી
ચેતનાદિ ચારે ભલા
વિશેષ ગુણ એ સાલેજી
ષટ પુદગલ આતમને તિનહુ
અન્ય દ્રવ્યને ટાળેજી ॥ ૩ ॥

ભાવાર્થ—જ્ઞાન, દર્શાન, સુખ અને વીર્ય એ ચાર આત્માના ગુણ છે, સ્પર્શ, રસ ગંધ અને વર્ણ એ ચાર પુદગલના વિશેષ ગુણ કહ્યા છે. ગતિહેતુતા, સ્થિતિ હેતુતા, અવગાહન હેતુતા, અને વર્તના હેતુતાએ ચાર ગુણને ધર્માસ્તિકય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ દ્રવ્યના પ્રત્યેકે પ્રત્યેકે વિશેષ ગુણ જાણવા એ રીતે બાર ગુણ થયા. આમાં ચેતનતા આદી ચાર ગુણ મેળવીએ તો સો ગુણ વિશેષ થાય પુદ્ગલને અને આત્માને છ ગુણ હોય બીજા સંર્વ દ્રવ્યને સમૂદાયથી ત્રણ ગુણ હોય. (૩)

વિવેચન—જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એ ચાર

આત્માના વિશેષ ગુણ છે. સ્પર્શ ગંધ રસ અને વર્ણ એ ચાર પુદ્ગલના વિશેષ ગુણ છે, આ ગુણો શુદ્ધ દ્રવ્યથી અવિકૃત રૂપથી છે અને વિકૃત હોવાથી તે પર્યાયોમાં મળેલા છે એમ વિશેષતા જાણવી જોઇએ અને ગતિ આદિ ગુણ હેતુતા પર છે. આથી એ સિદ્ધ થયું કે ગતિ હેતુતા, સ્થિતિ હેતુતા, અવગાહન હેતુતા તથા વર્તના હેતુતા એ ચારે ગુણ એક એક ધર્માસ્તિકાય આદિના છે. હવે ચાર આત્માના, ચાર પુદ્ગલના અને ચાર ધર્માસ્તિકાય આદિના એમ સર્વે મળી બાર ગુણ થયા તેમાં ચેતનત્વ અચેતનત્વ મુર્તત્વ અને અમુંર્તત્વ એ ચાર ગુણો સહિત સોળ થાય છે એ સોળ ગુણમાંથી પુદગલ દ્રવ્યના વર્ણ ગંધ. રસ, સ્પર્શ મુર્તત્વ અને અચેનત્વ એ છ વિશેષ ગુણ થાય છે, આત્મ દ્રવ્યના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય અમૂર્તત્વ અને ચેતનત્વ એ છ વિશેષ ગુણ થાય છે અને અન્ય દ્રવ્યના સમુદાયથી ત્રણ ગુણોજ થાય છે તેમાં એક નિજગુણ અને અચેતનત્વ તથા અમૂર્તત્વ એમ બે એવી રીતે વિચાર કરીને નિશ્ચય કરવો જોઇએ જેમ ધર્માસ્તિકાયના ગતિ હેતુતા અમૂર્તત્વ અને અચેતનત્વ એવા ત્રણ ગુણ છે. (૩)

(ચેતનત્વાદિ ચાર ગુણ સામાન્ય અને વિશેષ
કહ્યા તેનું કારણ કહે છે)

ચેતનતાદિક ચાર સ્વજાતિ
ગુણ સામાન્ય કહાયજી
વિશેષ ગુણ પરજાતિ અપેક્ષા
ગ્રહતા ચિત્ત સુહાયજી
વિસેષ ગુણછે સુત્રે ભાષિયા
બહુ સ્વભાવ આધારેજી
અર્થ તેહ કિમ ગણીઆ જાવે
એહ થૂલ વ્યવહારેજી ॥૪॥

ભાવાર્થ—નિજ જાતિની અપેક્ષાથી ચેતનત્વ આદિ ચાર ગુણ સામાન્ય કહેવાય છે અને પરજાતિની અપેક્ષાથી પરસ્પર ગ્રહણ કરવાથી આ બારે ગુણોને વિશેષ ગુણ પણ કહ્યા છે અને સ્વભાવ યુકત પદાર્થોમાં રહેવાવાળા વિશેષ ગુણ અનંત છે તેથી તેની ગણના કેવી રીતે થઈ શકે? માટે આ સ્થૂલ વ્યવહારથી સમજવું જોઈએ. (૧૧)

વિવેચન—ચેતનત્વ આદિ એટલે ચેતનત્વ અચેતનત્વ મૂર્તત્વ અમૂર્તત્વ એ ચાર સામાન્ય ગુણ છે વળી તે વિશેષ ગુણો પણ છે તેમાં નિજ આશ્રયીભૂત જાતિની અપેક્ષાથી અનુગત વ્યવહારના કરવાવાળા હોવાથી તે સામાન્ય ગુણ કહેવાય છે અને પરજાતિની અપેક્ષાથી ચેતનત્વ આદિ અચેતનત્વ આદિથી નિજ આશ્રયમાં વ્યાવૃત્તિકર છે માટે તે વિશેષ ગુણ છે જેમકે જ્ઞાન દર્શન સુખ તથા વીર્ય એ આત્માના વિશેષ ગુણ છે તથા સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણ એ પુદગલના વિશેષ ગુણ છે આ પ્રમાણે જે કથન છે તે સ્થૂલ વ્યવહારથી છે કેમકે સિદ્ધના આઠ ગુણ છે અને વળી પ્રકારાંતરથી સિદ્ધના એકત્રીસ ગુણ છે, કાળ આદિ એક ગુણના ધારક છે પુદગલ અનંત છે માટે તેના ગુણ પણ અનંત છે ઈત્યાદિ વિચાર કરવાથી વિશેષ ગુણોની અનંતતા ઉત્પન્ન થાય છે અને તે છદ્મસ્થ જ્ઞાનને ગોચર નથી માટે પદાર્થની સાથે આ સર્વ ગુણોની ગણના કેવી રીતે થઇ શકે? માટે ધર્માસ્તિકાય આદિના ગતિ, સ્થિતિ, અવગાહન, વર્તના હેતુતા ઉપયોગ તથા ગ્રહણ રૂપ છ પ્રકારનાજ ગુણ સમજવા જોઈએ અને અસ્તિત્વ આદિ સામાન્ય ગુણ વિવક્ષાથીજ અપરિમાણ છે એવો ન્યાય સમજવો કેમકે દ્રવ્યના લક્ષણ છ છે એ વિષયમાં કોઈને શંકા નહિ થાય.

અને જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય અને ઉપયોગ એ છ જીવના લક્ષણ છે, શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્ગલના લક્ષણ છે ઇત્યાદિ જે કથન છે તે સ્વભાવ અને વિભાવ લક્ષણથી પરસ્પરના ભેદને પ્રતિપાદન કરવા માટે સ્થુલ વ્યવહાર છે એમ વિચારવું જોઈએ (૪)

ધર્મ્મ અપેક્ષાયે ઇહાં અલગા
સ્વભાવ ગુણથી ભાષ્યાજી
નિજનિજ રૂપ મુખ્યતા લેઈ
સ્વભાવ ગુણ કરી દાખ્યાજી
અસ્તિ સ્વભાવ તિહાંનિજ રૂપે
ભાવ રૂપતા દેખોજી
પર અભાવ પરે નિજભાવે પણ
અરથ અનુભવી લેખોજી ॥૫॥

ભાવાર્થ—ધર્મ માત્રની અપેક્ષાથી તથા સ્વભાવ ગુણથી આ સર્વે ભિન્ન છે પરંતુ પોતપોતાના સ્વરૂપની મુખ્યતાને ગ્રહણ કરીને ગુણ કહેલા છે, પદાર્થના પોતાના સ્વરૂપથી જે ભાવ રૂપતા દેખાય, તે તો અસ્તિ સ્વભાવ જોય

પર અભાવથી નાસ્તિત્વ ભાવનો અનુભવ કરીએ છીએ તેમ નિજ ભાવે અસ્તિત્વ ભાવનો અનુભવ થાયછે (૫)

વિવેચન-સ્વભાવ ગુણથી તથા ધર્મ માત્રની વિવક્ષાથી અનુવૃત્તિ સંબંધે કરીને આ સર્વ ગુણ પૃથક પૃથકછે પરંતુ પોત પોતાના સ્વરૂપની મુખ્યતાને ગ્રહણ કરવાથી જે સ્વભાવ છે તે પણ ભિન્ન કરીને દર્શાવાયછે માટે આ સ્થળે એમ સમજવું કે ધર્મની અપેક્ષાથી આ જે ગુણ રૂપ પદાર્થ પૃથક પૃથક સ્વભાવ વાળા ગુણથી ભિન્ન ભિન્ન કહેલાછે તે પોત પોતાના રૂપની મુખ્યતાને ગ્રહણ કરવાથી તે તે પ્રકારના સ્વભાવના ગુણે કરીને કહેલું છે માટે પ્રથમ ગુણનો વિભાગ કરીને સ્વભાવ અને વિભાવના કથનનું ઉદાહરણ આપવામાં આવશે. હવે પ્રથમ અસ્તિસ્વભાવ નામનો ગુણ છે, પોતાના રૂપથી જે દ્રવ્યની યથાર્થતા છે તેજ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર સ્વકાળ અને સ્વભાવથી ભાવ રૂપતા છે એમ જાણવું જોઇએ કેમકે સ્વભાવથી અસ્તિત્વ અને પરભાવથી નાસ્તિત્વનું કથન છે ભાવાર્થ એ છે કે જેમ પોતાના ભાવથી અસ્તિત્વ સ્વભાવ છે તેમજ પરભાવથી નાસ્તિત્વ સ્વભાવ પણ વસ્તુમાં છે જેમ પરના ભાવથી નાસ્તિસ્વભાવનો અનુભવ થાય છે તેમજ નિજ

ભાવથી સ્વભાવમાં પણ અનુભવ થાય છે માટે અસ્તિત્વ અને નાસ્તિત્વમાં કાર્યરૂપ અસ્તિત્વ સ્વભાવ છે. (૫)

નહીંતો સકળ શૂન્યતા હોવે
નાસ્તિ સ્વભાવ પરભાવેજી
પર ભાવે પણ સત્તા કહેતા
એક રૂપ સવી પામેજી
સત્તા જેમ અસત્તાન ફુરે
વ્યંજક અમિલન વસથીજી
છતો સરાવ ગંધનવી ભાસે
જેમ વિણ નીર ફરસથીજી ॥ ૬॥

ભાવાર્થ—જો પોતાના ભાવથી અસ્તિત્વન માનીએ તો આ સંપુર્ણ જગત શૂન્ય થઇ જાય અને પરભાવથી જો સત્તાનું ગ્રહણ કરે તો સર્વ એક રૂપ થઇ જાય જેમ સત્તા તાક્ષણ સ્ફુરાયમાન થાય છે તેમ અસત્તા જો સ્ફુરાયમાન નથી થતી તો તેમાં વ્યજકનું નહીં મળવાનું કારણ છે કેમકે શકોરામાં ગંધ વિદ્યમાન છે તો પણ તે જળ વગર જાણી શકાતી નથી. (૬)

વિવચન–જો અસ્તિત્વ સ્વભાવને નથી ગ્રહણ કરતા તો જેમ પરભાવની અપેક્ષાથી નાસ્તિત્વ છે તેમ સ્વભાવની અપેક્ષાથી નાસ્તિત્વનું ગ્રહણ થઇ જવાથી આ સર્વ જગત્ શુન્ય થઇ જશે માટે સ્વકીય દ્રવ્ય ક્ષેત્ર આદીની અપેક્ષાથી અસ્તિ સ્વભાવને અવશ્ય માનવું જોઇએ અને એજ રીતે પરદ્રવ્ય આદીની અપેક્ષાથી નાસ્તિસ્વભાવ પણ અવશ્ય સ્વીકારવો જોઇએ અને અન્યના દ્રવ્ય ક્ષેત્ર આદીની અપેક્ષાથી અસ્તિ સ્વભાવનો સ્વીકાર કરવાવાળાના મતથી સર્વ સ્વભાવથી અસ્તિત્વ સિદ્ધ થઇ જવાથી સંપૂર્ણ જગત એક રૂપજ થઇ જશે પણ સર્વથી સમસ્ત જગતનું એક રૂપ થવુ સર્વ શાસ્ત્રથી વિરૂદ્ધ છે માટે પરની અપેક્ષાથીનાસ્તિસ્વભાવજ યુકત છે. જેમસત્તા તત્કાળ સ્ફુરાયમાન થાય છે તેમ અસત્તા તેજ ક્ષણે પ્રકટ થતી નથી જેમ મૃત્તિકાનું બનેલું શકોરૂં છે તેમાં જે ગંધ રહેલી છે તે જળના સ્પર્શ વગર જાણી શકાતી નથી, માટે તાત્પર્ય એવું છે કે શકોરામાં રહેલી ગંધ અસત્ય નથી પણ સત્ય છે, જળના સ્પર્શ વગર ગંધ નથી જણાતી તેમાં વસ્તુની વિચિત્રતાનુંજ કારણ છે કેટલાએક પદાર્થોના ગુણ સ્વભાવથી જાણી શકાય છે અને કેટલાએક પદાર્થના ગુણ જે વ્યંજક છે તેના મળવાથી જણાય છે એ વસ્તુ સ્વભાવની વિચિત્રતા છે.(૬)

નિજ નાના પર્યાયે તેહજ
દ્રવ્ય એહ એમ કહીયેજી
નિત્ય સ્વભાવ અનિત્ય સ્વભાવે
પજ્જય પરિણતિ લહીયેજી
છતિ વસ્તુને રૂપાંતરથી
નાશે દ્વિધા ભાસેજી
વિશેષ ને સામાન્ય રૂપથી
સ્થૂલ અંતર નાશેજી ॥ ૭॥

ભાવાર્થ—જે પોતપોતાના અનેક પર્યાયોથી ભિન્ન અર્થાત્ ભેદક દ્રવ્ય છે તેજ નિત્ય અનિત્ય સ્વભાવથી પર્યાયની પરિણમતા છે વિદ્યમાન વસ્તુને રૂપાંતરથી નષ્ટ કરીને જે દ્રવ્ય બે પ્રકારનું દેખાય છે તેમાં વિશેષ અને અને સામાન્યથી સ્થુલ અંતરનો નાશ થાય છે. (૭)

વિવેચન—જે પોતપોતાનાં ક્રમભાવી શ્યામત્વ રકતત્વ આદીથી ભિન્ન ભેદક દ્રવ્ય છે પરંતુ નિશ્ચયથી તેજ પુર્વે અનુભવમાં આવેલું દ્રવ્ય છે અને આગળ પણ તેજ દ્રવ્ય અનુભવમાં આવશે એવું જ્ઞાન જે દ્વારા થાય છે તેને નિત્યસ્વભાવ

કહે છે કારણ કે કહ્યું છે કે "જેના સ્વભાવનો નાશ ન થાય તે નિત્ય છે" અને "ધ્વંસાભાવના અપ્રતીયોગી છે તે નિત્ય છે" એ લક્ષણનો પણ અત્રેજ સમાવેશ થાય છે કેમકે ગમે તેવું લક્ષણ કરો તો પણ અવિનાશી સ્થિતિમાં તાત્પર્ય છે અને અનિત્ય સ્વભાવરૂપ પરીણામતો જેના દ્વારા પ્રાપ્ત થાય છે તે રૂપે અનિત્ય સ્વભાવ છે. આ કારણથી નિત્ય અને અનિત્ય સ્વભાવથી પર્યાયોના પરિણામ જાણવા જોઈએ. વિદ્યમાન વસ્તુને રૂપાંતરથી અર્થાત પર્યાગ વિશેષથી એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પ્રાપ્ત કરતું જે દ્રવ્ય ભેદયુક્ત દેખાય છે એટલે નિત્ય અને અનિત્ય રૂપે ભાસે છે ત્યાં સત્ સામાન્ય અને વિશેષથી સ્થૂલ અર્થાંતરની નાશતા છે. જેમકે વિશેષની સામાન્ય રૂપથી અનિત્યતા છે જેમકે ઘટનો નાશ થવા પછી પણ મૃત્તિકા રૂપની અનુવૃત્તિ અન્ય પર્યાયોમાં થાય છે અને સામાન્યની પણ સ્થૂલ પદાર્થાંતર ઘટ આદિનો નાશ થવા છતાં અનિત્યતા છે કારણ કે ઘટ રૂપથી જે અનિત્યતા છે તે ઘટ નથી એવી પ્રતીતિ થાય છે. (૭)

જો નિત્યતા ન છે તો અન્વય

વિના ન કાર્ય હોવેજી.

કારજ કાળે અછતું કારણ
પરિણતિ રૂપ વિગોવેજી
અનિત્યતા જો નહિ સર્વથા
અર્થ ક્રિયા તો ન ઘટેજી
દલની કારય રૂપ પરિણતિ
અનુત્પન્ન તો વિઘટેજી ॥ ૮॥

ભાવાર્થ—જો નિત્યતા નહિ માનીએ તો અન્વયે વગર કાર્યની ઉત્પત્તિ નહિ થઇ શકે અને કાર્ય વખતે અછતો હેતુ પરિણામને નહી થવાદે અને સર્વથા રૂપની નિત્યતા પણ નથી કારણ કે સર્વથા નિત્યતા માનવાથી અર્થ ક્રિયા નહી થઇ શકે કેમકે કારણના સર્વથા નિત્યપણાથી કાર્ય રૂપથી ઉત્પત્તિ ઘટીત નથી થતી. (૮)

વિવેચન—જો પદાર્થની નિત્યતા નથી પણ સર્વથા ક્ષણિક રૂપજ પદાર્થનું લક્ષણ છે એમ માનવામાં આવેતો તેમાં કારણના અન્વય અર્થાત્ કોઇ પણ સ્વભાવની અનુવૃત્તિ વગર કાર્ય સિદ્ધ નથી થઇ શકતું કેમકે કારણ કાર્યક્ષણના

ઉત્પત્તિ ક્ષણમાં પણ હેતુ રહિત થઇને નાશનો અનુભવ કરતાં છતાં અસત્ રૂપે છે અને તે અસત્ કારણ ક્ષણ કાર્ય ક્ષણના પરીણામને કેવી રીતે કરશે? કેમકે જ્યારે અસત્ કારણ ક્ષણજ કાર્ય ક્ષણની ઉત્પત્તિને કરશે તો વિનષ્ટ કારણથી કાર્ય ઉત્પન્ન થાય છે એવું કથન કરવું ઠીક થઇ પડશે. અને નષ્ટ થએલા તથા અનુત્પન્ન કારણથી કાર્ય ઉત્પન્ન થાય છે એવા પ્રકારનું કથન કરશો તો કાર્ય કારણ ભાવનું માનવું વિડમ્બના રૂપ થશે. હવે જો એમ કહો કે અવહિત જે કારણ ક્ષણ છે તેજ કાર્ય ક્ષણને પણ કરે છે તો પણ રૂપનું દેખવું તથા મનનો વ્યાપાર કરવો ઇત્યાદિના ક્ષણ સહિત રૂપાદીનું કારણ જે આલોકાદિ છે તેના વિષયમાં કારણ ક્ષણ નિશ્ચિંત છે એવી વ્યવસ્થા કેવી રીતે ઘટિત થઇ શકે? કારણ કે અન્વય વિના શકિત માત્રના વિષયમાં અને ઉપાદાન નિમિત્તના વિષયમાં પણ કથન કરવા વાળો વ્યવહાર થઇ શકતો નથી કારણ તે ઉપાદાનતા ક્ષણિક હોવાથી તેજ ક્ષણમાં નષ્ટ થઈ ગઇ તો પછી વળી કાર્ય દશામાં ઉપાદાન કારણ છે એવો વ્યવહાર કેવી રીતે થઈ શકે? માટે ઉપાદાન કારણની કાર્ય દશામાં અનુવૃતિ રહે છે એ તો અવશ્ય માનવા યોગ્ય છે. જે અન્વય પણું છે તેજ નિત્ય સ્વભાવત્વ છે એમ માનવું યોગ્ય એવો અર્થ છે. એ સ્પષ્ટ એકાં

તદ્રૂપે નિત્ય સ્વભાવજ માનવામાં આવે અને અનિત્યસ્વભાવ નથી એમ સર્વથા માનવામાં આવેતો અર્થ ક્રિયા નથી થઇ શકતી કેમકે કારણુની કાર્ય રૂપ અનુત્પન્નતા ઘટે છે અને જો એમ કહો કે કારણ તો નિત્યજ છે અને તેમાં રહેવાળું કાર્ય અનિત્યજ છે તો કાર્ય અને કારણુનો જે અભેદ સંબંધ માનેલો છે તે કઇ યુક્તિથી સિદ્ધ થશે? કારણકે નિત્યતા અને અનિત્યતાનો અભેદ સંબંધ નથી થઇ શકતો અને જો કાર્ય કારણનો ભેદ સંબંધ માનશો તો તે સંબંધ કયા સંબંધથી રહી શકશે? અને જે સંબંધમાં તેમાં રહે છે તે શા સંબંધથી છે? ઇત્યાદિ સંબંધની શોધ કરવાથી અનવસ્થા દોષ આવી જશે. તેથી કથંચિત્ અનિત્ય સ્વભાવ પણ અવશ્ય માનવા યોગ્ય છે એવું તાત્પર્ય છે. (૮)

સ્વભાવને એકાધારત્વે
એક સ્વભાવ વિલાસોજી
અનેક દ્રવ્ય પ્રકાહ એહને
અનેક સ્વભાવ પ્રકાશોજી
વિણ એકતા વિશેષ ન લહીયે
સામાન્યને અભાવેજી

## અનેકત્વ વિણ સત્તા ન ઘટે
## તેમજ વિશેષ અભાવેજી ॥૯॥

ભાવાર્થ—સ્વભાવનો એકાધાર માનવાથી એકસ્વભવ ની વિલાસતા છે તથા અનેક સ્વભાવ યુકત પદાર્થના પ્રવાહુથી અનેક સ્વભાવનો પણ સંભવ છે. એક સ્વભાવના અભાવમાં સામાન્યના વિના વિશેષની પ્રાપ્તિ નથી થતી અને અનેક સ્વભાવના વિના વિશેષનો અભાવ થવાથી સત્તા સામાન્યની પ્રાપ્તિ થઈ શકતી નથી. (૯)

વિવેચન-દ્રવ્યની સાથે રહેવાવાળો જે ધર્મ તે સ્વભાવનો અર્થ છે તેના આધારને એક માનવાથી એક સ્વભાવ થશે જેમ રૂપ રસ ગંધ તથા સ્પર્શનો આધાર ઘટ આદિ પદાર્થ એક કહેવાય છે અને નાના પ્રકારના ધર્મનો આધાર હોવાથી એક સ્વભાવતા અર્થાત્ તેજ મૃત્તિકા રૂપ દ્રવ્યનું જે અનુગમન છે તે નિત્ય સ્વભાવતા છે એમ વિશેષ જાણવું જોઇએ અને મૃત્તિકા આદિ દ્રવ્યના પિંડ કોશ કુશૂલ આદિ અનેક દ્રવ્ય પ્રવાહ થતા રહે છે તેથી અનેક સ્વભાવ યુક્ત પણ પર્યાય રૂપથી દ્રવ્ય થાય છે અને જ્યારે એમ થયું ત્યારે આકાશ આદિ દ્રવ્યમાં પણ ઘટ, આકાશ આદિ ભેદોથી અનેક

સ્વભાવપણું દુર્લભ નથી. આ રીતે નાના પ્રકારના સ્વભાવ દ્રવ્યનો પ્રવાહ થવાથી દ્રવ્ય નાના સ્વભાવના ધારક છે એવા પક્ષનો પણ સંભવ છે. વળી એક સ્વભાવના વિના સામાન્યનો અભાવ થઈ જશે અને સામાન્યના અભાવથી વિશેષની પ્રાપ્તિ નથી થતી તેમજ અનેક સ્વભાવના વિના સર્વ વર્ત્તિની સત્તા પણ ઘટિત થતી નથી આથી કરીને એક અને અનેક એ બંને સ્વભાવ વસ્તુના અંગીકાર કરવા જોઈએ તેવી રીતે વિશેષ ના વિના સામાન્ય સ્વરૂપ નથી અર્થાત્ વિશેષ વિના સામાન્ય અને સામાન્યના વિના વિશેષ નથી, એકના વિના એકતા નથી અને અનેકના વિના એકતા નથી. (૯)

ગુણ ગુણીને સંજ્ઞા સખ્યાદિક
ભેદે ભેદ સ્વભાવોજી
અભેદ વૃત્તિ સુલક્ષણ ધારી
હોય અભેદ સ્વભાવોજી
ભેદવિના એકત્વ સર્વને
તેણે વ્યવહાર વિરોધોજી
ભિન્ન અભેદ કેમ નિરાધારનો
ગુણ પજ્જવનો બોધોજી ॥ ૧૦ ॥

ભાવાર્થ—સંજ્ઞા તથા સંખ્યા આદીના ભેદથી ગુણ ગુણી આદીના ભેદ સ્વભાવ છે અને અભેદ વૃત્તિજે લક્ષણ છે તેજ અભેદ ભાવના છે ભેદ સ્વભાવનાવિના આ સર્વ દ્રવ્ય ગુણ તથા પર્યાયોની એકતા થઇ જશે અને સર્વની એકતા થવાથી વ્યવહારનો અભાવ થશે અને અભેદના વિના આધાર શુન્ય બંને ગુણ પર્યાયોનો બોધ પણ કેવી રીતે થશે? (૧૦)

વિવેચન—ગુણગુણી પર્યાય પર્યાયી અને કારક કારકી એ બબે સંજ્ઞા સંખ્યા આદિ દ્વારા ભેદ સ્વભાવપણું જાણવું જોઈએ અને ભેદ વૃત્તિથી રહિત જે લક્ષણ છે તે લક્ષણ સહિતને જ અભેદ સ્વભાવ જાણવો જોઇએ ભેદ સ્વભાવના વિના આ સર્વ દ્રવ્ય ગુણ અને પર્યાયોની એકતા થઇ જશે અને સર્વ એક થઇ જવાથી આ દ્રવ્ય છે ગુણ છે કે પર્યાય છે ઇત્યાદિ વ્યવહારનો વિરોધ થાય છે અને જો અભેદ સ્વભાવ નથી કહેતા તો આધાર રહિત બંનેનો બોધ કેવી રીતે થાય? કારણ આધાર તથા આધેયના અભેદ વિના બીજો સંબંધ ઘટીત થતો નથી માટે બંને એક નથી અર્થાત્ ગુણ ગુણી રૂપતાથી એકતા નથી. (૧૦)

શક્તિ અવસ્થિત નિજ રૂપાંતરે
ભવને ભવ્ય સ્વભાવોજી

ત્રિહું કાલે મિલતા પર ભાવે
અભવ્ય ન અભવ્ય સ્વભાવોજી
શુન્ય ભાવ પણ ભવ્ય સ્વભાવે
કૂટ કાર્યને યોગેજી
અભવ્ય ભાવે વિણ દ્રવ્યાંતરતા
થાયે દ્રવ્ય સંયોગેજી ॥ ૧૧ ॥

ભાવાર્થ—અનેકકાર્ય કારણ શક્તિ જે અવસ્થિત દ્રવ્ય છે તેનો અવિર્ભાવતે ભવ્ય સ્વભાવ છે અને જે ત્રણે કાળે પરભાવની સાથે મળતા છતાં પરથી પરિણમતું નથી તે દશમો અભવ્ય સ્વભાવ છે ભવ્ય સ્વભાવ ના વીના અસત્ કાયની સાથે યોગ થવાથી શુન્યપણું થાય છે અને અભવ્ય સ્વભાવના વિના દ્રવ્યના સંયોગથી અન્ય દ્રવ્યની ઉત્પત્તી થાય છે (૧૧)

વવેચન—અનેક કાર્ય કારણ શકતી યુકત જે અવસ્થીત દ્રવ્યના ક્રમથી જે આવીર્ભાવ તેથી જાણવા યોગ્ય ભવ્ય સ્વભાવ માનેલો છે અને જે સદા પર સ્વભાવથી પરીણમન કરે છે તે પોતાના ભાવથી ભિન્ન અર્થાત્ અભવ્ય સ્વભાવ કહેવાય

છે અને પરસ્પર એક બીજાના પ્રદેશમાં પ્રવેશ કરતાંછતાં તેમજ પર સ્પરને અવકાશ આપીને હુમેશા મળવાછતાં તેમજ પણ દ્રવ્ય પોતા પોતાના ભાવને છોડતા નથી આ પ્રમાણે ભાવ સ્વભાવનો અર્થ જાણવો જોઇએ. ભવ્ય સ્વભાવના વીના અસત્ય કાર્યનો યોગ થવાથી શુન્યવાનપણું થાય છે તાત્પર્ય એવું છે કે પર- ભાવમાં ન થાય અને સ્વભાવમાં થાય ત્યારે ભવ્ય ભાવ થાય છે અને અભવ્ય સ્વભાવનો અંગીકાર નહી કરવાથી દ્રવ્યના સંયોગથી અન્ય દ્રવ્યના થાય છે આથી ધર્મ અધર્મ આદી દ્રવ્યના તથા જીવ અને પુદ્દગલના એક પ્રદેશમાં અવગા હુતા રૂપ અવગાઢ કારણુથી જે કાર્યસંકરતા નથી થતી તે અભવ્ય સ્વભાવથીજ નથી થતી અને તે તે દ્રવ્યના કાર્યના હેતું રૂપથી જે કલ્પના છે તે પણ આજ અભવ્ય સ્વભાવમાં જગભિત છે. તાત્પર્ય એવું છે કે આત્મા આદિ દ્રવ્યોના પોતામાં રહેવા વાળા અનંત કાર્યને ઉત્પન્ન કરવા વાળી જે શકતી છે તે શકતીથી ભવ્ય ભાવ છે અને તે તે સહકારી કારણુના સન્નીધાનથી તે તે કાર્યની જે ઉત્પાદક શકતી છે તે અભવ્ય ભાવ છે અને એવું માનવાથી ભવ્ય ભાવની સાથે અતિ વ્યાપ્તી નથી થઇ શકતી. આ પ્રમાણે હરી ભદ્ર સૂરી કહે છે

પરમ ભાસ પરિણામિક ભાસ
પ્રધાનતાસેં લીજેજી
એ વિણ મુખ્ય રૂપ કેમ દ્રવ્યે
પ્રસિદ્ધ રીતે દીજેજી
એ સામાન્ય સ્વાભાવ અગ્યારહ
સકળ દ્રવ્ય ને ધારોજી
આગળ અર્થ વિચારીનેજગ
સુજસ વાદ વિસ્તારોજી ॥૧૨॥

ભાવાર્થ—પરણામિકિ સ્વભાવ જે છે તેને પરમભાવ કહે છે તે પરમભાવના વિના દ્રવ્યમાં પ્રસિદ્ધ રૂપથી પ્રધાનતા કેવી રીતે આપી શકાય છે આ અગ્યાર સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યના સમજવા અને શાસ્ત્રના અર્થ વિચારી સમજીને ઉત્તમ પ્રકારના જશનો વિસ્તાર કરો. (૧૨)

વિવેચન—અગ્યારમો પરમી ભાવ સ્વભાવ છે તે જે પારણામિક! ભાવની પ્રધાનતાથી કહેલો છે જેમકે આત્માજ્ઞાન રૂપ છે ઉત્કૃષ્ટ જે જ્ઞાન આદિ તે પરમ છે અને તે પરમ ભાવ જેમાં છે તે આત્મા કહેવાય છે અને તે સ્વભાવ રૂપે છે જો

પરમા ભાવને સ્વભાવનક હોય તો દ્રવ્યમાં પ્રસિદ્ધ રૂપ કેવી રીતે આપી શકાય? કારણ કે અનંત ધર્મ વાળા દ્રવ્યને જે એક ધર્મને મુખ્ય કરીને કહી શકાય તેજ પરમ ભાવનું લક્ષણ છે એમ સમજવું જોઇએ આ પૂર્વોકત અગ્યાર સ્વભાવ છ એ દ્રવ્યના વિષયમાં ધારણ કરવા જોઇએ તે અંતમ પરમ-ભાવના વિના દ્રવ્યના વીષયમાં પ્રસીદ્ધ રૂપથી પ્રધાનતા કેવી રીતે યોજીત થઇ શકે છે? આ રીતે અસ્તીત્વ આદી સર્વ ભાવોની આવસ્યકતા દર્શાવેલી છે આ દ્રવ્યના સ્વભાવને બરાબર સમજીને પછી આગળના અર્થનો વીચાર કરી જેથી ઉતમજશનો વિસ્તાર થાય તેવી રીતે વાદ સંવાદ કરો. (૧૨)

---

## ઢાળ બારમી

---

જીહો સંભવ નામ સોહામણું એ દેશી.

(હરે બારમી ઢાળમાં સ્વભાવનું નિરૂપણ કરવાની ઇચ્છાથી કહે છે.)

જીહો ચેતન ભાવ તે ચેતના

લાલા ઉલટ અચેતન ભાવ
જીહો ચેતનતા વિણ જીવને
લાલા થાએ કર્મ અભાવ
ચતુરનર ધારો અર્થ વિચાર—॥ ૧ ॥

ભાવાર્થ—ચૈતન્ય ભાવ તે ચેતના છે અને એથી ઉલટું અચૈતન્ય પણું છે આ ચૈતન્ય નામના ગુણ વિના જીવ તે નિશ્ચયે કરીને કર્મોનો અભાવ થાયછે. હે ચતુર નર તમે આ સર્વ અર્થનો વિચાર ધારણ કરી રાખો. (૧)

વિવેચન—જે પોતે જાણે અને બીજાને જણાવે તેને ચેતન કહે છે તે ચેતનનો જે ભાવ તેને ચૈતન્ય કહે છે અને ચેતનાનો જે વ્યવહાર છે તેજ ચેતન સ્વભાવ છે અને ચેતન થી વિપરીત જે છે તે અચેતન સ્વભાવ છે તેમાં ચેતન સ્વભાવના વિના એટલે ચેતન સ્વભાવ ન માનીએ તો જીવને કર્મ નો અભાવ થશે કેમકે કર્મ બંધમાં રાગ અને દ્વેષ રૂપ કારણ છે અને તે કર્મનો ચેતનાંથીજ બંધ થાય છે. જેમ તેલ આદિથી લિપ્ત શરીરવાળો જીવનું શરીર ધૂળથી લિપ્ત થઇ જાય છે તેમજ રાગ અને દ્વેષ યુક્ત જીવનેજ

કર્મનો બંધ થાયછે. આ પ્રમાણે જો જીવનો ચેતન સ્વભાવ નહિ માનવામાં આવેતો કર્મનો કેવળ અભાવ થઇ જશે. (૧)

જીહોજો ચેતનતા સર્વથા
લાલા વિના અચેતન સ્વભાવ
જીહો ધ્યાન ધ્યેય ગુરૂ શિષ્યની
લાલા શિખપ શુદ્ધ સ્વભાવ ચતુર-॥૨॥

ભાવાર્થ—જો જીવમાં અચેતન સ્વભાવ વગર માત્ર ચેતન સ્વભાવજ માનશો તો ધ્યાન અને ધ્યેય તેમજ ગુરૂ અને શિષ્યનો વ્યવહાર કેવી રીતે થઇ શકે? અને શુદ્ધ વ્યવહારજ કેવી રીતે રહિ શકે? ( ૨ )

વિવેચન—જો અચેતન સ્વભાવ સિવાય જીવમાં ચેતન સ્વભાવજ કહીએ તો જે અચેતન કર્મ દ્રવ્ય છે તેના સંબંધી ઉત્પન્ન જે ચેતનામાં વિકાર છે તેનો અભાવ થઈ જવાથી સર્વ જીવોમાં જે સિદ્ધ આત્મા છે તેની સમાનતા થઇ જાય અર્થાત અચેતન કર્મના અભાવથી સર્વ જીવ સિદ્ધ સમાન થઈ જાય એવો નિશ્ચય છે અને સર્વ જીવની સિદ્ધતા થવાથી ધ્યાન ધ્યેય, ગુરૂ અને શિષ્ય તેની વ્યવસ્થા થઈ શકે નહી. કારણ કે સર્વ જીવ સમાન થવાથી ગુરૂ અને

શિષ્યનો ભેદ પડી શકે નહિ. અને શાસ્ત્રી વ્યવહાર પણ મિથ્યા થઈ જાય (૨)

જીહો મુર્ત્ત ભાવ મુરતી ધરે
લાલા ઉલટ અમુર્ત્ત સ્વભાવ
જીહો જો મુર્ત્તતા ન જીવને
લાલા તો સંસાર અભાવ ચતુર-॥૩॥

ભાવાર્થ—મુર્ત્ત ભાવ એટલે રૂપરસ ગંધાદી આકારને ધારણ કરે તે મુર્ત્ત સ્વભાવ કહેવાય અને તેથી જે વિપરીત તે અમુર્ત્ત સ્વભાવ જાણવો જો જીવનો મુર્ત્તત્વ ગુણ ન માનવામાં આવે તો સંસારનો અભાવ થઇ જાય.

વિવેચન-રૂપ રસ ગંધ અને સ્પર્શની જે એક સ્થાનમાં રચના છે તે મુર્તીને ધારણ કરવાનો જે સ્વભાવ છે તે મુર્ત્ત સ્વભાવ છે. અને મુર્તી નહિ ધારણ કરવાનો જેનો સ્વભાવ છે તે અમુર્ત્ત સ્વભાવ છે. જો જીવને કથંચિત્ મુર્ત્ત સ્વભાવ ન હોય તો સંસારનો અભાવ થઇ જાય કારણ કે જીવથી શરીર આદિના સંબંધ વિના એક ગતીમાંથી બીજી ગતિમાં જઇ શકાતું નથી. અને શરીરાદિ મુર્ત્ત છે. માટે મૂ

ર્તના સંબંધ વગર અન્ય ગતિમાં ગમન થઈ શકે નહિ અને ગતીમાં ગમનના અભાવથી સંસારનો અભાવ થઇ જશે માટે જીવમાં કથંચિત મૂર્ત્તમાં સ્વભાવ પણ છે. (૩)

અહો અમુર્ત્તતા વિણ સર્વથા લાલા
મોક્ષ ઘટે નહિ તાસ
જીહો એક પ્રદેશ સ્વભાવતા
લાલા અખંડ બંધ નિવાસ ચતુર—॥ ૪॥

ભાવાર્થ—જો સર્વથા મૂર્ત્ત સ્વભાવજ માનવામાં આવે તો આત્માનો કદાપી મોક્ષ થઇ શકે નહિ અખંડ બંધ નિ-વાસતાને એક પ્રદેશ સ્વભાવ કહે છે (૪)

વિવેચન—હવે લોકીક વ્યવહારથી જો કદાચ આત્માનો સર્વથા મૂર્તિ સ્વભાવજ માનવામાં આવે તો મૂર્તિ સ્વભાવની હજારો હેતુઓથી પણ અમૂર્તિતા નહિ થાય અને જો આત્મા કથંચિત્ અમૂર્ત્ત નહિ હોય તો તેનો મોક્ષ કદાપિ ઘટી શકતો નથી માટે મૂર્ત્ત સ્વભાવથી યુક્ત જીવનો અંતરંગપણાથી અમૂર્ત સ્વભાવ પણ માનવો જોઈએ અને જે એક પ્રદેશ સ્વભાવ છે તેજ એક પ્રદેશતા છે તે એકત્વ પરિણતિને અહીઆ અખ

કાકાર બંધના સન્નિનેસનું ભાજન જાણવું જોઇએ. તાત્પર્ય એવું છે કે અખંડ રૂપથી જે આકારનો પરિણમત વ્યવહાર છે તેનું જે આધાર આધેય પણું છે તેને એક પ્રદેશતા કહેછે (૪)

જીહો અનેક પ્રદેશ સ્વભાવતા
લાલા ભિન્ન પ્રદેશ સ્વભાવ
જીહો જો નહિ એક પ્રદેશતા
લાલા ભેદ હુએ બહુ ભાવ ચતુર—॥૫॥

ભાવાર્થ—અને જે અનેક પ્રદેશ સ્વભાવપણું છે તેને ભિન્ન પ્રદેશ સ્વભાવ કહેછે હવે જો એક પ્રદેશસ્વભાવન હોયતો ભેદ પણ અનેક પ્રકારના થઇ જાય. (૫)

વિવેચન–જે ભિન્ન પ્રદેશતા છે તેજ અનેક પ્રદેશ સ્વભાવતા છે તાત્પર્ય એવું છે કે ભિન્ન પ્રદેશના યોગથી તથા ભિન્ન પ્રદેશની કલ્પનાથી અનેક પ્રદેશના વ્યવહાર કારણની યોગ્યતા કહેવાય છે. જો એક પ્રદેશ સ્વભાવ ન હોય તો અસંખ્યાત પ્રદેશ આદીના યોગથી બહુ વચનની પ્રવૃત્તિ થવાથી જે ધર્માસ્તિકાય દ્રવ્ય એક માનેલું છે, તે ધર્માસ્તિકાય દ્રવ્ય બહુ છે એવો વ્યવહાર આવી જશે, મતલબ કે અસંખ્યાત પ્રદેશોના

ધારક ધર્માસ્તિકાયને જે એક દ્રવ્ય માનેલું છે તે એક રહી શકશે નહિ (૫)

જીહો કેમ સંકપ નિઃકંપતા
લાલા ભિન્ન અનેક પ્રદેશ
જીહો અણુ સંગતિ પણ કેમ ઘટે
લાલા દેશ સકલ આ દેશ ચતુર—॥૬॥

ભાવાર્થ–જોઅનેક પ્રદેશ સ્વભાવ ન માનીએતો નિષ્કંપત્વ અને સંકપત્વ વ્યવહાર નહિં થઇ શકે અને આકાશાદિ દ્રવ્યના અણુઓનો સંયોગ પણ ઘટી શકશે નહિં (૬)

વિવેચન—હુવે જો દ્રવ્યનો અનેક પ્રદેશ સ્વભાવ નથી કહેતા તો ઘટ આદિ અવયવી કોઇ દેશમાં કંપન રહિત છે તે કેવી રીતે રહી શકશે? કારણ કે જો એકજ પ્રદેશ છે તો તે કાંતો સકંપજ હોય અથવા નિષ્કંપ હોય. હુવે કદાચિત્ એમ કહો કે એક પ્રદેશ સ્વભાવ અવયવ કંપ સહિત હોવાથી પણ અવયવી નિષ્કંપ છે તેથી સકંપ અને નિષ્કંપ બંને વ્યવહાર થઇ શકે છે તો અવયવી (ઘટ આદિ) ચાલે છે એવો જે પ્રયોગ છે તે થઇ શકશેજ નહિ. કેમકે જેવી રીતે એક પ્રદેશ

અવયવ વૃત્તિ કંપનનો પરંપરા સંબંધ માનીને તેથી અવયવીને સકંપ કહો છો તેવીજ રીતે એક દેશ વૃત્તિ જે નિષ્કંપ છે તેના પરંપરા સંબંધથી અવયવીમા નિષ્કંપ પણ કહેશો માટે એક દેશથી અવયવી ચાલે છે અને એક પ્રદેશથી અવયવી નથી ચાલતો એવો અખંડીત વ્યવહાર છે તેથી દ્રવ્યનો અનેક પ્રદેશ સ્વભાવ છે એવું માનવા યોગ્ય છે અને દ્રવ્યનો આ રીતે અનેક પ્રદેશ સ્વભાવ અંગીકાર નથી કરતા તો આકાશ આદિ દ્રવ્યના સર્વજ તથા દેશજ પરમાણુ સંયોગ કેવી રીતે થઈ શકે? ( ૬ )

(સર્વજ તથા દેશજ સંયોગ સમજાવે છે.)

જીહો દેશ સકલ ભેદે દ્વિધા
લાલા દીઠી જગમાં વૃત્તિ
જીહો પ્રત્યેકે દુષણ તિહાં
લાલો બોલે સમતિ વૃત્તિ-ચતુર ॥ ૭॥

ભાવાર્થ—દેશ તથા સર્વના ભેદથી જગતની સ્થિતી બે પ્રકારની જોએલી છે તેમાં કોઇ એક પક્ષ માનવાથી સંમતી

ગ્રંથની પ્રતિ દુષણ આપે છે (૬)

વિવેચન—એક વૃતિ તો એક દેશથી સંબંધ રાખવાવાળી છે અને બીજી સર્વ દેશથી છે તેમાં પ્રત્યેક પક્ષમાં સંમતિ ગ્રંથની વૃત્તિમાં દુષણ કહેલું છે કેમકે પરમાણું અને આકાશ આદિનીએક દેશ વત્તિ સ્વીકાર કરવાવાળાનો જે સંયોગ છે તે જો આકાશ આદીનો પ્રદેશ ન માનવામાં આવે તોપણ થઈ શકે છે, અને સર્વ દેશથી વૃત્તિ સ્વીકાર કરવાવાળાના મતથી પરમાણુ આકાશ આદીની પ્રમાણતાને પ્રાપ્ત થાય છે અર્થાત્ જેટલું મોટું આકાશ છે તેટલોજ મોટો પરમાણુ થશે અને એક દેશ તથા સર્વ દેશ બંને વૃત્તિને ન માને તો પરમાણુની અવૃત્તિજ થશે. એક દેશ અને સર્વ દેશ કોઈ વૃત્તિ નહિ રહેવાથી સામાન્યપણે વૃત્તિનો અભાવ થઇ જશે કેમકે સમસ્ત વિશેષાભાવ સામાન્યના અભાવને સમનિયત છે ઇત્યાદિ (૭)

જીહો ભાવ સ્વભાવહ અન્યથા
લાલા છે વિભાવ વડવ્યાધિ
જીહો એ વિણ ન ઘટે જીવને
લાલા અનિયત કર્મ ઉપાધિ ચતુર ॥ ૮ ॥

ભાવાર્થ—સ્વભાવથી જે અન્યથા ભાવતે વિભાવ સ્વભાવ કહેવાય તે મહા વ્યાધિ રૂપ છે. તેના વિના જીવને નાના પ્રકારની કર્મ ઉપાધિ લાગે નહિ. (૮)

વિવેચન—નિજ સ્વભાવથી જે દ્રવ્યનો અન્યથા ભાવ છે તેને વિભાવ સ્વભાવ કહે છે એતો મહા વ્યાધિ રૂપ છે અને આ વિભાવ સ્વભાવનો અંગીકાર નહિ કરવાથી જીવને અનેક જાતના કર્મનું બંધન કેવી રીતે થઈ શકે? માટે વિભાવ સ્વભાવનો સ્વીકાર કર્યા વિના અનિયત દેશ કાળાદિ સંબંધથી ફળ દેવામાં તત્પર જે કર્મ છે તે કર્મ રૂપ જે ઉપાધિ છે તે જીવની સાથે લાગી શકતી નથી. એ કારણથી ઉપાધિ સંયોગથી યોગ્ય અનાદિ વિભાવ સ્વભાવ પણ માનવા યોગ્ય છે. (૮)

જીહો શુદ્ધ ભાવ કેવળપણું
લાલા ઉપાધિકજ અશુધ્ધ
જીહો વીણુ શુધ્ધતા ન મુકિત છે
લાલા લેપન વિગર અશુદ્ધ ચતુર—ાલા

ભાવાર્થ—કેવળ નિજ સ્વરૂપ માત્રથી જે સ્થીતિ છે તે શુદ્ધ સ્વભાવ છે અને ઉપાધિ ઉત્પન્ન થએલો તે અશુધ્ધ

ભાવ છે શુદ્ધ ભાવના વીના મુકતી નથી થતી અને અશૂદ્ધ ભાવનાં વીના જીવને કર્મનું બંધન નથી થતું (૯)

વિવેચન—કેવળપણું છે તે શુદ્ધ ભાવ છે અને તેથી અન્ય અશુદ્ધ ભાવ છે અશુદ્ધભાવ ઉપાધિથી ઉત્પન્ન થાય છે હવે જો શુદ્ધભાવનો સ્વીકાર ન કરીએ તો મુકિત નથી થઇ શકતી અને અશુદ્ધ સ્વભાવને ન માનીએ તો જીવને કર્મનો સંબંધ નથી બની શકતો એ કારણથી શુદ્ધ સ્વભાવની તો કદી પણ અશુદ્ધતા થતી નથી અને અશુદ્ધ સ્વભાવ નીકદિ શુદ્ધતા થતી નથી. આ રીતે એકાંતવાદ આદિનું ખંડન કરીને શુદ્ધ અને અશુદ્ધ એ બંને સ્વભાવને માનવામાં કોઈ જાતનું દુષણુ નથી. (૯)

જીહો નિયમિત એક સ્વભાવજે
લાલા ઉપચરિયે એક ઠાણુ
જીહો તે ઉપચરિત સ્વભાવ છે
લાલા એ વિણ કેમ પરનાણચતુર-॥ ૧૦ ॥

ભાવાર્થ—એક સ્થાનમાં નિયમિત જે સ્વભાવ હોય તે બીજા સ્થાનમાં ઉપચારમાં લાવી શકાય તે -ઉપચરિત સ્વભાવ

છે તેના વિના પરંતુ જ્ઞાન થઇ શક્તું નથી (૧૦)

વિવેચન—જે સ્વભાવની સતા એક પદાર્થમાં નિયમથી છે તે સ્વભાવનો જ્યારે અન્ય સ્થાનમાં આરોપ (ઉપચાર) કરીએ છીએ ત્યારે તેને ઉપચરિત સ્વભાવતા થઈ જાય છે તે ઉપચરિત સ્વભાવનો જો સ્વીકાર ન કરીએ તો આત્મા પોતાના અનેક પરના જ્ઞાનમાં વ્યવસ્થાત્મક જ્ઞાનનો ધારકછે તે કેમ કહી શકાય આ કારણથી એમ સિદ્ધ થાયછે કે જો પોતાનું જ્ઞાનછે તો તે અનુપચરિતજછે અને પરની અપેક્ષાથી જે જાણેછે તે પર નિરૂપિત સબંધથી ઉપચરિતછે અને આ પ્રકારે જે ઉપચરિત સ્વભાવછે તે બે પ્રકારનો છે તે આગળ કહેછે (૧૦)

જીહો કર્મજ સહજ બે ભેદજે
લાલા મૂર્ત અચેતન ભાવ
જીહો પ્રથમ જીવની સિદ્ધને
લાલા અપર પરજ્ઞ સ્વભાવ ચતુર ॥ ૧૧॥

ભાવાર્થ—તે ઉપચરિત સ્વભાવ બે પ્રકારે છે (૧) કર્મ જનિત અને (૨) સ્વભાવ જનિત આ બંને મૂર્ત્ત તથા અચે

તન ભાવમાં થાય છે અને પ્રથમ ભેદતો સંસારી જીવ ને થાય છે અને બીજો નિર્મળ આત્માના ધારક સિદ્ધ જીવને થાય છે (૧૧)

વિવેચન—પ્રથમ ઉપચરિત સ્વભાવ કર્મથી થાય છે અને બીજો ઉપચરિત ભાવ સ્વાભાવિક છે. આ બંને ઉપચરિત ભાવનો ભેદ મુર્ત તથા અચેતનના વિષયમાં થાય છે, તેમાં પુદ્ગલથી સંબદ્ધ પ્રાણીને મુર્તત્વ છે અતે અચેતનત્વ પણ છે અને તેથી પ્રથમ ઉપચરિત ભાવ જીવનો છે અને આ કર્મજનીત હોવાથી "गौर्वा हिक" એ ન્યાય અનુસાર ઉપચરિત છે તેથી કરીને અહીંઆં જે કર્મજનિત ઉપચરીત સ્વભાવના છે તે જીવની કહેલી છે અને બીજો જે સહજ ઉપચરીત સ્વભાવ છે તે નિર્મળ સિદ્ધ જીવનોછે સીદ્ધ જીવોમાં પરનું જે જાણવા પણુંછે તે કોઇપણ કર્મની ઉપાધી છે એમ કહેવું ઠીક નથી કારણકે આચારાંગ સુત્રમાં કહ્યુંછે કે કર્ણ રહિત જીવને વ્યવહાર નથી રહેતો કારણકે ઉપાધીછે તે કર્મથી થાય છે આ પ્રકારે આ દસ સ્વભાવ પુર્વોકત ચેતનત્વ આદી નીયમ દ્રવ્ય પ્રતીછે (૧૧)

જીહો દેશ વીશેષ સ્વભાવ એ
લાલા સર્વ એકવીશ સંભાલ
જીહો સવીહું પુદ્ગલ જીવને
લાલા પન્નર ભેદછે કાળ ચતુર-॥૧૨॥

ભાવાર્થ—આ દશ સ્વભાવ અને આગળ કહ્યા તે અગ્યર સામાન્ય સ્વભાવ મેળવતાં જીવ અને પુદ્ગલના એકવીસ ભાવ થાય છે અને કાળના પંદર સ્વભાવ છે (૧૨)

વિવેચન—ચેતનત્વ આદિ આદશ વિશેષ સ્વભાવ અને પુર્વ કથિત સત્તાદિ અગ્યાર સામાન્ય સ્વભાવ બંને મળીને એકવીસ થાય છે તેમાં પુદ્ગલ અને જીવના એકવીસ ભાવ છે અને કાળના પંદર સ્વભાવ છે તે વિષે આગળ કહે છે (૧૨)

જીહો બહુ પ્રદેશ ચિત્ મૂર્ત્તતા
લાલા વિભાવ શુદ્ધ અશુદ્ધ
જીહો ટાલી આદિમ સંજુઆ
લાલા સોલ ધર્મ મુખ બુદ્ધ ચતુર-॥૧૩॥

ભાવાર્થ—બહુ પ્રદેશત્વ, ચેતનત્વ, મૂર્ત્તત્વ, વિભાવત્વ,

શુદ્ધત્વ અને અશુધત્વ, આ છ સ્વભાવ ઓછા કરતાં બાકી ના પંદર સ્વભાવ કાળના રહે. અને આ છ સ્વભાવમાં જે પ્રથમ બહુ પ્રદેશ સ્વભાવ છે તે સહિત ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યના સોળ સ્વભાવ થાય છે (૧૩)

વિવેચન—બહુ પ્રદેશ સ્વભાવ, ચેતન સ્વભાવ, મુત સ્વભાવ, વિભાવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ અને અશુદ્ધ સ્વભાવ, એ છ ભાવ જ્યારે એકવીસમાંથી કાઢી લઇએ ત્યારે બાકીના જે પંદર સ્વભાવ રહે તે કાળના છે અને કાઢી લીધેલા છ સ્વભાવમાંથી પહેલો બહુ પ્રદેશ સ્વભાવ રાખીને એકવીસમાંથા બાકીના પાંચ કાઢી લેતા સોળ સ્વભાવ રહ્યા તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના થાય છે. (૧૩)

જીહો પ્રમાણ નય તે અધિગમે
લાલો જાણી એહવો ભાવ
જીહો સુયશ વિબુદ્ધજીનસંગતે
લાલા ધરે ચિત્ત સુભ ભાવ–ચતુર ॥ ૧૪॥

ભાવાર્થ–આ પ્રમાણે પ્રમાણ તથા નયના જ્ઞાનથી એકવીસ

સ્વભાવ જાણીને સુજશ યુકત જે પંડીત લોકોછે તેની સંગતી કરીને શુભ ભાવને ધારણ કરો (૧૪)

---

## ઢાળ ૧૩ મી.

---

વીરા ચંદલા–એ દેશી.

સ્વ દ્રવ્યાદિક ગ્રાહકેરે
આસ્ત સ્વભાવ વખાણ
પર દ્રવ્યાદિક ગ્રાહકેરે
નાસ્તિ સ્વભાવ મન આણોરે
ચતુર વિચારીએ ॥ ૧ ॥

ભાવાર્થ—સ્વદ્રવ્યાદિકને ગ્રહણ કરવાવાળા દ્રવ્યાર્થિક નયથી અસ્તિ સ્વભાવ કહેલોછે અને પરદ્રવ્યાદિકને ગ્રહણ કરવાવાળા દ્રવ્યાર્થિક નયથી નાસ્તિ સ્વભાવ કહ્યો છે. માટે ચતુર મનુષ્યોએ તેનો વિચાર કરવો જોઇએ. (૧)

વિવેચન-હુવે સ્વભાવનો વિચાર નયથી બતાવેછે. તેમાં દ્રવ્યનો જે અસ્તિ સ્વભાવ છે તે સ્વ દ્રવ્યાદિક દ્રવ્યાર્થિક નય થી જાણવો એટલે પોતાના દ્રવ્યક્ષેત્ર આદિને ગ્રહુણ કરવાવાળા દ્રવ્યાર્થીક નયના મતથી દ્રવ્યનો અસ્તિ સ્વભાવ કહ્યો છે, અને અન્ય દ્રવ્યના ગ્રહુણ કરવાવાળા પર દ્રવ્યાદિ ગ્રાહુક દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યનો બીજો નાસ્તિ સ્વભાવ કહેલો છે એવું વચન છે કે "પોતાના સ્વરૂપથી સઘલું છે અને પર દ્રવ્યથી સર્વ નાસ્તિ છે." (૧)

---

(સ્વભાવના બીજા ભેદ કહે છે.)

ઉત્પાદ વ્યય ગૌણતારે
સત્તા ગ્રાહક નિત્ય
કોઇક પર્યાયાર્થિ કેરે
જાણો સ્વભાવ અનિત્યેરે—ચતુર ॥૨॥

ભાવાર્થ—ઉત્પાદ અને વ્યયની ગૌણતાથી સત્તા ગ્રાહક દ્રવ્યાર્થિક નયથી નિત્ય સ્વભાવ કહ્યો છે, અને ઉત્પાદ તથા

વ્યયના ગ્રાહક પર્યાયાર્થિક નયમાં અનિત્ય સ્વભાવ કહ્યો છે એમ સમજવું.

વિવેચન—ત્રીજો જે નિત્ય સ્વભાવ કહ્યો છે તે ઉત્પાદ અને વ્યયની ગૌણતા થવાથી સત્તાને ગ્રહણ કરવાવાળા દ્રવ્યાર્થિક નયના મતથી સમજવો, અને પર્યાયાર્થિક નય ઉત્પાદ અને વ્યયનો ગ્રાહક હોવાથી તેના મતમાં અનિત્ય સ્વભાવ છે. તાત્પર્ય એવું છે કે ઉત્પાદ અને વ્યયની અપ્રધાનતા થવાથી સત્તા ગ્રાહક દ્રવ્યાર્થિક નયના મતમાં નિત્ય સ્વભાવ છે, અને સત્તા ગ્રાહક દ્રવ્યાર્થિક નયની અપ્રધાનતામાં ઉત્પત્તિ તથા નાશના ગ્રાહક જે પર્યાયાર્થિક નય છે તેના મતથી તો ચોથો અનિત્ય સ્વભાવ કહ્યો છે. (૨)

---

(હવે પાંચમો અને છઠો સ્વભાવ કહે છે.)

ભેદ કલ્પના રહિતથીરે<br>
ધારો એક સ્વભાવ<br>
અન્વય દ્રવ્યાર્થિક નયે રે<br>
અનેક દ્રવ્ય સ્વભાવો રે—ચતુર ॥૩॥

**ભાવાર્થ—ભેદ કલ્પનાથી રહિત દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્યનો એક સ્વભાવ કહ્યો છે અને અન્વય દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી અનેક સ્વભાવ માનેલો છે. (૩)**

**વિવેચન—ભેદ કલ્પનાથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્યનો પાંચમો એક સ્વભાવ કહ્યો છે, અને ભેદ કલ્પના સહિત અન્વય દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્યનો છઠો અનેક સ્વભાવ પણ કહ્યો છે, તાત્પર્ય એવું છે કે જયાં પદાર્થમાં કાળનો અન્વય થાય છે ત્યાં સત્તા ગ્રાહક દ્રવ્યાર્થિક નય પ્રવૃત્ત થાયછે, અને દેશના અન્વયમાં અન્વય ગ્રાહક દ્રવ્યાર્થિક નય પ્રવૃત્ત થાય છે (૩)**

**સદ્‌ભુત વ્યવહારથીરે**
**ગુણ ગુણાદિક ભેદ**
**ભેદ કલ્પના રહિતથીરે**
**જાણો તાસ અભેદોરે—ચતુર ॥૪॥**

**ભાવાર્થ—સદ્‌ભુત વ્યવહારનયથી ગુણ ગુણી આદિનો ભેદ સ્વભાવ જાણવો અને ભેદ કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી**

અભેદ સ્વભાવ જાણવો (૪)

વિવેચન--સદ્દભુત વ્યવહાર નયથી ગુણ ગુણી પર્યાય પર્યાયી અને કારક કારકવાનનો ભેદ સ્વભાવછે તે સાતમો ભેદ સ્વભાવ સમજવો અને ભેદ કલ્પના રહીત શુદ્ધ દ્રવ્યાર્થિક નય ના મતથી તો અભેદ સ્વભાવ કહેલોછે ભાવાર્થ એવોછે કે જ્યાં કલ્પીત વસ્તુ ભાસતી નથી, ત્યા એક એટલે અભેદ સ્વભાવછે અને જ્યાં વિષય તથા વિષયીનું જુદું જુદું ગ્રહણ કરેલું હોય ત્યાં અભેદ સ્વભાવછે (૪)

---

( વળી પણ સ્વભાવનાજ ભેદ કહે છે. )

પરમ ભાવ ગ્રાહકનેરે
ભવ્ય અભવ્ય પરિણામ
શુદ્ધ અશુદ્ધ તેહથીરે
ચેતન આતમરામોરે—ચતુર ાાપાા

ભાવાર્થ—પરમ ભાવ ગ્રાહક નયથી ભવ્ય તથા અભવ્ય સ્વભાવ જાણવા અને શુદ્ધ સ્વભાવ તથા અશુદ્ધ સ્વભાવ તે પરમભાવ ગ્રાહક નયથી આત્માનો ચેતન સ્વભાવ કહ્યો છે. (૫)

**વિવેચન**—પરમ ભાવ ગ્રાહક નયની અપેક્ષાથી ભવ્ય સ્વભાવ તથા અભવ્ય સ્વભાવ માનવા યોગ્ય છે ભવ્યતા તે સ્વભાવ નિરૂપિત છે, અને અભવ્યતા તે ઉત્પન્ન સ્વભાવની તથા પરભાવની સાધારણ છે માટે અહીંઆ અસ્તિ નાસ્તિ સ્વભાવની પેઠે સ્વપર દ્રવ્યાદિક ગ્રાહક નયની બે પ્રવૃત્તિ થતી નથી, શુદ્ધ અશુદ્ધ સ્વભાવ આગળ કહેલછે અને ચેતન સ્વભાવ તો કેવળ જીવનોજ છે બીજા દ્રવ્યનો નથી. (૫)

**અસદ્ભુત વ્યવહારથીરે**
**ચેતન કર્મનોકર્મ**
**પરમભાવ ગ્રાહક નયેરે**
**તેહ અચેતન ધર્મોરે—ચતુર ॥૬॥**

ભાવાર્થ—અસદ્ભુત વ્યવહાર નયથી કર્મ તથા નોકર્મમાં પણ ચેતનાનો વ્યવહાર થાયછે અને પરમભાવ ગ્રાહક નયમાં તે કર્મ અને નોકર્મજનિત ચેતન સ્વભાવનું અચેતન ધર્મપણું છે. (૬)

**વિવેચન**—અસદ્ભુત વ્યવહાર નયથી જ્ઞાનાવરણ આદિ કર્મ અને મન વચન કાય રૂપનોકર્મ એ બંનેમાં

ચેતન સ્વભાવ છે. કેમકે કર્મ અને નોકર્મ એ બંનેમાં ચેતનના સંયોગથી થએલા પર્યાય છે તેથી કરીને ચેતન સંયોગ કૃત પર્યાયથી "મુડદાને ભસ્મ કરેછે" એવો વ્યવહાર અને "આ શરીરને હું આવશ્યક ગણું છું" એવો વ્યવહાર થાય છે અને પરમ ભાવ ગ્રાહક નયથી તો તે કર્મ અને નોકર્મથી ઉત્પન્ન ચેતન ભાવનું અચેતન સ્વભાવ પણું છે જેમકે ઠંડુ ઘી વીગેરે. (૬)

અસદ્‌ભુત વ્યવહારથી રે
જીવ અચેતન ધર્મ
પરમભાવ ગ્રાહક નયેરે
મુરત કર્મ નોકર્મો રે—ચતુર ॥૭॥

ભાવાર્થ—અસદ્‌ભૂત વ્યવહાર નયથી જીવમાં અચેતન સ્વભાવતાછે અને પરમ ભાવ ગ્રાહક નયમાંનો કર્મ તથા નોકર્મ મૂર્ત છે. (૭)

વિવેચન—અસદ્‌ભુત વ્યવહાર નયના મતથી જે પ્રાણ ધારણ કરેછે તે જીવછે તે અચેતન ધર્મ પણું એટલે જીવ અચેતન સ્વભાવનો ધારકછે તે અચેતન સ્વભાવ માનવાથી આ જીવ અચેતનછે, જડછે, ઇત્યાદી વ્યવહાર થાયછે, આથી "હું અ

નુમાન કરૂંછું જાણુંછું, ઇત્યાદી પ્રતીતીથી વિલક્ષણ અજ્ઞાનની સિદ્ધી થાયછે" એવું જે વેદાંતીયોનું કથનછે તેનું ખંડન થાયછે, કેમકે અદ્દભુત વ્યવહાર નયથી ગ્રહણ કરવા યોગ્ય જેઅચેતન સ્વભાવ તેથી પણ તેઅજ્ઞાનની સિદ્ધી થઇજાયછે, અને પરમ ભાવ ગ્રાહક નયથી મૂર્ત્ત એવી નોકર્મ કર્મતા વર્તે છે અર્થાત કર્મ અને નોકર્મનો મૂર્ત્ત સ્વભાવ છે (૭)

**અસદ્દભુત વ્યવહારથીરે**
**જીવ મુરત પણ હોય**
**પરમ નયે પુદ્ગલ વીનારે**
**દ્રવ્ય અમૂર્ત્ત તું જોયરે—ચતુર ॥ ૮॥**

ભાવાર્થ—અસદ્દભૂત વ્યવહાર નયના મતમાં જીવ મૂર્ત્ત સ્વભાવનો પણ ધારક છે અને પરમભાવ ગ્રાહક નયમાં પુદ્ગલને છોડીને સર્વ દ્રવ્યમાં અમૂર્ત સ્વભાવતા સ્થાપિત કરેલી છે. (૮)

વિવેચન—અસદ્દભૂત વ્યવહાર નયના મતમાં જીવનો પણ મૂર્તસ્વભાવ માનેલો છે તેથી કરીને " આ આત્મા દેખાય છે, આ આત્માને હું દેખું છું "

ઇત્યાદિ વ્યવહાર થાય છે અને "પદ્મ પ્રભુ તથા ચંદ્ર પ્રભુ રકત વર્ણના ધારક છે" ઇત્યાદિ વચન પણ તેને અનુસરીને જ છે અને પરમભાવ ગ્રાહકનયની અપેક્ષાથી પુદ્ગલ દ્રવ્યના વિના દ્રવ્યનો અમુર્ત્ત સ્વભાવ રાખેલો છે અર્થાત્ પુદ્ગલ દ્રવ્યના સિવાય અન્ય સર્વ દ્રવ્ય અમૂર્ત સ્વભાવના ધારક છે એવો અર્થ છે (૯)

ઉપચાર પણ પુદ્ગલીરે
નહી અમુ-ર્ત સ્વભાવ
ઉપચરિયે અનુગમ વસેરે
વ્યવહારે જેહ ભાવોરે-ચતુર ॥૯॥

ભાવાર્થ—પુદ્ગલમાં ઉપચારથી પણ અમૂર્ત સ્વભાવતા નથી કારણકે અનુગમથી દ્રવ્યવહાર થાય છે તે ભાવનો ઉપચાર પણ થાય છે (૯)

વિવેચન-ઉપચાર દ્વારા પણ પુદ્ગલ દ્રવ્યમાં અમુર્ત્ત સ્વભાવતા નથી તેથી કરીને ચેતનના સંયોગથી જેમ દેહ આદીમાં ચેતનતાનો ઉપચાર થાયછે તેમ અમુ-ર્તના સંયો-ગથી દેહમાં અમુ-ર્તનો ઉપચાર થતો નથી. આ કારણને લીધે

અસદ્‌ભુત વ્યવહાર નયથી પણ પુદ્‌ગલ દ્રવ્યને અમુ-ર્ત સ્વ-ભાવ છે એવું કથન નહિ કરવું જોઇએ. વળી અનુગમ અર્થાત એક સંબંધ દોષથી ભાવનો વ્યવહાર થાયછે તેજ ભાવને ઉપચાર પણ થાયછે, પરંતુ સર્વથા સર્વ ધર્મનો ઉપચાર થતો નથી. તેથી એમ સિદ્ધ થાયછે કે જ્યાં આરોપ કરવો હોય ત્યાં આરોપના નિમિ-તનું અનુસરણ કરવું જોઇએ. અને આરોપ કરીને પછી નિમિ-તનું અનુસરણ કરવું એવા ન્યાયને ધારણ કરવો જોઇએ નહિ એવો ભાવાર્થ છે. (૯)

એ ભાવે સંમતિ ભણ્યોરે
અનુગત અર્થ અશેષ
જલપય જેમ નવિ ભંજીયેરે
યાવત અંત્ય વિશેષરે ચતુર—॥૧૦॥

ભાવાર્થ—-જીવ પૂદ્‌ગલનો સંપુર્ણ અનુગત સંબંધ સંમતિમાં કહેલો છે. જેમ જળ અને પાણી અંત્ય વિશેષત સુધી છુટા થતા નથી તેમજ જીવ અને પુદ્‌ગલનું સમજવું (૧૦)

વિવેચન—જેમ મળેલા દુધ અને પાણી દાહક્રીયારૂપ અંતિમ વિશેષ વગર થતો નથી તેમ અંતીમ વિશેષમાંજ શુદ્ધ પુદ્‌ગલ જીવ લક્ષણથી જુદા કરવામાં આવે છે, અર્થાત્ જેમ જળનો તથા દુધનો વિભાગ અંતિમ દાહ ક્રિયા રૂપ વિ-

શેષ અથવા પદાર્થ વિશેષથી થાયછે તેમજ જીવની મુક્તિ દશા રૂપ વિશેષમાં પુદ્દગલનો જીવથી વિભાગ થાય છે જેમ ઔદારિક આદિ વર્ગણાથી સિદ્ધ શરીર આદિથી જ્ઞાન ઘન અસંખ્યાત પ્રદેશોનો ધારક આત્મા ભિન્ન છે (૧૦)

અનભિભુત જીહાં મૂર્તતારે
અમૂર્તતા તિહાં નાંહિ
જીહાં અભિભુત અમુર્તતારે
મૂર્ત અનંત્ય તેમાંહીરે—ચતુર॥૧૧॥

ભાવાર્થ—જ્યાં મુર્ત સ્વભાવ અભિભુત નથી ત્યાં અમુર્ત સ્વભાવતો છેજ નહીં અને જ્યાં આત્મ દ્રવ્યમાં કર્મછે ત્યાં અમુર્તતા તિરોહીત નથી પરંતુ ત્યાંતો મુર્ત્તતા અત્યંત રહિત અનુગમથીછે. (૧૧)

વિવેચન—જ્યાં પુદગલ દ્રવ્યનો મુ-ર્ત સ્વભાવ અભીભુત નથી કિન્તુ પ્રકટછે ત્યાં અમુર્તતા સ્વભાવ થતો નથી કારણ કે અમુ-ર્તતા પુદ્દગલથી ભિન્ન દ્રવ્યનો અત્યંત વિશેષ છે અને જ્યાં આત્મ દ્રવ્યમાં કર્મ હોયછે ત્યાં પણ અમુ-ર્તતા અભિભુત નથી કેમકે ત્યાં અમુ-ર્તતા અંત્યથી ભિન્ન

અનુગમથી ઉત્પન્ન સાધારણ ધર્મરૂપ છે આ રીતે પુદ્ગલ તથા જીવ દ્રવ્યના અનુગમમાં વિશેષતા ન થવા છતાં કોઈ વખતે કોઇ ભાવ અભિભુત રહે છે એવી રીતે શાસ્ત્રના વ્યવહારથી અંગીકાર કરવો જોઇએ. (૧૧)

પુદ્ગલને એકવીસમોરે
એમ તો ભાવે વિલુત્ત
તેણે અસદ્ભુત હનયેરે
પરોક્ષ અણુઅ અમુત્રોરે—ચતુર ॥૧૨॥

ભાવાર્થ—પુદગલનો એકવીસમો ભાવ આ પ્રકારે વિલુપ્ત થાય છે માટે અસદ્ભુત નયનામતથી પરોક્ષ પરમાણું અમુર્ત્ત માનેલ છે. (૧૨)

વિવેચન—ઉપચારથી પણ પુદ્ગલનો અમૂર્ત્ત સ્વભાવ નથી થતો એમ કહેવાવાળાના મતમાં પુદ્ગલનો અંતીમ ભાવ અર્થાત એકવિસમો સ્વભાવ નષ્ટ થઈ જશે અને પુદ્ગલનો જો અમુર્ત્ત સ્વભાવ નહિ રહે તો પુર્વ પ્રસંગમાં જે એમ કહ્યું છે કે "પુદ્ગલ તથા જીવ એ બંનેમાં પ્રત્યેકના સ્વભાવ છે" તે વચનનો આઘાત થવાથી સિદ્ધાંતને પણ હાની પહોં-

થશે. કારણ કે જ્યારે એકવીસમાંથી એક અમુ-ર્ત સ્વભાવ નીકળી જશે ત્યારે તે પુદ્દગલના વીસ સ્વભાવજ રહેશે. આવા પ્રકારની શંકાને દુર કરવાને માટે કહેછે, કે આજ કારણથી અસદ્દભુત વ્યવહાર નયમાં જે પરોક્ષ પુદ્દગલ પરમાણુંછે તેની અમૂ-ર્તતા કહેલીછે, તાત્પર્ય એવુંછે કે વ્યવહારીક પ્રત્યક્ષનો અગોચર રૂપ અમુ-ર્ત સ્વભાવપ્રંમાણ સિદ્ધ ઉપચરીત સ્વીકારાયછે (૧૨)

કાળ પુદ્દ્ગલાણું તણોરે
એક પ્રદેશસ્વભાવ
પરમ નયે પર દ્રવ્યનોરે
ભેદ કલ્પના અભાવોરે—ચતુર ॥૧૩॥

ભાવાર્થ--પરમભાવ ગ્રાહક નયથી કાલાણું તથા પુદ્દગલ પરમાણુંની એક પ્રદેશ સ્વભાવતા છે અને અન્ય દ્રવ્યના પણ ભેદ કલ્પના રહીત શુદ્ધ દ્રવ્યાર્થિક એક સ્વભાવ કહ્યોછે (૧૩)

વિવેચન--પરમ ભાવ ગ્રાહક નયમાં પુદ્દગલ પરમાણું તથા કાળના અણુની એક પ્રદેશ સ્વભાવ તા કહેલી છે તથા ભેદ કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી કાળ અને પુદગલથી રહિત અન્ય દ્રવ્યનો પણ એક

પ્રદેશ સ્વભાવ કહેલો છે. (૧૩)

ભેદ કલ્પના યુત નયે રે
અનેક પ્રદેશ સ્વભાવ
અણુવિણ પુદગલ અણુ તણુ રે
ઉપચારે તેહ ભાવો રે—ચતુર ॥૧૪॥

ભાવાર્થ—શુદ્ધ દ્રવ્યાથિર્ક નયથી પરમાણુંને મુકીને સંપૂર્ણ દ્રવ્યોનો અનેક પ્રદેશ સ્વભાવ છે અને પુદ્ગલના અણુની અનેક પ્રદેશ સ્વભાવતા તો ઉપચારથી છે (૧૪)

વિવેચન—ભેદ કલ્પના સાપેક્ષ શુદ્ધ દ્રંવ્યાર્થિક નયથી પરમાણુંના સિવાય અન્ય સર્વ દ્રવ્યોનો અનેક પ્રદેશ સ્વભાવ કહેલો છે અને પુદ્ગલના પરમાણુમાં તે અનેક પ્રદેશ સ્વભાવ થવાની યોગ્યતા છે અર્થાત્ તે પુદ્ગલ પરમાણુ અનેક પ્રદેશ સ્વભાવ થઈ શકે છે, તેથી કરીને ઉપચારથી તેના અનેક પ્રદેશ સ્વભાવનું કથન કરેલું છે અને કાલના અણુમાં કોઇ ઉપચાર કારણતા નથી એવા હેતુથી તેનો આ અનેક પ્રદેશ સ્વભાવ સર્વથા નથી. ૧૪

શુદ્ધા શુદ્ધ દ્રવ્યાર્થિકે રે

જાણો વિભાવ સ્વભાવ
શુધ્ધે શુદ્ધ સ્વભાવછેરે
અશુધ્ધે અશુદ્ધ સ્વભાવો રે—ચતુર ॥૧૫॥

ભાવાર્થ—શુદ્ધ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં વિભાવ નામના સ્વભાવ ને જાણો શુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં શુદ્ધ સ્વભાવની અને અશુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં અશુદ્ધ સ્વભાવની સ્થિતિ છે (૧૫)

વિવેચન—શુદ્ધા શુદ્ધા દ્રવ્યાર્થિક નયમાં સમસ્ત વિભાવ સ્વભાવને જાણવા, જ્યાં શુધ્ધ દ્રવ્યાર્થિક નય હોય ત્યાં શુધ્ધ સ્વભાવ અને જ્યાં અશુધ્ધ દ્રવ્યાર્થિક નય હોય ત્યાં અશુધ્ધ સ્વભાવ સમજવો. તાત્પર્ય એવું છે કે શુધ્ધ દ્રવ્યાર્થિકમાં શુધ્ધ ભાવ અને અશુદ્ધ દ્રવ્યાર્થિકમાં અશુધ્ધ ભાવ થાયછે. [૧૫]

અસદ્દભુત વ્યવહારથી રે
છે ઉપચરીત સ્વભાવ
એ સ્વભાવ નય યોજનારે
કીજે મન ધરીભાવ રે—ચતુર ॥૧૬॥

ભાવાર્થ—અસદ્દભુત વ્યવહાર નયથી ઉપચરિત સ્વભાવ

કહ્યા છે. એવી રીતે સ્વભાવ અને નયની યોજના સમજી મન ને વિષે ધારણ કરી રાખવી. [૧૬]

વિવેચન—અસદ્‌ભુત વ્યવહારની અપેક્ષાથી સર્વ ઉપચરિત સ્વભાવને જાણવા જોઇએ. આવી રીતે જે સ્વભાવ અને નયની યોજના કરી છે તે વિવિધ પ્રકારે હ્રદયમાં ઉતારી આત્મ ગવેષણા કરતાં તત્ત્વને ધારણ કરી રાખવું.

અનુપચરિત નિજ ભાવજેરે
તે તો ગુણ કહેવાય —
એક દ્રવ્યાશ્રિત ગુણ કહ્યારે
ઉભયાશ્રિત પજ્જાયોરે ચતુર ॥૧૭॥

ભાવાર્થ—જે અનુપચરીત પોતના ભાવછે તે ગુણછે અને તે ગુણ એક દ્રવ્યના આધારે રહેછે અને પર્યાય ઉભયને આશ્રીને રહેછે (૧૭)

વિવેચન—અહીંઆ દિગંબર મતનો પ્રસંગછે તેમજ શ્વેતાંબર સિદ્ધાંતમાં પણ કોઇ જગ્યાએ છે પરંતુ એમાં અત્રે વિચારવાનું છે, ઉપચારથી રહીત જે પોતાનો સ્વભાવછે તે ગુણછે કેમકે ગુણ સહભાવીછે તેથી કરીને તેમાં ઉપચાર થતો નથી

મતલબ કે કોઇ સ્વભાવ ગુણુ પર્યાયથી ભિન્ન નથી માટે અનુપચરીત ભાવ તે ગુણુજ જાણુવો અને જે ઉપચરીત તે પર્યાયજ જાણુવો આજ કારણુથી જે કેવળ દ્રવ્યને આશ્રીને રહેછે તે ગુણુછે અને દ્રવ્ય તથા ગુણુ બંનેને આશ્રીને રહેછે તે પર્યાય છે. આજ પ્રમાણે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું છે. (૧૭)

સ્વભાવ ભેદ સહીત કહ્યારે
એમ એક ગુણહ મકર
હવે ભેદ પજ્જાયનારે
સુણજો સુયશ ભંડારોરે—ચતુર॥૧૮॥

ભાવાર્થ—એવી રીતે સ્વભાવના ભેદ સહિત ગુણના પ્રકાર કહ્યા અને હવે પ્રર્યાયના ભેદ આગળ કહુછું તે ઉત-મ જશના ભંડાર એવા શ્રોતાઓ તમે સાંભળો [ ૧૮ ]

વીવેચન—પુર્વોકત રીતે સ્વભાવ અને સ્વભાવ સહિત ગુણ પ્રકારના કથન દ્વારા શાસ્ત્રોકત રીતીથી પ્રકાશીત કરેલ છે અને હુવે આગળની ઢાળમાં પર્યાયના ભેદ કહેછે તે ઉતમ યશના ભંડાર રૂપ શ્રોતાજનો તમે સાંળળો અથવા શ્રીમાન્ યશો વિજયજી ઉપાધ્યાયની પાસે જે ભંડાર ભરેલો છે તે સાંભળો (૧૮)

## ઢાળ ૧૪ મી

છોડી સીમંધર સામીઆ. તે મુજ મિચ્છામિ દુક્કડં—એ દેશી

સુણો ભેદ પજ્જાયનારે
તે દોય પ્રકાર
વ્યંજન અર્થ દો ભેદથી
સંક્ષેપે સાર
શ્રી જીનવાણી આદરો ॥૧॥

ભાવાથ—હવે પર્યાયના ભેદ સાંભળો, તેના સંક્ષેપથી બે પ્રકાર છે (૧) વ્યંજન પર્યાય અને (૨) અર્થ પર્યાય. શ્રી જીનેશ્વર મહારાજની વાણી હે ભવ્ય? તમે સાંભળો. (૧)

વિવેચન—આગળની ઢાળમાં નય અને સ્વભાવનું નિરૂપણ કર્યા પછી આ ઢાળમાં પર્યાયના ભેદનું વિવરણ કરે છે, પર્યાયના ભેદ સંક્ષપથી કહીએ તો બેજ છે (૧) વ્યંજન પર્યાય અને (૨) અર્થ, પર્યાય જેનું વિશેષ વર્ણન આગળની ગાથામાં કહેલુ છે. (૧)

**અનુગત કાલ કાલત કહ્યો**
**વ્યંજન પર્યાય**
**વર્તમાન સુષિમ તિહાં**
**અત્થહ પજ્જાય-શ્રી જીન ॥ ૨ ॥**

**ભાવાર્થ**—જે જેનો ત્રિકાલ સ્પર્શિ પર્યાય તે તેનો વ્યંજન પર્યાય કહેવાય અને વર્તમાન સુક્ષ્મ કાલ વર્તિ જે પર્યાય તે અર્થ પર્યાય માનેલો છે. (૨)

**વિવેચન**—બે ભેદ કહ્યા તેમાં પ્રથમ વ્યંજન પર્યાય છે તે ત્રિકાલ સ્પર્શી છે અર્થાત્ પુર્વાપર અનુગત સર્વ કાળની સાથે તે પર્યાય સ્પર્શ કરેછે તાત્પર્ય કે જેનો સ્પર્શ ભુત ભવિષ્ય તથા વર્તમાન એત્રણે કાલમાં થાયછે તેવ્યંજન પર્યાયછે જેમ ઘટાદીનો મ્રતિકાદી પર્યાય વ્યંજન પર્યાયછે અર્થાત મૃત્તિકા આદીપર્યાયનો પ્રકાશિત કરેછે અને બીજો અર્થ પર્યાયછે તે વર્તમાન અણુનો વિષયછે અર્થાત સુક્ષ્મ કાળ વર્તિ અર્થ પર્યાયછે જેમ ઘટ આદીના તે તે ક્ષણમાં રહેવા વાળા પર્યાય જે કાળના ક્ષણમાં વર્તમાનતાથી સ્થિતછે તે તે કાળની અપેક્ષાથી ઉત્પતિ દ્વારા વિદ્યમાન હોવાથી તે અર્થ પર્યાય કહેવાયછે મતલબકે જે ક્ષણમાં ઘટ વિદ્યમાનછે તે ક્ષણની વિદ્યમાનતાથી

તેં ઘટ અથ પર્યાયછે (૨)

દ્રવ્ય ગુણે બિહું ભેદથી
વલી શુધ્ધ અશુદ્ધ
શુદ્ધ દ્રવ્ય વ્યંજન તિહાં
ચેતનને સિધ્ધ-શ્રી જીન ॥ ૩ ॥

ભાવાર્થ—તે પર્યાયોના દ્રવ્યથી તથા ગુણથી બે ભેદ છે અને શુદ્ધ તેમજ અશુદ્ધ દ્વારા પણ બે ભેદ છે તેમાં શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય તે ચેતન દ્રવ્યને કેવળ જ્ઞાનના ભાવથી સિદ્ધ પર્યાય જાણવો (૩)

વિવેચન--દ્રવ્યથી દ્રવ્ય પર્યાય થાય છે અને ગુણથી ગુણ પર્યાય થાય છે આ રીતે બે ભેદ છે. જેમ દ્રવ્ય વ્યંજન પર્યાય અને ગુણ વ્યંજન પર્યાય, આજ રીતે શુદ્ધથી શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય થાય છે અને અશુદ્ધથી અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય થાય છે એવી રીતે બે ભેદ છે. હવે તે ભેદોમાંથી શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય તે ચેતનમાં સિદ્ધતા અર્થાત ચેતન દ્રવ્યના સિદ્ધ પર્યાય છે. આ શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય કેવળ ભાવથી જાણવો જોઇએ. (૩)

અશુદ્ધ દ્રવ્ય વ્યંજન બહુ
મનુજાદિક ભેદ
ગુણથી વ્યંજન એમ દ્વિધા
કેવલ મઇ ભેદ-શ્રીજિન ॥૪ ॥

ભાવાર્થ—અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય મનુષ્ય દેવ આદી અનેક પ્રકારના માનેલ છે. એવીજ રીતે ગુણથી પણ શુદ્ધ ગુણ વ્યંજન પર્યાય અને અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય એવા બે ભેદ છે તેમાં પ્રથમ ભેદમાં કેવળ જ્ઞાન આદી અને બીજા માં મતિજ્ઞાનાદી પર્યાયછે (૪)

વિવેચન—અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય તો મનુષ્ય, દેવ નારકી અને તિર્યંચ એમ અનેક પ્રકારે માનેલાછે. દ્રવ્યનો ભેદ પુદ્દગલ સંયોગથી ઉત્પન્નછે તેથી કરીને મનુષ્ય આદિના ભેદથી આ ભેદ થાયછે. ગુણથી પણ એવોજ પ્રકારછે એટ તેના પણ બે ભેદછે તેમાં પ્રથમ શુદ્ધ ગુણ વ્યંજન પર્યાયછે તેતો કેવળજ્ઞાન આદિ રૂપ પર્યાયછે અને અશુદ્ધ દ્રવ્યગુણ વ્યંજન પર્યાય જે છે તેતો મતિ જ્ઞાન શ્રુત જ્ઞાન, અવધિ જ્ઞાન, તથા મનઃપર્યાવ જ્ઞાન આદી સ્વરૂપછે (૪)

(વળી પણ પર્યાયના ભેદ કહેછે)

ઋજુ સુત્રાદેશે કરી
ક્ષણ પરિણત એહ
કહો અર્થ પજ્જાયએ
અભ્યંતર જેહ-શ્રી જીન ॥ ૫ ॥

ભાવાર્થ—ઋજુ સુત્ર નયના મતથી અર્થ પર્યાય ક્ષણ વૃત્તિ વાળોછે આભ્યંતરનો શુદ્ધ અર્થ પર્યાયછે અને એથી અન્ય અ શુદ્ધ અર્થ પર્યાય કહેલછે (૫)

વિવેચન—ઋજુસુત્ર નયના આદેશથી આભ્યંતર જે છે તે શુદ્ધ અર્થ પર્યાયછે અને ક્ષણ માત્ર વૃતિછે અર્થાત શુદ્ધાર્થ પર્યાય ક્ષણ ક્ષણમાં પરીણામને પ્રાપ્ત થાયછે અને તેથી અન્ય જે જે છે તે અશુદ્ધ અર્થ પર્યાય કહેલોછે તાત્પર્ય એવું છે કે જે જે પર્યાયથી અલ્પ કાલ વર્ત્તી છે તે પર્યાય તે અધિક કાલવર્તિ પર્યાયથી અલ્પત્વની અપેક્ષાએ અશુદ્ધ અર્થ પર્યાય કહેવાયછે. (૫)

આ વિષયમાં શુદ્ધ વચન સંમતી દર્શાવેછે.

પુરૂષ શબ્દ જેમ પુરૂષને

વ્યંજન પર્યાય
સંમતિ ગ્રંથે અર્થથી
બાલાદિ કહાય—શ્રી જીન ॥૬॥

ભાવાર્થ—જેમ પુરૂષ શબ્દનો પુરૂષ વ્યંજન પર્યાય કહેલોછે તેમજ સંમતિ ગ્રંથમાં બાલાદિ અર્થ પર્યાય કહેલોછે (૬)

વિવેચન—પુરૂષ શબ્દથી વાચ્ય પુરૂષ પર્યાય જન્મથી તે મરણ કાળ પર્યંત એક અનુગત રૂપથી નરત્વ પર્યાય છે તે પુરૂષનો વ્યંજન પર્યાય છે અને બાલ આદિક અર્થ પર્યાય છે એવું સંમતિ ગ્રંથમાં કહેલું છે "જેમ પુરૂષમાં પુરૂષ એવો શબ્દ જન્મથી મરણ પર્યંત રહે છે તે વ્યંજન પર્યાય છે તે પુરૂષમાં બાલ, યુવા ઇત્યાદિ જે ભેદ છે તે અર્થ પર્યાય છે." (૬(

ષટ્ ગુણ હાણી વુદ્ધીથી
જેમ અગુરૂ લહુત્ત
પજજવ નેમક્ષિણ ભેદથી
કેવલપણે વુત્ત—શ્રી ન ॥ જી૭॥

ભાવાર્થ—જેમ ષડગુણી હાનિ વૃદ્ધીથી અગુરૂ લઘુ પર્યાય માનેલો છે તેવીજ રીતે ક્ષણુના ભેદથી કેવળ આખ્ય ગુણ પર્યાયના પણ અર્થ પર્યાય માનેલા છે (૭)

વિવેચન—જેમ ષડગુણ હાની વૃદ્ધી લક્ષણુ અગુરૂ લઘુ-પર્યાય અર્થાત સૂક્ષ્માર્થ પર્યાય છે તેમજ ક્ષણુના ભેદથી કેવળ જ્ઞાન નામનો પર્યાય પણ ભિન્ન ભિન્નજ દેખાએલો છે કેમકે "પ્રથમ સમયમાં યોગ ભવસ્થ કેવળ જ્ઞાનમાં અને દ્વીતીય સમય સયોગી ભવસ્થ કેવળ જ્ઞાનમાં ઇત્યાદી વચન છે. તેથી કરીને રુજુ સૂત્ર નયના આદેશથી શુદ્ધ ગુણુના પણ અર્થ પર્યાય માનવા જોઇએ. (૭)

શુદ્ધ દ્રવ્ય વ્યંજન અણુ
પુદ્ગલ પર્યાય
અશુદ્ધ દ્વયણુકાદિક ગુણ
નિજ ગુણ પર્યાય—શ્રી જીન ॥૮॥

ભાવાર્થ—શુદ્ધ દ્રવ્યવ્યંજન પરમાણું જે છે તે શુદ્ધ પુદ્ગલ પર્યાય છે અને દ્વયણુકાદી અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય છે તે પોતપોતાના ગુણ પર્યાય સહિત છે. [૮]

વિવેચન—જે શુદ્ધ દ્રવ્ય વ્યંજન પરમાણું છેતે શુદ્ધ પુદ્દગલછે કેમકે તેનો નાશ થતો નથી અને દ્વયણુક આદિ અશુદ્ધ દ્રવ્યપર્યાય વ્યંજન પર્યાયછે કેમકે સંયોગથી ઉત્પન્ન થવાનું કારણુ નાશવાન છે તે પોતાના ગુણ અને પર્યાયથી સહિત છે અર્થાત પુદ્દગલ દ્રવ્યના જે જે શુંદ્ધ ગુણુ વ્યજન પર્યાય અને અશુદ્ધ ગુણુ વ્યંજન પર્યાંય છે તે પોતપોતાના ગુણુને આશ્રાને માનવા જોઈએ કારણુકે જે પરમાણુંનો ગુણુ છે તે તો શુદ્ધ ગુણ વ્યંજન પર્યાય છે અને જે દ્વિપ્રદેશ આદિના ગુણુછે તે અશુદ્ધ ગુણુ વ્યંજન પર્યાય છે, (૮)

સુક્ષ્મ અર્થ પર્યાયતે
ધર્માદિક એમ
નિજ પર પ્રત્યયથી લહો
છાંડી હઠ પ્રેમ—શ્રી જીન ॥ ૯ ॥

ભાવાર્થ—ધર્માદિ દ્રવ્યના સુક્ષ્મ અર્થ પર્યાયછે, એમ જો દિગંબર કહેછે તો સ્વપર પ્રત્યયથી ક્ષણુ પરીણુતીરૂપ અર્થ પર્યાય પણુ કેમ નથી માનતા ? (૯)

વિવેચન—ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના સૂક્ષ્મ અર્થ

પર્યાય અર્થાત્ શુધ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાયછે એવો જે હઠ કરે છે તે હઠ કરવાવાળો મનુષ્ય હઠને છોડીને પોતાના પ્રત્યયથી અને પરના પ્રત્યયથી અને ઋજુ સૂત્ર નયના આદેશથી આ ક્ષણુ પરીણામ રૂપ પુર્વકથિત અર્થ પર્યાય તે પણ કેવળ જ્ઞાનાદીની પેઠે કેમ નથી માનતા ? વળી ધર્માસ્તિકાય આદી માં અપેક્ષાથી અર્થ પર્યાય પણ થાયછે જો એમ ન હોય તો પુદ્ગલ દ્રવ્યમાં પણ પરમાણું સુધી વિશ્રામ થનો નથી (૯)

જેમ આકૃતિ ધર્માદિકની
વ્યંજન છે શુધ્ધ
લોક દ્રવ્ય સંયોગથી
તેમ જાણી અશુદ્ધ—શ્રી જીન ॥૧૦॥

ભાવાર્થ-જેમ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો આકાર લોકાકાશ પ્રમાણથી શુદ્ધ વ્યંજન પર્યાય છે તેમજ લોકમાં રહેવા વાળા દ્રવ્યના સંયોગથી અશુદ્ધ વ્યંજન પર્યાય કેમ ન હોય? અર્થાત્ હોવાજ જોઇએ.

વિવેચન—જેમ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો આકાર લોકાકાશ પ્રમાણ સ્થિતિ રૂપ છે તેથી કરીને પરનિરપેક્ષાથી

તે શુધ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય છે એવું કથન થાય છે એવીજ રીતે લોકના દ્રવ્યના સંયોગથી અર્થાત લોકમાં રહેવાવાળું દ્રવ્ય છે તે દ્રવ્યનો ધર્માદી દ્રવ્યની સાથે સંયોગ રૂપ અશુધ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય પણ છે અને તે લોકના દ્રવ્ય સંયોગથી નિરપેક્ષીત હોવાથી કોઇપણ વિરોધને ઉત્પન્ન નથી કરતો (૧૦)

સંયોગે આકૃતિપરે
પજજય કહેવાય
ઉત્તરાધ્યયને ભાખિયા
લક્ષણ પજ્જાય—શ્રી જીન ॥ ૧૧ ॥

ભાવાર્થ—આકૃતિની પેઠે સંયોગ પણ પર્યાય કહેવાય છે કેમકે ઉત્તરાધ્યયન સુત્રમાં પણ પર્યાયના લક્ષણ કહ્યાછે (૧૧)

વિવેચન—હવે આકૃતિ તે પર્યાય થઇ શકેછે અને સંયોગ પર્યાય થઇ શકતા નથી એવી આશંકા દુર કરતાં કહેછેકે સંયોગ પણ આકરની પેઠે પર્યાય કહેવાયછે કેમકે નિશ્ચય રૂપથી પર્યાયના લક્ષણ ઉતરાધ્યયન સુત્રમાં પણ કહ્યાછે માટે આ સ્થળે તે નહિ લખતાં જીજ્ઞાસુઓએ ઉતરાધ્યયન સુત્રથી વિસ્તાર પુર્વક સમજી લેવા (૧૧)

એકત પૃથકત તેમ વલી
સંખ્યા સંઠાણ
વલી સંયોગ વિભાગ એ
મનમાં તું આણ-શ્રી જીન ॥ ૧૨ ॥

ભાવાર્થ--એકત્વ પૃથકત્વ સંખ્યા સંસ્થાન સંયોગ અને વિભાગ એ સર્વને પર્યાય રૂપથી મનમાં વિચારો (૧૨)

વિવેચન--એકત્વ પૃથકત્વ સંખ્યા સંસ્થાન અને સંયોગ વિભાગ એ ત્રણે દ્વદ્વને પણ પર્યાય જાણવા ઉત્તરાધ્યયનમાં પણ તેને પર્યાયજ કહેલા છે માટે નય ચક્રમાં દેવસેન આચાર્યે કહેલું છે તે આ ગાથાથી વિચારવાનું છે. (૧૨)

ઉપચારી નય શુદ્ધતે
જો પર સંયોગ
અસદ્ભુત મનુજાદિકા
તો નય શુદ્ધ યોગ—શ્રી જીન ॥૧૩॥

ભાવાર્થ—જે ઉપચરિત છે અને પર દ્રવ્ય સંયોગ છે તો પણ તે અશુદ્ધ પર્યાય થઈ શકતો નથી જો એમ માનો

છો તો અસદ્ભુત મનુષ્ય આદી પણ અશુદ્ધ પર્યાય યોગી નહિ થાય (૧૩)

વિવેચન--ઉપચારવાન કદાચ પર દ્રવ્યના સંયોગી હોય તથાપી તે અશુદ્ધતાને પ્રાપ્ત નથી થતું હવે કદાચ એમ કહો કે ધર્માસ્તકાય આદિ દ્રવ્યોનો પર દ્રવ્ય ની સાથે સંયોગ છે તેથી તેને ઉપચરિત પર્યાય કહેછે પરંતુ અશુદ્ધ પર્યાય નથી કહેતા કેમકે દ્રવ્યના અન્ય પણાના હેતુ માં પણ અશુદ્ધતાનો વ્યવહાર છે તેથી કરીને મનુષ્ય આદિ પર્યાય પણ અશુદ્ધછે એમ ન કહેવું પણ અસદ્ભૂત વ્યવહાર નયથી ગ્રાહ્ય હોવાથી અસદ્ભૂત છે એમ કહો. મતલબ અપેક્ષાથી શુદ્ધ અને અપેક્ષા રહીત પણે અશુદ્ધ એવી રીતે અનેકાંત વ્યાપક પણુંજ શ્રેષ્ઠછે જે આગળ કહેવાશે. અર્થ એવોછે કે જો ઉપચારિ અશુદ્ધતા ને નથી પ્રાપ્ત થતો તો મનુષ્ય આદી પણ અશુદ્ધ પર્યાયનો યોગી નથી.(૧૩)

ધર્માદિક પર પજ્જયે
વિસમાઇ એમ
અશુદ્ધતા અવિશેષથી
જીઅ પુદ્ગલ જેમ—શ્રી જીન ॥૧૪॥

ભાવાર્થ-ધર્માસ્તિકાય અભેદના પર પર્યાયથી તથા પોતાના પર્યાયથી વિલક્ષણતાછે અને જેમ જીવ પુદ્દગલમાંઅશુદ્ધતાનો વિષય નથી તેમ આમાં પણ નથી. (૧૪)

વિવેચન—ધર્માસ્તિકાય આદિને પર પર્યાયથી અને સ્વ પર્યાયથી વિલક્ષણતા જાણવીં જોઇએ કેમકે પર અપેક્ષાથી જેવીં રીંતે જીવ દ્રવ્ય પુદ્દગલ દ્રવ્યનો વિશેષ નથી તેવીંજ રીતે બીજાને માટે પણ સમજી લેવું. (૧૪)

એમજ સજાતિ વિજાતિથી
દ્રવ્યે પજજાય
ગુણે સ્વભાવ વિભાવથી
એ ચાર કહાય—શ્રી જીને ॥૧૫॥

ભાવાર્થ—દ્રવ્યના વિષયમાં એજ રીતે સ્વજાતિ અને વિજાતિથી પર્યાય થાય છે એવીજ રીતે ગુણના વિષયમાં પણ સ્વભાવ ગુણથી તથા વિભાવ ગુણથી પર્યાય થાય છે આ રીતે પર્યાયના ચાર ભેદ થયા (૧૫)

વિવેચન—હવે પ્રકારાંતરે નયચક્રમાં ચાર ભેદ કહ્યા છે તે દેખાડે છે દ્રવ્યના વિષયમા સ્વકીય જાતિથી જે પર્યાય થા

ય છે તે સજાતીય પર્યાય કહેવાય છે અને પરજાતિથી જે પ ર્યાય થાય છે તે વિજાતીય પર્યાય કહેવાય છે. અને સ્વભાવથી તથા વિભાવથી ગુણમાં પર્યાય થાય છે અર્થાત્ સજાતીય દ્રવ્ય પર્યાય, વિજાતીય દ્રવ્ય પર્યાય સ્વભાવ ગુણ પર્યાય અને વિભા વ ગુણ પર્યાય આ રીતે બે ભેદ દ્રવ્યના અને બે ભેદ ગુણના એમ મળી મનુષ્યઆદી જે પર્યાયછે તે વિજાતીય દ્રવ્ય પ્રપર્યાયછે કેમકે જીવ અને પુદગલનો પરસ્પર સંયોગ થવાથી મનુષ્ય એવો વ્યવહાર થાયછે તેથી કરીને એવો સિદ્ધાંત થાયછે કે ભિન્ન ભિન્ન જાતીના બે દ્રવ્ય મળીને એક દ્રવ્ય થાયછે તે વિજાતીય દ્રવ્ય પર્યાય કહેવાયછે કેવળ જ્ઞાન જે છે તે સ્વભાવ ગુણ પર્યાય કહેવાયછે કેમકે તે કર્મના સંયોગથી રહિતછે માટે સ્વભાવ ગુ ણ પર્યાયછે અને મતિ જ્ઞાન આદી પર્યાય વિભાવ ગુણ પર્યાય કહેલછે કારણકે તે કર્મના સબંધથી થાયછે તેથી કરીને વિભાવ ગુણ પર્યાયછે આ ચારે દ્રષ્ટાંત પ્રાયિક એટલે નિશ્ચય પુર્વક સમજવાના નથી પરમાર્થથાં તો પરમા ણું રૂપ દ્રવ્ય પર્યાય આચારમાં અંતર ગત થવા યોગ્ય નથી કારણકે તે પરમાણું દ્રવ્ય વિભાગથી ઉત્પન્ન પર્યાયછે પણ સંયોગથી ઉત્પન્નથી સંમતી ગ્રંથમાં પણ ચાર ભેદ દ્રવ્ય અને ગુણ બંનેના વિચારવાજોઈએ. (૧૫)

(હવે એ ભેદના ઉદાહરણ કહેછે,)

દ્વયણુક મનુજ કેવલ વલી
મતી મુખ દ્દીઠંત
એ પ્રાચીક જેણે દ્રવ્યથી
અણુપજજવ ભ્રાંત—શ્રીજીન ॥૧૬॥

ભાવાર્થ—દ્વયણુક સજાતિય દ્રવ્ય પર્યાય છે, મનુષ્ય આદિ વિજાતીય દ્રવ્ય પર્યાય છે, કેવળ જ્ઞાન સ્વભાવ ગુણ પર્યાય છે અને મતીજ્ઞાન આદિ વિભાવ ગુણ પર્યાય છે આ દ્રષ્ટાંત પ્રાચીક છે કારણ કે આ ચારમાં પરમાણુંનો અંતરભાવ થતો નથી (૧૬)

વિવેચન—જે દ્વીપ્રદેશ આદી સ્કંધ છે તે સજાતીય દ્રવ્ય પર્યાય છે તે એવીરીતે કે પરમાણુનો સંયોગ થવાથી દ્વયણુક થાયછે એથી એમ સિદ્ધ થયું કે બે દ્રવ્ય પરસ્પર મળીને જે દ્રવ્ય થાયછે તે સજાતીય દ્રવ્ય પર્યાય છે અને કહ્યુંછ કે "બે ત્રણ આદી અણુઓથી અનંત દ્રવ્યનો આરંભ નીરંતર થાયછે અને જેનો ફરીથી વિભાગ ન થઇ શકે તે અણુછે અને તે દ્વયણુકથી વિભાગ થઇને થાય છે" ઇત્યાદિ સઘળું વિચારવું જોઇએ. (૧૬)

ગુણ વિકાર પજ્જવ કહી
દ્રવ્યાદી કહંત
સું જાણે મુન માંહે તે
દેવસેન મહંત—શ્રીજીના॥૧૭॥

ભાવાર્થ—ગુણોના વિકારજ પર્યાય છે એમ પ્રથમથી કહીને પછી દ્રવ્ય પર્યાય અને ગુણ પર્યાય એવા ભેદ કહેતા દેવસેનાચાર્ય પોતાના મનમાં શું સમજેછે? (૧૭)

વિવેચન—ગુણોના વિકાર પર્યાય છે એમ કહીને ફરિ પર્યાયોના ભેદના અધીકારમાં પર્યાય બે પ્રકારના છે દ્રવ્ય પર્યાય તથા ગુણ પર્યાય, આ રીતે નય ચક્ર ગ્રંથના કર્તા દીગંબર આચાર્ય દેવસેનજી પોતાના મનમાં શું સમજેછે? અર્થાત્ પૂર્વાપર વિરોધ થવાથી તેઓ જાણતા નથી એવો અભીપ્રાયછે માટે દ્રવ્ય પર્યાયજ કહેવા પરંતુ ગુણ પર્યાય જુદા ન કહેવા એ તાત્પર્યછે. (૧૭)

એમ દ્રવ્યાદિક પરખીયા
રાખી ગુરૂ આણ
ઉવેખી બહુ તન મતિ
અવગણિઅ અજાણ—શ્રી જીન॥૧૮॥

ભાવાર્થ—એ રીતે દ્રવ્યગુણ પર્યાયની ગુરૂ પરંપરાની આજ્ઞા રાખીને બહુ ટુંક બુદ્ધીવાળાની ઉપેક્ષા કરીને અને અજ્ઞાનને દુર કરીને મેં પરીક્ષા કરી. (૧૮)

વિવેચન—પરંપરાગત ગુરૂ આજ્ઞાને યાદ રાખીને અને તુચ્છ બુદ્ધીવાળાઓની ઉપેક્ષા કરીને તથા અજાણ અને હઠ કદાગ્રહી એવા લોકોની અવગણના કરીને મેં (શ્રીમાન યશો-વિજયજી ઉપાધ્યાયે) આ રીતે સર્વ દ્રવ્ય ગુણ અને પર્યાય તેના અનેક ભેદ દર્શાવીને પરીક્ષા કરી અર્થાત સ્વરૂપ, લક્ષણ ભેદ વીગેરેનું ઘણુંજ સ્પષ્ઠ રીતે નિરૂપણ કર્યું, (૧૮)

જે દિન દિન એમ ભાવસે
દ્રવ્યાદી વિચાર
તે લેશે જશસંપદા
સુખ સઘળા સાર—શ્રી જીન ॥ ૧૯ ॥

ભાવાર્થ—જે મનુષ્ય દિન પ્રતીદિન આ રીતે દ્રવ્યાદીના વિચારની ભાવના ભાવશે તે જશ રૂપ સંપદાને પામશે અને સઘળા ઉત્તમ સુખોને પ્રાપ્ત કરશે. એમ શ્રીમાનયશોવિજયજી ઉપાધ્યાય કહેછે. (૧૯)

# ઉપસંહાર.

## દોહા.

ગુરૂ શ્રુત અનુભવ બળથકી    કહ્યું દ્રવ્ય અનુયોગ
એહ સાર જીન વચનનો    એહ પરમ પદ ભોગ. ૧
મધ્યમ કિરિયા રત હુએ    બાળક માને લિંગ
ષોડશકે ભાખ્યું ધરે    ઉત્તમ જ્ઞાન સુરંગ ૨
નાણ રહીત જે શુભ ક્રિયા    ક્રિયા રહિત શુભ નાણ
યોગ દ્રષ્ટિ સમુચ્ચય કહ્યો    અંતર ખજુઆ ભાણ ૩
ખજુઆ સમિ ક્રિયા કહી    નાણ ભાણ સમજોય
કલિયુગ એહ પટંતરો    વિરલા બુજે કોય ૪
ક્રિયા માત્ર કૃત કર્મક્ષય    દદ્દૂર ચુન્ન સમાન
જ્ઞાન કહ્યો ઉપદેશ પદે    તાસ છાર સમજાણ ૫
મિથ્યાત્વાદિક કર્મ થિતિ    અકરણ નિયમે ભાષ
અપ્રતપાતિ જ્ઞાન ગુણ    મહાનિશીથહસાખ. ૬
જ્ઞાનવંતહ કેવળી    દ્રવ્યાદિક અહિનાણ
વ્રહત્કલ્પના ભાષ્યમાં    સરિખા ભાખ્યા જાણ ૭
નાણ પરમ ગુણ જીવનો    નાણ ભવાર્ણવ પોત
મિથ્યા મતિ તમ ભેદવા    નાણ મહા ઉદ્યોત ૮

## કળશ.

એમ દ્રવ્ય ગુણ પર્યાયે કરી જેહ વાણી, વિસ્તરી
ગત પાર ગુરૂ સંસાર સાગર તરણ તારણ વરતરી
તે એહ ભાખી સુજન મધુકર રમણ સુર તરૂ મંજરિ
શ્રીનયવિજય બુધ ચરણ સેવક જશ વિજય બુધ જય કરી(૧)

સમાપ્ત.